છેલ્લા ૩૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧

ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦

ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com

વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી

મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)

દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**

દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**

શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**

ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ અને શબ્દ રમત**

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

તંત્રી લેખ :
- ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સંયુક્ત પરિવાર ........ અશોક મહેતા ........ ૭
- શ્રધ્ધાંજલિ : સ્વ. પોપટલાલભાઈ નેણશી ધરોડ ........ દિનેશ મહેતા ........ ૯

**સંસ્થા : સુવર્ણ જયંતી મહોત્સવ**
- નિમંત્રણ – નવરાત્રી કાર્યક્રમ : તા. ૨૧-૧૦-૨૦૧૨ ........ ૧૨
- નિમંત્રણ – શરદોત્સવ કાર્યક્રમ : તા. ૨૯-૧૦-૨૦૧૨ ........ ૧૪
- નિમંત્રણ – નૂતન વર્ષ મિલન સમારંભ : તા. ૧૪-૧૧-૨૦૧૨ ........ ૧૫
- સમાજના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ : તા. ૨-૧૨-૨૦૧૨ ........ ૧૫
- ભુજ ખાતે સંમેલન – "વિઝન - ૨૦૨૦" : તા. ૬-૧-૨૦૧૩ ........ ૧૬
- કચ્છ દર્શન પ્રવાસ : તા. ૫-૧-૨૦૧૩થી તા. ૯-૧-૨૦૧૩ ........ ૧૬
- આગામી કાર્યક્રમો ........ ૧૭

*લેખ વિભાગ :*

**કચ્છ**
- કચ્છના ઈતિહાસના લેખન સંદર્ભે ........ હરેશ ધોળકિયા ........ ૧૯
- માડી ગામનો મંગીઓ પટેલ
  કચ્છની રસધાર : મણકો - ૨ ........ દુલેરાય કારાણી ........ ૨૧

**વિચાર વિમર્શ**
- જ્ઞાન સાગરનું ઊંડાણ ........ મૂરજી ગડા ........ ૨૩

**વિચાર મંથન**
- હિસાબ ભીંતે ........ ડૉ. કેશુભાઈ દેસાઈ ........ ૨૫

**ઇતિહાસ**
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ
  પ્રકરણ-૧૦ : શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું બાંધકામ અને
  કચ્છ ગુજરાતમાં ભૂકંપની તીવ્ર અસર ........ સંકલન : પ્રતાપ નારાણજી દંડ ........ ૫૪

**પર્યાવરણ**
- માતૃભૂમિ દરેક જણ પાસેથી માત્ર એક વૃક્ષ માંગે છે ........ એલ. ડી. શાહ ........ ૩૨

**મેનેજમેન્ટ**
- ભારતની કંપનીઓએ માત્ર હરીફાઈ દ્વારા જ નહીં પરંતુ
  કોલેબોરેશનની (સહકારની) વ્યૂહરચના દ્વારા ઉત્તમતા પ્રાપ્ત કરવાની છે ........ ધવલ મહેતા ........ ૩૪

**સંસ્થા / વ્યક્તિ વિશેષ**
- નોબલ પ્રાઈઝ વિજેતા : "આંઉ સાં સૂચી" ........ દામજી માણેક ગડા ........ ૩૬

**વાર્તા**
- 'મારે તારી જરૂર છે' ........ ડૉ. ઊર્મિલા શાહ ........ ૩૮

**સમાજની ક્ષિતિજો**
- ઋષિમુનિઓએ ગૌરવાન્વિત કરેલી નારીનું માહાત્મ્ય ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ ........ ૪૦

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી દિનેશ રતિલાલ મહેતા
ઘર : ૨૬૮૫૪૬૪૪
મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## તંદુરસ્તી

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
ડાયાબિટીસ મેનેજમેન્ટ ........ હાસ્યલતા દિનેશ મહેતા ..... ૪૧

## માહિતી

● આરોગ્ય ક્ષેત્રે આપણો દેશ ........ ૪૨

## ફ્લેશ ચેનલ

સંકલન : દિનેશ આર. મહેતા

★ ૧લી નવેમ્બરથી સ્ટાન્ડર્ડ પેકિંગ ફોર્મ્યુલાના નવા નિયમો ........ ૪૪
★ વર્ષ ૨૦૧૩થી મેડિકલ - ડેન્ટલ માટે 'નીટ' હવે ગુજરાતીમાં પણ લેવાશે ........ ૪૪
★ ભારતરત્ન લતા મંગેશકરને માટે નો-એન્ટ્રી ........ ૪૪
★ ભીંસમા મૂકાયેલો રિયલ એસ્ટેટ ઉદ્યોગ ........ ૪૪
★ રવિવારે કામ કરશે સ્ટેટ બેંક ........ ૪૫
★ લંડનમાં પેરાલિમ્પિક ગેમ્સ ........ ૪૫
★ ગુજરાત આવતા પ્રવાસીઓને મોબાઈલ પર માહિતીની સુવિધા ........ ૪૫
★ ફાંસી આપવા મમ્મુ જલ્લાદ તૈયાર ........ ૪૫
★ સેમસંગના ફોન પર પ્રતિબંધની માંગ ........ ૪૫
★ ઝડપી ઓનલાઈન રેલવે ટિકિટ બુકિંગ યોજના ........ ૪૬
★ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના રૂા. ૩૭,૦૦૦ કરોડ દાવ પર ........ ૪૬
★ સાબરમતી જેલ ખાતે કેદીઓ માટે પદવીદાન કાર્યક્રમ યોજાયો ........ ૪૬
★ ઈસરો અને ગુજરાત યુનિવર્સિટીનો બોટની વિભાગનો અનોખો પ્રોજેક્ટ ........ ૪૬
★ કૃષિ ક્ષેત્રે આઝાદીના ૬૦ વર્ષ પછી પણ ઘણું કરવાનું બાકી ........ ૪૬

## હળવાશની ક્ષણોમાં

● બાલુડે જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૪૮

## નિયમિત વિભાગો

● આંજો કાગર ........ ૪૯
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૫૬
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૫૭
● ઓક્ટોબર -૨૦૧૨માં પૂરા થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી ........ ૫૭
● સાર સમાચાર ........ સંકલન : શાંતિલાલ સંઘવી ..... ૫૮
● જાણવા જેવું ........ સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૦
● શબ્દ રમત-૭૫ ........ સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૩
● સુડોકુ – ૧૦૩૧ ........ સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૫
● વલોવતન ........ સંકલન : દિનેશ આર. મહેતા ..... ૬૭
● લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ........ ૭૦
● સમાજ દર્પણ ........ ૭૩
● સંસ્થા સમાચાર ........ ૭૫
● કચ્છી યલો પેજીસ ........ ૯૪
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૧૦૧
● ઉડતી નજરે ........ ૧૦૪

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સંયુક્ત પરિવાર

*— અશોક મહેતા*

સ્થળ તથા યુવક-યુવતીના નામ બદલ્યા બાદ નીચેના દૃષ્ટાંતો પર નજર ફેરવીએ.

બેંગ્લોરના કચ્છી યુવાન સૂર્યકાંતનો દાખલો લઈએ. તેના લગ્ન પોતાની જ્ઞાતિની જ યુવતી શર્મિલા સાથે થયા હતા. શર્મિલા રૂપ-રૂપના અંબાર સમી હતી. તેની બોલવાની વાકછટા પણ અસરકારક હતી. પરંતુ તે ખૂબજ અસંતુષ્ટ સ્વભાવની હતી. તેની જીદ પૂરી કરવામાં ન આવે તો તે ગમે તે હદ સુધી જઈ શકતી હતી. ધીરે ધીરે સૂર્યકાંતને તેના સ્વભાવનો ખ્યાલ આવવા લાગ્યો. તેનો પગાર પ્રમાણમાં ખૂબજ સારો હોવા છતાં શર્મિલાની દરેક વાત તે રાખી શકતો ન હતો. શર્મિલાને પોતાનું ઘર, ગાડી, એ.સી., ફ્રીઝ વગેરે દરેક સગવડ જોઈતી હતી. સૂર્યકાંત તેની વાત સંતોષવા શક્ય પ્રયાસ કરતો પણ દરેક વાત તેની પહોંચની બહાર હતી. શર્મિલાની બધી જરૂરિયાત પૂરી પાડી શકાય તેવી ન હતી. પરિણામે ઘરમાં અસંતોષનો દાવાનળ પ્રગટી ઊઠતો. શર્મિલાને પરિસ્થિતિ સમજાવી શકાય તેવી કદાચ સૂર્યકાંતમાં આવડત નહીં હોય. ઘરમાં બે જ વ્યક્તિ. તેઓના કુટુંબીઓ તો ભચાઉ - કચ્છમાં રહેતા હતા. ઘરમાં ઝઘડા વધવા લાગ્યા. બંને તરફથી મારપીટ થવા લાગી. જોબ પરથી સૂર્યકાંત સાંજે ઘરે આવે ત્યારે ક્યારેક ઘર અંદરથી બંધ રહેતું. તેને ઘરમાં પ્રવેશવાની મનાઈ કરી દેવામાં આવતી. પરિણામે તે આખી રાત ઘરની બહાર ગાડીમાં સૂઈને પસાર કરી નાખતો. સરવાળે સૂર્યકાંત કંટાળ્યો. પોતાના વડીલો પાસે સમસ્યા રજૂ કરી છૂટાછેડા લઈ લેવાની વાત કરી. બંને પક્ષના વડીલો એકત્રિત થયા. પતિ-પત્ની સદાયને માટે છૂટા પડ્યા. એ સારું હતું કે તેમને કોઈ બાળક ન હતું.

પ્રશ્નના ઊંડાણમાં ઉતર્યા. તપાસ કરતા જાણવા મળ્યું કે શર્મિલા નાની હતી ત્યારે તેના માતા-પિતા ખૂબ જ ઝઘડતા. છેવટે તેમના માતા-પિતા છૂટાછેડા લઈ અલગ થયા. શર્મિલા નાની હોવાથી માતા પાસે રહી. **તેનું બાળપણ યોગ્ય પરવરિશ વગરનું રહ્યું. તેના માનસપટ પર અગણિત પ્રશ્નો અંકારાયા.** તેની માતાએ પણ અન્ય સાથે લગ્ન કરી લીધા. આ પરિસ્થિતિમાં તેના બાળ-માનસ પર કદાચ ઊંડા પ્રત્યાઘાતો રોપાયા હશે. મોટી થતા તેના પરિણામો અસંતોષ સ્વરૂપે દેખાવા લાગ્યા.

જેમની પાસેથી આશા રાખીને કંઈક પામવાની શર્મિલાની ઈચ્છા રહેતી તે બર ન આવતા તે અકળાઈ ઉઠતી. બીજી તરફ અન્ય કુટુંબીઓ કે જેમની પાસેથી કંઈક પામવાની શર્મિલાને અપેક્ષા ના હોય તેઓ પ્રત્યે શર્મિલાનું વર્તન સામાન્ય પ્રકારનું રહેતું. પરિણામે જ્યારે શર્મિલાનો પતિ સૂર્યકાંત શર્મિલાના અસંતોષની વાત અન્ય કુટુંબીઓ પાસે કરતો ત્યારે તે કુટુંબીઓ શર્મિલાના તેઓ સાથેના વર્તાવથી પરિચિત હતા. તેથી સૂર્યકાંતની વાતથી નવાઈ પામતા.

**શર્મિલાનો પ્રશ્ન માનસ શાસ્ત્રના અભ્યાસનો પ્રશ્ન બની રહે છે.** તેની બીમારીનો ઉપચાર કદાચ મનોચિકિત્સક જ કરી શકે.

*એક અન્ય દૃષ્ટાંત ચકાસીએ.*

વાપીના કચ્છી યુવાન પરેશભાઈના લગ્ન તેમની જ્ઞાતિની જ કન્યા વિરતિ સાથે થયેલ હતા. વિરતિ શરૂઆતમાં પરેશના સંયુક્ત પરિવારમાં રહેતી ત્યારે નાના-મોટા ઝઘડા થતા. પરંતુ તે દરેક સામાન્ય માણસના ઘરમાં હોય તેવા પ્રશ્નોમાં ગણાવા લાગ્યા. સાસુજીના અવસાન બાદ સંયુક્ત પરિવારમાંથી ભાઈઓ છૂટા થયા. પરિણામે પરેશ તથા વિરતિ અલગ રહેવા ગયા. તેમને એક નાનો પુત્ર પણ હતો.

નવા ઘરમાં પરિવારમાં માત્ર ત્રણ જ વ્યક્તિઓ રહેતી. વિરતિની દરરોજની નવી નવી ફરમાઈશો આવવા લાગી કે જે પૂરી પાડવાની પરેશની મર્યાદા બહારની વાત હતી. **વિરતિ જે બાબતે પોતાના વિચારો રજૂ કરતી તેવા વિચારો પરેશને માન્ય ન પણ રહેતા. પરિણામે બંને વચ્ચે મતભેદ વધવા લાગ્યા.** મતભેદે મનભેદનું સ્વરૂપ ધારણ કર્યું. પરિણામે દરરોજના ઝઘડા લિમિટ બહાર વધવા લાગ્યા. એકથી વધુ વખત મહિના-મહિના સુધી પરેશને ઘરથી બહાર રહેવું પડતું. પરેશને ઘરમાં એન્ટ્રી આપવાની વિરતિ દ્વારા મનાઈ ફરમાવી દેવામાં આવતી. પતિ-પત્નીના ઝઘડામાં પુત્ર માતાની વાતથી સહમત ન થઈ

*જેમ પોતાની ભૂલ દેખાતી જાય તેમ જગત વિસ્મૃત થતું જાય, સમાધિ રહે.*

શકતો. તે હવે મોટો થઈ ગયેલ હોવાથી સારા-નરસાનો ભેદ સારી રીતે સમજી શકતો. પરેશ અને વિરતિના ઝઘડાઓએ ધીરે ધીરે ઉગ્ર સ્વરૂપ પકડ્યું અને વાત છૂટા પડવા સુધીની આવી ગઇ. લગ્નના ૨૫ વર્ષ પછી પણ ઘરનું વાતાવરણ ડહોળાયેલું રહેવા પામતું. અન્ય તરફ પરેશની માનસિકતા પણ સ્વસ્થ ન હતી.

ઉપરોક્ત પ્રશ્નના ઊંડાણમાં જતાં ખ્યાલ આવે છે કે વિરતિની પરવરીશ બાળપણમાં યોગ્ય માવજત સાથે થઇ શકેલ ન હતી. પરિણામે તેના અપ્રગટ માનસપટ પર અસંતોષના અનેક ઘાવ પડેલ હતા કે જેની પૂર્તિ થઇ શકવી કઠિન હતી. અન્ય પક્ષે પરેશ પણ સંકુચિત વિચારસરણી ધરાવતો હતો. આર્થિક વ્યવહારની સંકુચિતતા તેને ગળથૂથીમાં જ મળેલ હતી.

**અગાઉના જમાનામાં બે, ત્રણ કે ચાર પેઢી સુધી લોકો સંયુક્ત પરિવારમાં રહેતા હતા. પરિણામે દાદા-દાદી દ્વારા બાળકોની પરવરીશ સારી રીતે થઇ શકતી હતી.** આજે ધનના ઉપાર્જન અર્થે પુત્રે ઘરની બહાર શહેરમાં વસવાટ કરવો પડે છે કે જેથી તેના લગ્ન થાય ત્યારબાદ ઘરમાં પતિ-પત્ની બે જ વ્યક્તિ રહેતા હોય. તેઓને સંતાન થાય ત્યારે આ સંતાનની પરવરીશ ઘણા પરિવારમાં યોગ્ય માવજતના અભાવે આડેધડ રહેવા પામે છે.

સૂર્યકાંત-શર્મિલા અથવા તો પરેશ-વિરતિ જ્યારે સંતાનો હતા ત્યારે તેમની દેખભાળ યોગ્ય રીતે થયેલ ન હતી તે તેઓના પરિવારના અભ્યાસ પરથી ખ્યાલ આવી શકે છે. ઘરમાં દાદા-દાદી કે નાના-નાની ન હોવાના પરિણામે બાળકોનો માનસિક વિકાસ સંપૂર્ણપણે યોગ્ય રીતે થઇ શકેલ ન હતો. તેના પરિણામે તેઓ જ્યારે પરણીને પતિ-પત્ની બન્યા અને ગૃહસંસાર શરૂ કર્યો ત્યારે યોગ્ય માનસિકતાના અભાવે તેઓ ઝઘડવા લાગ્યા, એક-બીજા પ્રત્યે અસંતુષ્ટ રહેવા લાગ્યા અને તેના પડઘા તેમના ગૃહજીવન પર પડ્યા.

આજે જ્યારે યુરોપ-અમેરિકાનો બાળક ટીન-એજમાં પણ મા-બાપથી અલગ પડીને સ્વતંત્રપણે પોતાની જિંદગી ગુજારી શકે છે ત્યારે ભારતમાં કેટલાયે દૃષ્ટાંતોમાં આવું બની શકતું નથી.

વધુ વિચાર કરતા ખ્યાલ આવે છે કે સેંકડો વર્ષોથી આપણે સંયુક્ત પરિવારમાં રહેવા ટેવાયેલા છીએ. એકબીજા પ્રત્યે અતૂટ લાગણીના બંધનથી બંધાયેલા છીએ. **લાગણીભર્યા સંબંધોના કારણે એકબીજાના ટેકા વગર આપણે સ્વતંત્રપણે આપણી જીવન-નૈયા ચલાવી શકતા નથી.** આપણા જીન્સને આ લાગણી-સંબંધના પ્રકારની પ્રકૃતિ જ ફાવી ગયેલ છે. અન્ય પ્રકારની પ્રકૃતિમાં મોટાભાગના લોકોના જીન્સ સેટ થઇ શકતા નથી.

આજે ધનોપાર્જન માટે કમાઉ દીકરાઓએ ગામડાંમાંથી મોટા શહેરોમાં અને મોટા શહેરોમાંથી વિદેશ જવાનું હોય છે કે જેના કારણે તેઓની પ્રગતિ પણ સાધી શકાતી હોય છે. પરંતુ આપણા જીન્સ કે જે વર્ષોની સંસ્કૃતિનું પરિણામ છે તે એકલપંડે રહેનાર પરિવાર સાથે સુસંગત થઇ શકતા નથી.

**આજની દુનિયાની ઘેલછા છોડી, આજના યુવક-યુવતી શક્ય હોય ત્યાં લગી સંયુક્ત પરિવારમાં રહેવા પોતાની જાતને લગામમાં રાખી શકશે તો સંસારરૂપી વૈતરણા સારી રીતે પાર કરી શકાશે,** નહીં તો ઠેર ઠેર માનસ-ચિકિત્સાના પ્રશ્નો ઊભરી આવશે અને ઉભય પક્ષે સંસાર કડવા ઝેર જેવું બની રહેશે. સંયુક્ત પરિવારની સંસ્કૃતિ જ ભારતીય માનસને સાનુકૂળતા આપે છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## મનની શાંતિ

એકવાર એક વ્યક્તિ સ્વામી વિવેકાનંદ પાસે સલાહ લેવા ગઈ. તેણે સ્વામીજીને કહ્યું કે પોતાના ઘણાં પ્રયત્નો છતાં તેના મનને શાંતિ મળતી નથી. સ્વામીજીએ તેને પૂછ્યું કે તેણે શું શું પ્રયત્નો કર્યા? ત્યારે તેણે જણાવ્યું કે તેણે એક ઓરડામાં જઈ બારણા બંધ કરી આંખ મીંચી ધ્યાન ધરવા બેસી શાંતિ મેળવવા પ્રયત્ન કર્યો પણ મનને કોઈ રીતે શાંતિ ન મળી.

સ્વામીજીએ કહ્યું, 'શાંતિ માટે બારણાં ખોલી બહાર આવી તારી આજુબાજુના વિસ્તારમાં દિન-દુઃખિયાની સેવા કર, અશિક્ષિતને શિક્ષણ આપ, ગરીબ કે બીમારને મદદ કર.' પેલી વ્યક્તિ થોડા મહિના બાદ ફરી સ્વામીજી પાસે આવી અને કબૂલ્યું કે એમણે ચીંધેલા રસ્તે કાર્ય કરવાનો સંતોષ મળે છે. **નકારાત્મક વલણ ધરાવનારે પણ એ જ સમજવાનું છે કે તેમના મનના દરવાજા ખોલી, તિરસ્કારવૃત્તિમાંથી બહાર આવી, હકારાત્મક વલણ અપનાવી કંઈક પામવા પ્રયત્ન કરવો જોઈએ.**

*"પગદંડી" જૂન-૨૦૦૮ના અંકમાંથી સાભાર*

*મતભેદ એટલે સામાના 'વ્યૂ પોઈન્ટ' ન સમજવા તે.*

## ચલ ઊડ જા રે પંખી... કે અબ યે દેશ હુઆ બેગાના....

## સ્મરણાંજલિ

*- દિનેશ મહેતા*



### સ્વ. પોપટલાલ નેણશી ધરોડ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાયાની ઈંટ અથવા તો અનમોલ રત્ન કહી શકાય તેવી વ્યક્તિ એટલે સ્વ. પોપટલાલ નેણશી ધરોડ. તેમનું તા. ૮-૯-૨૦૧૨ના રોજ અમદાવાદ ખાતે દુઃખદ નિધન થયું છે. સમાજે આદર્શ, નેક, ખુલ્લા દિલની વ્યક્તિ અને એક સાચા સેવાભાવી કાર્યકર્તા ગુમાવ્યા છે. તેમની ખોટ સમાજને કાયમ માટે સાલશે.

સ્વ. પોપટલાલભાઈ મૂઠી ઊંચેરા માનવી હતા. સાચા સમાજ સેવકનું ઉદાહરણ આપવું હોય તો પોપટલાલભાઈનું નામ આપી શકાય. તેઓશ્રી ખરેખર આ સમાજ માટે જીવ્યા અને સમાજ છોડ્યું તે પણ અનંત યાત્રા માટે!!

સદ્‌ગત શ્રી પોપટલાલભાઈ એપ્રિલ, ૧૯૬૧માં અમદાવાદમાં આવ્યા. એ વર્ષમાં સમાજની સ્થાપના કરવાની ચર્ચા વિચારણા ઘણી થઈ હતી પરંતુ કોઈ હિસાબે તાત્કાલિક તેની રચના થઈ નહીં. ત્યારબાદ તા. ૧૪-૪-૧૯૬૩ની એક જનરલ સભામાં કેટલાક વીસા ઓસવાળ ભાઈઓએ એકત્ર થઈને 'શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ'ની સ્થાપના કરી હતી. તે સમયે, પોપટલાલભાઈ તેના મંત્રીપદે નિમાયા હતા. મંડળની સ્થાપના બાદ તેની બંધારણ સમિતિમાં તેઓશ્રીએ ખૂબ સક્રિયપણે કામગીરી કરી હતી. એકાદ માસ જેટલા સમયમાં તે બંધારણ સર્વાનુમતે પાસ થતાં, તે મંડળનું વ્યવસ્થિત અને નિયમસરની સંસ્થામાં રૂપાંતર થયું હતું. ત્યારે પણ પોપટલાલભાઈની કામગીરી અજોડ રહી હતી. વર્ષ ૧૯૬૩થી ૧૯૭૦ સુધી તે સંસ્થા વિવિધ પ્રકારની બેમિશાલ સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ કરતી હતી. પોપટલાલભાઈ કારોબારી સભ્ય, ખજાનચી, મંત્રી તેમજ પ્રમુખપદ જેવા હોદ્દા પર રહીને સંસ્થામાં કાર્યરત રહ્યા હતા.

તા. ૧૧-૧૦-૧૯૭૦ની સામાન્ય સભામાં તે વખતની સંસ્થા "શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મિત્ર મંડળ" માંથી "શ્રી કચ્છી જૈન સમાજ"માં પરિવર્તન કરવામાં આવ્યું. તે સભામાં સંસ્થાના હોદ્દેદારો, મહાનુભાવો સાથે સ્વ. પોપટલાલભાઈએ દિલની વિશાળતા અને દીર્ઘદૃષ્ટિ રાખી હતી. તે સમયે, સંસ્થામાં દશા ઓસવાળ, વીસા ગુર્જર, દશા ગુર્જર, વાગડ સાત ચોવીસી, વાગડ બે ચોવીસી ગુર્જર, વાગડ વીસા ઓસવાળ જેવા જૈન એકમોનો સમાવેશ કરીને સંસ્થાને એક વિશાળ ફલક પર લઈ ગયા હતા. પોપટલાલભાઈએ ત્યારે પણ બેમિશાલ કામગીરી બજાવી હતી.

એ સમયે સભ્યની વાર્ષિક લવાજમ ફી માત્ર રૂા. ૩/- હતી. તે રકમ ઉઘરાવવા અને એકબીજાના સંપર્કમાં આવવા

*સાંસારિક હિતાહિતનું ભાન જતું રહે, તે મોહ.*

પોપટલાલભાઈ વગેરે કાર્યકરો દરેક સભ્યોના ઘેર ઘેર ફરતા હતા. આ પ્રકારના અનેક નાના-મોટાં કાર્યો મહેનત અને ધીરજ માંગી લે તેવા હતા. આ રીતે, પોપટલાલભાઈ જેવા કાર્યકરો જાગૃત રહેવાના કારણે જ સંસ્થા સતત રીતે પ્રગતિના પંથે આગળ વધતી રહી. તે સમયે અતિથિગૃહની સાથે સાથે આ સંસ્થાનું પોતાનું મકાન હોવું જોઈએ એ વાત તરફ સૌનું ધ્યાન કેન્દ્રિત થયું હતું. તે દરમ્યાન, વર્ષ ૧૯૭૧ તથા વર્ષ ૧૯૭૨માં 'શ્રી કચ્છી જૈન સમાજ'ના અહેવાલોની બુક બહાર પાડવામાં આવી. વર્ષ ૧૯૮૩માં ટેલિફોન સરનામા ડિરેક્ટરી બહાર પાડવામાં આવી હતી. તા. ૨૫-૧૦-૧૯૮૫ના આ સંસ્થાને "શ્રી કચ્છી જૈન સમાજ" માંથી "શ્રી કચ્છી જૈન સેવા સમાજ"માં ફેરવવામાં આવી અને સંસ્થાનું વ્યવસ્થિતપણે બંધારણ ઘડવામાં આવ્યું તેમજ સંસ્થાને રજિસ્ટર્ડ કરાવવામાં આવી હતી. આ બધા કાર્યોમાં પણ પોપટલાલભાઈની કામગીરી અદ્‌ભુત પ્રકારની રહી હતી. આ સંસ્થાની પ્રથમ કારોબારી સમિતિની જ્યારે વર્ષ ૧૯૮૯-૯૦માં રચના થઈ ત્યારે તેઓશ્રી કારોબારી સભ્ય તરીકે પોતાની સેવા આપી રહ્યા હતા.

વર્ષ ૧૯૮૪થી સંસ્થાના માસિક મુખપત્ર "મંગલ મંદિર"માં 'બાલુડેં જ્યું ગાલિયું' અને વર્ષ ૧૯૮૫થી 'વલોવતન'ની કોલમ તેમણે ચાલુ કરી હતી. લગભગ ૨૭ વર્ષ સુધી 'વલોવતન'ની લોકપ્રિય કોલમ તેમણે સંભાળી હતી. વર્ષ ૧૯૯૬માં સમાજે એક વસતિપત્રક બહાર પાડ્યું હતું, તે સમિતિના તેઓ કન્વીનર હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજની શૈક્ષણિક સહાય સમિતિ તથા સભ્યપદ સમિતિના કન્વીનરપદે રહીને પોતાની સેવા પ્રદાન કરી હતી. તે ઉપરાંત, બાળ કલ્યાણ સમિતિ, બંધારણ સમિતિ, ટ્રસ્ટ બોર્ડ કે કારોબારીના સભ્યોની ચૂંટણી, સભ્યોના મેડિકલ કાર્ડ, ટેલિફોન ડિરેક્ટરી, સભ્યોનું વસતિપત્રક જેવી અનેક સમિતિઓ અથવા તેની કામગીરીઓમાં તેઓશ્રીએ હંમેશાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેઓશ્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક આદર્શવાદી કાર્યકર હતા.

વર્ષ ૧૯૬૩માં જ્યારે આ સમાજની સ્થાપના થઈ ત્યારે અનેક કાર્યકરો તેમાં સામેલ હતા. ત્યારબાદ ધીરે ધીરે એક અથવા અન્ય કારણસર તે બધા કાર્યકરો સક્રિય ના રહી શક્યા અથવા અન્યત્ર વસવાટ કરવા લાગ્યા અથવા તો સ્વર્ગે સીધાવ્યા. ૧૯૬૩થી અત્યાર સુધીના એકમાત્ર સક્રિય કાર્યકર શ્રી પોપટલાલભાઈ રહ્યા હતા.

સ્વ. શ્રી પોપટલાલભાઈએ પોતાની નાદુરસ્ત તબિયતના કારણે સમાજની વિવિધ સમિતિઓમાંથી એપ્રિલ, ૨૦૧૧થી રાજીનામું આપ્યું હતું. એવી જ રીતે સમાજના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસિદ્ધ થતી લોકપ્રિય કોલમ 'વલોવતન' જેમાં છેલ્લા ૨૭ વર્ષથી તેઓશ્રી નિયમિતપણે સંકલનકાર તરીકે યોગદાન આપતા હતા, તે કોલમમાંથી પણ તેઓએ નિવૃત્તિ લીધી હતી.

સમગ્ર રીતે જોઈએ તો પોતાના કાર્યક્ષેત્રમાં સતત કાર્યરત રહીને સમાજના સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન તેમણે આપણી વચ્ચેથી વિદાય લીધી છે, જે એક દુઃખદાયક ઘટના છે.

સ્વ. પોપટલાલભાઈ ધરોડનો જન્મ તા. ૧૬-૩-૧૯૩૮ના ગુંદાલા ગામે (તેમના મોસાળમાં) થયો હતો. તેમનું મૂળ વતન કચ્છમાં પત્રી (મુંદ્રા) ગામ હતું. હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ કચ્છમાં કર્યા બાદ મુંબઈની સિધ્ધાર્થ કોલેજમાં ઈન્ટર સાયન્સ પાસ કર્યા બાદ વર્ષ ૧૯૬૦માં મુંબઈની કે.ઈ.એમ. હોસ્પિટલમાં ઑક્યુપેશનલ થેરાપીનો બે વર્ષનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ વર્ષ ૧૯૬૫થી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં 'ચીફ ઓક્યુપેશનલ થેરાપિસ્ટ' તરીકે વર્ગ-૧ ની કેડરની કામગીરી બજાવીને વર્ષ ૧૯૯૬માં નિવૃત્ત થયા હતા.

સ્વ. પોપટલાલભાઈના લગ્ન શાંતાબેન સાથે તા. ૨-૨-૧૯૬૧ના થયા હતા. લગ્ન જીવનથી તેમને એક પુત્ર તથા એક પુત્રી છે. તેમના પુત્ર શ્રી અતુલભાઈ એમ.એસ. ડૉક્ટર (જનરલ સર્જન) છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ ખાતે તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ સમાજના "સુવર્ણ જયંતી" વર્ષ નિમિત્તે ઉજવણીના પ્રથમ કાર્યક્રમ દરમ્યાન "સમાજના વિશિષ્ટ સૂત્રધાર" તરીકે સમાજે તેમનું જાહેર સન્માન કર્યું હતું અને તા. ૨૬-૮-૨૦૧૨ના રોજ "સરસ્વતી સન્માન" અને તા. ૨૮-૮-૨૦૧૨ના રોજ આયોજિત વયસ્ક સમિતિના કાર્યક્રમમાં પણ તેઓશ્રી ઉપસ્થિત

*સંસારમાં સુખી થવા માટે પૈસા જોઈતા હોય તો એક જ રસ્તો છે : "મન-વચન-કાયાથી કદી જ ચોરી ન કરીશ."*

રહ્યા હતા. આ હતો સમાજ પ્રત્યેનો તેમનો પ્રેમ અને લગાવ, જે તેમણે જીવનના અંતિમ સમય સુધી કાયમ રાખ્યો. તે સમયે કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે તેઓશ્રી ટૂંક સમયમાં કાયમી વિદાય લેશે.

હકીકત છે કે, સમાજને મજબૂત કરવામાં અને અન્ય સ્થળે તેની કીર્તિ ફેલાવવા પાછળ સ્વ. પોપટલાલભાઈનો અજોડ હિસ્સો રહેલો છે. સમાજના એક પ્રામાણિક સૂત્રધાર તરીકે તેમજ સમાજ પ્રત્યે તેમની સતત સેવા ભાવનાને બિરદાવવા સાથે સલામ!

પર્વાધિરાજ પર્યુષણ પર્વ આંગણે આવ્યો — તેવા સમયે.... આપશ્રીએ કાયમી વિદાય લીધેલ છે.

**“સર્વથા સહુ સુખી થાઓ,**
**સમતા સહુ — સમાચારો;**
**સર્વતા - દિવ્યતા વ્યાપો**
**શાંતિ સર્વત્ર - વિસ્તરો.”**

— આવો અમર સંદેશો પાઠવીને તેઓશ્રી કાયમ માટે અનંત યાત્રાએ ચાલ્યા ગયા છે.

પરમ કૃપાળુ પરમાત્મા તેમના પરિવારજનોને આ તીવ્ર આઘાત જીરવવાની શક્તિ આપે તેમજ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

***શ્રી પોપટલાલભાઈના અચાનક નિધન નિમિત્તે તા. ૧૦-૯-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપક્રમે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના પ્રમુખ શ્રી અશોક મહેતા, માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ વગેરેએ સદ્‌ગતશ્રીના સેવાકીય કાર્યોને યાદ કરીને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.***

***— તંત્રીમંડળ, ‘મંગલ મંદિર’***



**“સરસ્વતી સન્માન” કાર્યક્રમ દરમ્યાન તા. ૨૬-૮-૨૦૧૨ની પ્રસ્તુત તસવીરમાં શ્રી પોપટલાલભાઈ ધરોડની એક લાક્ષણિક ઝલક જોવા મળે છે.**

*બધાંય રોગ સારા, પણ તિરસ્કાર જવો એકેય ખરાબ રોગ નથી.*

# નિમંત્રણ

# નવરાત્રી કાર્યક્રમ

## રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ – છઠ્ઠું નવરાત્ર (આસો સુદ સાતમ)

## સાંજના ૭.૦૦થી રાત્રિના ૧૧.૦૦ વાગ્યા સુધી

**સપ્તક પાર્ટી પ્લોટ – ૧૩૨ ફૂટ રીંગ રોડ**
**રિલાયન્સ પેટ્રોલ પંપની બાજુમાં, ટોરેન્ટ ઓફિસની બાજુમાં, નારાણપુરા, અમદાવાદ.**

★ ★ ★ ★ ★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષના અનુસંધાને તેના સાતમા મુખ્ય કાર્યક્રમ નવરાત્રી મહોત્સવની પૂરેપૂરી તૈયારી કરી લેવામાં આવેલ છે. આ કાર્યક્રમ રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ના છઠ્ઠા નવરાત્રે સપ્તક પાર્ટી પ્લોટ, ૧૩૨ ફૂટ રીંગ રોડ પર સાંજના ૭.૦૦ વાગ્યાથી રાત્રિના ૧૧.૦૦ વાગ્યા દરમ્યાન યોજવામાં આવનાર છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અમદાવાદ સ્થિત દરેક કચ્છી પરિવારને આમંત્રિત કરવામાં આવે છે. અમને આશા છે કે અમદાવાદ સ્થિત કચ્છી જૈનો ઉપરાંત કડવા પટેલ, લેઉઆ પટેલ, લોહાણા, વાગડ લોહાણા, ભાનુશાળી, ભાટિયા, ગઢવી, બ્રાહ્મણ, સોમપુરા, નાગર, મારૂ કંસારા સોની, લોહાર, ગૂર્જર ક્ષત્રિય, સઈ સુથાર, ખોજા વગેરે દરેક સમાજના કચ્છી પરિવારો, અમારા આમંત્રણને માન આપી, આ કાર્યક્રમમાં પોતાની હાજરી અચૂક પુરાવશે. આ નાતે અમદાવાદ સ્થિત દરેક કચ્છી પરિવાર એકત્રિત થઈ આનંદની પળો માણવામાં સહભાગી થઈ શકશે.

★ આ કાર્યક્રમના સ્પોન્સરર દાવડા ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના શ્રી હિતેશભાઈ દાવડા છે. તેમની શુભેચ્છા બદલ આ સમાજ તેમનો આભારી છે.

★ એન્ટ્રી પાસની કિંમત રૂા. ૨૫/- રાખવામાં આવેલ છે. એ સાથે દરેકને રૂા. ૨૫/-ની કિંમતની ખાણી-પીણીની કૂપનો વિના મૂલ્યે આપવામાં આવશે.

★ એન્ટ્રી પાસ શ્રી કચ્છી સમાજ તથા દરેક કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રીને તેઓએ માંગ્યા મુજબની સંખ્યામાં પહોંચતા કરી દેવામાં આવેલ છે. દરેક ઘટક સમાજના સભ્ય પોતાના સમાજની ઓફિસમાંથી અથવા તો પોતાના સમાજના પ્રમુખ પાસેથી આ પાસો મેળવી શકશે.

તદુપરાંત દરેક કચ્છી પરિવારને નીચેના સરનામેથી પણ એન્ટ્રી પાસ મળી શકશે.

- **શ્રી કચ્છી જૈન ભવન**
  ૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલની સામે, જલારામ મંદિરની બાજુમાં, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧, ૨૬૫૭૯૪૬૯
- **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ**
  અરિહંત નગર દેરાસરની સામે, ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ, રાજસ્થાન હોસ્પિટલની પાસે, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : (૦૭૯) ૨૨૮૮૪૫૪૭
- **શ્રી કચ્છી જૈન સેવા ભવન**
  એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : (૦૭૯) ૨૫૪૬૧૨૭૦

★ જો કે કેટલાક સમાજો વર્ષોથી પોતપોતાની રીતે નવરાત્રી દરમ્યાન નવે નવ દિવસ ગરબાના કાર્યક્રમોનું આયોજન કરે છે. એ દરેક સમાજને વિનંતી કે આ દિવસે પોતાનો કાર્યક્રમ ટૂંકાવી, ઉપરોક્ત કાર્યક્રમ કે જેમાં દરેક કચ્છી પરિવાર ઉપસ્થિત રહેનાર છે, તેમાં પોતાની હાજરી અચૂક પુરાવીને આ કાર્યક્રમને પૂરેપૂરો સહયોગ આપે.

*ખેંચ અને ચોંટ ભેગી કરો એટલે આડાઈ થઈ.*

★ આ કાર્યક્રમ દરમ્યાન ખાણીપીણીના સ્ટોલો પણ રાખવામાં આવનાર છે. ૮' x ૮'ની સાઈઝના એક સ્ટોલનું ભાડું રૂા. ૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. જેઓને આ સ્ટોલો રાખવાની ઈચ્છા હોય તેઓ પોતાની આઈટમ નોંધાવી, શ્રી કચ્છી જૈન ભવન પર સ્ટોલનું બુકિંગ હજુ પણ કરાવી શકશે.

★ આ કાર્યક્રમમાં ભાગ લેનારે ટ્રેડિશનલ ડ્રેસમાં આવવું જરૂરી છે. પ્રેક્ષક તરીકે જેઓ ઉપસ્થિત રહે તેમના માટે આ નિયમ નથી.

★ ગરબા લેનારે શરૂમાં શિસ્તબદ્ધ રીતે એક રાઉન્ડમાં જ ગરબા લેવાના રહેશે.

★ દાંડિયા રાસ માટે દરેકે પોતાના દાંડિયા લાવવાના રહેશે.

★ ગ્રાઉન્ડમાં પ્રથમ ૩૦૦ એન્ટ્રી માટે કાર્યક્રમના અંતે લકી ડ્રો રાખવામાં આવશે. આ માટે ૫ આકર્ષક ઈનામો રાખવામાં આવેલ છે.

★ બેસ્ટ પરફોર્મન્સ માટે નીચે મુજબ ઈનામો રાખવામાં આવેલ છે.

| વય ગ્રુપ | બેસ્ટ પરફોર્મન્સ | | બેસ્ટ ડ્રેસ | | બેસ્ટ જોડી | ઓવરઓલ બેસ્ટ પરફોર્મન્સ | |
|---|---|---|---|---|---|---|---|
| | મેલ | ફીમેલ | મેલ | ફીમેલ | જોડી | મેલ | ફીમેલ |
| • ૧૦ વર્ષ સુધી | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ |
| • ૧૧થી ૨૦ વર્ષ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ |
| • ૨૧ થી ૪૦ વર્ષ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ |
| • ૪૧ વર્ષથી ઉપર | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ |

★ ટોટલ ૩૨ પ્રાઈઝની ગણના રાખવામાં આવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા ગરબા હરીફાઈના ઉપક્રમે ઉપરના હિસાબે પ્રાઈઝીસની નવાજેશ કરવામાં આવશે.

★ તદુપરાંત અન્ય રસ દાખવનાર ઉદ્યોગ ગૃહ, વ્યાપારી ગૃહ કે ઈચ્છા ધરાવનાર વ્યક્તિને પણ પોતાના તરફથી ઈનામોની જાહેરાત કરવા અમે પ્રોત્સાહન આપીએ છીએ.

★ અમારી અપીલને માન્ય રાખી ઝવેરી એન્ડ કું. (સી.જી. રોડ)એ પોતાના તરફથી ઓવરઓલ બેસ્ટ પરફોર્મન્સ આપનાર ૮ કલાકારોને ગીફ્ટ વાઉચર આપવાની જાહેરાત કરેલ છે.

અમે હજુ પણ અન્ય જાહેરાતોની અપેક્ષા રાખીએ છીએ.

★ અત્યાર સુધી એટલે કે તા. ૨૨-૯-૨૦૧૨ સુધી નીચે મુજબના ખાણી-પીણીના સ્ટોલો બુક થયેલ છે.

| *સ્ટોલ રાખનારનું નામ* | *આઈટમ* |
|---|---|
| • અશોકભાઈ વી. હાથી | ખીચું, સુખડી, પૂરી, મગદાળ |
| • ભાવેશ હીરજી ગડા | વડાપાંવ, દાબેલી, લીંબુ શરબત |
| • ભાવના રાયશી દેઢિયા | પાણીપુરી, નમકીન |
| • પ્રજ્ઞાબેન ભાવેશ મોદી | ચોકલેટ, સેન્ડવીચ |
| • રાજેશ ખીમચંદ ધરમશી | ચાઈનીઝ ફુડ (નુડલ્સ, મન્ચુરિયન, ફ્રાઈડ રાઈસ, ભેલ) |
| • જીતુભાઈ સંઘવી | ફોટોગ્રાફી |
| • સર્વસ્વ કેટરર્સ | પાંવભાજી, પુલાવ, ઢોંસા, પાણીનું કાઉન્ટર, કોલ્ડ ડ્રિંક્સ |
| • "સંકલ્પ" શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ | |

★ આ કાર્યક્રમ દરમ્યાન જે તે સમાજના સહયોગની જાહેરાતના તથા શુભેચ્છકોની જાહેરાતના ૬' x ૨' સાઈઝના બેનર મૂકવામાં આવનાર છે. એક બેનરનો ચાર્જ રૂા. ૨૫૦૦/- રાખવામાં આવેલ છે. કાર્યક્રમના ખર્ચને પહોંચી વળવા દરેક સમાજના તથા દરેક શુભેચ્છકને પોતાના બેનર જે-તે સમાજના પ્રમુખ પાસે અથવા તો શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નોંધાવી દેવા વિનંતી કરવામાં આવે છે.

*જગત અરીસા જેવું છે. જેવું રૂપ હોય તેવું દેખાડે, ખામી હોય તો ખામી દેખાડે.*

★ આ કાર્યક્રમમાં કોઈપણ કચ્છી પરિવાર, પોતાના નજદીકના સંબંધીને ગેસ્ટ તરીકે આમંત્રિત કરી શકે છે. ગેસ્ટ પાસનો એન્ટ્રી દર પણ રૂા. ૨૫/- જ રાખવામાં આવેલ છે.

★ કાર્યક્રમ દરમ્યાન સિક્યોરીટી ગાર્ડ તથા વોલન્ટિયર્સને સહકાર આપવા સૌને અપીલ કરવામાં આવે છે.

★ વધુ માહિતી માટે આપશ્રી નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધી શકશો.

- સંદીપ મહેતા – ૯૮૯૮૯ ૩૩૦૦૦
- પ્રદીપ મહેતા – ૯૮૨૫૦ ૬૧૧૬૦
- રોહિત સંઘવી — ૯૮૨૪૦ ૦૬૬૪૮
- નવીન લાલકા – ૯૩૭૭૭ ૪૨૪૨૧
- દિલીપ પટવા – ૯૩૭૬૧ ૨૧૪૦૩

**સંદીપ મહેતા**
**કાર્યક્રમ ઈન્ચાર્જ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## સુખ દુઃખથી અલિપ્ત થઈ શકાય

'આપ સંસારના તમામ સુખ-દુઃખથી અલિપ્ત રહી શકો છો, તેવી સાધના મારે કરવી છે' તેવી માંગણી કરનાર ભક્તની સામે નજર ફેરવીને એકનાથે કહ્યું : 'ભાઈ, આવી સાધના કરવા જેટલો વખત હવે તમારી પાસે નથી. આજથી બરાબર સાતમા દિવસે તમારું મૃત્યુ થવાનું છે.'

સાંભળનારના હોશકોશ ઊડી ગયા. ખાવું, પીવું, કમાવું, ભોગવવું – કશામાં મન લાગે નહીં. સામે સતત મોત ઝળુંબતું દેખાય. આખો સંસાર અને તમામ સાંસારિક પ્રવૃત્તિઓમાંથી મન ઊઠી ગયું. મરવાનું જ છે તો પછી ખોટું કરીને અથવા સંબંધો બગાડીને શા માટે જવું તેવા વલણને કારણે તેના વર્તનમાં પ્રામાણિકતા અને વાણીમાં મીઠાશ આવી. બધા જોડે હેતપ્રીતથી વર્તવા લાગ્યો. વ્યવહારમાં સમતા આવી. આઠ દિવસ પૂરા થયા. મરણ આવ્યું નહીં. તેથી ખુશીથી છલકાતો તે એકનાથ પાસે પહોંચ્યો. 'આપની ભવિષ્યવાણી ખોટી પડી. હવે મને સાધનાનો માર્ગ બતાવો.' એકનાથે કહ્યું, 'આ જ સાધના છે. સંસારમાં જે કંઈ છે તે બધું અનિત્ય છે. **ગમે તે ઘડીએ વ્યક્તિનો, સંપત્તિનો, સંબંધોનો નાશ થઈ જાય છે. મોત માથે જ છે તેમ સમજીને કામ કરીએ તો સુખ-દુઃખથી અલિપ્ત થઈ શકાય.'**

*સાભાર : 'પરિત્રાણ'*
*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

# નિમંત્રણ

## શરદોત્સવ કાર્યક્રમ

દર વર્ષની માફક ચાલુ વર્ષ દરમ્યાન પણ સમાજની યુવા વિકાસ સમિતિ આયોજિત શરદ પૂનમના દાંડિયા – રાસ-ગરબાનો કાર્યક્રમ સોમવાર, તા. ૨૯-૧૦-૨૦૧૨ના રાત્રે ૮.૦૦થી ૧૧.૦૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં યોજવામાં આવેલ છે.

આ કાર્યક્રમ દરમ્યાન ગૂર્જર પરિવાર પ્રાયોજિત દાંડિયા રાસમાં ઉત્તમ રીતે રમનાર, વેશભૂષામાં અગ્ર ક્રમાંકે આવનાર વગેરે માટે નિષ્ણાત જજો દ્વારા પસંદગી ઉતારી તેઓને વિવિધ ઈનામોથી સત્કારવામાં આવશે.

ઉપરોક્ત કાર્યક્રમમાં દરેક કચ્છી જૈનની સાથે દરેક કચ્છી ઘટક સમાજના પરિવારોને પણ ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે અને શરદ પૂનમની રાત્રે દૂધ-પૌંઆની ઉજાણી માણવા સહુને આમંત્રિત કરવામાં આવે છે.

**નવીન લાલકા**
**કન્વીનર - યુવા વિકાસ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*વ્યક્તિગત વાત કરવી, એ નિંદા ગણાય. નિંદા કરવી, એ તો અધોગતિએ જવાની નિશાની છે.*

# નિમંત્રણ
## નૂતન વર્ષ મિલન સમારંભ

વિક્રમ સંવત ૨૦૬૮ના અંતિમ ચરણમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ. વિક્રમ સંવત ૨૦૬૮ની આસો વદ-૧૪ કે અમાસ એટલે કે મંગળવાર, તા. ૧૩-૧૧-૨૦૧૨ના રોજ આપણે ઉજવીશું દીપોત્સવી તહેવાર. એ દિવસે આપણે વર્ષ ૨૦૬૮ને વિદાય કરી બુધવાર, તા. ૧૪-૧૧-૨૦૧૨ એટલે કે કારતક સુદ એકમના દિવસે વિક્રમ સંવત ૨૦૬૯ના વર્ષમાં પ્રવેશ કરીશું.

તે નિમિત્તે બુધવાર, તા. ૧૪-૧૧-૨૦૧૨ના સાંજે ૫.૦૦થી ૭.૦૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નૂતન વર્ષ મિલન સમારંભ યોજવામાં આવનાર છે. તેની ગણના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષના આઠમા મુખ્ય કાર્યક્રમ તરીકે કરવામાં આવનાર છે.

નૂતન વર્ષ મિલન સમારંભમાં શ્રી કચ્છી જૈન પરિવારોની સાથે સાથે અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના પરિવારોને પણ આમંત્રિત કરવામાં આવે છે. એ દિવસે આપણે એકબીજાને હળીમળીને પરસ્પર નૂતન વર્ષના મુબારક સાથે સર્વે શુભેચ્છાઓ પાઠવીશું.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

---

# સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષના નવમા મુખ્ય કાર્યક્રમ તરીકે રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨ના સમાજના બાળકો દ્વારા જ મનોરંજન કાર્યક્રમનું આયોજન ગોઠવવામાં આવેલ છે. આ કાર્યક્રમ એ.સી. ઓડિટોરિયમમાં રાખવામાં આવશે.

આ કાર્યક્રમનું આયોજન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મધ્યસ્થ કાર્યાલય તથા તેની બાળ કલ્યાણ સમિતિ દ્વારા ગોઠવવામાં આવેલ છે. કાર્યક્રમની જનરલ જવાબદારી શ્રી રજનીકાંત ધરમશી પારેખને સુપરત કરવામાં આવેલ છે, જ્યારે સ્ટેજ કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહને સોંપવામાં આવી છે.

આ કાર્યક્રમને હવે માત્ર બે મહિનાથી પણ ઓછો સમય બાકી રહેતો હોવાથી તેની પૂરેપૂરી તૈયારી આરંભી દેવામાં આવેલ છે.

બાળક – કુમાર – યુવા કે પરિપક્વ વ્યક્તિમાંથી જેઓ સંગીત, નૃત્ય, નાટ્ય વગેરે કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા હોય, તેઓએ પોતાના નામો વહેલી તકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નિધિ પટેલ (ફોન : ૨૬૫૭૮૮૯૨) અથવા શ્રી રજનીકાંત ધરમશી પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)ને નોંધાવી દેવા અપીલ કરવામાં આવે છે.

આશા રાખવામાં આવે છે કે આ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા સમાજના બાળકોની કલાવૃત્તિને ઉત્તેજન મળી શકશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

સ્થાપના : ૧૯૮૪
કે.કે. સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

# ભુજ ખાતે સંમેલન અને કચ્છ દર્શન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના દસમા મુખ્ય કાર્યક્રમ તરીકે રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ના ભુજ ખાતે એક દિવસનું સંમેલન યોજવામાં આવનાર છે. તેની સાથે સાથે શનિવાર, તા. ૫-૧-૨૦૧૩થી બુધવાર, તા. ૯-૧-૨૦૧૩ સુધી પાંચ દિવસનો કચ્છની ટૂરનો પ્રવાસ કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

## ભુજ ખાતે એક દિવસનું સંમેલન

આ સંમેલન ભુજ ખાતે રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ના સવારમાં ૧૦.૦૦ વાગ્યાથી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી રાખવામાં આવનાર છે. સંમેલનનો વિષય "કચ્છ : વિઝન-૨૦૨૦" એટલે કે કચ્છની પરિસ્થિતિ વર્ષ ૨૦૨૦માં શું હશે તેની વિવિધ વિભાગોના નિષ્ણાતો દ્વારા અભ્યાસપ્રદ વિસ્તૃત માહિતી અને વિગતો રજૂ કરવામાં આવશે. આ માટે શિક્ષણ, આરોગ્ય, આંતરમાળખાકીય સુવિધા, ઔદ્યોગિકકરણ, ખેતી અને પશુપાલન, પ્રવાસન, અર્થકારણ જેવા વિષયોમાંથી જે-તે વિભાગોના નિષ્ણાતો પોતાની સચોટ રજૂઆત કરશે.

જે-તે વિષયના નિષ્ણાતો, પોતાના નક્કી કરેલ વિષયે કચ્છની વર્ષ ૨૦૨૦માં શું પરિસ્થિતિ હશે તેની રજૂઆત કરવા માગતા હોય તો તેઓને પોતાના વિષયની વિગત સહિતની માહિતી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પર શ્રી અશોક મહેતા (મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯) પર મોકલવા અપીલ કરવામાં આવે છે.

એ જ રીતે જેઓ આ સંમેલનમાં પ્રેક્ષક તરીકે ઉપસ્થિત રહેવા ઈચ્છા ધરાવતા હશે તેઓએ પણ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ પર પત્ર લખી, પોતાનું રજિસ્ટ્રેશન કરાવી લેવું જરૂરી રહેશે. આ કાર્યક્રમ માટે વધુમાં વધુ ૨૦૦ વ્યક્તિઓને એન્ટ્રી મળી શકશે.

## પાંચ દિવસનો કચ્છ પ્રવાસ

શનિવાર, તા. ૫-૧-૨૦૧૩થી બુધવાર, તા. ૯-૧-૨૦૧૩ના પાંચ દિવસના પ્રવાસના કાર્યક્રમમાં અમદાવાદ સ્થિત કચ્છી પરિવારોમાંથી જેઓ આ પ્રવાસમાં જોડાવા માગતા હશે, તેઓએ પોતાના નામ વહેલી તકે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી (ફોન : ૦૭૯-૨૬૫૭૮૮૯૨) પર કુ. નિધિ પટેલ પાસે નોંધાવી દેવાના રહેશે.

અમદાવાદથી શનિવાર, તા. ૫-૧-૨૦૧૩ના સવારે બસ દ્વારા પ્રસ્થાન કરી ધોળાવીરાની મુલાકાત લઈને રાત્રિ રોકાણ ભુજ ખાતે કરવામાં આવશે. રવિવાર તા. ૬-૧-૨૦૧૩ના રોજ ભુજ ખાતે "કચ્છ : વિઝન-૨૦૨૦" એક દિવસીય સંમેલનમાં ઉપસ્થિત રહેવાનું થશે અને ત્યારબાદ બાકીના ત્રણ દિવસનો કચ્છ પ્રવાસનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ છે. બુધવાર, તા. ૯-૧-૨૦૧૩ના મોડી રાત્રે અમદાવાદ પરત આવવાનું થશે. ઉપરોક્ત કાર્યક્રમમાં ભાગ લેવા સહુને અપીલ કરવામાં આવે છે. આ અંગેના ખર્ચની વિગત 'મંગલ મંદિર'ના આવતા અંકમાં જણાવવામાં આવશે. ૪૦ સીટની એક જ બસ આ પ્રવાસ માટે આયોજિત કરેલ હોવાથી વહેલા તે પહેલાના ધોરણે નામો નોંધવામાં આવશે.

ઉપરોક્ત કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી, ભાગ લેવા સહુને અપીલ કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# સિનિયર સિટીઝન હોમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ ગાંધીનગર ખાતે સિનિયર સિટીઝન હોમની શરૂઆત કરવામાં આવેલ છે.

શરૂમાં આ "મંજુલ હરખ ધામ"માં દાખલ થવા માસિક દર રૂા. ૫,૦૦૦/- રાખવામાં આવેલ હતો. પરંતુ સમાજના અનેક વર્ગમાંથી આ દર વિશેષ પ્રમાણમાં હોવાના સૂચન આવતા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળે તેની તા. ૨૩-૯-૨૦૧૨ના રોજે મળેલ મિટિંગમાં દાખલ થનાર વ્યક્તિની અનુકૂળતા મુજબના માસિક દર રાખવાની પરમિશન આપતા, હવે પછી જે વ્યક્તિ આ સિનિયર સિટીઝન હોમમાં દાખલ થવા ઈચ્છા ધરાવશે તેની પરિસ્થિતિ અનુસારના માસિક ચાર્જિસ લેવાનું નક્કી કરવામાં આવેલ છે.

વધુ વિગત માટે કોઈપણ વ્યક્તિ ૯૮૯૮૦ ૫૩૫૨૧ નંબર પર શ્રી રજનીકાંત ધરમશી પારેખનો સંપર્ક સાધી શકશે.

**કન્વીનર**
**સિનિયર સિટીઝન હોમ સમિતિ (મંજુલ હરખ ધામ સમિતિ)**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# આગામી કાર્યક્રમો

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • ગુરુવાર, તા. ૪-૧૦-૨૦૧૨ રાત્રિના ૮.૦૦ વાગે પ્રસ્થાન શુક્રવાર, તા. ૫-૧૦-૨૦૧૨થી સોમવાર, તા. ૮-૧૦-૨૦૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી | વયસ્ક સમિતિ | અમદાવાદ – જોધપુર – જેસલમેર – નાકોડાજી – ભીનમાલ – જોધપુર – અમદાવાદ યાત્રા પ્રવાસ |
| • સોમવાર, તા. ૧-૧૦-૨૦૧૨થી બુધવાર, તા. ૧૩-૧૦-૨૦૧૨ સવારે | ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટી. કોમ્યુનિટી ઓન્કોલોજી સેન્ટર, પ્રવીણનગર બસ સ્ટેન્ડ પાસે, વાસણા બેરેજ રોડ, અમદાવાદ. | મહિલા ઉત્કર્ષ સમિતિ | મહિલાઓ માટે કન્સેશનલ દરે સંપૂર્ણ બોડી ચેક-અપ. |
| • રવિવાર, તા. ૧૪-૧૦-૨૦૧૨ સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | તબીબી સેવા સમિતિ | તબીબી નિદાન કેમ્પ : જનરલ સર્જરી, ગાયનેક (૧૮ વર્ષથી ઉપરની મહિલાઓ માટે) કેન્સર અવેરનેસ, ગેસ્ટ્રો એન્ટ્રોલોજી, યુરોલોજી. |
| **• રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ સાંજે ૭.૦૦થી ૧૧.૦૦** | **સપ્તક પાર્ટી પ્લોટ, રિલાયન્સ પેટ્રોલ પંપ તથા ટોરેન્ટ ઓફિસની બાજુમાં, ૧૩૨' રિંગ રોડ, નારાણપુરા.** | **મધ્યસ્થ કાર્યાલય શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.** | **નવરાત્રી રાસ-ગરબા કાર્યક્રમ અને હરીફાઈ.** |
| • સોમવાર, તા. ૨૯-૧૦-૨૦૧૨ રાત્રિના ૮.૦૦થી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | યુવા વિકાસ સમિતિ | શરદોત્સવ. દાંડિયા - રાસ કાર્યક્રમ તથા હરીફાઈ. |
| • બુધવાર, તા. ૩૧-૧૦-૨૦૧૨ બપોરે ૧.૩૦થી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | મહિલા ઉત્કર્ષ સમિતિ | કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન (નૂતન વર્ષની નવીન વાનગીઓ) |
| • રવિવાર, તા. ૪-૧૧-૨૦૧૨ સવારે ૯.૦૦થી ૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ | સમાજના સભ્ય પરિવારજનોના ૬ થી ૧૮ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓ માટે "સાંભળવું એક કળા" – પરિસંવાદ. |
| • બુધવાર, તા. ૧૪-૧૧-૨૦૧૨ સાંજના ૫.૦૦થી ૭.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સંવત ૨૦૬૯, નૂતન વર્ષ મિલન સમારંભ |
| • રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | યુવા વિકાસ સમિતિ | નિબંધ હરીફાઈ – બપોરના ૧.૦૦થી સંગીત હરીફાઈ (નૃત્ય, વાદ્ય અને કંઠ્ય) – બપોરના ૨.૩૦ થી ૬.૦૦ |
| **• રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨ બપોરે ૩.૦૦થી ૬.૦૦** | **એ.સી. ઓડિટોરિયમ, અમદાવાદ** | **મધ્યસ્થ કાર્યાલય, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** | **સમાજના યુવા બાળકો દ્વારા મનોરંજન કાર્યક્રમ. સંગીત, નૃત્ય, નાટક વગેરે.** |
| • રવિવાર, તા. ૯-૧૨-૨૦૧૨ સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | તબીબી સેવા સમિતિ | તબીબી કેમ્પ : ઓર્થોપેડિક, બી.એમ.ડી. (બૉન મૅરો ડેન્સિટી ટેસ્ટ) તથા પેઈન મેનેજમેન્ટ. (પ્રથમ ૧૦૦ દર્દીઓ માટે બી.એમ.ડી. ફ્રી.) (૪૦ વર્ષથી ઉપરની વ્યક્તિઓ માટે.) |

*ચિંતા કરવાથી જ અંતરાયો પડે છે. પ્રયત્ન કરવાનો અધિકાર છે, પણ ચિંતા કરવાનો અધિકાર નથી.*

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • શનિવાર, તા. ૧૫-૧૨-૨૦૧૨થી રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨ | ઢાકણી - ખારા ઘોડા વગેરે સ્થળે | બાલ કલ્યાણ સમિતિ | ઢાકણી તીર્થ, લબ્ધિધામ અને ઢાકણીથી ૧૫ કિ.મી. દૂર ખારાઘોડા રણમાં આકાશ દર્શન (૧૨થી ૧૮ વર્ષના બાળકો માટે) |
| **• રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨ સવારે ૯.૦૦થી સાંજે ૭.૦૦** | **શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.** | **પરિચય મિલન સમિતિ** | **લગ્નોત્સુક યુવક - યુવતીઓનું સંમેલન.** |
| • રવિવાર, તા. ૨૩-૧૨-૨૦૧૨ સવારે ૮.૦૦થી ૧.૦૦ | ઑપન ગ્રાઉન્ડ (અમદાવાદ) | યુવા વિકાસ સમિતિ | સ્પોર્ટ્સ ડે |
| • રવિવાર, તા. ૩૦-૧૨-૨૦૧૨ બપોરે ૧૨.૦૦થી સાંજે ૬.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ | "જીવન કૌશલ્ય" વિષયે પરિસંવાદ. સમાજના પરિવારજનના ૨૬ વર્ષથી ૪૫ વર્ષની વ્યક્તિઓ માટે. |
| **• શનિવાર, તા. ૫-૧-૨૦૧૩થી બુધવાર, તા. ૯-૧-૨૦૧૩** | **"કચ્છ દર્શન" પ્રવાસ (બસ દ્વારા)** | **મધ્યસ્થ કાર્યાલય, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** | **ધોળાવીરા - ભુજ ખાતે વિઝન-૨૦૨૦ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને બાકીના ત્રણ દિવસો દરમ્યાન કચ્છના અન્ય સ્થળોનો પ્રવાસ.** |
| **• રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ સવારે ૧૦.૦૦થી સાંજે ૬.૦૦** | **એ.સી. ઓડિટોરિયમ** | **મધ્યસ્થ કાર્યાલય, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.** | **ભુજ ખાતે "કચ્છ : વિઝન-૨૦૨૦" વિષયે એક દિવસનું સંમેલન.** |

*નગરમાં જેટલા મેડિકલ સ્ટોર્સ હોય તેટલાં વાંચનાલયો હોવા જોઈએ.*


|| અતિથી દેવો ભવઃ ||

**અત્યાધુનિક યુગના 'શ્રવણ' ચેતન મોતા સંગાથે**

**કોઈપણ 'ડેસ્ટિનેશન'માં જોડાવ...**
**મુંબઈથી મુંબઈ સુધી પરફેક્ટ પ્રેઝન્ટેશન સાથેની... 'સંપૂર્ણ પેકેજ'**

**ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રૂપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજિત ફેમિલી / હનીમૂન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે....**

- શિખરજી
- સૌરાષ્ટ્ર દર્શન
- રાજસ્થાન
- પાલિતાણા-પંચતીર્થી
- ગિરનાર-સોમનાથ
- કચ્છ પંચતીર્થી
- જગન્નાથપુરી
- નાગેશ્વર-MP
- પૂના-કાવજ
- કાવી-ગંધાર-ઝઘડિયા
- કુલપાકજી-હૈદ્રાબાદ
- ચારધામ

- કાશ્મીર-વૈષ્ણોદેવી
- લેહ લદાક-કાશ્મીર
- દાર્જીલીંગ-સીક્કીમ
- હિમાચલ
- ઉત્તરાંચલ
- કેરાલા
- સાઉથ
- રાજસ્થાન
- ભુતાન
- નેપાલ

**CHETAN MOTA'S**

tmt holydays

**LANDMARK FOR PACKAGE TOUR**

૨૦૬, નેપચ્યુન હાઉસ, એન.એસ. રોડ, મુલુંડ રેલ્વે સ્ટેશન પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
**Ph. : 2593 4545 • 2565 0533 • 93222 82993 • Fax : 2568 3231**
**www.tmtholydays.in • tmtholydays@yahoo.co.in**

# કચ્છના ઇતિહાસના લેખન સંદર્ભે

• હરેશ ધોળકિયા •

કચ્છનો ઇતિહાસ ખૂબ જ લાંબો છે. છેક હડપ્પાથી તેની નોંધ જોવા મળે છે. પ્રાચીન, મધ્ય કાળ અને આધુનિક કાળ સુધી કચ્છનો ઇતિહાસ વૈવિધ્યસભર રહ્યો છે. હા, ભારતીય ઇતિહાસની જેમ તેના ગુલામ વંશ, લોદી વંશ, મોઘલ વંશ વગેરે જેવા ઘણા વિભાગો નથી પડતા. અહીં તો પ્રાચીન સમય, જાડેજા વંશ પહેલાંનો સમય, જાડેજા વંશનો સમય અને સ્વાતંત્ર્યકાળ પછીનો ઇતિહાસ એવા ચારેક વિભાગો દેખાય છે. જાડેજા રાજાઓમાં પણ એક જ કુટુંબે રાજ્ય કરેલ છે. ઊથલપાથલો ઓછી થઇ છે. એટલે, મહદ્ અંશે શાંત ઇતિહાસ રહ્યો છે.

**કચ્છના ઇતિહાસમાં સંશોધનની તકલીફ એ દેખાય છે કે તેમાં દસ્તાવેજીકરણ નહિવત્ છે. નોંધો ઓછી દેખાય છે.** હશે તો પ્રકાશિત ઓછી થઇ લાગે છે. ઇતિહાસના ઘણા સમયોમાં દસ્તાવેજી પુરાવાના અભાવે માહિતીની ખાલી જગ્યાઓ જોવા મળે છે. આ બધી ખાલી જગ્યાઓને સંશોધન કરી પૂરવી, એ મોટો પડકાર રહ્યો છે.

એવું નથી કે અત્યાર સુધી કચ્છનો ઇતિહાસ નથી લખાયો. વિદેશીઓ અને સ્થાનિક સંશોધકોએ તેના પર પુસ્તકો પ્રગટ કર્યા છે. હવે તો તેના પર ડૉક્ટરેટ સ્તરે સંશોધનો થઇ રહ્યાં છે. છતાં હજી શાસ્ત્રીય પદ્ધતિથી કચ્છનો સમગ્ર ઇતિહાસ પ્રગટ નથી થયો.

પ્રકાશિત પુસ્તકો પર નજર કરીએ તો ખ્યાલ આવે છે કે મોટા ભાગનાં પુસ્તકો રાજ્યભક્તિ પ્રેરિત છે. અલબત્ત, તે સહજ છે, પણ તે એકાંગી ઇતિહાસ રજૂ કરે છે. કેટલાંક લોકસાહિત્ય આધારિત ઇતિહાસનાં પુસ્તકો છે. તેમાં કલ્પના અને તથ્યને અલગ પાડવાં જરૂરી બને છે. વર્તમાનમાં તે વિશે જે પ્રયાસો થઇ રહ્યા છે, તેમાં પણ એકાંગીપણું દેખાય છે. કોઇ હિન્દુ કે મુસ્લિમ સંદર્ભે વિચારે છે, તો કોઇ રાજાશાહી વિરોધી દૃષ્ટિએ જુએ છે. તો કોઇ વળી એકાદ સંદર્ભ પકડી તેને આધારે સમગ્રને મૂલવવા પ્રયત્ન કરે છે. આ બધા દૃષ્ટિકોણો ખંડિત દર્શન રજૂ કરે છે. **ઇતિહાસને તો કેવળ તથ્યથી જ રજૂ કરવો જોઇએ. તેમાં ભક્તિ, વિરોધ, વાદો, ધર્મ - એવા કોઇ દૃષ્ટિકોણ ન ચાલે.** કેવળ સમયાનુક્રમે બનેલ હકીકતો જ રજૂ કરાય તો જ તટસ્થ ઇતિહાસ લખાય.

ક્યારેક લોક-ઇતિહાસના નામે, ક્યારેક રાજાશાહીને અવગણવાનો કે તેને ખોટી રીતે રજૂ કરવાનો પણ પ્રયાસ થતો દેખાય છે. પણ હકીકત એ છે કે કચ્છનો ઇતિહાસ તો રાજાશાહી આસપાસ જ ઘૂમતો રહ્યો છે. પ્રજા મોટા ભાગે રાજભક્ત અને નિષ્ક્રિય રહી છે. એટલે રાજાઓને અવગણી ન શકાય. હા, રાજકીય, સાંસ્કૃતિક, સામાજિક, ધાર્મિક, કલાનો - ઇતિહાસ લખાય તે જરૂરી છે. પણ તે બધું પણ તે સમયના રાજાને ધ્યાનમાં રાખીને જ લખવું પડે તેમ છે. દરેક બાબતો પર તત્કાલીન રાજાનો જ પ્રભાવ કામ કરતો રહ્યો છે. શાંતિ કે અશાંતિ, વિકાસ કે સ્થગિતતા - રાજાઓ આધારિત જ દેખાય છે. એટલે રાજાશાહીને અવગણી તો ન શકાય. હા, રાજાઓને ભક્તિપૂર્વક ન જોતાં તેમનું તટસ્થ મૂલ્યાંકન થાય અને તત્કાલીન સમાજનાં બધાં જ પાસાંઓને પૂરું મહત્ત્વ મળે તે જોવાનું રહે. આ બાબતોમાં ક્યાંય એકાંગીપણું કે પૂર્વગ્રહ દાખલ ન થાય તે જોવાનું રહે. માટે જ શાસ્ત્રીય પદ્ધતિના અભ્યાસીને જ સોંપવું અનિવાર્ય બને છે. અને લખતી વખતે સંદર્ભ તરીકે 'ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસ'ને પ્રમાણભૂત માનવો જોઇએ.

સમગ્ર ઇતિહાસ લખાય ત્યારે, સહજ છે કે, નાની ઘટનાઓ કદાચ રહી પણ જાય અથવા તો તેનો થોડા શબ્દોમાં જ ઉલ્લેખ થાય. આમ ન કરાય તો ઇતિહાસ બહુ મોટો ગ્રંથ બની જાય. આ શક્ય નથી. અને છતાં આ 'નાના' બનાવો પણ મહત્ત્વના હોઇ તેમને પણ પૂરું મહત્ત્વ અપાય તે પણ જોવાનું છે. એટલે, એમ કહી શકાય કે મુખ્ય ગ્રંથ સળંગ સામાન્ય (જનરલ) ઇતિહાસને સમાવે. સમગ્ર કાળના બનાવોને જ નોંધે. પણ સમાંતરે આ ઘટનાઓ નોંધવા બે પ્રકારનાં પુસ્તકો તૈયાર કરાય. એક, આવી ઘટનાઓને કે વ્યક્તિઓને સમાવતા લેખોનું પુસ્તક તૈયાર કરાય, જેમાં મૂળ પુસ્તકમાં ખાસ ઉલ્લેખી ન શકાઇ હોય તેવી ઘટનાઓને વિસ્તૃત લેખોમાં મૂકી શકાય. અથવા હજી પણ મહત્ત્વ નથી આપી શકાયું એમ લાગે તો મહત્ત્વની ઘટનાઓનાં અલગ પુસ્તકો અથવા તો પુસ્તિકાઓ તૈયાર કરી શકાય. તો મૂળ પુસ્તકમાં જેનો ઉપરછલ્લો ઉલ્લેખ થયો હોય, તેને વિસ્તારથી સમજવા હોય તો આ સંદર્ભ પુસ્તકો વાંચી શકાય. તો સંશોધકો/વાચકોને કોઇ વિશિષ્ટ વ્યક્તિ કે ઘટના વિશે જાણવું હોય, તો આ પુસ્તકોનો સહારો લઇ શકાય. **અત્યાર સુધી પણ આવાં પુસ્તકો પ્રગટ થયાં છે - મહારાવ રાયધણજી, કચ્છમાં અંગ્રેજો, સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીયુગનો ફાળો વગેરે.** આ બધાંને પુનઃ તપાસી, તેમાં જરૂરી વધારોઘટાડો કરી, અદ્યતન બનાવી શકાય. તો મૂળ પુસ્તકમાં અછડતા ઉલ્લેખોને પણ મહત્ત્વ મળશે. તેમાં 'ઘટના' સાથે 'અર્થઘટન' પણ મળી શકે.

આપણે ત્યાં સાંસ્કૃતિક ઇતિહાસ લગભગ નહિવત્ નોંધાયો છે. સામાજિક પ્રવાહો, પ્રજામાનસ વગેરેનો લગભગ અભ્યાસ નથી થયો. એટલે ઇતિહાસમાં સમાજશાસ્ત્રીય, માનસશાસ્ત્રીય, નૃવંશશાસ્ત્રીય અભ્યાસોનાં

*તમારી વર્તમાન પરિસ્થિતિને માટે તમારા ભૂતકાળનાં કર્મો જ જવાબદાર છે. તમારાં વર્તમાનનાં કર્મો તમારા ભાવિને ઘડશે.*

વ્યાપક સંશોધનોની જરૂર છે. આ સાથે સ્વતંત્રતા પછી જે વિકાસ થયો છે તેનો આંકડાકીય ઇતિહાસ વેરવિખેર છે. તે પણ વ્યવસ્થિત થાય તે જરૂરી છે. સાથે તુલનાત્મક ઇતિહાસ પણ ધ્યાન માગે છે.

ટૂંકમાં, ઇતિહાસ લેખન ખૂબ મહેનત માંગે છે. જલદી થાય તેવું કાર્ય નથી. ઉતાવળે પણ ન થઇ શકે. તે માટે એક વ્યવસ્થિત સંસ્થા સ્થાપવી જરૂરી છે. તે માટે વ્યવસ્થિત નાણાંભંડોળ ઊભું કરવું જોઇએ. ઇતિહાસ લખવા નિષ્ણાતોની ટીમ બનાવવી જોઇએ. તેમની શાસ્ત્રીયતાનું પણ મોનીટરિંગ કરવા અલગ ટીમ હોય. આ કામ સતત ચાલતું રહે. તેમને પૂર્ણ સ્વતંત્રતા અપાય. વહીવટ કદી નિષ્ણાતોને ખલેલ ન પહોંચાડે તે જોવાનું રહે. **અત્યારે જેમ 'વિશ્વકોશ ટ્રસ્ટ' ચાલે છે, તેમ 'કચ્છ ઇતિહાસ ટ્રસ્ટ'ની જરૂર છે જેમાં નિષ્ણાતો જ મહત્ત્વના રહે.** નાણાં આપનારાના ખ્યાલો અને પૂર્વગ્રહોનો તેમના પર જરા પણ પ્રભાવ અને દબાણ ન હોય!

પણ આ કાર્ય અતિ મહત્ત્વનું છે. ખૂબ ઝડપથી તે શરૂ કરવાની જરૂર છે. **યુનિવર્સિટી કે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ જેવી સંસ્થાઓએ આ કામ ઉપાડ્યું છે તે ખૂબ જ આનંદનો વિષય છે.** તેને વ્યવસ્થિત સંસ્થાકીય સ્વરૂપ આપી લાંબા ગાળા માટે તે સ્વતંત્ર રીતે ચાલે તેવી વ્યવસ્થા કરવાની છે. કામ કરવાનું પૂર્ણ સ્વાતંત્ર્ય અને ઇતિહાસ લેખનમાં પૂરેપૂરી તટસ્થતા - તેનો પાયો બને. વ્યક્તિગત રાગદ્વેષને તેમાં જરા પણ પ્રવેશ ન મળે. તેણે ખૂબ જ નુકસાન કર્યું છે. તે ઇતિહાસને વિકૃત કરતા રહ્યા છે.

આ બધા મુદ્દાઓ સાથે કામ આગળ વધે તેવું ઇચ્છીએ. આ બાબતોએ જાહેર માધ્યમોમાં વ્યાપક ચર્ચાઓ થતી રહે તો અતિ ઉત્તમ.

★

## કચ્છ સત્યાગ્રહ

આમ તો કચ્છના ઇતિહાસમાં 'લોકલડતો' ઓછી જોવા મળે છે. તેનાં કારણો તપાસાય તો અહીં જે રાજાઓ થયા તે પ્રજાવિરોધી માનસવાળા ઓછા હતા. લગભગ તો ન જ હતા. પ્રજાનાં કામ કદાચ વધારે કર્યાં હોય કે ન હોય, પણ પ્રજાને હેરાન તો નથી જ કરી. કેવળ રાવ રાયધણને ઇસ્લામની ઘેલછા થયેલી અને તેના પ્રચારનો પ્રયત્ન કરેલો, પણ ફતેહમામદે તેને જેલમાં પૂરી આ મુદ્દાને દબાવી દીધો હતો. ભારતમાં સ્વાતંત્ર્ય સંગ્રામ ચાલતો હતો, ત્યારે ટિળક અને ગાંધીજીના પ્રભાવથી કચ્છમાં જવાબદાર રાજ્યતંત્રની લડત થયેલી. ખુદ ગાંધી અને સરદાર અને મહેરઅલી પણ આવેલા, છતાં મહત્ત્વના મુદ્દાઓના અભાવે અને શાંત રાજાને કારણે લોકલડત જામી નહીં. નાનીમોટી ઘટનાઓ બનતી, પણ બાકી કચ્છ શાંત રહ્યું.... વળી, અહીં ઔદ્યોગિક વિકાસના અભાવે યુનિયનવાદ ન હતો, રણના કારણે અન્ય પ્રદેશો સાથે સંપર્કનો અભાવ હતો, સતત દુકાળો સામે ઝઝૂમવામાં પ્રજાનો સમય જતો - આ બધા કારણોને લઇને પણ મોટી લોકલડત થઇ શકી નથી.

સ્વતંત્રતા પછી એક વાર નોકરિયાતોએ લડત કરેલી અને એક વાર જમીન મુદ્દે લડત થઇ હતી. પણ તે સંબંધિત વર્ગો માટેની હોવાથી લોકલડત બની ન શકી.

**લોકલડત બની શકે તેવો મુદ્દો ૧૯૬૫માં ઊભો થયો હતો. તેના પ્રત્યાઘાત રૂપે 'કચ્છ-સત્યાગ્રહ' નામે લોકલડત ઊભી થઇ.** થોડા દિવસ ચાલી, પણ પછી તે પણ શાંત થઇ ગઇ.

શરૂ થવાનું કારણ હતું કે ૧૯૬૫ની ૯ એપ્રિલની સવારે અચાનક પાકિસ્તાન દળોએ કચ્છની સરહદ પર આક્રમણ કર્યું. પછી સતત જુદાજુદા વિસ્તારો પર આક્રમણ કરતું રહ્યું. આપણા જવાનોએ દરેક આક્રમણોને નિષ્ફળ બનાવ્યાં. છેવટે દોઢ માસ પછી બ્રિટિશ દરમિયાનગીરીથી કચ્છ સરહદે યુદ્ધવિરામ થયો.

યુદ્ધ પછી 'કચ્છ-કરાર' થયા અને કચ્છની સરહદ નક્કી કરવા આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી. તેના અધ્યક્ષ તરીકે સ્વિડનના બેજર તથા પાકિસ્તાનના નિયુક્ત ઇરાનના નસરુલ્લાએ કચ્છના રણના વિવાદી વિસ્તારમાંથી ૯૦% વિસ્તાર ભારતનો હોવાનો ઠરાવ્યો. પણ રણના ૩૦૦ ચો.માઇલ વિસ્તાર - જે પણ ભારતીય કબજા હેઠળ જ હતો - તેને પાકિસ્તાનનો હોવાનું ઠરાવ્યું. તેમાં કંજરકોટ, છાડબેટ, ધારા બન્નીનો વિસ્તાર હતો. ત્યારે ભારત નિયુક્ત સભ્ય યુગોસ્લાવિયાના બેલ્લરે અલગ પડી સમગ્ર વિસ્તાર ભારતનો હોવાનો જણાવ્યો. અંતે ૩૦૦ ચો.મા.નો વિસ્તાર પાકિસ્તાનને આપવાનો ચુકાદો જાહેર થયો. (૨૦ ફેબ્રુઆરી, ૧૯૬૮)

આ ચુકાદાનો ભારતમાં પ્રબળ વિરોધ થયો. ત્યારની સંસદના વિરોધ પક્ષના સભ્યોએ ઉગ્ર વિરોધ કર્યો. તેની ઉગ્ર રજૂઆતો થઇ. **મહારાવ મદનસિંહજીએ** પણ આઘાતની લાગણી વ્યક્ત કરી. અંતે આ ભૂમિ પાછી મેળવવાના ઉદ્દેશ સાથે ૧૯૬૮ની ૨૧ એપ્રિલે રણ સરહદે કચ્છ સત્યાગ્રહની શરૂઆત થઇ.

તે શરૂ થવા પહેલાં ૧૯ એપ્રિલે ભુજમાં ચુકાદા વિરોધી પરિષદ મળી. ભીડનો આઝાદ ચોક મુખ્ય મથક બન્યો. ૨૧મીએ ગુજરાત જનસંઘના પ્રમુખ હરિસિંહ ગોહિલના નેતૃત્વ હેઠળ ખાવડાથી પ્રથમ સત્યાગ્રહીઓની ટુકડીએ પ્રસ્થાન કર્યું.

આ સત્યાગ્રહ કુલ સત્તર દિવસ ચાલ્યો. તેમાં જનસંઘ, સમાજવાદી પક્ષ, પ્રજા સમાજવાદી પક્ષ તથા સ્વતંત્ર પક્ષના નેતાઓ અને હજારો કાર્યકરોએ ભાગ લીધો હતો. **અટલબિહારી બાજપેયી, મધુ લિમયે, હેમ બરુઆ, રાજનારાયણ, નાથપાઇ, જ્યોર્જ ફર્નાન્ડિઝ, આરીફ બેગ, મદનલાલ ખુરાના, વસંત ગજેન્દ્ર ગડકર, કેશુભાઇ પટેલ, સનત મહેતા, તુલસી બોડા, લાડલી નીગમ** વગેરે નેતાઓ હાજર રહ્યા અને ધરપકડ વહોરી લીધી હતી અને જેલમાં પણ ગયા હતા.

**કચ્છમાંથી હિંમતસિંહ, ગુલાબશંકર ધોળકિયા, ફૂલશંકર પટ્ટણી, અમૃતપ્રસાદ અંતાણી વગેરે જોડાયા હતા. મહિલાઓમાંય મુખ્ય શ્રી જ્યોત્સ્નાબહેન પટ્ટણી હતાં.**

ત્યારે પ્રજાનો જુસ્સો ખૂબ વધ્યો હતો. એપ્રિલ-મે ની ગરમીમાં સત્યાગ્રહીઓ નીકળ્યા

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૧ ઉપર)**

*જે કોઈ જીવને મારતો નથી તેને કોઈ મારતું નથી. જે કોઈ જીવને હેરાન કરતો નથી, તેને કોઈ હેરાન કરતું નથી.*

# માડી ગામનો મંગીઓ પટેલ

## કચ્છની રસધાર : મણકો-૨

• દુલેરાય કારાણી •

*'મંગલ મંદિર'ના સપ્ટેમ્બર-૨૦૧૨ના અંકમાં દુલેરાય કારાણી લિખિત કચ્છની રસધારની સત્ય કથા આધારિત લેખનો પ્રથમ મણકો ભુજપુરના વણિક યુવાન આસારીઆની બહાદુરીની કથા 'સામૈયાનું શ્રીફળ' વાંચ્યું અને માણ્યું.*

*આજે આપણે ઉજ્જડ થઈ ગયેલ 'માડી' ગામના મંગીઆ પટેલની કહાણીનું રસપાન કરીએ.*

*– તંત્રી મંડળ*

★

કચ્છની જનતામાં આજે પણ એક પિરોલી (સમસ્યા) પ્રચલિત છે-

*નાંગ નય કે વાંઇયેં ભરા, વિઠી બુકે વા.*
*જુકો ગિને નાં, તેંજી થીએ મા.*

*ભાવાર્થ :* ભુજપુર કંઠીની નાગમતી નદીની આથમણી તરફ એ આજે હવા ફાકી રહી છે. જે એનું નામ લે તેની એ માતા બની જાય છે.

આ સમસ્યાનો ઉત્તર છે 'માડી ગામ'. એનું નામ જ 'માડી'. આ માડી ગામ ભુજપુરની પશ્ચિમે અને દેશલપુરથી ઉત્તરે એકાદ ગાઉના અંતર પર આવેલ છે. આજે તો એ ઉજ્જડ જેવું જ બની ગયું છે. માત્ર એનાં ખંડેરો જ આજે અસ્તિત્વ ધરાવે છે.

આજથી ચારસો વર્ષ પર માડી ગામ ખૂબ સમૃદ્ધિશાળી અને જાહોજલાલી ભોગવતું એક શહેર હતું. કચ્છનાં જૂનાં બંદરો જંગી, ભદ્રેસર અને નવીનાળની હારમાં એની પણ ગણતરી થાય છે. વેપારનું એ મોટું મથક હતું. દેશવિદેશથી મોટાં મોટાં વહાણો જાતજાતનો માલ ભરીને એનાથી થોડે દૂર આવેલ દરિયાકાંઠે નાંગરતાં. નવીનાળ અને ટુંડાની વચ્ચે આવેલ આજનું દાણદેરીનું મકાન એનું જકાતનાકું હતું.

★

કચ્છના રાજતંત્રને સુવ્યવસ્થિત કરનાર કચ્છના રાઓશ્રી પહેલા ખેંગારજી પછી એમના કુંવર ભારમલજી ગાદીએ આવ્યા. ખેંગારજીએ પ્રાપ્ત કરેલી રાજસંપત્તિ ભારમલજીએ ઉદાર હાથે વાપરેલી એથી કચ્છમાં કહેવત ચાલી કે 'ખટ્યો ખેંગાર ને ભોગવ્યો ભાર.'

ભારમલજીનો કુંવર મેઘજી થયો. મેઘજીના દસ કુંવર હતા. પાટવી કુંવર બીજા ખેંગારજી અને બીજા કુંવર હતા અજાજી. આ અજાજીને ગરાસમાં માડી ગામ મળ્યું હતું. અજાજીએ ડહાપણથી માડી ગામને વિશેષ વિકસિત કરીને પ્રજાનો પ્રેમ સંપાદન કર્યો હતો. અજાજીના અવસાન પછી માડી ગામ છિન્ન-ભિન્ન અને બેહાલ બની ગયું. **લોકોમાં કહેવત ચાલી કે 'અજો નાંય ઘરેં તડેં માડી તી મુલ કરે.'**

માડી ગામ ઉજ્જડ થઇ ગયું તેની પાછળ એક દંતકથા ચાલે છે. એક હજામનું માડીમાં વધુ પડતું વર્ચસ્વ હતું. રાજકારણમાં પણ તે આગળ પડતો ભાગ ભજવતો. એણે પોતાની બુદ્ધિનો સદુપયોગ કરવાને બદલે દુરુપયોગ કરવા માંડ્યો. એની કુટિલતાએ માડી ગામને નષ્ટભ્રષ્ટ અને વેરવિખેર કરી નાખ્યું. તેણે ગરાસીઆ અને વેપારીઓને જુદીજુદી રીતે ભરમાવીને તેમનામાં કુસંપ અને વેરઝેરનાં બી વાવી દીધાં. આ વેરઝેર અને વિખવાદ દિવસે દિવસે વધતાં ગયાં અને એમાંથી આખરે અરાજકતાની ભયંકર આફત ઊભી થઇ. મારફાડ અને લૂંટફાટ વધવા લાગી. કોઇના જાનમાલની સલામતી રહી નહિ. આ ત્રાસથી આખરે માડીની પ્રજા ત્રાસી ગઇ - થાકી ગઇ. પરિણામે માડીની જનતા માડી ગામનો ત્યાગ કરી બીજા ગામોમાં વસવાટ કરવા ભાગી છૂટી.

માડીને ઉજ્જડ કરનાર હજામનો પાળીઓ આજે પણ માડી ગામમાં ખડો છે અને ત્યાં જનાર દરેક માણસ આ હજામના કુકર્મ પ્રત્યે પોતાનો તિરસ્કાર વ્યક્ત કરવા તેના પાળીઆને એકએક પથ્થર મારતો રહે છે. એ રીતે આ હજામના પાળીઆ પાસે પાણાનો એક મોટો ઢગલો ખડકાઇ ગયો છે. ઇન્દ્રપુરી જેવા આ સુંદર શહેરને સ્મશાનની હાલતે પહોંચાડનાર આ માણસના પાળીઆ તરફ પણ કચ્છી પ્રજા કેટલી ઘૃણાની નજરે જુએ છે તે આ ઉપરથી સહજ સમજી શકાય છે.

માડી ગામ જ્યારે છિન્નભિન્ન થવા લાગ્યું ત્યારે પ્રજાજનો પોતપોતાનાં રાચરચીલાં અને ધનદોલત લઇને પોતપોતાને અનુકૂળ આવે એવી સલામતી ભરેલી જગાએ નાસભાગ કરવા લાગ્યા. કેટલાક મુંદ્રામાં અને એની આજુબાજુનાં ગામોમાં નીકળી ગયા. કોઇ માંડવી તરફ ચાલ્યા ગયા. કહેવાય છે કે માડી ગામ ઉજ્જડ થતાં માંડવી બંદર સમૃદ્ધ થયું અને ત્યારથી વધવા લાગ્યું.

**માડી ગામમાં મંગીઆ પટેલની ગણના એક ધર્માત્મા ગૃહસ્થ તરીકે થતી.** કંઠી પ્રદેશની ઓસવાળ કોમનો તે પટેલ હતો. વંશપરંપરાથી ઊતરી આવેલી અઢળક સંપત્તિનો તે માલિક હતો. આ મંગીઆ પટેલના બીજા ત્રણ ભાઇ હતા. મંગીઓ સૌથી મોટો હતો. એના પિતાને મોટી ઉંમર સુધી કોઈ સંતતિ ન થતાં તેણે પાણા એટલા પીર કર્યા ત્યારે આ મંગીઆનો જન્મ થયો હતો. આ કારણથી જ એનું હલકું નામ મંગીઓ

*જેની જોડે ના ફાવ્યું ત્યાં શક્તિ પ્રગટ કરવાની છે. ફાવ્યું ત્યાં તો શક્તિ છે જ. ના ફાવે, એ નબળાઈ કહેવાય.*

રાખવામાં આવેલ.

માડી ગામમાં રહેવું એ હવે જાનમાલને જોખમમાં રાખવા જેવું હોવાથી મંગીઆ પટેલનો એક ભાઇ દેશલપુર ગયો. બીજા ભાઈએ ભુજપુર વસાવ્યું. ત્રીજો હાલાર તરફ ચાલ્યો ગયો અને મંગીઓ પટેલ લૂણી ગામના હાલા ગરાસીઆઓના આમંત્રણથી માડી ગામનો ત્યાગ કરી લૂણી જવા તૈયાર થઇ ગયો.

મંગીઓ પટેલ પોતાની સઘળી મિલકત અને રાચ-રચીલું ગાડાંઓમાં ખડકીને સહકુટુંબ માડી ગામ મૂકીને રડતા હૃદયે વિદાય થયો.

મંગીઓ પટેલ માલેતુજાર હોવાથી ચાર મિયાણાની એક ધાડપાડુ ટોળકી એના તરફ મીટ માંડી રહી હતી. તેમણે જ્યારે મંગીઆ પટેલને મોટી મિલકત સાથે માડી ગામની વિદાય લેતો જોયો ત્યારે આ લોકોના મનમાં એને લૂંટી લેવાનો સળવળાટ જાગ્યો. એમણે વિચાર્યું કે આજે આકડે રહેલી માખી ટપકાવી લઇએ તો જિંદગીભરનું દળદર ચૂર થઇ જાય. અને આ વિચારે એ પંજહથા મિયાણાની લૂંટારુ ટુકડીએ મંગીઆ પટેલનાં ગાડાંની પૂંઠ પકડી. આ પાકી બોરડીને ખંખેરી લેવાનો લાગ શોધતા તે મંગીઆના ગાડાંની પાછળ પાછળ ચાલવા લાગ્યા. આગળ મંગીઓ પટેલ અને પાછળ મૂછે લીંબુ ઠરે એવી વંકડી મૂછોવાળા મિયાણા મૂછે તાવ દેતા ચાલ્યા આવે છે. પણ મનમાં ધારેલી મુરાદ પાર પાડવા માટે નિશ્ચિત કરેલાં સ્થાનો પર કંઇ ને કંઇ અડચણો આવી પડવાથી એમની મુરાદ બર આવતી ન હતી.

મંગીઓ પટેલ માડી ગામથી નીકળ્યો તે જ વખતે દૂરથી એના તરફ એકીટસે નિહાળી રહેલા આ મિયાણાની મનોભાવના તે કળી ગયો હતો. એણે તો પ્રથમથી જ બે બહાદુર વળાવિયાને પોતાની સાથે લઇ લેવાની વ્યવસ્થા કરી રાખી હતી. ગાડાં ચાલ્યાં જતાં હતાં. મંગીઓ પટેલ હાથમાં માળા લઇ પ્રભુ સ્મરણમાં લીન હતો.

ગાડાં ચાલતાં લૂણીની લગોલગ આવી પહોંચ્યાં. મિયાણાઓએ વિચાર્યું કે હાથમાં આવેલ માલદાર શિકાર આમ છટકી જાય તો તો બધી મહેનત પર પાણી જ ફરી વળે.

લૂણીથી દોઢ બે ગાઉ પહેલાં 'જંગી' નામે ઘનઘોર ઝાડીવાળું ઘટ્ટ જંગલ આવતું હતું. આજે તો આ ઝાડી લગભગ નાબૂદ થઇ ગઇ છે પણ જૂના વખતમાં આ ઝાડી વચ્ચેથી પસાર થવામાં પણ જોખમ હતું. છેલ્લે આ સ્થળ મિયાણાઓએ પોતાના મનમાં નક્કી કરી રાખ્યું હતું. ચોર-લૂંટારાની લૂંટ માટે આ સ્થાન દરેક રીતે અનુકૂળ હતું.

ગાડાની હેડ હાલી જાય છે, મંગીઓ પટેલ સૌથી આગળના ગાડામાં શાંત ચિત્તે બેઠો છે. એટલામાં ચારે મિયાણા મારમાર કરતા આવી પહોંચ્યા. બે મિયાણાઓએ બંદૂકના બે ભડાકા કરીને બધાને સ્તબ્ધ બનાવી દીધા. ગાડાવાળા ગભરાઇ ગયા. બળદો થંભી ગયા. મિયાણાઓએ મંગીઆ પટેલનો હાથ પકડીને ગાડા પરથી નીચે ખેંચી લેતાં કહ્યું : **'પટેલ! ઘણાં ડીં માલ-મિલકતને સાંચવે વિઠા, હાણે હિતે અસાં વટે હાજર કરે ડ્યા!** (પટેલ! ઘણા દિવસ માલ-મિલકતને સાચવી બેઠા હતા હવે અહીં અમારી આગળ હાજર કરી દો!)' આમ કહીને મિયાણાઓ મંગીઆ પટેલને બાંધી મૂકવાની તૈયારી કરતા હતા ત્યાં તો પાછળના ગાડામાં બેઠેલા બે શૂરવીર વળાવિયા એકાએક ગાડા બહાર કૂદી પડ્યા. બંને જણે પોતાની પાસેની બે જોટાળી બંદૂકો મિયાણાઓ તરફ તાકી દીધી. માત્ર ઘોડો દબાવવાની જ વાર હતી ત્યાં તો મંગીઓ પટેલ વળાવિયાની બંદૂકો અને મિયાણાઓની વચ્ચે આવીને ઊભો અને વળાવિયાને બંદૂક ફોડતાં રોકી લીધા.

મંગીઆ પટેલની આ મોટાઇ જોઇને એને લૂંટવા આવેલા લૂંટારાનાં પથ્થર હૃદય પીગળી ગયાં. પટેલની ખાનદાનીએ એમને નરમ ઘેંશ જેવા બનાવી દીધા. ચારે મિયાણા પટેલના પગોમાં ઝૂકી પડ્યા. ચારે જણ પોતાની ભૂલ માટે પશ્ચાતાપ કરવા લાગ્યા માફી માગવા લાગ્યા - આભાર માનવા લાગ્યા.

મંગીઆ પટેલે એ જ ઉદારતાથી એમની પીઠ થાબડીને કહ્યું : **'ભાઇ, મેં તો કશું વધારે નથી કર્યું. એ તો અમારો જૈન ધર્મ છે કે કોઇની પણ હિંસા ન થવી જોઇએ.'**

આમ કહીને મંગીઆ પટેલે આ ચારે જણને ગાડામાં બેસવાની વ્યવસ્થા કરી દીધી અને માન સાથે એમને લૂણી ગામે લઇ આવ્યો. અહીં એમને પંદર દિવસ સુધી રોકી રાખ્યા. વિદાય વખતે સારી ભેટો અને સોના-રૂપાના દાગીના ઇનામમાં આપી એમને રજા આપી. અને આ સત્કારના બદલામાં એટલું માગી લીધું કે આજથી એમણે ચોરી અને લૂંટફાટનો ધંધો છોડી દેવો.

ચારે જણાએ મંગીઆ પટેલની માંગણીનો સ્વીકાર કર્યો અને પોતાને શુભ માર્ગે ચડાવવા બદલ મંગીઆ પટેલનો ખૂબ ઉપકાર માની પંથે પડ્યા.

મંગીઆ પટેલે માડી ગામથી વિદાય થતી વખતે જ પોતાના મન સાથે સંકેત કરી લીધો હતો કે સહીસલામત લૂણી પહોંચી જવાય તો મિલકતનો અર્ધો ભાગ જનસેવામાં વાપરવો. આ સંકેત અનુસાર પટેલે લૂણી ગામને અગ્નિખૂણે બાર માસ પાણી ચાલે એવું એક વિશાળ તળાવ બંધાવ્યું, જે આજે મંગીઆસરને નામે પ્રસિદ્ધ છે. ઉપરાંત બીજા પણ કેટલાંક નવાણો અને તળાવડીઓ બંધાવી તે આજે પણ લૂણીની સીમમાં મોજૂદ છે. **કહે છે કે મંગીઆ પટેલે લૂણીમાં પગ મૂક્યા પછી લૂણીનો વિકાસ થતો ગયો.** લૂણી ગામ આજે કંઠી પ્રદેશમાં ઠીક સમૃદ્ધ ગણાય છે. મંગીઆ પટેલની પંદરમી પેઢીના વંશજો મંગીઆ દાદાની કીર્તિકથાનો ગૌરવ લે છે.

***(દુલેરાય કારાણી લિખિત 'કચ્છની રસધાર' માંથી સાભાર)***

FAVOURITE
**FAVOURITE SAFETY PRODUCTS**
**MFG. & EXP. OF INDUSTRIAL SAFETY SHOES**
C-1 / B 2007-2006/3, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch (Gujarat)
**Ph. : 91 2646 220690 / 251646 Fax : 91 2646 - 251030**
**Mail : info@favouriteshoes.com Website : www.favouriteshoes.com**
**Dhiren Shah (Dand)**
Director
M. : 98795 00916

# જ્ઞાન સાગરનું ઊંડાણ

• મૂરજી ગડા •

*"આપણે તો હજી જ્ઞાનસાગરના કિનારે છબછબિયાં કરી છીપલા વીણી રહ્યા છીએ. એના ઉંડાણનો તાગ કોઈને નથી."*

ત્રણસો વરસ પહેલાં થઇ ગયેલ ઊંચા ગજાના વૈજ્ઞાનિક આઇઝેક ન્યૂટનના (૧૬૪૨-૧૭૨૬) આ શબ્દો આજે પણ એટલા જ સાચા છે.

બાળક જ્યારે ભણવાનું શરૂ કરે છે ત્યારે સૌથી પહેલાં એને એકડો શીખવાય છે. પહેલા વિષય ગણિતના પહેલા પાઠની આ શરૂઆત છે. આગળ જતાં બાળક સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, ટકાવારી વગેરે શીખે છે. વર્ષો પહેલાં ગણિતનો વિસ્તાર આટલો જ હતો. આજે પણ મોટાભાગના લોકો માટે આનાથી વધુ જાણવું જરૂરી હોતું નથી. એમની પૂરી જિંદગી આટલું ગણિત જાણવાથી વગર મુસીબતે પસાર થઇ જાય છે. વ્યાવહારિક ભાષામાં એમને ગણિત આવડે છે એમ કહેવાય છે.

વ્યવહારમાં પાયાનું ગણિત ભલે પૂરતું હોય, ગણિતનો વિષય એનાથી ઘણો વિશાળ છે. સરવાળા, બાદબાકી વગેરે અંકગણિત થયું, ગણિતની બીજી ઘણી શાખાઓ છે. હાઇસ્કૂલના પાઠ્યપુસ્તકોમાં વડીલો ડોકિયું કરે તો ગણિતના વિસ્તારનો વધુ ખ્યાલ આવે. આમાં એક અલ્પવિરામ માત્ર છે. કોલેજમાં ગણિતનો વિષય લઇ ગ્રેજ્યુએટ થઇ શકાય છે. આગળ જતાં ગણિતમાં પીએચ.ડી. થઇ શકાય છે. તેઓ પણ સંપૂર્ણ ગણિત જાણે છે એમ નથી હોતું.

મોટાભાગના લોકો માટે પાયાનું ગણિત પૂરતું હોય તો આટલા બધા ગણિતની જરૂર ખરી? હા છે. **જરૂરત એ શોધની જનેતા છે. જરૂર ન હોત તો ગણિત આટલું વિકસ્યું ન હોત.** વિકસિત ગણિત, એડવાન્સ્ડ મેથેમેટિક્સ, વિજ્ઞાનનો પાયો છે. વિજ્ઞાન ટેકનોલોજીનો પાયો છે. ટેકનોલોજી આપણા વિકાસના પાયામાં છે. એના વગર આપણા રહેવાના ઘર, પહેરવાના કપડા, રોજિંદા વપરાશની હજારો વસ્તુઓ, આરોગ્ય માટે જરૂરી દવાઓ વગેરે કંઇ ન હોત.

માત્ર સરવાળા બાદબાકી વગેરે જાણનારને ગણિત આવડે છે એમ કહેવાય છે. જ્યારે વર્ષો સુધી વધુ ગણિત ભણનાર પણ નિષ્ણાત નથી ગણાતા. આ બન્ને વિધાનો પોતપોતાની રીતે સાચા છે. ગણિતની વાત આટલા વિસ્તારથી કરવાનું કારણ એ છે કે તે આપણા વેપારી સમાજના શ્વાસમાં હોવા છતાં સામાન્ય માણસને એના વિસ્તારનો પૂરો ખ્યાલ નથી. બીજા વિષયોની વાત તો બાજુએ રહી.

**ગણિત એ જ્ઞાનસાગરનો એક વિષયમાત્ર છે.** આજે દુનિયાની મોટી યુનિવર્સિટીઓમાં સો-સવાસો જેટલા અલગ વિષયોમાં ડિગ્રી લઇને ગ્રેજ્યુએટ થઇ શકાય છે. આ બધા વિષયોના પાઠ્યપુસ્તકો ભેગા કરીએ તો લાઇબ્રેરી બની જાય. પાઠ્યપુસ્તકો ઉપરાંત દરેક વિષયની કેટલીયે રેફરન્સ બુક્સ હોય છે જે વિશેષ માહિતીથી ભરપૂર હોય છે. ડૉક્ટર, વકીલ, એન્જિનિયર વગેરે આ વાતને સારી રીતે જાણે સમજે છે. બધા જ વિષયોનું જ્ઞાન સતત ઊંડું અને વિસ્તૃત થઇ રહ્યું છે.

માનવ સમાજનું આ જ્ઞાન અવલોકન (observation), **અર્થઘટન** (interpretation), **વિશ્લેષણ** (analysis), **ચિંતન** (thinking), **પ્રયોગ** (experimentation) અને ક્યારેક **વિસ્તૃતિકરણ** (extrapolation)ના સંયુક્ત માર્ગે આવ્યું છે. માત્ર ચિંતન કરવાથી કે ધ્યાન ધરવાથી બધું જ્ઞાન આવી જતું નથી.

આજથી અઢી હજાર વરસ પહેલાં જાગૃતિનો એક સમય આવ્યો હતો. ત્યારની બધીજ સંસ્કૃતિઓએ જ્ઞાનની બાબતમાં હરણફાળ ભરી હતી. જોકે ત્યારની એમની કોશિશ નૈતિકતા અને તત્ત્વજ્ઞાન પર વધુ કેન્દ્રિત હતી. તે સમયની એ માંગ હતી. અન્ય વિષયો પર માત્ર અછડતું ધ્યાન અપાયું હતું. ત્યાર પછીનું ફોકસ મુખ્યત્વે કળા અને સાહિત્ય જેવા વિષયોમાં હતું.

દરેક પ્રાચીન વિચારધારાના સાહિત્યમાં આ લોકનું જે પણ જ્ઞાન છે તે આજની સરખામણીમાં સાવ ઓછું છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. ત્યારનું મોટાભાગનું સાહિત્ય ભક્તિ, પ્રાર્થના, જપ-તપ, નીતિ, સમાજશાસ્ત્ર, મહાપુરુષોના જીવનચરિત્ર, દૃષ્ટાંત કથાઓ વગેરે વિશે છે. આ લેખમાળામાં આવી બાબતોની ચર્ચા થતી નથી. જે વિષયોની ચર્ચા થાય છે એ વિષય છે ઇતિહાસ, ભૂગોળ, ખગોળ, વિજ્ઞાન વગેરે. પૌરાણિક સાહિત્યની આ વિષયોને લગતી માહિતીનો આજના તારણો સાથે વિરોધાભાસ છે. આ બેમાંથી સાચું શું છે એ ત્યારે નક્કી થાય જ્યારે બન્ને બાજુની જાણકારી હોય. પ્રાચીન માન્યતાઓને આજના વિસ્તૃત જ્ઞાનસંદર્ભમાં મૂલવવાની જરૂર છે. આ વાત ફરી એક વાર કરી છે કારણ કે એજ વાત ફરી ફરી ચર્ચામાં આવતી રહે છે.

કોઇ વિષયનો અછડતો ઉલ્લેખ એક વાત છે, જ્યારે ઊંડાણમાં એનું જ્ઞાન હોય એ સાવ અલગ વાત છે. વિષયના ઊંડાણની અગત્યતા લેખની શરૂઆતમાં ગણિતના ઉદાહરણથી સમજાવી છે. પાણી તળાવમાં હોય છે, નદીમાં હોય છે અને દરિયામાં હોય છે. એમના જથ્થા, ઊંડાણ અને ઉપયોગમાં ફરક છે. તળાવનું પાણી મર્યાદિત હોઇ સ્થાનિક ઉપયોગનું છે. એ સૂકાઇ શકે છે.

*સીધો અને સરળ હશે, તે મોક્ષે જશે ને આડો થશે, તે રખડી મરશે. જેટલો ફૂણો એટલો મોક્ષને લાયક.*

જ્યારે દરિયાનું પાણી પોતાની ખારાશ પાછળ છોડી, વરસાદરૂપે વરસી, સર્વત્ર ઉપયોગમાં આવે છે. જ્ઞાનનું પણ આવું જ છે. એના થોડા સરળ દાખલા જોઇએ.

પૃથ્વી આપણા કરતાં એટલી મોટી છે કે આપણા દૃષ્ટિબિંદુથી, વેન્ટેજ પોઇન્ટથી, એનું સંપૂર્ણ કદ અને સ્વરૂપ દેખાતા નથી. આ મર્યાદિત અવલોકનને લીધે પ્રાચીન કાળમાં બધાએ પોતપોતાની રીતે જે અર્થઘટન કર્યું તે એકબીજાથી ઘણું અલગ અને અધૂરું હતું કારણ કે તેઓ અવલોકનથી આગળ વધ્યા જ નહીં. બધી જ પ્રાચીન સંસ્કૃતિઓએ બનાવેલ અને આજ સુધી સચવાયેલ પૃથ્વીના નક્શા આ વાતના પુરાવા છે. બધાએ પોતાના પ્રદેશને પૃથ્વીના કેન્દ્રસ્થાને બતાવ્યા હતા. એમાંથી કોઇને પણ પૃથ્વીના સાચા કદ અને આકારની ખબર નહોતી.

આજે પૃથ્વી વિશેની જે સાચી અને સર્વસ્વીકૃત માહિતી છે તે ન સ્વીકારનાર અને પોતાની જૂની માન્યતાઓને વળગી રહેનાર પણ એક વર્ગ છે. એટલું જ નહીં, પોતાની ખોટી માન્યતાનો પ્રચાર કરી શ્રદ્ધાળુઓને ગેરમાર્ગે દોરે છે. ભૂતકાળની કોઇ વાત ખોટી સાબિત થાય તો એને મોકળા મને સ્વીકારી લેવાય. પહેલાનું કંઇ ખોટું ન જ હોય એમ કહેવું એ સમાજનો દ્રોહ છે.

રોજ સવારમાં નિયમિતપણે ઉગતો સૂર્ય બધા જુએ છે. માત્ર એના અવલોકનથી કોઇને એક ધગધગતું ચક્ર લાગે છે. કોઇને ચમકતું પાકું ફળ લાગે છે. કોઇને સાત અશ્વના રથ પર બિરાજમાન તેજસ્વી પ્રતિભા દેખાય છે, તો કોઇ ક્યારે જોયો ન હોવા છતાં બે સૂર્યની વાત કરે છે.

આજની અધિકૃત માહિતી પ્રમાણે સૂર્ય એક વિશાળ અણુભઠ્ઠી છે. એમાં પેદા થતી ઉર્જા — ગરમી અને પ્રકાશના રૂપમાં આપણી પાસે પહોંચે છે. સૂર્યના કદ, બંધારણ, આયુષ્ય વગેરે કેટલીયે બાબતોની આજે ઊંડાણમાં માહિતી છે. આ જાણવા કેટલાયે ખંતીલા લોકોએ અવલોકનથી આગળ વધી બીજા પગથિયાં સર કર્યા છે.

સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ પણ બધા આદિકાળથી જુએ છે. એના વિષે જાતજાતની ભયાનક માન્યતાઓ ઊભી કરી તકસાધુઓએ ભોળા લોકોને ખૂબ છેતર્યા છે. પૃથ્વી અને ચંદ્રના એકબીજા પર પડતા પડછાયા ગ્રહણ સર્જે છે જેનું સાચું જ્ઞાન ખગોળશાસ્ત્રીઓએ આપ્યું છે.

આ તો અનાયાસે થતા અવલોકનની વાત હતી. આ ઉપરાંત આપણી નજર સામે દેખાતી અને અનુભવાતી કેટલીયે વસ્તુઓ અને બનાવો વિષે ઘણી અલગ માન્યતાઓ હતી. એમાંથી થોડી સાચી હતી, થોડી ખોટી હતી અને મોટાભાગની અધૂરી હતી. **આજે દરેક વિષયની ઘણી વધારે માહિતી હોવા છતાં એ શોધનાર માત્ર એક ડગલું આગળ વધ્યાની વાત કરે છે.** કોઇ એવો દાવો નથી કરતું કે અમને બધું ખબર છે અને હવે કંઇ વધુ જાણવાનું બાકી નથી રહ્યું. ત્રિકાળજ્ઞાની કોઇ થયું નથી કે થવાનું નથી.

માણસ સ્વભાવે ભૂતકાળનો ગુલામ છે. એ વર્તમાનના પ્રશ્નો ઉકેલવા ભૂતકાળની માહિતીનો આધાર લઇ એમાં અટવાય છે. માનવોમાં સદીઓના જ્ઞાન સાથે સદીઓનું અજ્ઞાન પણ ઉતરી આવ્યું છે. જ્યાં સર્જનશક્તિ નબળી હોય ત્યાં અનુકરણવૃત્તિ પાંગરે છે. આ વાત ભારત માટે ખાસ લાગુ પડે છે. જે ભવિષ્યદૃષ્ટા હોય એ જ સફળ નેતા થઇ શકે છે.

મિત્રો સાથેની ચર્ચામાં એક પ્રશ્ન અવારનવાર પુછાય છે કે બધા વૈજ્ઞાનિકો પશ્ચિમના દેશોમાં જ કેમ થઇ ગયા, ભારતમાં કેમ નહીં?

બુદ્ધિશાળી લોકો તો દરેક ભૂમિમાં એટલા જ પેદા થાય છે. બુદ્ધિ અને કલ્પનાશક્તિ પર કોઇ જાતિ, પ્રજા કે પ્રદેશનો ઇજારો નથી. ફરક એની માવજતમાં છે, એને ખીલવા દેવામાં છે. આપણે એકની એક વાત સદીઓથી દોહરાવે રાખીએ છીએ. (ભારતના સેંકડો વ્યક્તિઓએ એજ રામાયણની કથા પોતાના શબ્દોમાં લખી છે.) બંધિયાર મનોવૃત્તિની દુનિયામાં નવા વિચારના વિરોધીઓ કલ્પનાશક્તિને નવા અખતરાઓને દબાવી દેવામાં સફળ થાય છે. આજે વિદેશમાં સફળતાના શિખરે પહોંચેલા ભારતીઓ અહીં રહ્યા હોત તો એટલા સફળ ન થયા હોત.

અર્વાચીન યુગમાં બંધિયાર મનોવૃત્તિમાંથી બહાર નીકળવાની પહેલી શરૂઆત ઇટલીના ફ્લોરેન્સ શહેરથી થઇ. પછી થોડા સમયમાં સમગ્ર યુરોપ મુક્ત વિચારસરણીને આવકારવા લાગ્યું. ત્યારથી નવું તેમજ જુદું વિચારનારાઓમાં આવેલા જોમનું જે પરિણામ છે, એની અસર માત્ર વૈજ્ઞાનિક ક્ષેત્રે જ નહીં પણ કળા, સાહિત્ય, ઇતિહાસ, ખગોળ વગેરે બધાજ ક્ષેત્રોમાં થઇ. એને રેનેસાં અથવા નવજાગૃતિ પણ કહે છે.

આપણે બંધિયાર મનોવૃત્તિમાંથી બહાર નીકળવાની શરૂઆત થોડા દાયકાઓ પહેલાં જ કરી છે, જેની અસર હવે દેખાવા લાગી છે. અત્યાર સુધી આપણે પરભવની ચિંતામાં આ ભવના પ્રશ્નો ઉકેલવા પ્રત્યે ઉદાસીન રહ્યા હતા. એ સમયગાળામાં ભારતમાં જે થોડા ઘણા વૈજ્ઞાનિકો થઇ ગયા તેઓના નામ પણ સાવ થોડાને યાદ હશે. એમનું યોગદાન જાણવું તો દૂરની વાત થઇ.

વૈજ્ઞાનિક સમુદાય લોકશાહી ઢબે કામ કરે છે. ત્યાં નાતજાતના ભેદભાવ નથી. બધાને પોતપોતાની કાબેલિયત પ્રમાણે યોગદાન આપવાની છૂટ છે. **"જાતે જુઓ, અનુભવો અને પછી સ્વીકારો" એ વિજ્ઞાનનો મંત્ર છે.** "અમારું કહ્યું સ્વીકારી લો" એ બંધિયાર મનોવૃત્તિની માંગ છે.

વિજ્ઞાન શું છે? એનું કાર્યક્ષેત્ર શું છે? એની રજૂઆત એકથી વધુ વખત થઇ ગઇ છે. વિજ્ઞાનનો મૂળ હેતુ કુદરતના નિયમ સમજી એનો માનવહિત માટે ઉપયોગ કરવાનો છે. જેટલું ચોક્કસપણે સાબિત થઇ ગયું છે એને સત્ય તરીકે સ્વીકારવાનું છે. જેની ચોકસાઇમાં હજી કચાસ છે એને "શક્યતા" માનવાની છે. જે કુદરતી નિયમોથી વિરુદ્ધની વાતો છે, જાત અનુભવ વિરુદ્ધની વાતો છે એમનો અસ્વીકાર કરવાનો છે. આટલું બધું સરળ હોવા છતાં વિજ્ઞાનનો વિરોધ શા માટે થાય છે?

વૈજ્ઞાનિક સત્યો વ્યક્તિલક્ષી નહીં પણ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૧ ઉપર)**

*કોઈ પણ વસ્તુ નિષ્ઠાપૂર્વક કરવામાં આવે તો તે ફળીભૂત થયા વગર રહેતી જ નથી.*

# હિસાબ ભીંતે

• ડૉ. કેશુભાઈ દેસાઈ •

કહેવતમાં કહ્યું છે કે ભીંત કહેતાં દીવાલને પણ કાન હોય છે. વળી તીણી નજરે ભાળનાર ભીંત પાછળ ભાળતા હોય છે. ક્યારેક કોઈ આગાહી આપણા મન-મગજને હૈયે ચોખ્ખી ગુજરાતીમાં અંકાઈ ગઈ હોય તો આપણે છાતી ઠોકીને પડકાર ફેંકતા હોઈએ છીએ - લખી રાખો, આ ભીંત પરના અક્ષર છે. એમાં મીનમેખ થાય તો તમારા ગુલામ થઈ જઈએ. ક્યારેક મિજબાનીમાં કે લાંબા પ્રવાસમાં અથવા ચૂંટણી કમિશનરની ધાકથી બતાવવા પૂરતો પાઈ પાઈનો હિસાબ રાખવો પડે છે એવી ચૂંટણીઓ ટાણે ખરો હિસાબ તો ભીંતે લખાઈ જતો હોય છે. **જિંદગીની ઈમારત કાયમને માટે થોડી ટકી રહેવાની છે?** એક ને એક દિવસ તો એ તૂટીને જ રહેવાની. પછી પહેલાં ભીંત પડે કે કરો — એ બીજી વાત થઈ. આપણે સહુએ એક દિવસ તો આ ફાની દુનિયા છોડી ચાલ્યા જવાનું છે. છતાં આંધળાં ભીંત થઈ અહર્નિશ કુકર્મો કરતા રહીએ છીએ. **એ જીવન દરમિયાન કોઈનું બૂરું નહિ વાંચ્યું હોય, કોઈને જાણે અજાણે પણ ક્યાંક ખરા તાકડે ટેકારૂપ બન્યા હોઈશું તો આપણી જિંદગીનો પરપોટો અચાનક ફૂટી જશે** તે દહાડે ઝાડ જેવાં ઝાડ પણ રડશે અને ભીંતોય મૂંગી મૂંગી મોં વાળશે. કારણકે માણસની કાયાના કાંગરા ખરે છે, પણ કીર્તિનાં કોટડાં પાડ્યાં પડતાં નથી.

ભીંત આપણી રગરગમાં વણાઈ ગઈ છે, એ જોયું? એવી કોઈ ભીંતને વાચા ફૂટે ત્યારે કેવો રોમાંચ જાગે? ભીંતને કાન હોવાનું તો આપણે કબૂલતા આવ્યા છીએ, પણ અહીં તો જીભ ઊગવાની વાત છે. જીભને રસના કહી છે. એ ખટરસની ઝીલનારીને ક્યારેક નવરસની તરસ પણ જાગે તો એમાં નવાઈ શાની? એવી અલૌકિક ઘટના પણ ક્યારેક ઘટતી અનુભવી છે. ખાસ તો કોઈ શાળા - કૉલેજને એવું ભીંતપત્ર શરૂ કરવાનું સૂઝે ત્યારે!

શબ્દ સાથે પરભવની પ્રીત હશે એ માની લીધું. એ સિવાય આ ગળચટાં વખ ઘોળવા કોઈ નવરુંય શાનું હોય? એમાંય મારી પાસે તો ચલણી કલદાર સમી તબીબી ઉપાધિ હતી. પણ શબ્દ સાથે બચપણમાં માંડેલી ગોઠડી પછી તો બંધાણ બની ગઈ. અફીણિયું બંધાણ તો ઘણું સારું. આણે તો ખુવાર કરી મૂક્યા. રાજમહેલમાં રહેનારાનેય ક્યારેક ફૂટપાથના અભરખા જાગતા હશે ખરા? કોઈને એવા અભરખા જાગે તો આવજો મારી પાસે. કીમિયો બતાડી દઈશ. એકવાર શબદ પડીકી ફાકી લીધી કે ડોઘલાં ડૂલ!

આ રોગ કંઈ વારસામાં તો મળ્યો નહોતો. ડોસાની ખોપરી જોરાવર, પણ પંડનો તો અક્ષરેય નહિ પાડેલો. એમને માણસ કરતાં વધારે રસ માણસે ખોળી કાઢેલા ઈશ્વરમાં. સતત એ જ રટણા. નવરા બેઠા હોઈએ તોય કરમાળા તો ચાલુ જ હોય. કૂતરાને હાકોટતાંય 'નમો ભગવતે વાસુદેવાય' બોલાઈ જવાય. માને ઈશ્વરમાં અપાર શ્રદ્ધા. પણ એમના 'ખેતરવાળા' જેવો ગંડવા નહિ. મોટાભાઈનું વાંચન વિપુલ, પણ સર્જનમાં શૂન્ય. ત્યારે આવો ઝેરી ચેપ લગાડ્યો કોણે? એઈડ્સથીય ખતરનાક! એ તો ભાઈ, જેને રોગ લાગુ પડ્યો હોય એ જ બીજાને બઝાડે ને! હજી મૂળ રોગી હયાત છે. ચંદ્રકાત સાધુ નામ છે એમનું.

એમણે શાળામાં ભીંતપત્ર શરૂ કરેલું. દીવાલોનું મૌન તૂટવાની એ અલૌકિક ક્ષણનો હું સાક્ષી છું. ભણાવતા તો હતા ગણિત અને વિજ્ઞાન, પણ રૂંવે રૂંવે શબ્દનો એરુ આભડી ગયો હતો. જરાક અમથી નવરાશ મળે કે વાર્તા - કવિતાની ચોપડી ઉઘાડીને બેસી જાય. એનો અર્થ એ નહિ કે મૂળ વિષયનો ઉલાળિયો કરીન ગાડી આડા પાટે ચડાવી દેવાની. ના, એવું હરગીજ નહિ. સાધુસાહેબ જેવો સન્નિષ્ઠ શિક્ષક દીવો લઈને ગોતવા નીકળ્યે પણ ન જડે. એમના વિષયમાં તો એક્કા ખરા જ, બલકે ભૂમિતિનો પ્રમેય કે બીજ ગણિતનાં સમીકરણ શીખવતા હોય તોય કવિતા શીખવતા હોય એવી તલ્લીનતાથી શીખવે. રસાયણ શાસ્ત્રના આ શિક્ષકે મારા જેવા કંઈ કેટલાયને જીવનનું રસાયણ શીખવી દીધું હશે. વગર બોલ્યે, ફક્ત આચરણ દ્વારા.

મારું પહેલું કાવ્ય ભીંતપત્રમાં પ્રગટ થયું એ ક્ષણ હું ક્યારેય ભૂલીશ નહિ. એ મારી શબ્દદીક્ષાની ક્ષણ હતી. નામજોગ સાધુ પાસેથી એ દીક્ષા મળી ગઈ હતી, અનાયાસ જ. અને તે વખતે મારા લોહીમાં રોપાઈ ગયેલો કેફ હજી લગી ઘૂંટ્યા કરું છું, ઘૂંટ્યા જ કરું છું. **ભીંત જેવી ભીંતને સર્જકનાં ટેરવાં સ્પર્શે છે, ત્યારે એ બોલતી થઈ જાય છે. મારી શાળાની ભીંતોનો એ બોલ હજી લગી મારા હૃદયગુંબજમાં પડઘાયા કરે છે.** આટઆટલી રઝળપાટ, આટલા બધા ઉધામા છતાં એ સ્વર હતો એવો ને એવો કુંવારો છે. એનો રણકાર ઉંમર વધવાથી ઝંખવાયો નથી. ઋગ્વેદના ઋષિથી માંડી આજના સમકાલીન સર્જક લગીની ગોષ્ઠિ ચાલી. પણ એની મૌલિકતા નંદવાઈ નથી. એને પોતાની આગવી ઓળખનું અભિમાન છે, કારણકે એ કોઈનો અનૌરસ પુત્ર નથી કે નથી એ કોઈનો આંગળિયાત. જેવો છે એવો એ સ્વયંભૂ છેઅને સ્વયંસંપૂર્ણ છે. એટલે એને શણગારવા ઉછીના વાઘા કે ભાડાના શણગાર લાવવા પડ્યા નથી, બલકે એ કર્ણની જેમ એનાં કવચ અને કુંડળ સાથે લઈને જ અવતર્યો છે. એ સૂર્યથીય વધારે તેજસ્વી છે અને અરણ્યથી ય વધારે અડાબીડ.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૧ ઉપર)**

*જ્યાં સુધી તમારા નિમિત્તે કોઈને સહેજ પણ દુઃખ થાય છે ત્યાં સુધી એની અસર તમારી પર પડવાની જ. માટે ચેતો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ
## પ્રકરણ-૧૦

● સંકલન : પ્રતાપ નારાણજી દંડ ●

## શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું બાંધકામ અને કચ્છ ગુજરાતમાં ભૂકંપની તીવ્ર અસર

ભૂમિપૂજન બાદ તાત્કાલિક શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું બાંધકામ શરૂ કરી દેવામાં આવ્યું. અગાઉ શરૂઆતમાં બે માળનું મકાન બનાવવાનું નક્કી કરેલ હતું. જેને પાછળથી આ પ્રોજેક્ટ સ્વનિર્ભર થાય એટલે ૪ માળનું કરવું તેમ નક્કી કરવામાં આવ્યું. જેમાં ભોંયતળિયે રિસેપ્શન, સાધુ - સાધ્વીજીઓ માટેના રૂમ, રસોડું, બે ડાઇનિંગ રૂમ તથા એક કોન્ફરન્સ હોલ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. પ્રથમ માળે કચ્છથી કે બહારગામથી અમદાવાદ સારવાર લેવા માટે આવતા દર્દીઓ તથા તેમની સાથે આવનાર કુટુંબીઓને રહેવા માટે સાદા રૂમ તથા ૪ ડોરમેટરી બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. જે સગવડ મામૂલી ચાર્જ લઈને આપવી તેમ નક્કી કરવામાં આવ્યું. જ્યારે વધારાના ખર્ચને પહોંચી વળવા બીજા તથા ત્રીજા માળે ઍટેચ બાથરૂમ સહિતનાં રૂમો બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. જેની આવકમાંથી અન્ય ખોટ ભરપાઈ કરી શકાય. આ રીતનું પ્લાનિંગ ફાઈનલ કરીને બાંધકામ શરૂ કરી દેવામાં આવ્યું. તા. ૧-૫-૨૦૦૦ના દિવસથી શરૂ કરી દેવામાં આવેલ બાંધકામ એક વર્ષમાં પૂર્ણ કરવાની ધારણા કરવામાં આવી હતી. કુલ પ્રોજેક્ટ લગભગ રૂપિયા ૪.૦૦ કરોડનો થયો હતો. તેની સામે રૂપિયા ૧.૦૦ કરોડનું દાન જી.એમ.ડી.સી. પાસેથી તથા લગભગ રૂપિયા ૧.૦૦ કરોડનાં દાનો ભૂમિ પૂજનનાં દિવસે જાહેર થયા હતા. એટલે હજી સુધી રૂપિયા ૨.૦૦ કરોડ એકત્ર કરી શકાયા હતા. ૫૦ ટકા મેળવવાના બાકી હતા. જે બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ તથા કારોબારીના સભ્યોએ દાનો મેળવવા કાર્યવાહી શરૂ કરેલ હતી.

ભૂમિપૂજન બાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઆ રાબેતા મુજબ ચાલતી હતી. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગનું બાંધકામ જોરશોરથી થઈ રહ્યું હતું. સાથે સાથે દાનો મેળવવાનું પણ ચાલું હતું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૨૦-૮-૨૦૦૦નાં રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવી હતી. સૌપ્રથમ સંસ્થાના પ્રમુખ તથા મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ સૌ સભ્યોને આવકાર્યા હતા તથા વર્ષ દરમ્યાન થયેલ સુંદર કાર્યવાહી બદલ ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિ તેમજ વિવિધ કાર્યકારિણી સભ્યોને તેઓની કામગીરી બદલ બિરદાવ્યા હતા.

સંસ્થાના માનદ્ મંત્રીએ વર્ષ દરમ્યાન સંસ્થા તરફથી થયેલી પ્રવૃત્તિઓ અને વિવિધ સમિતિઓ તરફથી થયેલ અનેક પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપી હતી. ભાવનગર કચ્છી સમાજના નવા ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે આપણી સંસ્થા તરફથી રૂા. ૭૧,૦૦૦/-નું દાન આપવામાં આવ્યું હતું. **તે ઉપરાંત પાલીતાણામાં કોલેરા ફાટી નીકળ્યો હતો તે સમયે આપણા કાર્યકર્તાઓ તેમજ ડોક્ટરની એક ટીમ જરૂરી સાધન - સામગ્રીઓ સાથે પાલીતાણાની જનતાને મદદ કરવા ત્યાં પહોંચી ગઈ હતી તેવી માહિતી રજૂ કરવામાં આવી હતી.**

ટ્રસ્ટ મંડળનાં નિવૃત્ત થતાં ૬ ટ્રસ્ટીઓ તથા કારોબારી સમિતિમાંથી નિવૃત્ત થતા ૧૭ સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૦-૨૦૦૧ માટે નીચે મુજબના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી. પ્રમુખ / મેનેજિંગ ટ્રસ્ટી તરીકે ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, ઉપપ્રમુખ તરીકે શ્રી નવીનચંદ્ર નાનજી પોલડિયા, માનદ્ મંત્રી : શ્રી પ્રતાપ નારાણજી દંડ, સહમંત્રી : શ્રી વીરેન્દ્ર આસારિયા મૈશેરી તથા ખજાનચી : શ્રી હસમુખભાઈ બાબુભાઈ શાહ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું ૩૭મું વાર્ષિક સ્નેહ મિલન તા. ૧૦-૯-૨૦૦૦નાં રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાઈ ગયું. અતિથિ વિશેષ તરીકે શ્રી હરખચંદ રામજી ગાલા તથા શ્રીમતી મધુરીબેન હરખચંદ ગાલા ઉપસ્થિત રહ્યા હતા. સમારંભમાં તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર તથા પર્યુષણ પર્વ દરમ્યાન ૮ ઉપવાસ કે તેથી વધારે તપસ્યા કરનાર તપસ્વીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ સમાજનાં હાજર રહેલા સૌ સભ્યોને આવકાર્યા હતા. સંસ્થાના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડએ સંસ્થાની પ્રવૃત્તિઓનો અહેવાલ આપેલ હતો. અંતે સહમંત્રી શ્રી વીરેન્દ્ર આસારિયા શાહે આભારવિધિ કરી હતી. સ્વામિવાત્સલ્યનાં કાયમી દાતા શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયા તથા શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ

*ગુણ જોશો તોય નુકસાન છે, દોષ જોશો તોય નુકસાન છે. નિર્દોષ જોશો તો જ છૂટકારો છે.*

નાગડાનાં સહકારથી યોજાયેલ સ્વામિવાત્સલ્ય જમણવારનો સૌ સભ્યોએ લાભ લીધો હતો.

બીજી તરફ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગનાં બાંધકામની કાર્યવાહી સમયસર તથા વ્યવસ્થિત રૂપે ચાલી રહી હતી. તે સમયે ભારતભરમાંથી દાનનો પ્રવાહ ચાલુ રહ્યો હતો. છેલ્લા ૪/૫ મહિનામાં શ્રી ત્રંબકલાલ કરશનજી શેઠ (ગાંધીધામ), શ્રી પદમશી લખમશી લાલકા (ગાંધીધામ), શ્રી બિપિન હરિલાલ શાહ (અમદાવાદ), માતાના મઢના જાગીર ટ્રસ્ટ (માતાના મઢ), શ્રી હરીશભાઈ રણજીતભાઈ ઠક્કર (અમદાવાદ), શ્રી અશોકચંદ્ર નાનચંદ શાહ પરિવાર (માંડવી), શ્રી ચીમનલાલ વલમજી ઠક્કર, શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસિયા, સ્વ. જયાબેન હરિલાલ દોશી પરિવાર (મુંબઈ) તરફથી નોંધપાત્ર દાનો પ્રાપ્ત થયા હતા.



શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગનું થઈ રહેલું બાંધકામ.

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગનું બાંધકામ ડિસેમ્બર ૨૦૦૦ સુધીમાં લગભગ ૬૦ ટકા જેટલું પૂરું થઈ ગયું હતું અને સારી એવી રકમનાં દાનો પણ પ્રાપ્ત થઈ ચૂક્યા હતા. એટલે સમાજનાં ટ્રસ્ટ મંડળમાં ૩/૪ મહિના પછીની અનુકૂળ તારીખે ઉદ્‌ઘાટન કરવું તેવી ચર્ચાઓ ચાલી રહી હતી કારણકે ઉદ્‌ઘાટન સમારંભને સફળ બનાવવા સઘળી તૈયારીઓ કરવા માટે સહેજે ૩/૪ મહિનાનો સમય જોઈએ.

અગાઉ જણાવેલ છે તેમ ૨૬મી જાન્યુઆરીનો દિવસ આ સમાજ સાથે યાદગાર રીતે સંકળાઈ ગયો છે, **પણ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧નો દિવસ ગુજરાત તથા સમગ્ર કચ્છના માટે ગોઝારો સાબિત થયો.** અગાઉના ૧૦૦/૧૫૦ વર્ષના ઇતિહાસમાં ન આવેલ હોય તેવો ભૂકંપ સમગ્ર ગુજરાતમાં આવેલ. જેની તીવ્રતા લગભગ ૮ રિક્ટર સ્કેલની આસપાસની હતી તથા સમગ્ર ગાળો પણ ૧.૫થી ૧.૭૫ મિનિટની આસપાસનો હતો. આ ભૂકંપ સવારે લગભગ ૮.૩૫ વાગ્યાની આસપાસ આવ્યો હતો. પ્રથમ તો એમ જ માનવામાં આવ્યું કે આ ભૂકંપ અમદાવાદ તથા તેની આસપાસનાં વિસ્તારમાં છે પણ જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ સમાચારો આવતા ગયા કે ભૂકંપની અસર કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં છે. તે સમયે કચ્છ સાથેનો સમગ્ર સંદેશ વ્યવહાર કપાઈ ગયો હતો. કચ્છમાં ભૂકંપની અસરથી બચી ગયેલા લોકો કચ્છથી બહાર નીકળ્યા અને પોતાના સગાવહાલાઓનો સંપર્ક કર્યો ત્યારે જ બહારની દુનિયાને જાણ થઈ કે ભૂકંપમાં કચ્છ સંપૂર્ણ તારાજ થઈ ગયું છે. **સમાચારો મળતાં જ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં ટ્રસ્ટ મંડળની તથા કારોબારી સમિતિની એક આપાતકાલીન બેઠક તે જ દિવસે સાંજે ૫.૦૦ વાગે સંસ્થાના કાર્યાલય શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે બોલાવવામાં આવી** અને તે બેઠકમાં સંસ્થાએ તાત્કાલિક રાહત કામોમાં જોડાઈ જવું તેવું નક્કી કરવામાં આવ્યું. રાહત કાર્યો શરૂ કરવા માટે દાતાઓને અપીલ કરવામાં આવી જેના અનુસંધાને રૂા. ૫.૦૦ લાખ શ્રી નવનીત પ્રકાશન કેન્દ્ર, રૂા. ૧.૦૦ લાખ માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી પરિવાર તથા રૂા. ૧.૦૦ લાખ વિસત ઓટો મોબાઈલ્સ તરફથી જાહેર કરવામાં આવ્યા.

તા. ૨૭-૧-૨૦૦૧થી સંસ્થાના અન્ય બધા જ કાર્યક્રમો મોકૂફ રાખી **પાલડી ખાતેના શ્રી કચ્છી જૈન ભવનને ભૂકંપ રાહત કેમ્પ તરીકે ફેરવવામાં આવ્યું.** શ્રી કચ્છી જૈન સેવા સમાજ તથા શ્રી કચ્છી સમાજના સેંકડો કાર્યકર્તાઓ ખડે પગે હાજર થઈ ગયા. વ્યવસ્થિત ઓફિસ તથા કાઉન્ટરો વગેરે શરૂ કરવામાં આવ્યા અને સમગ્ર ગુજરાતમાંથી અસરગ્રસ્ત / ઈજા પામેલ કોઈ પણ વ્યક્તિને નાતજાતનાં ભેદભાવ વગર રાહત / સારવાર આપવાનું આયોજન કરવામાં આવ્યું.



તા. ૨૬-૧-૨૦૦૧ કચ્છમાં ભૂકંપથી તારાજી – ભુજનું એક દૃશ્ય.

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત મેડિકલ સેન્ટરમાં ઓર્થોપેડિક ડૉક્ટરોની તથા સહાયકોની ટીમ તૈયાર કરવામાં આવી.

*એક વાળ જેટલું પણ કપટ હશે તો સામા ઉપર પ્રભાવ નહિ પાડી શકો.*

બીજી બાજુ કચ્છના અસરગ્રસ્તો માટે બિસ્કિટ, અનાજ, ખાખરા, કરિયાણું, ધાબળા, દવાઓ અને અન્ય **જરૂરિયાતની વસ્તુઓ ટ્રકો ભરીને સ્વયં સેવકો / વોલન્ટિયર્સ સાથે કચ્છ મોકલવામાં આવી હતી.** જેમાં સ્વયંસેવકો ગામેગામ જઈ, જાતે વસ્તુઓનું વિતરણ કરતા હતા અને જે તે ગામમાંથી ઘાયલ થયેલ વ્યક્તિઓને શોધીને અમદાવાદથી સાથે આવેલ ડૉક્ટરોની ટીમ પાસે પ્રાથમિક સારવાર અપાવી કાળજીપૂર્વક પોતાની સાથે અમદાવાદ લઈ આવતા હતા.

**પાલડી ખાતેના શ્રી કચ્છી જૈન ભવનને ભૂકંપ રાહત કેમ્પ અને ત્યાંના સાંસ્કૃતિક હોલને હોસ્પિટલમાં તાત્કાલિક રૂપાંતરિત કરવામાં આવ્યા.**

**અમદાવાદમાં શ્રી કચ્છી જૈન ભવનનાં સાંસ્કૃતિક હોલને હોસ્પિટલ તરીકે ફેરવી નાખવામાં આવેલ.** ત્યાં દાખલ થયેલ ભૂકંપ અસરગ્રસ્ત દર્દીઓની વિવિધ વિભાગના નિષ્ણાત ડૉક્ટરોની ટીમ દ્વારા જરૂરી તબીબી સારવાર કરવામાં આવી હતી.

ગુજરાત સરકારે અગ્રસચિવ શ્રી પી.કે. લહેરી સાહેબને ભૂકંપ રાહતની કામગીરીની સંપૂર્ણ જવાબદારી સોંપી હતી. તેમની સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં અગ્રણીઓએ ચર્ચા વિચારણા કરી હતી. **શ્રી લહેરી સાહેબે સામાજિક સંસ્થાઓને જિલ્લાવાર રાહત કામ માટેની જવાબદારી સોંપવાનું નક્કી કર્યું. તેના અનુસંધાને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને કચ્છ જિલ્લાની જવાબદારી સોંપવામાં આવી હતી.** શ્રી કચ્છી જૈન સેવા સમાજે કચ્છ જિલ્લામાં રાહત સામગ્રી પહોંચાડવાની તથા સારવારની સંપૂર્ણ જવાબદારી સ્વીકારીને કચ્છ જિલ્લાના નાના ગામડાં સુધી રાહત સામગ્રી પહોંચાડવાના તમામ પ્રયત્નો કર્યા.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ચાલુ કરાયેલ ભચાઉ ખાતેની ભૂકંપ રાહત છાવણી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ઉપર શરૂ કરેલ ભૂકંપ રાહત કેન્દ્રમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ તથા રોકડ સ્વરૂપે દાનનો ધોધમાર વરસાદ દરરોજ વરસી રહ્યો હતો. એટલું જ નહીં પણ સ્વૈચ્છિક રીતે સ્વયંસેવકોની એક ફોજ ઊભી થઈ ગઈ હતી. ફક્ત અમદાવાદમાંથી જ નહીં ભોપાલથી સ્કૂલનાં ૩૪ વિદ્યાર્થીઓ પોતાની સેવા આપવા માટે આવ્યા હતા. અમદાવાદનાં જુદા જુદા વિસ્તારોમાંથી લગભગ ૧૦૦ વોલન્ટિયર્સ જોડાયા હતા તથા વિશ્વ ગુજરાતી સમાજ તરફથી ૧૦ વોલન્ટિયર્સ આપણી સાથે રાહતની કામગીરીમાં જોડાયા હતા. તે ઉપરાંત આપણા સમાજ તથા શ્રી કચ્છી સમાજનાં વોલન્ટિયર્સ તો હતા જ. વોલન્ટિયર્સની સંપૂર્ણ જવાબદારી શ્રી હીરેન કુંવરજી શાહને સોંપવામાં આવી હતી.

**અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજ તથા શ્રી કચ્છી સમાજના સેંકડો કાર્યકર્તાઓ ખડે પગે સતત હાજર રહ્યા.**

દેશભરમાંથી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ભરી ભરીને ટ્રકો અમદાવાદ આપણા રાહત કેન્દ્ર ઉપર આવતી હતી. જેમની સાથે આપણા વોલન્ટિયર્સ જઈને કચ્છમાં વિતરણ કરાવી આવતા હતા. અને આ કાર્ય સારી રીતે ચાલે તે માટે તાત્કાલિક ધોરણે ભચાઉમાં એક રાહત છાવણી ઊભી કરવામાં આવી હતી. અમદાવાદથી ચીજવસ્તુઓ પ્રથમ તે છાવણીમાં મોકલતા હતા અને ત્યાંથી દરેક સ્થળે વહેંચણી કરવામાં આવતી હતી. ભચાઉ રાહત કેમ્પની સંપૂર્ણ જવાબદારી સંસ્થાના ફાઉન્ડર પ્રમુખ શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહને સોંપવામાં આવી હતી. મે. શણગાર ડેકોરેટર્સ તરફથી વિના મૂલ્યે વિશાળ તંબુ આપવામાં આવ્યો હતો.

શ્રી વિશ્વ ગુજરાતી સમાજનાં પ્રમુખ શ્રી બિપેન્દ્ર એમ. ગોગરીએ શરૂઆતમાં સેવાઓ આપી હતી. પાછળથી શ્રી નવદીપ કુંવરજી શાહે નિષ્ઠાપૂર્વક જવાબદારી સંભાળેલ હતી. કચ્છની કડકડતી ઠંડીમાં એક ખુલ્લા શમિયાણામાં રહીને સમાજનાં સ્વયંસેવક ભાઈઓએ રાત દિવસ જોયા વગર રાહત કામગીરી ખૂબ જ સુંદર રીતે સંભાળી હતી.

**તે સમયે કચ્છમાંથી ૧૯ દર્દીઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના સાંસ્કૃતિક કેન્દ્રમાં શરૂ કરવામાં આવેલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.** તે દર્દીઓના ઑપરેશન કરવાની સખત જરૂર હતી. શ્રી વિશ્વ ગુજરાતી સમાજ તથા તેના પ્રમુખ શ્રી કૃષ્ણકાંતભાઈ વખારિયા તરફથી રાહત કામગીરીમાં સારો એવો સહયોગ મળેલ હતો. તેમના તરફથી ડૉ. હર્ષદભાઈ મહેતા અવિરતપણે સેવાઓ આપતા હતા. આપણી સંસ્થા વતી ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ તથા શ્રી અશ્વિન હીરજી સાવલાએ તે સંબંધી જવાબદારી સંભાળી હતી. કુ. રાજુલ કાંતિલાલ ફુરિયાએ સમાજની હોસ્પિટલમાં દર્દીઓની સર્વ

*લક્ષ્મી ક્યારે ના મળે? લોકોની કૂથલી કે લોકનિંદામાં પડે ત્યારે લક્ષ્મી ના મળે.*

પ્રકારે સેવા કરી હતી. **તેમજ દર્દીઓના કુટુંબીજનોને તેમના કપરા સમયમાં જે હૂંફ આપી હતી તેને દર્દીઓ તથા તેમના પરિવારજનો જિંદગીભર યાદ કરશે.** હોસ્પિટલના આ ભગીરથ કાર્યમાં ડૉ. હેમાંગ અંબાણી તથા ડૉ. પુલીન શાહે કચ્છથી આવેલ બધા જ દર્દીઓનાં ઑપરેશન પોતાના નર્સિંગ હોમમાં કર્યા. એટલું જ નહીં, ઑપરેશન બાદની સારવાર માટે દરરોજ ડૉક્ટરની ટીમ શ્રી કચ્છી જૈન ભવન ખાતે આવીને દર્દીઓની તબીબી તપાસ કરતી હતી. તે કારણે દર્દીઓને ઘણી રાહત જણાતી હતી. બંને સર્જનોની સાથે એનેસ્થેટિસ્ટ ડૉ. નીરવભાઈ, ડૉ. સ્નેહલ શાહ, ડૉ. શ્યામલ મુન્શી, ડૉ. કેતુ પટેલ, ફીઝિશિયન ડૉ. નીતુબેન પરીખ, સર્જન ડૉ. અપૂર્વ પટેલ વગેરે ડૉક્ટરોએ પણ સારી એવી સેવાઓ આપી હતી.

**ભૂકંપ અસરગ્રસ્તની રાહત કામગીરી માટે દાનનો અવિરત પ્રવાહ**

હોસ્પિટલનાં દર્દીઓ સાથે તેમના કુટુંબીજનો તેમજ કચ્છનાં અસરગ્રસ્ત વિસ્તારમાંથી આવેલા લોકો તેમજ દિવસ રાત ફરજ બજાવતા સ્વયંસેવકો, કાર્યકર્તાઓ મળીને કુલ ૨૫૦/૩૦૦ વ્યક્તિઓ માટે દરરોજ બે સમય ભોજન, ચા-પાણી, નાસ્તાની ઉત્તમ પ્રકારની સવલત મે. કુમુદ ટ્રાવેલ્સવાળા શ્રી પ્રતીક રસીકલાલ શાહ તરફથી વિના મૂલ્યે કરવામાં આવી હતી.

હોસ્પિટલમાં દાખલ થયેલ ૧૯ દર્દીઓની જરૂરી સારવાર કર્યા બાદ લગભગ ત્રણ સપ્તાહમાં તેઓને હરતા ફરતા કરી રજા આપવામાં આવી હતી.



કચ્છમાં ભૂકંપ બાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા કામચલાઉ રહેણાંકની સગવડ ઊભી કરવામાં આવી હતી.

**ફેબ્રુઆરી મહિનામાં તેમના રોકાણ દરમ્યાન જે દૃશ્યો જોવા મળ્યા તે અમદાવાદ સમાજ માટે સ્મરણીય રહેશે.** ફક્ત સમાજનાં સભ્યો જ નહીં પણ ભવનની આસપાસના વિસ્તારોમાંથી લોકો આવીને દર્દીઓની પૃચ્છા કરતા હતા. ફ્રુટ, જ્યુસ પોતાની રીતે લાવીને દર્દીઓને સ્વહસ્તે તેઓ ખવડાવતા - પીવડાવતા હતા. દર્દીઓ સાથે આવેલા છોકરાઓ માટે જાતભાતનાં રમકડાં પણ તેઓ લાવતા હતા. દર્દીઓને અમદાવાદ લાવ્યા પછી તેઓ પોતાનું દુઃખ દર્દ ભૂલી ગયા હતા. પોતે ક્યારે સાજા થઈ ગયા અને પાછા જવાની ઘડી આવી ગઈ તેની તેઓને જરાય ખબર ન પડી. વિદાય સમયનાં દૃશ્યો ખરેખર લાગણીસભર હતા. પોતાના નજદીકનાં સગાસંબંધીઓને વિદાય અપાય તે રીતે સાંજના સમયે સમાજનાં ઘણા બધા અગ્રણીઓ તથા સભ્યો હાજર હતા. **વિદાય લેનારાઓની આંખોમાં અશ્રુ હતાં. જે બધા જણ માટે એક અવિસ્મરણીય પ્રસંગ હતો.**

**રાહત કેમ્પ દરમ્યાન ડોક્ટરની ટીમ અને ભૂકંપ રાહત કામગીરીના સ્વયંસેવકોની અદ્ભુત કામગીરી**

તેઓને અમદાવાદ લાવી લાગણીસભર જે માવજત થઈ તે બદલ આભારની અભિવ્યક્તિ રજૂ કરી હતી. દરેક દર્દીને ૪ વ્યક્તિ માટે રાંધવા - જમવા માટે વાસણો, તંબુ તથા એક મહિનો ચાલે તેટલું રાશન અને રૂા. ૧૦૦૦/-ની રોકડ સહાય આપવામાં આવી હતી. આ રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ફેબ્રુઆરી આખો મહિનો અમદાવાદ, કચ્છમાં રાહતકાર્ય અને ભચાઉમાં રાહત કેમ્પો દ્વારા ધરતીકંપ પીડિત લોકોની સેવા કર્યા બાદ માર્ચમાં બંને કેમ્પો બંધ કરવામાં આવ્યા હતા.

આવી વિકટ સ્થિતિમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં એક સક્રિય કાર્યકર તથા **સંસ્થાના સહમંત્રી શ્રી વીરેન્દ્રભાઈ આસારિયા શાહ (મૈશેરી)નું** હૃદયરોગના ઘાતકી હુમલાના કારણે તા. ૧૨-૨-૨૦૦૧નાં રોજ કોચી મુકામે દુઃખદ અવસાન થયેલ. સંસ્થાએ એક ખૂબજ સંનિષ્ઠ સમાજ સેવક અને કર્તવ્ય પરાયણ કાર્યકર્તાને ગુમાવ્યા. જેમની ખોટ કદી ન પૂરાય તેવી હતી. તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે તા. ૧૫-૨-૨૦૦૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે સભા યોજવામાં આવી હતી. આ સભામાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયા, માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા અન્ય અગ્રણીઓએ સ્વર્ગસ્થને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. અને સદ્ગતની સેવાઓને બિરદાવીને સંસ્થાએ એક સંનિષ્ઠ કાર્યકર્તા ગુમાવ્યાનું દુઃખ વ્યક્ત કર્યું હતું.

ધરતીકંપે અસરગ્રસ્ત લોકોની ઘરવખરી તથા ઘર બધું જ છીનવી લીધું હતું. ખાવાપીવાની વસ્તુઓનો તો એટલો બધા પ્રવાહ ચાલુ હતો કે તે બાબત કોઈ તકલીફ ન હતી. એટલે રહેવા માટે શરૂઆતમાં ટેન્ટ આપવામાં આવ્યા. પણ ટેન્ટમાં કેટલા દિવસો સુધી રહેવાય?

*મનની સ્વચ્છતા, દેહની સ્વચ્છતા અને વાણીની સ્વચ્છતા હોય ત્યારે લક્ષ્મી મળે.*

તેઓ માટે પાકા મકાનો તો ક્યારે બનશે તે સમયે કોઈ કલ્પના ન હતી. તેથી હંગામી ધોરણે કાચા-પાકા મકાનો બાંધી આપવા માટેની એક યોજના શ્રી કચ્છી જૈન સેવા સમાજે ઘડી કાઢી. તેના અનુસંધાને કચ્છના વિવિધ વિસ્તારોમાં જરૂરિયાત મુજબ સિમેન્ટના પતરાના આવાસો ઊભા કરી આપ્યા. ધરતીકંપ પછીનાં ૩/૪ માસમાં કુલ ૨૪૦ હંગામી આવાસો બનાવી આપવામાં આવ્યા.

ભૂકંપ રાહત સમિતિમાં અંજારવાળા **શ્રી રશ્મિભાઈ શાહ** મારફતે “જૈન સેન્ટર ફોર સધર્ન કેલિફોર્નિયા” તરફથી ૧,૨૫,૦૦૦ ડૉલર (લગભગ રૂપિયા ૫૦.૦૦ લાખ)નું માતબર દાન મળ્યું હતું.

**સરકાર દ્વારા સોંપવામાં આવેલ કચ્છ જિલ્લાની ભૂકંપ રાહત કામગીરીની જવાબદારી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ખૂબ જ આસાની અને સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક પાર પાડી**

ભૂકંપ રાહત ફંડમાં **શ્રી નવનીત પ્રકાશન પરિવાર, વિદેશમાંથી ડો. બીના અને ડો. અનિલ શાહ** મારફત રૂા. ૨૫.૦૦ લાખથી પણ વધારે ભંડોળ, **ગુજરાત અર્થક્વેક રીલિફ કમિટી - રાઉરકેલા** મારફત રૂા. ૧૩.૦૦ લાખ જેવાં માતબર દાનો મળ્યા હતા. તથા **માતુશ્રી કંકુબેન કાનજી રવજી પરિવાર, વિસત ઓટો પરિવાર** તેમજ અન્ય ઘણી બધી સંસ્થાઓ અને વ્યક્તિઓ તરફથી નોંધપાત્ર દાનો મળ્યા હતા. જે બદલ સમાજના ટ્રસ્ટ મંડળે સૌનો આભાર માન્યો હતો. તથા ધરતીકંપ રાહત કાર્યમાં અમદાવાદના, બહારગામના, સમાજનાં સભ્યો તથા સમાજના કર્મચારીઓએ રાત દિવસ જોયા વગર જે સેવાઓ બજાવેલી હતી તે સૌની કામગીરીને બિરદાવેલ હતી.

આ બધી જ દોડાદોડમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહનાં બાંધકામની કાર્યવાહી તો બાજુમાં જ રહી ગઈ હતી. ધરતીકંપના દિવસથી કરીને લગભગ ૧૫/૨૦ દિવસ સુધી ઘણા બધા કુટુંબો કે જેમના ઘરો ધરતીકંપમાં પડી ગયા હતા તેઓએ અધૂરા બાંધકામવાળા શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં આશ્રય મેળવેલ હતો. ધરતીકંપના કારણે લગભગ એક મહિનો બંધ રહેલ બાંધકામ ફરીથી ધીમી ગતિએ શરૂ કરવામાં આવ્યું.

**વર્ષ ૨૦૦૧માં સમાજે તેના સક્રિય અને આદર્શ કાર્યકર્તાઓ વીરેન્દ્રભાઈ આસારીયા શાહ અને દમયંતીબેન અશોકભાઈ મહેતાને એકાએક ગુમાવ્યા.**

રવિવાર, તા. ૨-૯-૨૦૦૧નાં રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સમાજના ૩૮મા વાર્ષિક સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભના અધ્યક્ષ સ્થાને શ્રી નવીન નાનજી શાહ તથા અતિથિ વિશેષ તરીકે શ્રી બાબુભાઈ મેઘજી શાહ તથા શ્રી બાબુભાઈ વેરશી નાગડા હતા. પર્યુષણ પર્વ દરમ્યાન આઠ ઉપવાસ કે તેથી વધારે તપશ્ચર્યા કરનારા તપસ્વીઓનું, સમારંભમાં બહુમાન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ, જુદા જુદા ક્ષેત્રમાં વિશિષ્ટ ગૌરવ પ્રાપ્ત કરનાર તથા ‘મંગલ મંદિર’માં આવતી સ્પર્ધાઓના સ્પર્ધકોનું બહુમાન કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષપદે રહેલા શ્રી બાબુભાઈ મેઘજી શાહે સમાજની પ્રવૃત્તિઓને તથા ખાસ કરીને ભૂકંપ રાહતની કામગીરીને બિરદાવેલ હતી. સમારંભના અંતે સ્વામિવાત્સલ્યના કાયમી દાતા શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયા તથા શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ વેરશી નાગડાના સહયોગથી યોજાયેલ સ્વામિવાત્સલ્ય ભોજનનો લાભ સમગ્ર સમાજે લીધેલ હતો.

તા. ૯-૯-૨૦૦૧નાં દિવસે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પરિચય મિલન સમિતિ તરફથી લગ્નોત્સુક યુવક - યુવતી સગપણ પરિચય સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સમારંભના પ્રમુખપદે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી નવીન નાનજી શાહ હતા. અતિથિ વિશેષ તરીકે શ્રી રાઘવજીભાઈ સાવલા (પૂર્વ સાંસદ, મધ્યપ્રદેશ), શ્રી કલ્યાણજીભાઈ સૈયા (પ્રમુખ, અખિલ ભારતીય ક.વી.ઓ. ફેડરેશન), શ્રી કિશોરભાઈ શાહ (પાંજો કચ્છ ડોટ કોમ), શ્રીમતી હેમલતાબેન ભવાનજી નાગડા, શ્રીમતી મંજુલાબેન વોરા, શ્રીમતી લક્ષ્મીબેન સોની હતા. શ્રી રાઘવજી સાવલાએ ઉપસ્થિત સૌ મહાનુભાવો સાથે દીપ પ્રાગટ્ય કરી સમારંભનું વિધિવત્ ઉદ્‌ઘાટન કરેલ હતું. આ સંમેલનમાં કુલ ૧૦૩ યુવકો તથા ૪૦ યુવતીઓએ ભાગ લીધેલ હતો. આ મેળાની ફળશ્રુતિ રૂપે પ્રથમ દિવસે જ એક સગપણ જાહેર થયું હતું તથા ૩/૪ યુવક / યુવતીઓની વાતચીત અંતિમ તબક્કે ચાલતી હતી. શ્રી માવજી ધારશી ફુરિયાએ આ સંમેલનની ફળશ્રુતિ સ્વરૂપે જે કોઈ કન્યાનાં સગપણ / લગ્ન નક્કી થશે તેને પાનેતર ભેટ આપવાની જાહેરાત કરી હતી. તેમજ આ સંમેલનમાં ઓછામાં ઓછી ૫ જોડી નક્કી થાય તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી સમૂહલગ્ન કરાવી આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આખા દિવસનો કાર્યક્રમ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે સાંજના ભોજન બાદ પૂર્ણ થયેલ હતો. આ સંમેલનમાં ભારતભરમાંથી યુવક / યુવતીઓ તથા તેઓના વાલીઓ આવેલ હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૧-૧૦-૨૦૦૧નાં રોજ યોજવામાં આવી હતી. જેમાં વર્ષ ૨૦૦૦-૨૦૦૧ના હિસાબો રજૂ થતાં તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ ઉપસ્થિત સૌ સભ્યોને આવકાર આપ્યો હતો. ત્યારબાદ સંસ્થાના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે વર્ષ દરમ્યાન સંસ્થા તરફથી થયેલ કાર્યોની વિસ્તૃત માહિતી આપીને કાર્યકારીણી સમિતિઓની કાર્વાહીને બિરદાવેલ હતી. સભામાં કેટલાક બંધારણીય સુધારા રજૂ કરવામાં આવ્યા હતા જેને સર્વાનુમતે બહાલી આપવામાં

*ટકોર કરવાથી સામાને ખોટું ના લાગે તો ટકોર કરવી. ખોટું લાગે તો ટકોર ના કરવી.*

આવી હતી. નિવૃત્ત થતા ૬ ટ્રસ્ટીઓ અને કારોબારી સમિતિનાં ૧૭ સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માટે નીચે મુજબના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી.

ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા - મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ, શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા - પ્રથમ ઉપપ્રમુખ, શ્રી નવીનભાઈ નાનજી પોલડિયા (શાહ) - દ્વિતીય ઉપપ્રમુખ, શ્રી પ્રતાપ નારાણજી દંડ - માનદ્ મંત્રી, શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા - સહમંત્રી, શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી - ખજાનચી અને શ્રી ચંદ્રકાંત દામજી શાહ - સહ ખજાનચી તરીકે નિમણૂકો થઈ હતી.

ઘણા લાંબા સમય બાદ જેની રાહ જોવાતી હતી તે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગનાં ઉદ્ઘાટનની ચર્ચાઓ ચાલી અને તા. ૬-૧-૨૦૦૨નાં રોજ ઉદ્ઘાટન કરવાનું ટ્રસ્ટ મંડળે નક્કી કર્યું. તેના એક દિવસ અગાઉ એટલે કે તા. ૫-૧-૨૦૦૨ના દિવસે "ભૂકંપ બાદ કચ્છનો ઔદ્યોગિક વિકાસ" એ વિષય પર એક સેમિનાર યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

ફરીથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ માટે એક મોટા આઘાતનો પ્રસંગ ઊભો થયો. સંસ્થાના પ્રથમ ઉપપ્રમુખ શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાના ધર્મપત્ની તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજની મહિલા ઉત્કર્ષ સમિતિનાં કન્વીનર અને શ્રી કચ્છી જૈન મહિલા મંડળના પ્રમુખ **શ્રીમતી દમયંતીબેન અશોકભાઈ મહેતા**નું તા. ૧૭-૧૧-૨૦૦૧નાં રોજ દુઃખદ અવસાન થયું. તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા તા. ૧૯-૧૧-૨૦૦૧ના રોજ સાંજે ૫.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે એક શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

*(ક્રમશઃ)*

## કચ્છના ઇતિહાસના લેખન સંદર્ભે

**(અનુસંધાન : પાના નં.-૨૦ ઉપરથી ચાલુ)**

હતા. ધરપકડ પણ વહોરતા હતા. આ દરમિયાન ૨૦૦૦થી પણ વધારે સત્યાગ્રહીઓની ધરપકડ થઇ હતી. તેમાં રાજકીય નેતાઓ, કાર્યકરો ઉપરાંત ભુજની કોલેજ તથા અન્ય ગામોની શાળાઓના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ તથા ૩૦ મહિલાઓ પણ હતી. ભુજની જેલ નાની પડતાં અમદાવાદ, રાજકોટ, જામનગર તથા ભાવનગરની જેલોમાં સત્યાગ્રહીઓને મોકલવા પડ્યા હતા.

**કચ્છ-સત્યાગ્રહના છેલ્લા દિવસે, ૬ મે, ૧૯૬૮ના, હિંમતસિંહજીના નેતૃત્વ નીચે ૪૦૦૦ સત્યાગ્રહીઓએ ભુજથી ખાવડા સુધી સમૂહકૂચ આદરી હતી.** તેમને વિદાય આપવા પુષ્કળ ભીડ થઇ હતી.

આ સમય દરમિયાન પોલીસે ભુજમાં બિનજરૂરી લાઠીચાર્જ કર્યો હતો. તેની સામે ગુલાબશંકરભાઇ ધોળકિયાએ ઉપવાસ આદર્યા હતા.

આ કચ્છ-સત્યાગ્રહનું કશું પરિણામ આવ્યું ન હતું. ચુકાદો કાયમ રહ્યો હતો. નેતાઓ કચ્છમાંથી ચાલ્યા જતાં આપોઆપ ચળવળ શાંત થઇ ગઇ, પણ થોડો સમય પ્રજાજુવાળ ઊભો કરવામાં તેણે મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

*ન્યુ મિન્ટ રોડ, ભુજ,*
*કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૦૪૬*

## જ્ઞાન સાગરનું ઊંડાણ

**(અનુસંધાન : પાના નં.-૨૪ ઉપરથી ચાલુ)**

વસ્તુલક્ષી હોય છે. કોઇ પણ વ્યક્તિ ક્યાંય પણ તેમને અજમાવી શકે છે. નવી માહિતી મળતાં એમાં જરૂરી ફેરફાર કરવાનો અવકાશ હોય છે. એટલે જ તો વધુ સારા અને સગવડિયા નવા ઉપકરણો આપણને મળતા રહે છે.

આ બધી ભૌતિક જગતની વાતો થઇ. પરલોક જેવી કાલ્પનિક જગતની વાતોને સંપૂર્ણપણે વૈજ્ઞાનિક રીતે સાબિત કરી શકાતી નથી કે નકારી શકાતી નથી. એમની વાસ્તવિકતાને શક્ય છે ત્યાં સુધી વૈજ્ઞાનિક સત્યોને આધારે અને પછી તાર્કિક રીતે મૂલવવી પડે છે. એ બધું આ લેખમાળામાં થોડા સમય પહેલાં જ ચર્ચાઇ ગયું છે.

મહાપુરુષોએ શું કહ્યું છે તે અગણિત વાર વાંચ્યું અને સાંભળ્યું છે. એનો કોઇ વિવાદ નથી. એમના નામે પાછળથી જે ઉમેરવામાં આવ્યું છે તેમજ એમાં જે મતભેદ છે એને ઉકેલવાની જરૂર છે. અન્ય મહાપુરુષોએ શું કહ્યું છે તે જાણવાની પણ જેમને ઇચ્છા ન થતી હોય તેઓ અનેકાંતવાદના આદર્શનું ઉલ્લંઘન કરે છે.

લેખના શરૂઆતના વાક્યને ફરી એકવાર યાદ કરીએ. જ્ઞાનસાગરના ઊંડાણનો તાગ કોઇને નથી. **મનની બારી ખુલ્લી રાખીએ અને નવા વિચારોને આવકારીએ તો સાચા જ્ઞાનમાં વધારો થાય.**

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

## હિસાબ ભીંતે

**(અનુસંધાન : પાના નં.-૨૫ ઉપરથી ચાલુ)**

એની સામે સાત સમંદરના ઘુઘવાટ કશા હિસાબમાં નથી. એ પોતે જ પરમાત્મા છે અથવા એને ભવિષ્યના પરમાત્માનો કુંવારો પિતા કહેશો તોય ચાલશે અથવા પછી એને આકાશ કહેજો. એ પ્રચંડ, કોમળ, કાલાતીત, સુગંધમય છતાં દુર્ધર્ષ શબ્દ મને ભીંત પાસેથી ભેટ મળ્યો છે. આજે તો એને ફૂલ બેઠાં છે! એટલે ભીંતપત્રને હું વેદથી ઊતરતું નહિ ગણું. વેદ નહિ તો ઉપનિષદ. **પણ આવાં ઉપનિષદો ભીંતે ભીંતે અંકુરાવા જોઇએ એવું નથી લાગતું?** અસ્તિત્વની જાળવણી માટેય એ જરૂરી છે. આજે એવા એક ભીંત્તિ-ઉપનિષદનો જન્મોત્સવ ઊજવીએ :

*ભીંત જેવી ભીંતને વાચા ફૂટી,*
*ને શબ્દનાં તેતર બધા ટોળે વળ્યાં....*

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨, સેક્ટર-૧૬, ગાંધીનગર.*

*જે પોતાના ઘરમાં, ધંધામાં, ગમે ત્યાં ઓછામાં ઓછી અથડામણ ઊભી થાય એ રીતે વ્યવહાર કરે, તે બુદ્ધિશાળી કહેવાય.*

# માતૃભૂમિ દરેક જણ પાસેથી માત્ર એક વૃક્ષ માગે છે

• એલ. ડી. શાહ •

*'વન રાજી તો આપણે રાજી.'*

કવિ 'તેજ'ના શબ્દો આપણાં દિલમાં કોતરી રાખવા જેવા છે. પર્યાવરણનો પાયો વૃક્ષ છે. આજે શાળાએ જતા બાળકોને નાસ્તા માટે ટિફિન, પાણી પીવા વોટર બોટલની જરૂર પડે છે. હવે આની સાથોસાથ ઓક્સિજનની બોટલ પણ આપવી પડે એ દિવસો દૂર નથી. **વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધતું જાય છે અને ઓક્સિજન ઘટતો જાય છે. શહેરમાં જંગલો તો ઘણાં છે પણ તે સિમેન્ટ - કોંક્રિટના છે. અહીં ઊંચા ઊંચા ઘટાદાર વૃક્ષો નથી પણ બહુમાળી મકાનો છે. પ્રાણવાયુ જીવંત વૃક્ષ આપી શકે, જડ ઈમારત નહિ. વૃક્ષોનું પ્રમાણ ૨૫થી ૫૦ ઘણું ઘટી ગયું છે.**

**આપણા જીવન માટે, આપણા સ્વાર્થ માટે, આપણા અસ્તિત્વ માટે વૃક્ષોનું જતન કરવાની જરૂર છે. વૃક્ષો વાવીએ, વૃક્ષો ઉછેરીએ, વૃક્ષોનું રક્ષણ કરીએ એમાં આપણી સૌની અને જીવમાત્રની ભલાઈ છે, સલામતી છે અને આપણું ભવિષ્ય વૃક્ષો વગર ઠૂંઠું હશે.**

આપણી માતૃભૂમિ કચ્છ આપણને વહાલી છે. વતનનું જતન વૃક્ષોથી જ થઈ શકશે. કચ્છને જે અનેક સમસ્યાઓ છે તેના ઉકેલ માટે એકલા વૃક્ષો જ પૂરતાં થઈ શકે તેમ છે. જંગલ ખતમ થઈ જતાં વાદળાં ખેંચાઈ જાય છે. વરસાદ ઓછો અને અનિયમિત પડે છે. વર્ષ સારું જવું એ સદ્‌ભાગ્યની વાત છે. આવાં સુખના વર્ષો કચ્છને જોઈતા હોય તો પાણી બચાવીએ, પાણીને જમીનમાં ઉતારીએ, વપરાશ સાચવીને કરીએ અને જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં વૃક્ષો વાવીએ અને ઉછેરીએ. કચ્છમાં કૂવાના પાણી નીચે ને નીચે જતા જાય છે. પાણી ખારું થઈ ગયું છે. વરસાદનું પાણી સચવાતું નથી. તે નદીમાંથી વહેતું દરિયામાં ચાલ્યું જાય છે. વરસાદના પાણીનું ટીપેટીપું બચાવવાના ઉપાય અત્યારથી જ કરવા જોઈએ. ચોમાસું આવે તે પહેલાં પાણીનો સંચય કરવાની પૂરી વ્યવસ્થા ગામે ગામ અને સીમે સીમમાં કરી લેવી જોઈએ.

**કચ્છના પર્યાવરણને સંતુલિત કરવા વૃક્ષો ઉછેરવાના કાર્યને પ્રાધાન્ય આપવું પડશે.** ગામે ગામની સંસ્થાઓ, મંડળો, મહાજનો અને વતનપ્રેમી એકે એક કચ્છી વૃક્ષારોપણમાં પોતાનો ફાળો આપી શકે છે.

છેલ્લા બે દાયકામાં વૃક્ષારોપણ વિશે જાગૃતિ લાવવામાં ઘણી સંસ્થાઓનો ફાળો છે. શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ, કચ્છ ઈકોલોજી ફાઉન્ડેશન (કોટિવૃક્ષ અભિયાન), વૃક્ષમિત્ર અભિયાન, વિવિધ ધાર્મિક તીર્થો, પર્યાવરણ પ્રેમી મિત્રો, લાલ રાંભિયાના જન જાગૃતિના કાર્યક્રમો વગેરેનું કાર્ય યાદગાર અને નોંધપાત્ર છે.

કચ્છી પ્રજાને પોતાના કુળદેવી, દેવ સ્થાન પ્રત્યે અપાર અખૂટ શ્રધ્ધા છે. દર વર્ષે અનેક નુખના કુળદેવીઓની પહેડીના કાર્યક્રમો વિશાળ ભક્તોની ઉપસ્થિતિમાં ખૂબ ભાવપૂર્વક ઉજવાય છે. કચ્છના ઘણાં ગામોમાં કુળદેવીના દેવસ્થાનોની નવરચના ખૂબ સુંદર રીતે કરવામાં આવી છે.

કુળદેવી શક્તિ સ્વરૂપા છે, લોકમાતા સ્વરૂપા છે. ધરતી એ પણ માતા સ્વરૂપ છે. ધરતી માતાનું જતન વૃક્ષારોપણથી જ શ્રેષ્ઠરૂપે થઈ શકે છે. કુળદેવીના આશીર્વાદ અને વૃક્ષોના વાવેતરનો સંગમ થાય તો કચ્છ લીલોતરીથી ખીલી ઊઠે તેમ છે. છેલ્લા બે વર્ષોમાં કેટલાક કુળદેવીના ભાવિકોને કુળદેવીના નામે, કુળદેવીના આશીર્વાદથી વૃક્ષારોપણની વાત કરવામાં આવી તો એ ઉદારદિલ ભક્તોએ વાતને વધાવી લીધી. એમણે માતૃભૂમિના પ્રેમને સાકાર કરવા મોટી સંખ્યામાં વૃક્ષો દત્તક લેવા દાન પણ આપી દીધું. એ સર્વે ભાવિકો અભિનંદન અને વંદનને પાત્ર છે.

ભુજપુર ગામની પાસે ૪૦૦ એકર જમીનમાં એક મોટું સરોવર પાણીથી ભરપૂર છે. ત્યાં વૃક્ષોના ઉછેર માટે ડ્રીપ સિસ્ટમ બેસાડવામાં આવી છે. આ સ્થળે એક લાખ વૃક્ષો વાવવાનો શુભ સંકલ્પ છે. ભુજપુર ગામના મામલ માતાજીના ભાવિકોએ 'મામલ સાગર' નામે મોટો ડેમ બનાવ્યો છે. જેને કારણે આસપાસના વિસ્તારમાં પાણીના તળ ઊંચા આવ્યા છે. પાણીની ગુણવત્તા પણ સુધરી છે.

આ રીતે દરેક ગામની પાસે તળાવ, તળાવડી કે ડેમ માતાજી, પીર, ખેતરપાળ કે અન્ય દેવી-દેવતાના નામે બનાવી શકાય. ગામે ગામ કૂવા રિચાર્જ કરી શકાય. મામલ સાગરની જેમ આશાપુરા સાગર, અંબે સાગર, વિશલ સાગર, સચ્ચામાતા સાગર, શીતલ સાગર, દાદલ સાગર, મોમાય સાગર, રવેચી સાગર, હિંગળાજ સાગર, યક્ષ સાગર, પવનપુત્ર સાગર વગેરેને નામે પાણી સંચયનું ઉપયોગી કાર્ય થઈ શકે છે અને તે કરવા જેવું છે.

**એન્કરવાલા અહિંસાધામે બહુલક્ષી રચનાત્મક કાર્ય હાથ ધર્યું છે.** જેમાં જીવદયા, પર્યાવરણ, ગૌસેવા, ધરતીસેવા, અહિંસા અને જનસેવા સંકળાયેલા છે.

કુળદેવીના ભાવિકો કુળદેવીના નામે, વડીલોની સ્મૃતિમાં, એક યા વધુ પ્લોટ લખાવે તો ભગીરથ કાર્ય પાર પડી શકે. આ પ્રવૃત્તિ કચ્છભરમાં વિકસવી જોઈએ.

વિજ્ઞાનીઓ કહે છે કે, જ્યાં ૧૦૦-૨૦૦ કિલોમીટરના વિસ્તારમાં ગીચ જાડી

*ભગવાન ન્યાય સ્વરૂપે ય નથી ને ભગવાન અન્યાય સ્વરૂપે ય નથી. કોઈને દુઃખ ના હો, એ જ ભગવાનની ભાષા છે. ન્યાય-અન્યાય એ તો લોકભાષા છે.*

હોય છે ત્યાં વરસાદ વધુ પડવાની આશા હોય છે. ગીચ ઝાડી વરસાદી વાદળને દૂર જતા રોકે છે. વરસવા માટે પૂરતો ભેજ આપે છે. અબડાસા તાલુકાના કરોડિયા ગામ પાસે એક નાનું જંગલ છે. ત્યાં કોઈ ઝાડ કાપતું નથી. ત્યાં દર વર્ષે સરેરાશ કરતાં વધારે વરસાદ પડે છે. ગમે તેવા દુષ્કાળ વખતે પણ ત્યાં થોડોઘણો વરસાદ તો પડે જ છે.

આવું એક નાનું જંગલ માંડવીથી મુંદ્રા વચ્ચે બનાવી શકાય. અત્યારે પણ આ વિસ્તારમાં સારા પ્રમાણમાં વૃક્ષો છે. છતાં એનો વ્યાપ વધારીએ તો વરસાદનું પ્રમાણ વધી શકે છે.

આ વાત નજર સામે રાખી આ વિસ્તારમાં વધુ વૃક્ષો વાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. **જેને 'રોડ સાઈડ પ્લાન્ટેશન' નામ આપવામાં આવ્યું છે.** માંડવી - મુંદ્રા રોડ પર આવતા બૌંતેર જિનાલય, તલવાણા, બિદડા, નાની ખાખર, મોટી ખાખર, દેશલપુર, કાંડાગરા, ભુજપુર વગેરે ગામો જાગૃત છે. **અહીં 'ગ્રીન બેલ્ટ' (વરસાદી પટ્ટો) બનાવીએ તો મોટું કામ થઈ જાય.**

**ગામના નાકા પર મુખ્ય સડક પાસે 'ટ્રી ગાર્ડ'ની મદદથી રક્ષિત વૃક્ષો વાવવા જોઈએ.** આર.સી.સી.ના સુંદર દેખાવડા ટ્રી ગાર્ડ બનાવવામાં આવ્યા છે. દરેક ગામના નાકા પાસે ૧૦૦ જેટલા વૃક્ષો ઉછેરીએ તો સુંદરતામાં પણ વધારો થઈ શકે. ગામના લોકો અને ગ્રામ પંચાયત આ વૃક્ષોની સંભાળ રાખે તો લોકોમાં વૃક્ષ ઉછેર માટે જાગૃતિ આવે. આ રીતે દરેક ગામમાં ૧૦૦થી ૧૫૦ વૃક્ષો દત્તક લેવાનું આયોજન થઈ શકે છે.

'રોડ સાઈડ પ્લાન્ટેશન' યોજનાનું ઉદ્‌ઘાટન નાની ખાખરના મુખ્ય રોડ પર ૧૧ વૃક્ષો વાવીને કરવામાં આવ્યું હતું. જેના દાતા થવા ત્યાં ઉપસ્થિત વૃક્ષપ્રેમીઓ સહજ રીતે તૈયાર થયા હતા.

આ યોજના હેઠળ મોટી ખાખર, દેશલપુર, બિદડા વગેરે ગામોમાં વૃક્ષો વાવવાની તૈયારી ચાલે છે. મંદિર, શાળા કે સંસ્થાના આંગણામાં વૃક્ષો વાવવાની એટલી જ જરૂર છે.

ધર્મસ્થાનોના પ્રાંગણમાં વૃક્ષો વાવવાના સફળ પ્રયોગ બિદડા, નાના ભાડિયા, બૌંતેર જિનાલય, પીંગલેશ્વર મહાદેવ, જાગનાથ મહાદેવ, ભીમનાથ મહાદેવ, માતાના મઢ વગેરે સ્થળે કરવામાં આવ્યા છે. દેશલપુર (કંઠી) ગામે મહાદેવજીના મંદિરમાં એક દાતાની મદદથી વૃક્ષારોપણનું કાર્ય શરૂ થશે. દરેક ગામમાં એક નાનકડું સ્મૃતિવન રચવું જોઈએ. પાંજરાપોળોમાં સ્મૃતિવન સારી રીતે રચી શકાય છે.

**ઍન્કરવાલા અહિંસાધામનાં નંદી સરોવર ખાતે એક લાખ વૃક્ષો ઉછેરવાની ક્રાંતિકારી યોજના સાકાર થઈ રહી છે.** ઘણો જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. કુળદેવીના લોકો ફાળો આપી શકે. ચાર-પાંચ એકરના પ્લોટ બનાવવામાં આવ્યા છે. દરેક પ્લોટમાં ૨૦૦થી ૨૫૦ વૃક્ષો વાવવામાં આવશે. કોઈ પણ ભાવિક પોતાના કુળદેવીના નામે વૃક્ષો વાવવા ઈચ્છે તો સંસ્થાના અગ્રણીઓનો સંપર્ક સાધી શકે છે. વ્યક્તિગત રીતે એક વૃક્ષના પાંચ વર્ષનો નિભાવ ખર્ચ રૂા. ૫૦૦/-, રૂા. ૧૧૦૦/-, રૂા. ૨૫૦૦/- આપીને સહભાગી થઈ શકાય છે.

કચ્છની દરેક સંસ્થા દરેક પ્રસંગે, દરેક ઉત્સવે, દરેક જગાએ વૃક્ષને યાદ કરે એ જરૂરી છે. કચ્છમાં વધુ ને વધુ વૃક્ષો વાવીએ, ઉછેરીએ અને વૃક્ષોનું રક્ષણ કરીએ. પાણી બચાવીએ, પાણીનો સંચય કરીએ. પાણી સાચવવા ઘરના ટાંકાથી લઈ ચેકડેમ સુધીની પ્રવૃત્તિઓ જલદીથી હાથ ધરીએ. **'વહેતું પાણી રોકો, નંદનવન રચવાનો એ જ છે ખરો મોકો, કચ્છને લાભ થશે ચોખ્ખો.'**

વૃક્ષમિત્ર બનીએ, વૃક્ષોને ખોળે લઈએ, વૃક્ષોની સંભાળ રાખીએ. વૃક્ષારોપણને જીવનનો ભાગ બનાવીએ. વૃક્ષો માટે સહયોગ આપીએ. 'મુંજી માતૃભૂમિ કે નમન કરીએ' અને વૃક્ષોનું જતન કરીએ.

*કોટિવૃક્ષ અભિયાન,*
*જલારામ બાગ, બિદડા, કચ્છ-૩૭૦ ૪૩૫.*
*ફોન : (૦૨૮૩૪) ૨૪૪૧૭૭*
*મો. ૯૮૭૯૬ ૪૭૯૧૫*

## "આંઉ સાં સૂંચી"

**(અનુસંધાન : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)**

જ વિચારપૂર્વક વાપરેલ છે. અનેક વરસોથી હું જે વિચારતી રહી છું તે વિચારો થકી મને મુસીબતની પળોમાં ટકી રહેવા શક્તિ મળી છે. મારા માટે જે લોકોએ સંવેદનશીલતા બતાવી તેનાથી મને ખાતરી થઈ છે કે સંવેદનશીલતાની જરાય ઓછપ નથી.

નોર્વેના નાગરિકોએ મારા માટે જે પ્રેમ બતાવ્યો છે તે ખરેખર અનુકરણીય છે. પોતાની માતૃભૂમિનો આધાર ગુમાવ્યા પછી અસુરક્ષિત અને બેઘર થયેલાં લોકોને આશરો આપ્યો છે તે અમારા માટે અભય વચન જેવું છે. દુઃખો પ્રત્યે દુર્લક્ષ કરવાથી પરિસ્થિતિ વધુ બગડે છે. જગતનાં સર્વ દાનેશ્વરી લોકોને મારી વિનંતી છે કે આશરો શોધતાં વિસ્થાપિતોની પ્રાથમિક જરૂરિયાત પર ખાસ ધ્યાન આપો.

આખરે આપણો હેતુ વિસ્થાપિતો, બેઘર નિરાશ ન થાય તે જોવાનું છે. જગતના ખૂણેખાંચરે લોકો સુરક્ષિત હશે તો ત્યાંના રહેવાસીઓ શાંતિથી જીવી શકશે. **પ્રત્યેક વિચાર, પ્રત્યેક શબ્દ અને કૃતિના કારણે વિધાયકતા અને સકારાત્મકતા વધશે. આનાથી જગતભરમાં શાંતિ સ્થપાશે.** આપણામાંથી પ્રત્યેક વ્યક્તિ એમાં થોડું યોગદાન આપીને એક શાંતિપૂર્ણ જગતનું નિર્માણ કરે. જ્યાં દરેક રાત્રિએ આરામથી ઊંઘી શકીએ અને બીજે દિવસે સવારના ઉત્સાહથી ઊઠી શકીએ.

**ઇતિહાસે એક મહાન કાર્ય માટે અમારી પાસે જે કંઈ શ્રેષ્ઠ છે તે સમાજને અર્પણ કરવાની મહાન તક આપી છે.** નોબલ સમિતિએ મારા માટે જ્યારે આ પુરસ્કારની ઘોષણા કરી ત્યારે મને લાગ્યું કે મેં જે માર્ગ સ્વેચ્છાએ પસંદ કરેલ છે તે માર્ગ પર મારે એકલા જવું પડશે. નોર્વેના નાગરિકોએ શાંતિ માટે જે પ્રયાસો કરેલ છે તેનાથી મારો વિશ્વાસ દૃઢ બનેલ છે. જગતના સર્વ લોકોને ધન્યવાદ.

*૧૬૦૫, શોભા સુમન બિલ્ડિંગ,*
*મદન મોહન માલવિયા માર્ગ,*
*મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.*

*આ જગતમાં છેતરાવાનો તો ભય જ ના રાખશો. છેતરાતાં છેતરાતાં જ આગળ વધી શકાશે. નહિ તો પ્રગતિ રૂંધાઈ જશે.*

ભારતની કંપનીઓએ માત્ર હરીફાઈ દ્વારા જ નહીં પરંતુ

# કોલેબોરેશનની (સહકારની) વ્યૂહરચના દ્વારા ઉત્તમતા પ્રાપ્ત કરવાની છે

• ધવલ મહેતા •

ભારતીય કંપનીઓએ અત્યારે સંયુક્ત સાહસોની વ્યૂહરચના દ્વારા પોતાના બજાર અને ટેકનોલોજી વિકસાવ્યા છે. ભારતની મોટી કંપનીઓએ વિદેશી સંયુક્ત સાહસોને ચલાવવાની કુશળતા સિદ્ધ કરી છે અને તેમાં સારી કામગીરી બજાવી છે. ભારતના સફળ સંયુક્ત માહોલના મારૂતિ-સુઝુકી, હીરો-હોંડા, બિરલા-યામાહા, બજાજ-કાવાસાકી, બજાજ-એલાયન્સ વગેરેનો સમાવેશ થઈ શકે છે. ઉપરના સંયુક્ત સાહસોમાં જોડાતી બંને કંપનીઓ શેરહોલ્ડિંગના સ્વરૂપમાં મૂડીરોકાણ કરે છે. સંયુક્ત સાહસોના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સમાં બંને કંપનીઓના ડાયરેક્ટર્સ, પ્રતિનિધિઓ હોય છે. **હવે વૈશ્વિકરણનાં માહોલમાં માત્ર સંયુક્ત સાહસોનું જ નહીં પરંતુ સહકારી ગોઠવણો (કો-ઓપરેટીવ એલાયન્સીઝ કે કો-ઓપરેટીવ એરેન્જમેન્ટ્સ)નું મહત્ત્વ વધતું જાય છે.** આવી ગોઠવણો પરસ્પરને ફાયદાકારક હોય છે પરંતુ તેમાં એકબીજાના શેરોનું રોકાણ આ ગોઠવણોમાં હોતું નથી. આ ગોઠવણોમાં કંપનીઓ એકબીજા સાથે કરાર કરે છે અને હરીફો પર સરસાઈ મેળવે છે. **ભારતીય કંપનીઓને હજી આ કળા પ્રાપ્ત થઈ નથી.** તેમાં હજી સંયુક્ત સાહસો જેમાં બંને કંપનીઓના શેરોનું સંયુક્ત રોકાણ હોય છે તેમાં મશગૂલ રહી છે. જ્યારે પશ્ચિમ જગત અને ચીન આ બાબતમાં ઘણાં આગળ વધી ગયા છે. ભારતીય કંપનીઓના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સે આ બાબતની ગંભીર નોંધ લેવી જોઈએ. આ પ્રકારની ગોઠવણો કે એલાયન્સીઝ કેવા પ્રકારના હોય છે તેના અનેક ઉદાહરણો નીચે આપ્યા છે.

કંપનીઓના પરસ્પર કરારોમાં કોઈ નવી કંપની ઊભી કરવામાં આવતી નથી. તેથી તેની કામગીરીમાં ઘણી ફ્લેક્સીબીલીટી (પરિવર્તન ક્ષમતા) રહે છે. આ કરારોમાં લાયસન્સીંગ સહકારી વિતરણ વ્યવસ્થા, સપ્લાય કોન્ટ્રાક્ટસ, સહકારી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વગેરેનો સમાવેશ થાય છે. પરંતુ આ સહકારી વ્યવસ્થામાં પરસ્પર મળીને બજારોમાં ભાવ નક્કી કરવાનું હોતું નથી. જો તેમ થાય તો તેને કાવતરું (કોલ્યુઝન) કહેવામાં આવે છે અને તેને માટે તે કંપનીઓને સખત સજા કરવામાં આવે છે. ભારતમાં આ માટે કોમ્પિટીશન કમિશન છે અને અમેરિકામાં એન્ટી ટ્રસ્ટ કાયદાઓ છે જે કાવતરાખોર કંપનીઓને સજા કરે છે. **માટે પરસ્પર સહકાર અને કોલ્યુઝન વચ્ચે સ્પષ્ટ ભેદરેખા સમજવાની અને દોરવાની કંપનીઓની જવાબદારી છે.**

ઉદાહરણો : અમેરિકાની હ્યુલેટ - પેકાર્ડ કંપની નવા બજારો ઊભા કરવા પોતાની ટેકનોલોજીનું જગતની અનેક કંપનીઓને લાઈસન્સ આપે છે. તેણે પોતાના ધંધાનું મોડેલ લાયસન્સીંગ પર ઊભું કર્યું છે. આ લાયસન્સ તેની બૌદ્ધિક સંપદા (ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી)નું લાઈસન્સ હોવાથી લાઈસન્સ આપનારી કંપનીને તેની રોયલ્ટી મળે છે. જે કંપનીઓને તે લાઈસન્સ આપે છે તેને આપણે પરસ્પર ગોઠવણી (એરેન્જમેન્ટ્સ) કહી શકીએ. લાઈસન્સનીંગની આ પ્રથા ઠીક ઠીક જૂની છે. પરંતુ હવે ઘણી કંપનીઓ પરસ્પર ગોઠવણ દ્વારા પોતાની સંયુક્ત વેબસાઈટ ઊભી કરે છે. જનરલ ઈલેક્ટ્રિક કંપનીની માલિકીની યુનિવર્સલ પિક્ચર્સ કંપની, ડીઝની કંપનીની એબીસી અને ફોક્ષની વીડિયો પ્રોડક્શન કંપનીએ સંયુક્ત વેબસાઈટ ઊભી કરી છે. આથી ત્રણે કંપનીઓની વિતરણ વ્યવસ્થાને અરસપરસ લાભ મળે છે. ફાઈઝર કંપનીએ દવાના ક્ષેત્રમાં ઓરબિન્દો ફાર્મા લિમિટેડ અને ક્લેરીસ લાઈફ સાયન્સીઝ લિમિટેડ સાથે માર્કેટીંગના ક્ષેત્રમાં સહકાર કર્યો છે.

જગતની મોટી મોટી કાર કંપનીઓ વાતાવરણના પ્રદૂષણને રોકવા હાઈબ્રિડ (વીજળી અને પેટ્રોલથી ચાલતી) કારનું ઉત્પાદન કરી રહી છે. તે માટે જગતમાં પૂરતા પ્રમાણમાં વિશિષ્ટ પ્રકારની બેટરીનું ઉત્પાદન થતું નથી. આથી આ ક્ષેત્રમાં અનિશ્ચિતતાને દૂર કરવા માટે જર્મનીની ફોક્સવેગન કંપનીએ ચીનની મરૂઘ કંપની સાથે ઈલેક્ટ્રિકસીટીથી ચાલતી લિથિયમ બેટરીના સપ્લાય માટે સમજૂતી કરાર કર્યા છે. ચીમનની મરૂઘ કંપની જગતની સેલફોન બેટરીની સૌથી મોટી ઉત્પાદક કંપનીઓમાં સ્થાન ધરાવે છે અને ઈલેક્ટ્રિક બેટરીથી ચાલતી કારના ઉત્પાદનની પણ તેણે શરૂઆત કરી છે. આ કરાર દ્વારા તે હાઈબ્રિડ કારની બેટરીનો સપ્લાય ભવિષ્યમાં જરૂરિયાત પ્રમાણે મેળવી શકશે. ફોક્સવેગન કંપનીએ લિથિયમ - આયોન બેટરી (જે હાઈબ્રિડ કાર માટે જરૂરી છે)ના સપ્લાય માટે સેમ્યુઅલ ઈલેક્ટ્રિક કંપની અને જાપાનની તોશીબા કંપની સાથે સમજૂતિના કરારો કર્યા છે.

ઉપર આપણે નોંધ્યું છે કે ભારતની કંપનીઓ હજી સંયુક્ત સાહસો સિવાયના અન્ય સહકારી મોડેલો વિકસાવવામાં કાચી છે. પરંતુ તેના થોડાંક અપવાદો છે. ભારતના દવા ઉદ્યોગમાં સહકારી કરારોનું મહત્ત્વ વધતું જાય છે કારણકે જેનરિક દવાઓના ઉત્પાદનમાં ભારતનું સ્થાન ઊંચું છે અને જેનરિક દવાઓને વેચવા માટે ઘણા સહકારી કરારોની જરૂર પડે છે. અત્યાર સુધી ભારતની રાનબક્ષી દવાની કંપની તેમાં આગળ છે. હવે તે વિદેશી કંપનીનો ભાગ બની ગઈ છે. તેણે યુરોપની કેટલીક કંપનીઓ જોડે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના કરારો કર્યા છે. સહકારી કરારોની કુશળતામાં ભારતની સુઝલોન કંપની ઘણી જાણીતી છે. ૧૯૯૫માં સ્થપાયેલી આ કંપની પવનની ઊર્જાના ક્ષેત્ર માટે ભારતમાં જ નહીં પરંતુ જગતમાં જાણીતી છે. શરૂઆતમાં તે કાપડના ધંધામાં હતી અને

આજે તે વિન્ડ ટર્બાઈનના ક્ષેત્રમાં જગતની દસ કંપનીઓમાં સ્થાન ધરાવે છે. ઈ.સ. ૨૦૦૯માં વિન્ડ ટર્બાઈનના બજારમાં જગતમાં તેનું ત્રીજું સ્થાન હતું. આ કંપનીએ વિન્ડ ટર્બાઈનની અદ્યતન ટેકનોલોજી મેળવવા આ ક્ષેત્રમાં જાણીતી વિદેશી કંપનીઓ (સુડવિન્ડ, એરપેક, એનરોન વિન્ડ) સાથે લાઇસન્સિંગ કરારો કર્યા છે. જેનાથી તેનો ટર્બાઈનના ઉત્પાદનના ક્ષેત્રમાં ટેકનોલોજીનો બેઝ ઘણો મજબૂત બન્યો છે. તેણે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (બ્લેડ ડિઝાઈન)માં ડચ કંપનીની જોડે સહકાર સાધ્યો છે અને ગીઅર-બોક્ષ માટે ઓસ્ટ્રિયાની કંપની સાથે સહકાર સાધ્યો છે. **અભ્યાસના વૈશ્વિકરણના જમાનામાં વૈશ્વિક આઉટસોર્સિંગ ઘણું મહત્ત્વનું બન્યું છે.** કોઈપણ ચીજવસ્તુનું કે કાચા માલનું કે પાર્ટસનું આઉટ સોર્સિંગ કરવા માટે કંપનીએ પોતાના સપ્લાયરો સાથે લાંબાગાળાના કરાર કરવા જરૂરી બને છે. ભારતની કંપનીઓ હજી પોતાના સપ્લાયરોને નીચી નજરે જુએ છે અને તેમના સપ્લાયરોને પેમેન્ટ માટે અનેક ધક્કાઓ ખવડાવે છે. સપ્લાયરોને પોતાના પાર્ટનર્સ બનાવવાની કળા સૌપ્રથમ જાપાને જગતને શીખવાડી હતી પરંતુ ટેક્ષટાઈલ મિલના કલ્ચરમાંથી ઊભા થયેલા ભારતના ઘણાં જૂની ઢબના ઉદ્યોગકારો પોતાના સપ્લાયરોની સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરે છે અને તેમની સાથે લાંબા ગાળાના સંબંધો બાંધવામાં નાનમ અનુભવે છે. **આથી કાચો માલ પાર્ટસ વગેરેના સપ્લાયરોને વારંવાર પોતાની ફેક્ટરીમાં આવકારીને, તેમને ફેક્ટરીની મુલાકાત લેવાનું કહીને અને તેમને યથાયોગ્ય માન આપવાની ભારતીય કંપનીઓએ નવી પરંપરા ઊભી કરવી પડશે.** આ પણ સ્ટ્રેટેજીક એલાયન્સ (લાંબા ગાળાના કરારની વ્યૂહરચના)નો એક ભાગ છે. આમ નહીં કરીને ભારતના ઉદ્યોગકારો તેમના ઓર્ડર્સની ડિલીવરીમાં કેટલો બધો સમય લગાડે છે અને તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે છે તેની તેમને ખબર નથી. અમુક અંશે હજી ભારતીય ઉદ્યોગકારો (ખાસ કરીને નાના તથા મધ્યમ કક્ષાના ઉદ્યાગકારો)નું માનસ ફ્યુડલ છે તેની સખેદ નોંધ લેવી પડે છે. **અહીં ફરીથી નોંધી લઈએ કે ઉદ્યોગો વચ્ચે સહકાર એટલે કોલેબોરેશન - કોલ્યુઝન (કાવતરું) નહીં.** બંને વચ્ચે ભેદ નહીં પારખનારાને જેલની સજા થઈ શકે છે.

*સૌજન્ય : 'ગુજરાત સમાચાર'*

## ભવતારિણી ક્ષમારૂપી સુધાનો પ્રેમપ્યાલો!

નવા વર્ષની કુમકુમ પત્રિકાઓ ને લગ્નપત્રિકાઓ તો કંકાવટીનાં કંકુથી લખાય છે, **પણ ક્ષમાપનાની કંકોતરીઓ તો દિલનાં લોહીથી ને હૃદયનાં આંસુથી લખાવી જોઇએ અને તે પણ ખરાં દોષીને! ખરા વેરીને! ખરા અપરાધીને!**

વર્ષભરનાં જાણતાં-અજાણતાં થયેલા વેરવિરોધને પરસ્પર મિથ્યા કરીએ. ભવિષ્ય માટે જાગૃત થઈએ. થઇ તેવી ભૂલ થવા દઇએ નહિ! ઉદારતાનો અમૃત પ્યાલો હરહંમેશ દિનરાત પીએ, પીવડાઇએ અને સપ્તદિનરૂપી સાધના નદીનો સંગમ સંવત્સરી રૂપી સાગરમાં કરીએ.

**ક્ષમા તારક છે, રાગ મારક છે. ક્ષમાનો બુદ્ધિમાં ઉદય થાય તો વેર અને વિરોધ પ્રગટી શકતા નથી,** પરંતુ રજોગુણી કે તમોગુણી બુદ્ધિથી થયેલી ક્ષમાપના આત્મશુદ્ધિ લાવતી નથી. સાત્વિક બુદ્ધિથી થયેલી ક્ષમાપના અનેક પાપકર્મોનો નાશ કરે છે અને ભવિષ્યમાં નવાં કર્મો બંધાતાં અટકી જાય છે. જો એક વર્ષની મુદતમાં કોઇના પર દ્વેષ જાગ્યો હોય કે વેર થયું હોય તો એની ક્ષમાપના કરી લેવી જોઇએ. જો આમાં ચૂકી જઇએ તો કર્મની પાટી પર એ ભૂલ વજ્રલેખ બની જશે. આમ થાય તો વ્યક્તિનું સમ્યક્ત્વ ટળી જાય અને મિથ્યાત્વ ઉદયમાં આવે. આથી પર્વાધિરાજનું ક્ષમાપનાનું કર્તવ્ય ખૂબ જ મહત્ત્વનું બની રહે છે.

આજના સંવત્સરી દિને ક્ષમા આપવાની હોય છે અને માગવાની હોય છે. આ બંને ક્રિયાઓ અને તેનું પરિણામ ભિન્ન છે. ક્ષમા માંગવી એ ક્ષમા આપવા કરતાં થોડી સહેલી છે. ક્ષમા માગતી વખતે અહમ્‌ને ઓગાળી નાખવો પડે છે. ક્ષમા માગવી એટલા માટે અઘરી છે કે માણસના હૃદયમાં ભાવના, વેરનાં વમળો જાગતાં હોય છે. માણસ પોતે બીજાના અન્યાયનો ભોગ બને ત્યારે વધુ ઘવાયેલો હોય છે.

ક્ષમા વિશે ભગવાન મહાવીરનો એક સાધુ સાથે થયેલો રસિક વાર્તાલાપ જોઇએ : એકવાર એક સાધુ ભગવાન મહાવીર સ્વામી પાસે આવીને બોલ્યા, 'આજ એક સાધુ સાથે મારો ઝઘડો થઇ ગયો છે. મને એનો પશ્ચાતાપ થાય છે તો શું કરું?'

ભગવાને કહ્યું, "પરસ્પર ક્ષમાયાચના કરી લો."

સાધુએ કહ્યું, "મારું અનુમાન છે કે તેઓ મારી ક્ષમા સ્વીકારશે નહીં."

ભગવાન મહાવીરે કહ્યું, "એ તને ક્ષમા કરે કે ન કરે, આદર આપે કે ન આપે, તું ઊભો થઇને જાય ત્યારે ઊઠીને આવે કે ન આવે, વંદન કરે કે ન કરે, સાથે ભોજન લે કે ન લે, તારી સાથે રહે કે ન રહે, એના દુઃખને શાંત કરે કે ન કરે છતાં તારે એને ક્ષમા કરવી."

સાધુએ કહ્યું, "મારે એકલાએ જ એવું શા માટે કરવાનું?"

ભગવાને કહ્યું, "શ્રમણ હોવાનો અર્થ છે શાંત. શ્રમણ હોવાનો મર્મ છે મૈત્રી. તું શ્રમણ હોવાનો અનુભવ કરે છે એટલે હું તને કહું છું કે તારા મૈત્રીભાવને જગાડ. **જે મૈત્રીને જાગૃત કરે છે તે શ્રમણ હોય છે.** જે મૈત્રીને જાગૃત કરતો નથી તે શ્રમણ નથી હોતો."

આવી જ રીતે એકવાર ભગવાન મહાવીરને એમના પટ્ટશિષ્ય ગૌતમ ગણધરે પૂછ્યું, "આપ વારંવાર ક્ષમાની વાત કેમ કરો છો?"

ભગવાને જવાબ આપ્યો, "ક્ષમા કરવાથી પહેલાં તો આહ્‌લાદનો ભાવ જાગે છે પછી વિશેષ પ્રકારની પ્રસન્નતા જાગે છે."

ગણધર ગૌતમે પૂછ્યું કે આ પ્રસન્નતાથી શું થાય?

ભગવાન મહાવીરે કહ્યું કે એનાથી બધાં સત્ત્વો પ્રત્યે મૈત્રીભાવ થાય. મૈત્રીભાવથી ભાવ વિશુદ્ધિ થશે અને ભાવ વિશુદ્ધિ થતાં વ્યક્તિ નિર્ભય બનશે. **આથી જ ક્ષમાને સર્વોપરી ગુણ કહ્યો છે અને તે અહિંસા સાથે સંલગ્ન છે.** આવા સંવત્સરીના મહામૂલા દિવસે ભવતારિણી ક્ષમારૂપી સુધાનો ભર્યોભર્યો પ્રેમપ્યાલો પીએ!

*— કુમારપાળ દેસાઈ*

## નોબલ પ્રાઈઝ વિજેતા

# "આંઉ સાં સૂચી"

• દામજી માણેક ગડા •

તા. ૧૪મી ઓક્ટોબર, ૧૯૯૧ના દિવસે નોબલ કમિટીએ બ્રહ્મદેશ (મ્યાનમાર)ની આઉં સાં સૂચી નામની મહિલાએ જગતમાં લોકશાહી અને માનવ અધિકારના જતન માટે જે શાંતિભર્યા પ્રયાસ કરેલ તે માટે નોબલ પુરસ્કારની જાહેરાત કરી. આંઉ સાં સૂચી જણાવે છે કે હું જ્યારે બ્રહ્મદેશની લોકશાહી માટેની ચળવળમાં જોડાઈ ત્યારે મને નોબલ પુરસ્કાર કે એવો કોઈ પણ પુરસ્કાર મળશે એની મેં મારા મનમાં ક્યારેય પણ કલ્પના કરેલ ન હતી. આ પુરસ્કારથી મને લાગે છે કે હવે આપણે મ્યાનમારમાં એક સ્વતંત્ર, સુરક્ષિત અને ન્યાયપૂર્ણ સમાજની સ્થાપના કરી શકીશું.

*"મેં જીવનમાં માનવ મૂલ્યોનાં જતન માટે જે પ્રયાસો કરેલ તે મૂલ્યોનું આજના મારા સન્માનમાં સમાવેશ થયેલ છે. શાંતિ માટેના નોબલ પુરસ્કાર માટે મારી પસંદગી થઈ ત્યારે મને લાગ્યું કે મેં સ્વેચ્છાએ જે જીવનમાર્ગ પસંદ કરેલ છે તે બધી રીતે યોગ્ય છે. હું પુરસ્કાર સમિતિનો અને નોર્વેવાસીઓનો આભાર માનું છું કે શાંતિમય સંઘર્ષ માટે મારી પસંદગી કરી છે* ***અને તેના કારણે મને અહિંસા અને શાંતિભર્યા સંઘર્ષ પર વિશ્વાસ આવ્યો છે."*** આ શબ્દો છે મ્યાનમાર (બ્રહ્મદેશ)ની લડાયક મહિલા આંઉ સાં સૂચીના.

શાંતિ માટેનો નોબલ પુરસ્કાર સ્વીકારતા તેણે પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા. તે આ લેખમાં પ્રસ્તુત છે.

સભામાં હાજર રહેલા સન્માનીય લોકો, નોબલ પારિતોષિક સમિતિના સન્માનીય સભાસદો અને મારા પ્રિય મિત્રો,

ઘણા વરસો પહેલાં હું જ્યારે ઑક્સફર્ડમાં હતી ત્યારે હું અને મારો પુત્ર એલેકઝાંડર "ડેઝર્ટ આઈલેન્ડ ડિસ્ક" નામનો એક કાર્યક્રમ રેડિયો પર સાંભળતા હતા. આ લોકપ્રિય કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રનાં નિષ્ણાતોને પોતાના વિચારો જણાવવા બોલાવવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ રેડિયો પર સમાપ્ત થતાં મારા પુત્રે મને પૂછ્યું, 'મા, તને આવા કાર્યક્રમમાં બોલવા મળે તો?' મેં સહજતાથી મારા દીકરાને જણાવ્યું કે હા, ચોક્કસ મને આવા કાર્યક્રમમાં બોલવા મળશે. જો મને સાહિત્યનો નોબલ પુરસ્કાર મળે તો. આવી અમે કલ્પના કરતા હતા. પછી અમે બંને જણ હસી પડ્યા. અમારા બંનેના આ સંવાદ વખતે હું નોબલ વિજેતા સાહિત્યકારનું એક પુસ્તક વાંચતી હતી. તેના કારણે મને પુરસ્કાર મળશે એવો ભાસ થતો હતો.

મને ૧૯૮૯માં પ્રથમ વખતે નજરકેદમાં રાખેલ ત્યારે મારા પતિ એરિસ મને મળવા આવેલા. તેમણે મને જણાવ્યું કે આપણા એક મિત્ર જોન ફિનિસે શાંતિના નોબલ પુરસ્કાર માટે તારા નામનો એક પ્રસ્તાવ મોકલાવેલ છે. ત્યારે મેં એ વાતને સહજપણે હસી કાઢેલી. ત્યાર પછી મને ઘણી વખત પ્રશ્ન પૂછવામાં આવતો કે મારા માટે નોબલ પુરસ્કાર અને શાંતિનું મહત્ત્વ શું છે? ત્યારે મને લાગતું કે આ પ્રશ્નનો વિચાર કરવાનો આ શ્રેષ્ઠ સમય છે.

મેં મારી ઘણી મુલાકાતોમાં વારંવાર જણાવ્યું છે કે મને નોબલ પુરસ્કાર મળવાના સમાચાર મેં એક સાંજના સાંભળ્યા અને તે માટે મને નવાઈ લાગી નહીં. કારણકે આ પુરસ્કાર માટેનો પ્રસ્તાવ હું ઘણા સમયથી સાંભળતી હતી. જ્યારે આ પુરસ્કાર મને મળ્યાની જાણ થઈ ત્યારે મારો એના પ્રત્યે શું પ્રતિભાવ હતો તે હું ચોક્કસ કઈ શકતી નથી.

હું જ્યારે નજરકેદ હતી ત્યારે ઘણી વખત મને લાગતું કે આ જગતનો કોઈ પણ ભાગ મારા માટે બાકી રહેલ નથી. **મને જ્યાં રાખેલ તે 'ઘર' મારા માટે વિશ્વ હતું. તેની બહાર જે બીજા માણસો જીવતા હતાં તે તેમના માટેનું વિશ્વ હતું. તે માણસો પણ સ્વતંત્ર તો ન હતા. તેઓ પણ એક મોટી જેલમાં એક સમાજમાં એકત્ર થઈને રહેતા હતા.** આ માણસોની બહાર પણ એક સ્વતંત્ર લોકોનું જગત હોય છે. આ અલગ અલગ ગ્રહ ઉપરનું ત્રણ પ્રકારનું જગત છે. આપણી પાછળ આપણી જાત હોય છે. પરંતુ અખિલ વિશ્વમાં આ જાત સાથે સોય સૂતકનો સંબંધ હોતો નથી.

નોબલ પુરસ્કારને કારણે ફરી એક વખત મને એ જેલમાંથી કાઢીને બીજા માણસોના વિશ્વમાં મૂકી દીધેલ ત્યારે મને વાસ્તવિક્તાનું ભાન થયું. દિવસો પસાર થતા ગયા અને રેડિયો પર વારંવાર આ નોબલ પુરસ્કારની ખબરો આવવા લાગી ત્યારે મને આ નોબલ પુરસ્કારનું મહત્ત્વ સમજાવા લાગ્યું. મને સતત ભાસ થવા માંડ્યો કે જે હું લડત લડી રહી છું તે સત્યની લડત છે. મને એવું સમજાવા લાગ્યું કે હવે હું જાતમાંથી નીકળીને વિશાળ માનવ સમુદાયમાં આવી ગઈ છું. તેનાથી વિશેષ મ્યાનમારમાં લોકશાહી અને માનવ અધિકાર માટે ચાલતા સંઘર્ષ તરફ જગતના લોકોનું ધ્યાન ગયું છે. આની પાછળનું મુખ્ય કારણ શાંતિ માટેનો નોબલ પુરસ્કાર છે એવી મારી ચોક્કસ સમજ છે.

માણસ જ્યારે એકથી અલગ થાય છે ત્યારે બીજાથી જોડાઈ જવાની તેને ઈચ્છા થાય છે. બીજા માણસો સાથે જોડાવાની તક મને થાઈલેન્ડમાં પ્રાપ્ત થઈ. મ્યાનમારથી વિસ્થાપિત

*આપણા લીધે સામાને ડખો થાય એવું બોલવું, એ મોટામાં મોટો ગુનો છે. ઊલટું એવું કોઈ બોલ્યું હોય તેને દાબી દેવું, તેનું નામ માણસ કહેવાય.*

થયેલા કામદારોને જ્યારે હું થાઈલેન્ડમાં મળી ત્યારે તે કામદારોએ આક્રોશ કરતાં કહેલું કે 'અમને ભૂલશો નહીં, અમારી દુરાવસ્થાને ભૂલી જતા નહીં. અમારા માટે તમારાથી જે શક્ય હોય તે સર્વ કરજો. અમે પણ તમારી દુનિયાના માનવીઓ છીએ.'

જ્યારે નોબલ સમિતિએ મને શાંતિ માટેનો પારિતોષિક આપ્યો ત્યારે મેં તેમને જણાવ્યું કે બ્રહ્મદેશનાં શોષણગ્રસ્ત, અને એકલા પડેલા માણસો આપણા આ જગતનો એક હિસ્સો છે. **સર્વ માનવજાત એક છે. મારા માટે આ પુરસ્કાર એટલે લોકશાહી અને માનવ અધિકારની લડતનો એક ભાગ છે.** આ પુરસ્કારના કારણે મારા મનની બંધ બારી ખૂલી ગઈ છે. મારા દેશના નાગરિકોના મતે શાંતિ એ સત્સંગના માર્ગથી પ્રાપ્ત થાય છે. આ માર્ગ જીવનની પૂર્ણતા તરફનો છે.

ભૂખમરો, રોગચાળો, વિસ્થાપિતો, બેકારી, ગરીબી, અન્યાય, વિષમતા અને દંભીપણાનાં સમાચારો રોજના થઈ પડ્યા છે. દરેક ઠેકાણે નકારાત્મક શક્તિઓ શાંતિના પાયાને હલાવી રહી છે. સર્વત્ર શાંતિમય અને સંવાદભર્યું વાતાવરણ નિર્માણ કરવાની પ્રાથમિક જરૂરિયાત છે. **તેની સાથે સાથે વિકાસના નામે માનવ જીવન માટેની જરૂરિયાતની ચીજોને ખતમ કરવામાં આવી રહી છે. તેની સામે ચળવળ ઊભી કરવી જરૂરી છે.**

આજે આપણે કદાચ થોડા ઓછા હિંસક હોઈશું. પરંતુ માનવતા અને આપણા ભવિષ્ય માટે બેફિકર અને બેદરકાર ચોક્કસ છીએ. શાંતિભર્યા વાતાવરણનું ખૂન માત્ર રણ મેદાનમાં થાય છે એવું નથી. **જ્યાં જ્યાં માનવતા તરફ દુર્લક્ષ કરવામાં આવે છે ત્યાં ત્યાં સંઘર્ષનાં બીજ રોપાય છે.** વિકાસનાં નામે શોષણ થાય છે અને તેના થકી જે યાતનાઓ ભોગવવી પડે છે, તે કારણે દ્વેષ, તિરસ્કાર અને નફરત ફેલાય છે.

મારી નજરકેદ અને એકાંતવાસનો સમય એ મારા જીવનની હકારાત્મક ઘડીઓ હતી. મારા જીવનમાં મેં સ્વીકારેલ સિદ્ધાંતો અને નીતિમત્તાના અર્થનો વિચાર કરવાનો મને ભરપૂર સમય મળ્યો. બૌધ્ધ ધર્મમાં મને શ્રધ્ધા હોવાથી મારા બચપણમાં દુઃખ અને યાતનાઓ વિશે મેં સાંભળ્યું હતું. જીવનમાં આવી પડેલા દુઃખો અને શારીરિક યાતનાઓ વિશે મારી આજુબાજુના યુવાનો અને વૃદ્ધો વાતો કરતા હતા. બુધ્ધે જણાવેલ જીવનમાં આવતા છ દુઃખોના સ્વરૂપનાં વિચાર મારી નજરકેદનાં સમયમાં કરવા લાગી.

બુધ્ધે આ છ દુઃખો આ રીતે જણાવેલ છે : વ્યક્તિનું જન્મ થવું, વૃધ્ધ થવું, બીમાર પડવું, મૃત્યુના મુખમાં રિબાઈ રિબાઈને જીવવું, મનપસંદ વ્યક્તિનાં વિરહનું દુઃખ, ન ગમતાં વ્યક્તિ સાથે બળજબરીથી સાથે રહેવું – આ બધા મહાદુઃખોનું મેં પરીક્ષણ કર્યું. તે ધાર્મિકતાની નજરે નહીં પણ આપણા રોજનાં જીવનનાં સંદર્ભમાં કરેલ પરીક્ષણ માટે હતું. **આ દૃષ્ટિએ યાતના એ આપણા જીવનનાં અસ્તિત્વનો એક ભાગ છે. આ યાતનાઓનો આપણાથી શક્ય હોય તેટલો સામનો ચોક્કસ કરવો જોઈએ.**

ઉપરના છ દુઃખોમાંથી છેલ્લા બે દુઃખો આપણે જેને ચાહતા હોઈએ તેનો વિરહ અને ન ગમતાં માણસો સાથેનો બળજબરી સહવાસ તેના વિશે હું જેમ જેમ વિચારતી તેમ તેમ મને કાંઈ સૂઝતું ન હતું.

ભગવાન બુધ્ધનાં જીવનમાં એવા કયા અનુભવો થયેલ હતા જેને કારણે આ બે દુઃખોની મહાદુઃખો તરીકે ગણના કરી છે? ત્યારે મારી નજર સમક્ષ વિસ્થાપિતો, પરદેશમાં કામ શોધવા જનાર મજદૂરો, દેહવિક્રય માટે લઈ જવાતા છોકરાઓ અને છોકરીઓ, માત્ર વિકાસના નામે હજારો કુટુંબોએ સહન કરેલું બળજબરીનું વિભાજન. કૌટુંબિક ભાવનાઓ સાથે રહેતા વ્યક્તિઓને છોડીને બળજબરીથી અજાણ્યા માણસો સાથે રહેવા મજબૂર થવું પડે. આ સ્થિતિમાં કોઈ પણ વ્યક્તિ સન્માન સાથે જીવી શકતો નથી. ત્યાં તેમને કોઈ માન સન્માનથી આવકારતું પણ નથી. સારા નસીબે આપણે જે વર્તમાન સમયમાં રહીએ છીએ. તેમાં સમાજકલ્યાણ અને માનવતાની ભાવનાને સમજનાર અને મદદ કરનારને માન્યતા પ્રદાન થયેલી છે. **લોકશાહી અને માનવ અધિકારને જીવનનો મૂળભૂત અધિકાર માનવામાં આવે છે તે યુગમાં હું જીવી રહી છું તે મારું સદ્ભાગ્ય છે.**

મ્યાનમારમાં માનવ હક્કો માટેની લડત હું શા માટે લડી રહી છું, એવો પ્રશ્ન કોઈકને પૂછવો હોય તો ઉપર જણાવેલ મારા વિચારો એ જ એનો જવાબ છે. મારું દઢપણે માનવું છે કે મ્યાનમારનાં માણસો માટે લોકશાહી અને માનવ અધિકારનાં હક્કો પાછા મળે એવા દરેક કાર્ય સાથે મારી સહમતિ હશે. મ્યાનમારનાં લોકોને તેમના પ્રયત્નોના ફળ મળશે એવા સંકેતો દેખાઈ રહ્યા છે. આ મારો આશાવાદ છે અને હું તેનાથી સચેત પણ છું. મને ભવિષ્ય પર પૂરો વિશ્વાસ છે છતાં હું લોકોને આંધળો વિશ્વાસ આપી શકતી નથી. **'લોકશાહીના મૂલ્યો' અને 'મૂળભૂત માનવ અધિકાર' માનવ જીવન માટે આવશ્યક છે** અને તેને સાધ્ય કરવા એ પણ શક્ય છે, એવો મારો વિશ્વાસ છે.

જો મને લોકશાહીનાં મૂલ્યો પર વિશ્વાસ ન હોત તો ચળવળના કટોકટીના સમયમાં અમે ટકી શક્યા ન હોત. અમારામાંથી ઘણા લોકો જેલમાં શહીદ થઈ ગયા છે. ઘણા ચળવળ છોડીને પરદેશ ચાલ્યા ગયા છે. ઘણાં સમર્પિત કાર્યકર્તાઓ ચળવળની સાથે અડીખમ ઊભા રહ્યા. જ્યારે હું ભૂતકાળનો વિચાર કરું છું ત્યારે મને લાગે છે કે આવી વિકટ અને ભયાનક પરિસ્થિતિમાં આટલા કાર્યકર્તાઓએ મને કેવી રીતે સહકાર આપ્યો એની નવાઈ પણ લાગે છે. અમારા કાર્યકર્તાઓનો વિશ્વાસ આંધળો નથી. સ્વયંનો આત્મબળ, દઢ વિશ્વાસ અને દેશબંધુઓની આકાંક્ષાનો આદર તેમની નજર સમક્ષ હંમેશાં રહેતો.

હું મારા દેશ વિશે કહું તેનાથી પહેલા સદ્બુદ્ધિ અને વિવેક પરની નિષ્ઠાના કારણે જેલમાં બંધ અમારા કાર્યકર્તાઓ વિશે કહેવા માગું છું. મ્યાનમારની જેલમાં અનેક કાર્યકર્તાઓ આજીવન જેલની સજા ભોગવી રહ્યા છે અને હવે અમને એવો ડર લાગવા માંડ્યો છે કે થોડા પ્રખ્યાત કાર્યકર્તાઓને છોડીને બાકીના કાર્યકર્તાઓનું શું થશે?

આપણે ભક્તિમાં વિશ્વાસ રાખવો જોઈએ. **આપસમાં વિશ્વાસનું વાતાવરણ નિર્માણ કરીને એકતા સાધવી જોઈએ. જો એકતા હશે તો સમાજ વધુ સુરક્ષિત અને સંવેદનશીલ થશે.** મેં સંવેદનશીલ શબ્દ બહુ

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૩ ઉપર)

*લક્ષ્મી તો પુણ્યથી આવે છે. મહેનતથી આવતી હોય તો મજૂર પાસે કેમ નથી? બુદ્ધિથી આવતી હોય તો પંડિતો પાસે કેમ નથી?*

# 'મારે તારી જરૂર છે'

• ડૉ. ઊર્મિલા શાહ •

'આવું છું... કોણ હશે અત્યારે? બારણું ખોલતાં ખોલતામાં તો કેટલી ઘંટડીઓ મારે છે?'

જરાય ધીરજ નથી. રિંગ વાગે પછી જરા ઊભા ન રહેવાય! એક બાજુ નીકી રડવા ચઢી છે ને બીજી બાજુ કોણ જાણે અત્યારે કોણ ટપકી પડ્યું હશે? લોકોય નવરા હોય છે ને! ગમે ત્યારે નવરા થઈને નીકળી પડે છે...."

....ને આમ અકળામણ સાથે અનુએ બારણું ખોલ્યું ને સામે?

"અરે અનિકેત તું? કેમ આજે વહેલો આવી ગયો? કેટલી ઘંટડી મારે છે? હું આવું ને બારણું ખોલું એટલી તો વાર લાગે ને?"

"તને એટલી ખબર ન પડે? ઘંટડી વાગે એટલે બારણું ખોલતાં કેમ આટલી વાર લાગે? એક તો ઑફિસેથી થાક્યોપાક્યો આવું ને બારણું ય ઝટ ન ખૂલે... આ તે કંઈ ઘર છે!... આ નીકી આવી છે ત્યારથી તો તેં ઘરને ધર્મશાળા કરી મૂક્યું છે... કોઈ જ વસ્તુનાં ઠેકાણાં ન મળે..."

"તને તો બસ આમ જ કહેવાની ટેવ પડી ગઈ છે... કેમ કંઈ હું આખો દિવસ બેસી જ રહેતી ન હોઉં! તું એક દિવસ તો ઘેર રહી જો, તો તને ખબર પડે કે મને કેટલે વીસે સો થાય છે... નાના છોકરા સાથે ઘર સંભાળવું એ એટલી સહેલી વાત નથી અનિકેત...."

"હવે એમાં તે તેં શું નવાઈ કરે છે? ગામ આખું છોકરા મોટા નહીં કરતું હોય! તને તો જાણે નવાઈની નીકી આવી છે. આ નીકી આવી છે ત્યારથી તારો સ્વભાવ જ એવો ચીડિયો થઈ ગયો છે... ઘરમાં પેસું છું ને તારો કકળાટ ચાલુ થઈ જાય છે.... એવો તો કંટાળો આવે છે. આ તે કંઈ જિંદગી છે!"

"તો તેં ક્યારેય મારો વિચાર કર્યો છે ખરો? **હું સવારથી ઊઠીને તારું બધું જ તૈયાર કરવા મથામણ કર્યા કરતી હોઉં છું પણ તને ક્યારેય અનુને શું થતું હશે એવું થયું છે ખરું?..."** ને એમ કહેતાં કહેતાં તો અનુ ખૂબ ગુસ્સા સાથે રડી પડી.

અનિકેતનો ગુસ્સો વધી ગયો. "તમને લોકોને બૈરાંઓને આ રડવાનું સારું આવડે છે... કંઈ થયું એટલે બસ રડવાનું શસ્ત્ર જ હાથમાં આવે છે. એવું તે તને શું દુઃખ પડી ગયું છે કે આમ રડીને ત્રાગાં કરે છે... કામ થતું ન હોય તો માણસ રાખી લે... મારી ઉપર શું કામ આટલો રોફ કરે છે?"

"હું રોફ કરું છું?.... રોફ તો તું કરે છે અનિકેત, ને તું મને કહે છે કે હું રોફ કરું છું...! તને ખબર છે અનિકેત? મારા પર શું વીતી રહ્યું છે તે! આજે સવારથી મને કમ્મરનો એટલો તો દુઃખાવો છે કે માંડ ઊભી થઈને આ બધું કામ કરું છું... તને ક્યારેય મારો વિચાર આવે છે ખરો!"

"તે દવા લઈ લે... એમાં હું શું કરવાનો હતો?"

"પણ દવા જ ક્યાં છે? મેં અનિષભાઈને ફોન કર્યો હતો કે તને દવા લેતા આવવાનું કહે."

"તેણે તો મને કશું જ કહ્યું નથી... પણ તારે મને વાત કરવી જોઈએ ને? મને સીધો ફોન કેમ ન કર્યો! તમે લોકો ઊંધાં જ કામ કરો છો."

"અનિકેત! મેં તને જ ફોન કર્યો હતો. પણ તું મિટિંગમાં હતો. અનિષભાઈએ કહ્યું, ભાભી, હું દવા તમને પહોંચાડું છું...." એ વાતને તો અત્યારે પાંચ કલાક થયા... મારાથી નીચા નમીને નીકીને પણ નથી ઊંચકાતી. ને પાછી અનુ ધ્રુસકે ધ્રુસકે રડી પડી...

આ જોઈને અનિકેતના ગુસ્સાએ માઝા મૂકી.

"તો, તારે મને ફોન કરવો હતો... તને કોણે ના કહી હતી!" ને અનિકેત એકદમ ઉગ્ર બની બારણું જોરથી પછાડી તેની રૂમમાં જઈને બેસી ગયો...

...અને અનુ... અનુના મગજમાં પણ પ્રલય ઘમસાણ ચાલુ થયું...

"અનિકેત પણ ખરો છે... એને મારી જરાય પડી નથી. એને તો હું સાજી હોઉં ત્યાં સુધી જ મારી સાથે સગાઈ છે. પણ હુંય માણસ છું, કંઈ મશીન ઓછી છું! તેની સગવડો સાચવું ત્યાં સુધી સારી લાગું અને એકાદ દિવસ પણ કંઈ ન થઈ શક્યું તો ખલાસ. જાણે બધું કર્યા ઉપર પાણી ફેરવી વાળે છે! મારી કિંમત તેને ક્યાં છે! જાણે ઘરનો ઢસરડો કરવા જ આ ઘરમાં ન આવી હોઉં! નોકર રાખ્યો હોય તો તેનેય થાક લાગ્યો હશે એવો વિચાર આપણે કરીએ છીએ. અનિકેતને મારે માટે ક્યારેય એવો વિચાર આવે છે ખરો? આટઆટલું કરું છું એની છે કશી કદર! સવારે ઊઠે ત્યારથી એકેએક વસ્તુ તૈયાર કરીને આપું છું. સતત ધ્યાન રાખ્યા કરું છું કે, અનિકેતને ક્યાંય કશી તકલીફ ન પડે. ને છતાંય બારણું ખોલતાં સહેજ વાર થઈ તેમાં તો જાણે ઘડીવારમાં મને કોડીની કરી મૂકી. સ્વાર્થી નહીં તો... અરે! બારણામાં પેસતાં મારા મોં સામું જોવાનીય તેને ક્યાં નવરાશ છે! મારા મોં સામે જોયું હોત તોય તેને ખબર પડત કે આજે મારી તબિયત સારી નથી. પણ મારે માટે લાગણી હોય તો ને! પુરુષોને મન સ્ત્રી એટલે... જવા દે... મારું તો નસીબ જ એવું છે."

ને ત્યાં તો અનિકેત આવ્યો... "હું બહાર જાઉં છું... ગુસ્સાથી અનિકેતે કહ્યું."

*કરવાથી સંસાર ને સમજથી મોક્ષ.*

"ક્યારે આવીશ? રડતાં રડતાં અનુએ પૂછ્યું..."

"ખબર નહીં... મન થશે ત્યારે..." ને એણે ગુસ્સાથી ડગલું આગળ ભર્યું.

ત્યાં તો અનુ એકદમ તેને વળગી પડી.

"ના, ના અનિકેત, તું ન જા. આ તું શું કરે છે અનિકેત? મને તારી અત્યારે સખત જરૂર છે અનિકેત! મને તારી હૂંફ જોઈએ છે. ના, ના, અનિકેત, હું તારા વિના નહીં જીવી શકું." ને એમ કહેતાં કહેતાં અનિકેતને ખભે માથું મૂકી તે ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

અને અનિકેતના હૃદયમાં એકાએક ચમકારો થયો. "અરે! મેં આ શું કર્યું? કેટકેટલા વખતથી હું અનુને સમજી જ ના શક્યો! સતત તેની ઉપેક્ષા જ કરતો રહ્યો! તેણે મારે માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરી દીધું છે તેનો મને ક્યારેય ખ્યાલ ન આવ્યો! **મારો અહં, મારો વ્યવસાય, મારી મહત્ત્વાકાંક્ષા, એમાં જ અંધ બનીને મેં અનુને આજ સુધી ઘોર અન્યાય કર્યા કર્યો!"** અને અનુને એણે છાતીસરસી ચાંપી... તેને ચૂમી લીધી... ઘડી પહેલાં પ્રજ્વળી રહેલો બંનેનો ક્રોધ જાણે એકાએક વ્હાલનાં વાદળમાં પલટાઈને મુશળધાર વરસી રહ્યો હતો. બંનેની આંખોમાંથી પશ્ચાતાપનાં આંસુ વહી રહ્યાં હતાં. બંનેને પોતાની ભૂલ સમજાઈ ગઈ હતી. અનિકેતના હૃદયમાં રહેલાં સ્વાર્થ અને અભિમાનનાં પડળ એકાએક ખસી ગયાં હતાં. તેનું પુરુષત્વ અનુનો આધાર બનવા તત્પર બની ગયું હતું. જાણે દરિયાના વિશાળ પેટાળમાં સમાઈ જતી નદી ન હોય!!

અને અનુ!.... અનુને પણ સખત ઉકળાટ પછી જાણે હૃદયનો વિસામો મળ્યો હતો... **શબ્દોની સાઠમારી ને એમાંથી ઊભા થયેલા સંગ્રામ પછી પરિણમેલી આ સ્નેહની સંધિ અને ઉષ્મા જાણે કાળા વાદળની ધાર પરથી ઝળુંબી રહેલી સોનેરી કોરની જેમ ઝળહળી રહી હતી.** અનુ અને અનિકેતનાં હૃદયમાં એક અનેરી હાશનો અહેસાસ હતો. કેટલાય વખતથી હૃદયમાં ભંડારી રાખેલા ભારેલા અગ્નિનો જાણે આજે એકાએક અંત આવી ગયો હતો. ફક્ત અનુની હૃદયની વેદનાની વાચાથી... 'અનિકેત! મને અત્યારે તારી ખૂબ જરૂર છે.'

માનવ મન કેવું છે! જીવનમાં તેની કોઈને જરૂર છે એવો જ્યારે તેને અહેસાસ થાય છે ત્યારે જ તેને તેના જીવન પ્રત્યે પ્રેમ જાગે છે. તેનામાં જિજીવિષા જાગે છે. **ખરેખર તો હૃદયમાં રહેલી સ્નેહની સંવેદનાને વાચાની જરૂરત જ ન હોય, કારણકે સ્નેહ એ તો શબ્દ વિના જ સમજાય એવું સગપણ છે.** પણ ક્યારેક માણસનો અહં, તેનું સ્વાભિમાન તેને એવો તો આંધળો બનાવી દે છે કે તેના જ હૃદયની એ સ્નેહની સંવેદનાને તે ભૂલી જાય છે.

તેને જાણે ઠેબે ચડાવે છે. સપ્તપદીનાં સાત પગલે લીધેલી પ્રતિજ્ઞાઓ જાણે એક પછી એક વિસારે પડતી જાય છે. ને પરિણામે કેટકેટલાનાં દાંપત્ય નંદવાઈ જાય છે!

એટલે જ પતિ-પત્નીના સંબંધોની નાજુકાઈને સમજવાની સ્ત્રી અને પુરુષ બંનેને માટે ખૂબ જરૂર છે. પણ એ સમજવા માટે સ્ત્રી અને પુરુષ બંનેમાં જે તફાવત છે તેનો ખ્યાલ સતત મગજમાં હોય તો જ તે શક્ય બને. એક વખત હૃદય ખૂલ્યું પછી તો સંઘર્ષને ક્યાંય અવકાશ ન જ રહે. **ને ત્યારે ક્ષમા, સ્નેહ અને સ્વાર્પણ માટે બંનેનાં હૃદયમાં ઝંખના જાગે, અનેક ગેરસમજોની હારમાળા સાનિધ્યથી ભૂંસાઈ જાય.** મોટેભાગે દાંપત્ય જીવનમાં જ્યારે આવા સંઘર્ષો થાય છે ત્યારે પતિ ને પત્ની બંનેને સમજ નથી પડતી કે "આમાં હવે શું કરવું?" **વાસણ ભેગાં થાય તો ખખડે તો ખરાં જ પણ પાછાં ગોઠવાય પણ ખરાં ને!** પણ સ્ત્રી અને પુરુષ બંનેના વિચારવાની, વિનિમયની બધી જ રીતો એવી ન્યારી હોય છે કે બંને એકબીજાને સમજી શકતાં જ નથી.

ક્યારેક તો બંનેનાં હૃદયમાંથી એક પોકાર પડતો હોય છે કે "માફી માંગી લે ને! એમાં તારું શું નાક કપાઈ જવાનું છે! એય તારો જ છે ને! એ ક્યાં પારકો છે!" પણ ત્યાં તો ઈશ્વરે તેનાં હૃદયમાં મૂકેલો 'અહં' સળવળી ઊઠે છે. "હું શા માટે સોરી કહું? કાંઈ મારી એકલીની ભૂલ ઓછી જ છે! એનો પણ વાંક છે જ ને!" ને બંનેના અંતર વચ્ચે અંતર વધતું જાય છે. બંને પોતાના સ્વમાન માટે જાણે તૈયાર થઈ જાય છે.

ને તેમાંથી સામસામાં વિરોધી વલણો મગજમાં ઊભાં થાય છે. ને જીવન ખારું થઈ જાય છે. **ક્યારેક સંસાર સાગરની એ ખારાશને દૂર કરવા સ્ત્રીની આંખમાંથી નીકળતાં માત્ર બે જ અશ્રુબિંદુની ખારાશ પણ કામિયાબ નીવડી શકે છે.** એ વિધિની કેટલી મહાનતા!!

*૨૫, પાર્થ બંગ્લોઝ, એસ.જી. હાઈવે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪*

*ઘણા માણસો કીર્તિ માટે એવાં વલખાં મારતાં નજરે ચડે છે કે આપણને એમની દયા આવે. પોતે મહાન છે, બીજાઓની સેવા કરી રહ્યા છે અને એમની જિંદગીની પળેપળ પરહિત કાજે ખરચાઈ રહી છે એવું બતાવવા માટે આ લોકો આકાશ-પાતાળ એક કરે છે. પણ દુઃખની વાત તો એ છે કે આવા ધાંધલ કરનારાઓને કદી પણ સાચી કીર્તિ મળતી નથી. આવી ધમાલ કરનાર માણસો થોડો સમય બીજાઓની સમક્ષ ચમકે છે, પણ વખત જતાં તરત જ ખબર પડી જાય છે કે આ દીવડાઓના પ્રકાશ પાછળ ઘી નથી પણ ઘાસતેલ ભર્યું છે. શુદ્ધ કીર્તિનો પ્રકાશ સદા સાચા સેવકોને મળે છે, પણ ખૂબીની વાત તો એ છે કે સો ટચના સોના જેવા આ માણસો કીર્તિની પરવા કરતા જ નથી.*

સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર
cps **કમર્શિયલ પેકીંગ સર્વિસીસ**
સ્થાપના ૧૯૫૮ ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ
53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

# ઋષિમુનિઓએ ગૌરવાન્વિત કરેલી નારીનું મહાત્મ્ય

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

નારીનું મહાત્મ્ય વૈદિક શાસ્ત્રોએ દર્શાવ્યું છે. ઋષિમુનિઓ, સંતો, યોગીઓ, તીર્થંકરો, ગણધરોનો પ્રાદુર્ભાવ નારીના પેટે જ થયો છે. લાખો લાડકવાયાઓની જનેતાઓ ભારત વર્ષમાં ઉદ્‌ભવી છે. જેમના ધાવણ પીને નર બંકાઓએ સુવર્ણ અક્ષરે ઇતિહાસ રચાવ્યો છે. **પોતાના જીવન દરમ્યાન નારીએ બહેન, પુત્રી, પત્ની, વહુ, માતા, સાસુ તરીકે વિવિધ વેષ ધરવા પડ્યા છે.**

અસાર એવા આ સંસારમાં નારી સારરૂપ છે. નારી જ મહાપુરુષોને, નરરત્નોને પોતાની કુક્ષીમાં તૈયાર કરીને જગતને ભેટ આપે છે. કોઈ નરવીર, કોઈ શૂરવીર, કોઈ રાષ્ટ્રવીર તો કોઈ ધર્મવીર હોય છે. **શીલવંત ઉત્તમ નારીઓને રાષ્ટ્રનું ઘરેણું કહેવામાં આવે છે.** નારી જીવનની જવાબદારીઓ અનંત છે. નારીનું જીવન સંઘર્ષમય હોવા છતાં તે આત્મબળથી જીવન વ્યતીત કરે છે. ભ્રૂણ ધારણ કરી નવ માસ સુધી તેનો ભાર વહન કરવાનો, ભ્રૂણને ઈજા ન પહોંચે તે ખાસ કાળજી રાખવાની, પ્રસૂતિની ભયાનક વેદના સહેવાની, બાળકને ઉછેરીને મોટું કરવા રાતના ઉજાગરા કરવાના, થોડું મોટું થાય ત્યારે શિક્ષણની વ્યવસ્થા કરવાની. આવી અનેક કઠિન કામગીરીને મૂંગા મોંએ સહન કરી પોતાની ફરજ ઉત્સાહભેર પૂર્ણ કરે છે.

કોઈ પણ પુત્રીને સાસરે મોકલવાની હોવાથી તેની માતા, દીકરી પોતાના પિયરિયાનું નામ સાસરિયામાં ઉજાળે તે માટે પોતાની પુત્રીને સુસંસ્કારોથી ભરી દેવા અહર્નિશ પ્રયત્નશીલ રહે છે. તેણીના લોહીમાં કણકણમાં ધર્મ અને સંસ્કૃતિના સંસ્કારોનું સિંચન કરે છે. તેણી પોતાની પુત્રીમાં લજ્જા, કાર્યદક્ષતા, સ્નેહ, સહિષ્ણુતા, સમજણ જેવા ગુણોની ખીલવટ કરે છે. દીકરી સાસરે જાય ત્યારે ઘરમાં પ્રવેશતાં જ હાથે કંકુ લગાડી દીવાલ પર હાથના બે થાપા મારે છે. **પહેલો થાપો મારી, પિયરિયાને ખાતરી આપે છે કે સાસરે આવેલી તમારી દીકરી એવું કોઈ ખોટું કામ નહિં કરે જેથી તમને કલંક લાગે.** બીજો થાપો સાસરિયા માટે છે. **તમારે ઘેર આવેલી આ વહુ એવું કોઈ કામ નહિં કરે કે જેથી તમારા યશને કોઈ કલંક લાગે.**

પિતૃગૃહ છોડી અણચિંતવ્યા પારકા ઘેર જવાનું અને પરાયાને પોતાના બનાવવાનું મહામૂલું કાર્ય માત્ર નારી જ પાર પાડી શકે છે. આ કાર્ય નારી ખૂબ જ ધીરજથી, ખૂબ જ ચાલાકીથી, મગજને શાંત રાખીને પાર પાડે છે. **આખરે તેણી સાસરિયામાં દૂધમાં સાકરની જેમ ભળી જઈ સૌનો વિશ્વાસ અને પ્રેમ સંપાદન કરે છે.** સમયાંતરે પતિદેવ અને સાસુજીને રીઝવી પોતાના કાર્યો ઉત્સાહથી પાર પાડતી રહે છે.

કોઈપણ માતા પોતાની પુત્રીને સુકન્યા બનાવે છે, આશા, શ્રદ્ધાવાદી અને સંસ્કારી બનાવે છે. જેથી પોતાની પુત્રી સાસરિયાને ધર્મમય બનાવી શકે. શાસ્ત્ર સંમત વાત છે કે દીકરી સદા પિતાને વહાલી હોય છે જ્યારે પુત્ર માતાને વહાલો હોય છે. જ્યારે દીકરી સાસરે જાય ત્યારે તેના પિતાને ખૂબ જ આઘાત લાગે છે. તેને પોતાનું સર્વસ્વ ગુમાવ્યા જેવું લાગે છે. અનેક પિતા પોતાની પુત્રીનો વિયોગ સહન કરી શકતા નથી ત્યારે પુત્રી સાસરિયેથી વહાલભર્યો લાંબો પત્ર લખીને, મોબાઈલ કે ફોન પર વાતચીત આદરીને માતા-પિતાને ધીરજ આપે છે. માતાને, પિતાજીની સારસંભાળ લેવા પણ ખાસ વિનવે છે. **એક હજાર શિક્ષકોની બરોબરી એક માતા કરે છે.**

ભારતીય સંસ્કૃતિની હૃદય સમી નારી ખાસ કરીને પત્ની તરીકે અનેક બાણોથી વિંધાયેલી જોવા મળે છે. કેટલીક તો મરણાંત કષ્ટ ભોગવી રહી છે. કેટલાક પતિઓએ, તો કેટલાક સંતાનોએ પત્ની કે માતાની અવદશા કરી છે. પશ્ચિમના ભોગરસના પવનોએ આપણી સુ-સંસ્કૃતિને છિન્ન ભિન્ન કરવા પ્રયત્નો આદર્યા છે **ત્યારે ભારતીય આર્યનારી સ્વમાનભેર, ચારિત્ર્યશીલતાથી સ્વજીવન વ્યતીત કરી શકે એ સમયની માંગ છે.**

*'સહજાનંદ', ૬/એ, લીમડા લેન,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

"કચ્છી યલો પેજીસ"

## એજન્સી / વ્યક્તિઓની જરૂરત છે

અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોના દરેક વ્યવસાયીકને ત્યાં ફરીને "કચ્છી યલો પેજીસ" માટેના ફોર્મ કલેક્ટ કરી શકે તેવા અને "કચ્છી યલો પેજીસ" માટે જાહેરાત એકત્રિત કરી શકે તેવી એજન્સી / વ્યક્તિઓની જરૂરત છે. યોગ્ય વળતર આપવામાં આવશે.

આ બાબતમાં રસ ધરાવનાર વ્યક્તિ પાસેથી લેખિતમાં તા. ૨૦-૧૦-૨૦૧૨ સુધીમાં નીચેના સરનામે અરજી મંગાવવામાં આવે છે.

**કન્વીનર – શ્રી કચ્છી યલો પેજીસ**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન
૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧, ૨૬૫૭૯૪૬૯

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# ડાયાબિટીસ મેનેજમેન્ટ

• હાસ્યલતા દિનેશ મહેતા •

મધુપ્રમેહ એટલે ડાયાબિટીસ એક વ્યાપક અને ગંભીર રોગ થતો જાય છે. લોકોમાં ડાયાબિટીસની ટકાવારી દિવસે દિવસે વધતી જાય છે. **વિશ્વમાં ડાયાબિટીસનું પ્રમાણ ૩ થી ૧૪ ટકા મનાય છે.** જ્યારે ભારતમાં આ પ્રમાણ તેના કરતાં ઘણું ઊંચું છે. ઘણાં પીડિતો સાધારણ જીવન જીવી શકતા નથી.

ડાયાબિટીસ મેલાઈટસ એ એક મેટાબોલિક ડિસઓર્ડર છે, જેમાં ઈન્સ્યુલિનની ઉણપ અને / અથવા રેસિસ્ટન્સને કારણે શરીરની ગ્લુકોઝ (શર્કરા), પ્રોટિન્સ અને ચરબીને વાપરવાની ક્ષમતા ઓછી થઈ જાય છે. આને લીધે અગર યોગ્ય ટ્રીટમેન્ટ ન કરવામાં આવે તો લોહીની નળીઓને નુકસાન થઈ શકે છે.

આપણા શરીરમાં આવેલી પેન્ક્રિયાસની ગ્રંથિ ઈન્સ્યુલીન ઉત્પન્ન કરવાનું કાર્ય કરે છે. ડાયાબિટીસની બીમારીમાં પેન્ક્રિયાસમાંથી ઈન્સ્યુલિનનું ઉત્પાદન બિલકુલ બંધ થઈ જાય અથવા તો તેની કાર્યશીલતા અને ઉત્પાદનનું પ્રમાણ ઘટી જાય છે. ઘણી વાર ઈન્સ્યુલિનનો સ્રાવ પૂરતો હોય પણ અસરકારક ન હોય. **આ બધાના કારણે રક્તમાં સુગર / સાકરનું પ્રમાણ વધે છે.**

ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવું ખૂબ જરૂરી છે. કારણ શરીરના જુદા જુદા ઓર્ગન્સ (અવયવો) પર તેની આડઅસર થઈ શકે છે. જેની ઘણીવાર દર્દીને ખૂબ મોડી ખબર પડે છે. ડાયાબિટીસ જો કાબૂ બહાર જાય તો આંખ ઉપર આડઅસર અથવા ડાયાબેટિક રેટિનોપથી, મૂત્રપિંડની આડઅસર અથવા ડાયાબિટીક નેફ્રોપથી, ચેતાતંત્ર ઉપરની આડ અસર અથવા ડાયાબેટિક ન્યુરોપથી, હૃદયરોગ અથવા લકવાની અસર વગેરે ઘણી જાતની આડઅસર કે વિષમતાઓ ઉદ્ભવી શકે છે.

ડાયાબિટીસની સારવાર કરવામાં આવે અને તેને કાબૂમાં રાખવામાં આવે તો તેને લીધે થતી આડઅસરોને નિવારી શકાય છે અથવા તો થયેલી આડઅસરોમાં રાહત મેળવી શકાય છે. ટૂંકમાં, તંદુરસ્ત વ્યક્તિની માફક જીવવા માટે ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવો ખૂબ આવશ્યક છે.

નિયમિત, યોગ્ય સારવાર તથા અનુરૂપ જીવનશૈલી અપનાવવાથી ડાયાબિટીસને કાબૂમાં રાખી શકાય છે અને તેની આડ અસરને ઘણે અંશે અટકાવી શકાય છે.

ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવા માટે સૌ પ્રથમ તેનું યોગ્ય અને સમયસર નિદાન જરૂરી છે. તેનું નિયમિત મેનેજમેન્ટ જરૂરી છે. દર્દીએ તેના રોગને બરોબર સમજવો ખૂબ જરૂરી છે.

**ડાયાબિટીસની સારવાર માટે મુખ્ય ત્રણ ઉપાયો છે : (૧) આહાર, (૨) કસરત તથા યોગાસનો, (૩) દવા.**

વ્યક્તિએ **ખોરાક** કેવો, કેટલો અને ક્યારે લેવો તે સમજવું અને તેનું પાલન કરવું ખૂબ જરૂરી છે. તેવી જ રીતે બીજું મહત્ત્વનું પરિબળ **શારીરિક શ્રમ / કસરત** અને **યોગ** છે. કસરત / યોગ કેવા પ્રકારની, કેટલીવાર, કેટલા સમય માટે કરવી તે બધું જ અગત્યનું છે. વ્યક્તિએ ગોળી કે ઈન્સ્યુલિન, કેટલી - ક્યારે લેવી વગેરે ચકાસતાં રહેવું પડે છે અને જરૂરિયાત પ્રમાણે તેનાં ડોઝ તબીબી સલાહ મુજબ બદલવા પડે છે.

ઘણી વખત દર્દીને આ બધા વિશે પૂરતું કે યોગ્ય જ્ઞાન હોતું નથી અને ગેરસમજણ પણ હોય છે. ઘણા કિસ્સામાં આ બધી સગવડો માટે જુદી જુદી જગ્યાએ જવું પડે છે. જેથી દર્દીને અસુવિધા અને ગૂંચ અનુભવવી પડે છે.

પેશાબ, લોહી તથા અન્ય જરૂરી પરીક્ષણ, વિભિન્ન નિષ્ણાતો જેમ કે ફિઝિશિયન, આંખના ડૉક્ટર, ડાયટિશિયન વગેરે દ્વારા તપાસ અને સલાહ-સૂચન, કસરત, યોગ માટે સલાહ તથા ટ્રેનિંગ **આ બધું એક જ સ્થળે પ્રાપ્ત થઈ શકે એ ઉમદા વિચારથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરે ડાયાબિટીસ મેનેજમેન્ટ માટે એક યુનિટ શરૂ કરવાની એક યોજના ઘડી છે.** જે થોડા જ સમયમાં કાર્યરત થશે.

ડાયાબિટીસ એ આજીવન રોગ છે, **જેને મટાડી શકાતો નથી પરંતુ યોગ્ય પગલાં લઈ કાબૂમાં અવશ્ય રાખી શકાય છે.** અને વિષમતાઓ અટકાવી શકાય છે. ડાયાબિટીસનાં દર્દીઓ પણ અન્યની જેમ તંદુરસ્ત જીવન જીવી શકે તે માટેનો આ એક પ્રયાસ છે. આ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરમાં મુલાકાત કરીને જરૂરી માહિતી અને સારવાર મેળવી શકાય છે.

*સી/૪૦૨, પ્રેસ્ટીજ ટાવર, ચીફ જસ્ટીસના બંગલા પાસે,*
*જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

*બહુ વિચારશીલ માણસ ભયવાળો હોય.*

# આરોગ્ય ક્ષેત્રે આપણો દેશ

**• સાબરકાંઠા આરોગ્ય મંડળના વાર્ષિક અહેવાલમાંથી •**

આપણા દેશમાં આરોગ્ય ક્ષેત્રે ઘણા બધા પ્રશ્નોના ઉકેલ હજુ આપણે મેળવી શક્યા નથી. ડૉક્ટરો પેરા મેડિકલ સ્ટાફ વગેરેની દેશમાં તીવ્ર અછત પ્રવર્તે છે.

દેશમાં આરોગ્યક્ષેત્રે સંકળાયેલા માણસોમાં લગભગ ૭૦ ટકા લોકો ખાનગી ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૯૫ ટકા ડૉક્ટરો, ૩૮ ટકા લેબોરેટરી ટેકનિશિયનો તથા ૧૮ ટકા ફાર્માસિસ્ટ ઉપલબ્ધ નથી.

આપણા દેશમાં દર ૧૭૦૦ માણસો દીઠ ફક્ત એક જ ડૉક્ટર ઉપલબ્ધ છે. વિશ્વમાં આ પ્રમાણ ૧૦૦૦ માણસો દીઠ ૧.૫ છે.

દુનિયાના બીજા દેશોમાં ડૉક્ટરોની ઉપલબ્ધિ વિશે જોઈએ.

| *દેશનું નામ* | *વસતિની સંખ્યા દીઠ ૧ ડૉક્ટર* |
|---|---|
| સોમાલિયા | ૧૦,૦૦૦ |
| ચીન | ૧૦૬૩ |
| કોરિયા | ૯૫૧ |
| બ્રાઝિલ | ૮૪૪ |
| સિંગાપોર | ૭૧૪ |
| જાપાન | ૬૦૬ |
| થાઈલેન્ડ | ૫૦૦ |
| યુ.કે. | ૪૬૭ |
| યુ.એસ.એ. | ૩૫૦ |
| જર્મની | ૨૯૬ |

વસતિના પ્રમાણમાં જર્મનીમાં ડૉક્ટરોની ઉપલબ્ધિ ઘણી જ સારી છે. **આપણા દેશમાંથી પશ્ચિમના દેશોમાં સ્થળાંતર કરતા ડોક્ટરો જોતાં યુ.એસ.એ.ના કુલ ડોક્ટરોમાં આપણા ડોક્ટરોનું પ્રમાણ ૪.૯ ટકા અને યુ.કે.માં ૧૦.૯ ટકાનું છે.**

તા. ૧૫-૫-૧૨ના રોજની પરિસ્થિતિ પ્રમાણે આપણા દેશમાં ૨૭૦ મેડિકલ કોલેજો છે. જેમાંથી દર વર્ષે ૨૮,૧૫૮ ગ્રેજ્યુએટ ડૉક્ટરો બહાર પડે છે. દેશની બધી મેડિકલ કોલેજોમાંથી ૫૮ ટકા મેડિકલ કોલેજો આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, કેરાલા અને તામિલનાડુમાં આવેલી છે.

આ રાજ્યોમાં દેશની કુલ વસતિની ૩૧ ટકા વસતિ સામે દેશની મેડિકલ કોલેજના ૫૮ ટકા મેડિકલ કોલેજો આવેલી છે. આપણે જાણીએ છીએ કે ડૉક્ટરોની માંગ તેમની ઉપલબ્ધિ કરતાં ઘણી જ વધારે છે. આવી વિષમ પરિસ્થિતિમાં ડૉક્ટરો દેશમાંથી પરદેશ જતા રહે છે. ગઈ સાલ ૧,૩૩૩ ડૉક્ટરોએ પરદેશની વાટ પકડી હતી. છેલ્લા ૩ વર્ષમાં ૩૦૦૦ ડૉક્ટરો પરદેશ ભણવા ગયેલા, તે દેશમાં પાછા આવ્યા નથી.

આપણે સખેદ નોંધ લેવી પડે છે કે દુનિયામાં ડૉક્ટરોની ઉપલબ્ધિમાં સોમાલિયા પછી ભારતનો નંબર આવે છે. **આપણા દેશમાં મોંઘી દવાઓ અને મોંઘી સારવારના ખર્ચ અંગે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (W.H.O.)ના એશિયન દેશોના સલાહકાર ડો. કેથલીન એ. હેલોવેનાએ આપણા દેશની આરોગ્ય સમસ્યાઓ અંગે ભારે ચિંતા દર્શાવતા સમાચાર તા. ૨-૧૧-૨૦૧૧ના 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના અંકમાં પ્રસિધ્ધ થયા છે.** તે પ્રમાણે દેશના આશરે ૭૦ ટકા લોકોને આરોગ્ય સારવાર અને દવાઓ પાછળ તેમની બધી જ આવક ખર્ચવી પડે છે. આની સરખામણીમાં આપણા પડોશી દેશ શ્રીલંકામાં આ ખર્ચનું પ્રમાણ ૩૦ ટકા જેટલું છે. ડૉ. કેથોલીનના કહેવા પ્રમાણે દેશમાં આટલો બધો ખર્ચ કરવા છતાં ગુણવત્તાસભર દવાઓ અને સારવારના અભાવે દેશમાં હવાજન્ય અને પાણીજન્ય રોગોનું પ્રમાણ ઘટ્યું નથી. તેમના કહેવા પ્રમાણે દર વર્ષે દેશમાં ત્રણ કરોડ નેવું લાખ લોકો આવી દવાઓ અને સારવાર પાછળના ગંજાવર ખર્ચને પહોંચી ન વળતાં ખરાબ તંદુરસ્તીના લીધે ગરીબી રેખાની નીચે ધકેલાઈ જાય છે. સને ૨૦૦૪ના અભ્યાસ પ્રમાણે દેશની ગ્રામ્ય પ્રજાના ૩૦ ટકા લોકો પૈસાના અભાવે કોઈપણ જાતની આરોગ્ય સેવાઓ મેળવી શકતા નથી. શહેરી વિસ્તારમાં આ લોકોનું પ્રમાણ ૨૦ ટકા છે. ગ્રામ્ય વિસ્તારના લોકોને આરોગ્ય સેવાઓ માટે કાં તો તેમને લોન લેવી પડે છે અથવા તો મિલકતો વેચવી પડે છે. જેના લીધે આમ આદમીની મુશ્કેલીઓ વધતી જાય છે. મહારાષ્ટ્ર સરકારે ગયા વર્ષે તેના બજેટમાંથી આરોગ્ય સારવાર અને દવાઓ પાછળ બજેટના ૫.૩ ટકા ખર્ચ્યા છે. જે દસ વર્ષ પહેલા ૧૧.૩ ટકા પ્રમાણે ખર્ચ થતું હતું.

આજ રીતે હરિયાણા, કર્ણાટક, મધ્યપ્રદેશમાં કુલ આરોગ્ય સેવાઓના ખર્ચના બજેટમાંથી દવાઓ પાછળનું ખર્ચ ઘટતું જાય છે. કેરાલાનો દાખલો લઈએ તો કેરાલા આપણા દેશમાં આરોગ્ય સારવાર અને દવાઓ પાછળ સૌથી વધારે ખર્ચ કરે છે. ગઈ સાલ કેરાલા સરકારે આરોગ્ય સેવાના કુલ બજેટના ૧૨.૫ ટકા દવાઓ પાછળ ખર્ચ કરેલ છે. દસ વર્ષ પહેલાં આ પ્રમાણ ૧૭ ટકા હતું.

'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના તા. ૧૩-૪-૨૦૦૮ના રોજ પ્રસિદ્ધ થયેલા નીચેના સમાચારોથી ડૉ. કેથોલીન એ. હોલવેની વાતને સમર્થન

*જે ના ગમતું હોય છતાં કરવું પડે છે, તેનું નામ 'તપ' કહેવાય.*

મળે છે.

પાણીજન્ય રોગોથી દેશને વાર્ષિક રૂા. ૨,૦૦૦/- કરોડનું નુકસાન થાય છે. દર વર્ષે ૩૭,૭૦,૦૦૦ લોકો બીમાર પડે છે. તેમાં ૭૫ ટકા તો ૫ વર્ષથી નીચેનાં બાળકો છે. દર વર્ષે ૧૫,૦૦,૦૦૦ બાળકો મરડાના રોગથી મરી જાય છે. ૭,૩૦,૦૦,૦૦૦ કામના માનવ કલાકો બગડે છે. રૂા. ૬૭૦૦/- કરોડ ગ્રામ્ય ગરીબ લોકોની સારવાર પાછળ વરસે દહાડે ખર્ચાય છે.

**પ્લાનિંગ કમિશનના અહેવાલ પ્રમાણે દર એક હજાર માણસોએ ઉપલબ્ધ હોસ્પિટલ - પથારીમાં આપણો દેશ દુનિયાના ઘણા દેશો કરતાં પાછળ છે.** સને ૨૦૧૦ના અહેવાલ પ્રમાણે આપણા દેશમાં જાહેર ક્ષેત્રની હોસ્પિટલોમાં દર ૨૦૧૨ માણસોએ એક પથારી ઉપલબ્ધ છે.

શ્રીલંકામાં દર એક હજાર માણસોએ ૩.૧ પથારી ઉપલબ્ધ છે. ચીનમાં ૩, થાઈલેન્ડમાં ૨.૨, બ્રાઝીલ ૨.૪, યુ.એસ.એ.માં ૩ અને યુ.કે.માં ૩.૯નું પ્રમાણ છે.

એક ધારણા પ્રમાણે સન ૨૦૨૨માં ૧૩૫.૩ કરોડની દેશની વસતિ માટે ૨૭ લાખ પથારીની વ્યવસ્થા કરતાં દર એક હજાર માણસો માટે બે પથારી ઉપલબ્ધ થશે.

આપણા દેશની સ્વાસ્થ્ય સેવાની ફળશ્રુતિ સામે બાંગ્લાદેશની, જેને આપણા દેશ કરતાં બધી રીતે પછાત ગણીએ છીએ, સ્વાસ્થ્ય સેવાઓની ફળશ્રુતિ ઘણી જ સારી છે. આપણો દેશ દક્ષિણ એશિયાના દેશોમાં આર્થિક પ્રગતિમાં ઘણો જ આગળ હોવા છતાં સ્વાસ્થ્યની ઘણી બધી બાબતોમાં પાછળ છે તેનો ખ્યાલ નીચેની માહિતી ઉપરથી આવશે. **ભારતમાં દર એક હજાર બાળકોએ ૫૦ બાળ મરણનો દર છે. બાંગ્લાદેશમાં દર એક હજાર બાળકોએ ૪૧ બાળ મરણનો દર છે.**

ભારતમાં સરેરાશ આયુષ્ય મર્યાદા ૬૪ વર્ષ છે. બાંગ્લાદેશમાં સરેરાશ આયુષ્ય મર્યાદા ૬૬.૬ વર્ષ છે. બાંગ્લાદેશમાં સ્ત્રીઓમાં સાક્ષરતા ૭૬.૮ ટકા છે, જ્યારે પુરુષોમાં ૭૪.૧ ટકા સાક્ષરતા છે. ભારતમાં સાક્ષરતા દર બાંગ્લાદેશ કરતાં જરૂર ઊંચો છે, પરંતુ સ્ત્રી સાક્ષરતા દર ૭૪ ટકા છે. બાંગ્લાદેશમાં પ્રાથમિક સ્કૂલમાં ૮૯.૯ ટકા છોકરીઓ રજિસ્ટર થયેલ છે જ્યારે છોકરાઓનું પ્રમાણ ૮૨.૯ ટકા છે. માધ્યમિક સ્કૂલમાં ૪૨.૬ ટકા છોકરીઓ રજિસ્ટર થયેલ છે, છોકરાઓનું પ્રમાણ ૪૦.૪ ટકા છે. આ બધા જ આંકડા આપણા દેશના પ્રમાણમાં ઘણાં ઊંચા છે.

## • દેશમાં બાળમૃત્યુ દર :

આપણા દેશમાં દર વર્ષે ૧૩ લાખ બાળકો પહેલા જન્મદિવસ પહેલાં મરી જાય છે. ગ્રામ્ય વિસ્તારમાં બાળ મૃત્યુ દર એક હજાર બાળકોએ ૫૫ છે, જ્યારે શહેરી વિસ્તારમાં આ દર ૩૪ જેટલો છે. દર વર્ષે પંચાવન હજાર સ્ત્રીઓ પ્રસૂતિ વેળાએ મરી જાય છે. પાંચ વર્ષ નીચેનો બાળ મૃત્યુ દર ૬૯ છે. બાળ મૃત્યુ દર એક હજાર બાળકો દીઠ નેપાળમાં ૪૮, બાંગ્લાદેશમાં ૫૨ અને ચીનમાં ફક્ત ૧૯ છે.

મધ્યપ્રદેશ - ૬૭, ઓરિસ્સા - ૬૫, ઉત્તર પ્રદેશ - ૬૩, કેરાલા - ૧૨, તામિલનાડુ - ૨૮, પશ્ચિમ બંગાળ - ૩૩, ગુજરાત - ૬૦, દિલ્હી-૪૦, મહારાષ્ટ્ર-૪૧, પંજાબ-૪૯.

આરોગ્ય સેવાઓ પાછળ દેશમાં અબજો રૂપિયા ખર્ચાતા હોવા છતાં આપણાથી પછાત બાંગ્લાદેશના આરોગ્ય વિષયક આંકથી આપણે ઘણા જ પાછળ છીએ.

***(શ્રી કે.કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ - વાત્રકના ૨૦૧૧-૨૦૧૨ના વાર્ષિક અહેવાલમાંથી)***

# ઋણ મુક્તિ

પિતૃઋણ, ગુરુઋણ અને વિશ્વઋણ — એ ત્રણ ઋણોનો આપણા સૌ કોઈ પર ભાર છે અને તેનું આપણને ભાન રહેવું જોઈએ અને ક્રમશઃ તેમાંથી મુક્ત થવાનો ભાવ રહેવો જોઈએ અને એ માટે પ્રામાણિક પ્રયત્ન પણ થવો જોઈએ, કોઈને કોઈ રીતે.

દા.ત. પિતાનો સંસ્કાર વારસો શોભાવવો અને સંભાળવો તે પિતૃઋણ મુક્તિ છે. ગુરુના ઉપકારનો સ્વીકાર કરવો તે ગુરુ ઋણ મુક્તિ છે અને રોજને રોજ કોઈને યોગ્ય મદદ કરવી તે વિશ્વઋણ મુક્તિનો પ્રયાસ છે. શાળાના શિક્ષક, ધાર્મિક પાઠશાળાના શિક્ષક, કૉલેજના પ્રાધ્યાપક અને આપણને ધર્મબોધ આપનાર ધર્મગુરુ આ બધાનો આપણા પરના ઉપકારનો સ્વીકાર કરવો. હું તેમની પાસે ભણ્યો - તેમની પાસેથી શીખવા સમજવા મળ્યું. મારા જીવનમાં તેમના સમાગમથી ઘણો આત્મિક લાભ થયો. આમ વારંવાર કૃતજ્ઞતા પ્રગટ કરતા રહેવું.

આપણી આસપાસના જગત પાસેથી આપણે કેટલું બધું મેળવીએ છીએ. એ બધાથી આપણું જીવન ટકેલું છે. આપણી જીવન નૈયા સરળ રીતે તરતી રહે છે. આપણે પણ કોઈને ટેકારૂપ બનીએ તો શુભના વર્તુળમાંથી બીજું વર્તુળ રચાશે અને એ વિસ્તરતું રહેશે.

શાક માર્કેટમાં બનેલો પ્રસંગ છે. શાક માર્કેટમાંથી શાક ખરીદ્યા પછી કાછિયાને પૈસા ચૂકવતી વખતે એક ભાઈને વીસેક રૂપિયા ખૂટ્યા. કાછિયો અને ખરીદનાર ભાઈ બંને એકબીજાથી અજાણ્યા હતા. પૈસા બાકી કેમ રખાય? ભાઈ મુંઝાતા હતા. ત્યાં બાજુમાં ઊભેલા ભાઈએ સૌજન્ય બતાવ્યું. પોતાની પાસેથી વીસ રૂપિયા આપ્યા. હિસાબ પૂરો થયો.

જેની પાસે પૈસા ખૂટતા હતા એ ભાઈએ પૈસા આપનાર ભાઈનું સરનામું માગ્યું. જવાબ મળ્યો, 'કાંઈ જરૂર નથી. બીજી કોઈ વ્યક્તિ જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે તમે પણ આ રીતે મદદ કરજો... આમ પણ ઋણ મુક્તિ થતી હોય છે અને એ ઉત્તમ પ્રકાર છે.

કૃતજ્ઞતા તો ગુણનું ભાજન છે. ગુણ તેમાં ટકે છે, રહે છે અને શોભે છે. આવું રોજ તમારા જીવનમાં પણ બનતું રહો એ જ અંતરની અભ્યર્થના.

***ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ***

# ફ્લેશ ચેનલ

• સંકલન : દિનેશ આર. મહેતા •

## ૧લી નવેમ્બરથી સ્ટાન્ડર્ડ પેકિંગ ફોર્મ્યુલાના નવા નિયમો પેકિંગમાં ઓછો માલ ભરી ગ્રાહકોને છેતરી ન શકાય

એક પ્રખ્યાત બ્રાન્ડના બિસ્કીટના ૨૦ રૂપિયાના પેકેટનું વજન ૩૩૮.૪ ગ્રામ છે. ૨૭ રૂપિયાની કિંમતના એક નહાવાના સાબુનું વજન ૯૨ ગ્રામ છે. પરંતુ થોડા જ સમયમાં આ ચિત્ર બદલાઈ જશે. કારણકે સરકાર ૧લી નવેમ્બરથી પ્રમાણભૂત પેકિંગના નવા નિયમો લાગુ કરનાર છે. જેથી કંપનીઓ મનફાવે તે રીતે પેકિંગ ન કરી શકે.

નવા નિયમો અનુસાર બિસ્કીટ ૨૫, ૫૦, ૬૦, ૧૦૦, ૧૨૦, ૧૫૦, ૨૦૦ ગ્રામ એ રીતે પેક કરી શકાશે. ત્યારબાદ ૧ કિલો સુધી ૧૦૦ ગ્રામના ગુણાંકમાં જ પેકિંગ કરવાનું રહેશે. ખાદ્ય પદાર્થો અને ગ્રાહક બાબતોના પ્રધાને તાજેતરમાં ઉપર મુજબ લોકસભામાં જણાવ્યું હતું.

★

## વર્ષ ૨૦૧૩થી મેડિકલ - ડેન્ટલ માટે 'નીટ' હવે ગુજરાતીમાં પણ લેવાશે

ધોરણ-૧૨ સાયન્સ પછી મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ માટે કેન્દ્ર સરકાર દ્વારા એન્ટ્રન્સ એક્ઝામ - 'નીટ' લેવાની જાહેરાત કરવામાં આવી હતી. આ પરીક્ષા ગુજરાતીમાં લેવામાં આવે તો જ ગુજરાત આ કોમન એન્ટ્રન્સ પરીક્ષામાં સામેલ થશે તેવી માગણીઓ વાલીઓએ કરી હતી. જેના પગલે સરકારે આ પરીક્ષા ગુજરાતીમાં લેવામાં આવે તેવી રજૂઆત કરી હતી. તાજેતરમાં આરોગ્ય મંત્રી દ્વારા આગામી તા. ૧૨મી મે, ૨૦૧૩માં લેવાનારી 'નીટ' ગુજરાતી ભાષામાં પણ આપી શકાશે તેવી સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

★

## ભારતરત્ન લતા મંગેશકરને માટે નો-એન્ટ્રી

મરાઠી ફિલ્મોના તપસ્વી મનાતા ભાલજી પેંઢારકરે ૧૯૪૪માં કોલ્હાપુર ખાતે ખરીદેલો જયપ્રભા સ્ટુડિયો છેલ્લાં કેટલાક વર્ષોથી વિવાદમાં છે. અત્યારે આ સ્ટુડિયોની માલિકી સ્વર સામ્રાજ્ઞી લતા મંગેશકરની છે. આ સ્ટુડિયો થોડા દિવસો પૂર્વે વેચાઈ ગયો હોવાનું કહેવાતા કોલ્હાપુરમાં ઉશ્કેરાટ ફેલાઈ ગયો હતો. ચિત્રપટ મહામંડળે લતા મંગેશકર વિરોધી મોરચો તાજેતરમાં કાઢ્યો હતો. મહામંડળના અધ્યક્ષ પ્રસાદ સુર્વેએ જણાવ્યું હતું કે આ સ્ટુડિયોના વેચાણના કારણે અમે લતા મંગેશકર તથા સુરેશ વાડકરને કોલ્હાપુરમાં પ્રવેશવા નહિં દઈએ. જાણીતા ગાયક સુરેશ વાડકરે આ સ્ટુડિયો બિલ્ડરને વેચાવવામાં મદદ કરી હોવાનું કહેવાય છે.

આ સ્ટુડિયોમાં ભાલાજી પેંઢારકર, બાબુરાવ પેન્ટર, વ્હી. શાંતારામ જેવા દિગ્ગજ કલાકારોએ ફિલ્મો બનાવી હતી તેમજ રાજ કપૂરે પોતાની કારકિર્દીનો પ્રથમ શોટ આ સ્ટુડિયોમાં આપ્યો હતો.

★

## ભીંસમા મૂકાયેલો રિયલ એસ્ટેટ ઉદ્યોગ ફ્લેટોનો ભરાવો – ફ્લેટો વેચાતા નથી

રિયલ એસ્ટેટ ક્ષેત્ર ઘણા લાંબા સમયથી કારમી મંદીની ભીંસમાં સપડાયું છે. પ્રોપર્ટી માર્કેટ પછી તે રેસિડેન્શિયલ હોય કે પછી કોમર્શિયલ પ્રોપર્ટીના ભાવ આસમાને આંબી જતા ગ્રાહક વર્ક આ માર્કેટથી સંપૂર્ણપણે દૂર થઈ જવા પામ્યો છે. હાલે સંખ્યાબંધ બિલ્ડરો પાસે પ્રોપર્ટી તૈયાર પડી છે પણ લેવાવાળો વર્ગ જ દેખાતો નથી. આમ, માંગના અભાવે આ ઉદ્યોગ દબાણ હેઠળ આવ્યો છે.

એક સમીક્ષા મુજબ જૂન માસના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા દરમ્યાન પણ રિયલ્ટી ક્ષેત્ર ઠંડું રહેવા પામ્યું હતું.

અમદાવાદ શહેરમાં જ અનેક વિસ્તારોમાં અકલ્પનીય ઊંચા ભાવોને કારણે આજે દરેક વિસ્તારોમાં ફ્લેટોનો ભરાવો થવા પામ્યો છે. અંદાજે અમદાવાદમાં એક લાખથી પણ વધુ ફ્લેટો વેચાયા વિનાના પડ્યા છે.

આ ક્ષેત્રને ઊંચા ભાવ અને ઊંચા વ્યાજદરના કારણે આ ક્ષેત્રને સૌથી વધુ મુશ્કેલી ઊભી થઈ છે. મહત્ત્વની બાબત એવી છે કે, જૂની પ્રોપર્ટી હોય તો પણ તેનો ભાવ આજના નવા સમાન મૂકાય છે.

બીજું મહત્ત્વનું પરિબળ છે હોમલોન પરના ઊંચા વ્યાજદર. આમ, લોનનો બોજો વધી જતા ગ્રાહકોનું બજેટ ખોરવાઈ જાય તેવી સ્થિતિનું નિર્માણ થતાં ગ્રાહકો આ ક્ષેત્રથી દૂર રહ્યા છે.

ત્રીજો મહત્ત્વનો મુદ્દો છે બેંકોની લોન. દેશભરના રિયલ એસ્ટેટ ડેવલપર્સ દ્વારા પોતાના પ્રોજેક્ટને પૂરો કરવા માટે બેંક પાસેથી જંગી

*આ દુનિયામાં નિર્બળ કોણ? તો કે અહંકારી. આ દુનિયામાં સબળ કોણ? તો કે નિર્‌અહંકારી.*

લોન લેવામાં આવતી હોય છે. એક તરફ પ્રોપર્ટી માર્કેટની ઊંચી કિંમત અને હોમલોનના ઊંચા વ્યાજદરોના કારણે ગ્રાહક વર્ગ આ ક્ષેત્રથી દૂર થઈ રહ્યો છે તો બીજી તરફ ડેવલપર્સ દ્વારા લેવાયેલી જંગી લોન પણ તેમના માટે બોજા સમાન બની રહેલ છે. આમ, આ પ્રકારની વિવિધ પ્રતિકૂળતાઓને લઈને હાલ રિયલ્ટી ઉદ્યોગ ભારે ભીંસમાં મૂકાઈ ગયાના અહેવાલો છે.

વિવિધ પ્રતિકૂળતાઓ ચાલુ છે ત્યાં વળી તાજેતરમાં નાણામંત્રીશ્રીએ બેંકોને સૂચના આપી કે બિલ્ડર્સ પર પ્રોપર્ટીના ભાવ ઘટાડવા દબાણ લાવો. પ્રોપર્ટીના ભાવ ઘટશે તો અર્થતંત્રને વેગ મળશે. બીજી તરફ, સમગ્ર દેશના લેન્ડ ડેવલપર્સનું પ્રતિનિધિત્વ કરતા સંગઠન 'ક્રેડાઈ'એ જણાવ્યું હતું કે, નાણાંમંત્રીશ્રીએ કરેલું નિવેદન અવાસ્તવિક છે. આ રીતે, સામસામા નિવેદનના બદલે આ મુદ્દાનો સાથે બેસીને ઉકેલ થાય તે વધુ ઈચ્છનીય છે. રોકાણના અન્ય સાધનોની સરખામણીએ ગોલ્ડમાં સારું વળતર મળી રહેતું હોવાથી તે તરફ પણ ફંડ વળી રહ્યું છે. આ પણ એક મહત્ત્વનો મુદ્દો છે.

આ બધા કારણે બજારના જાણકાર વર્તુળોના જણાવ્યા મુજબ પ્રવર્તમાન સંજોગો જોતા પ્રોપર્ટીના ભાવમાં સારો એવો ગાબડો પડવાની શક્યતા નકારાતી નથી.

અત્યારે ફ્લેટ ખરીદવાની ઈચ્છા રાખનાર ભાવો ઘટવાની રાહ જુએ છે જ્યારે વેચનારને ભાવો ઘટાડવા નથી. વહેલા મોડા પણ ફ્લેટ વેચાશે એવી એમને આશા છે. કેટલાક ડેવલપર્સ - બિલ્ડર પરદેશમાં વસતા ભારતીય ઉપર પણ આશા રાખીને બેઠા છે. જ્યારે મોટાભાગના મૂડી રોકાણકર્તાઓ આજકાલ સોનામાં રોકાણ કરવા તરફ વળ્યા છે.

★

## રવિવારે કામ કરશે સ્ટેટ બેંક

દેશની મોટી ધીરાણકર્તા ભારતીય સ્ટેટ બેંક પોતાની ક્ષમતામાં સુધારો કરવાના આશય સાથે રવિવારે પણ તેની શાખાઓ ખુલ્લી રાખવા વિચારી રહી છે, તેવું બેંકના એક ટોચના અધિકારીએ તાજેતરમાં મુંબઈ ખાતે જણાવ્યું હતું.

કારોબારમાં વધારાની સાથે ગ્રાહકોની પણ સુવિધા વધારવા માટે રવિવારે પણ બેંકની કામગીરી ચાલુ રહે તેવી શકયતા તપાસ હેઠળ છે તેમ તેના એક અધિકારીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

★

## લંડનમાં પેરાલિમ્પિક ગેમ્સ

લંડનમાં ઓલિમ્પિક બાદ થોડા દિવસોમાં વિકલાંગ ખેલાડીઓ માટેના સૌથી મોટા રમતોત્સવ પેરાલિમ્પિકનો પ્રારંભ થયો હતો. જેમાં ઓલિમ્પિકની જેમ જ વિવિધ રમતોમાં વિશ્વભરના વિકલાંગ ખેલાડીઓ વચ્ચે સ્પર્ધાઓ થતી હોય છે. રમતોના આ અનોખા મહાકુંભમાં ભારતના પણ ૧૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જીવંત દંતકથા સમાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગ્સે પેરાલિમ્પિક રમતના ઉદ્‌ઘાટન સમારંભમાં ખાસ હાજરી આપી હતી.

આ પેરાઓલિમ્પિક રમતોત્સવનો લંડન ખાતે ભવ્ય રીતે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની એક ખાસિયત એ હતી કે તેમાં ભાગ લેનારા પણ વિકલાંગો જ હતા. શુભારંભના સમયે ૩૨૫૦ સ્વયંસેવકોએ સમારંભને ભવ્યતા બક્ષવા પોતાનું યોગદાન આપ્યું હતું. ગણમાન્ય હસ્તીઓ ઉપરાંત ૬૨,૦૦૦ પ્રેક્ષકો આ મહોત્સવના સમયે ઉપસ્થિત રહ્યા હતા. ૧૬૬ દેશોના ૪૨૦૦ વિકલાંગ ખેલાડીઓએ તેમાં ભાગ લીધેલ હતો.

★

## ગુજરાત આવતા પ્રવાસીઓને મોબાઈલ પર માહિતીની સુવિધા

ગુજરાતની મુલાકાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓની સગવડતા માટે પ્રવાસન નિગમ સંચાલિત કોલ સેન્ટર અને મોબાઈલ એપ્લિકેશન ફોન સુવિધાનો તાજેતરમાં પ્રારંભ થયો છે. આ સુવિધા થકી રાજ્યના પ્રવાસે આવનાર કોઈપણ પ્રવાસીને તેને જરૂરી માહિતી ગુજરાતે વિકસાવેલ મોબાઈલ એપ્લિકેશન થકી તેના હેન્ડસેટ ઉપર મળી શકશે. તે સાથે ૨૪ કલાક કાર્યરત ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૭૯૫૧ ડાયલ કરીને પણ માહિતી મેળવી શકાશે.

★

## ફાંસી આપવા મમ્મુ જલ્લાદ તૈયાર

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કસાબને મોતની સજા યથાવત રાખવાનો ચુકાદો સંભળાવી દીધો છે. મુંબઈ હુમલાના દોષી કસાબને ફાંસી આપવા મેરઠના મમ્મુ જલ્લાદ આતુર છે. મમ્મુ કહે છે કે, અગર કસાબને ફાંસી આપવાનું કામ મને સોંપવામાં આવશે તો મારા હાથ ધ્રૂજશે નહીં કારણકે કસાબને ફાંસી આપવાથી મુંબઈ હુમલામાં જીવ ગુમાવનારાઓને રાહત મળશે. આ મમ્મુ જલ્લાદ વિદેશોમાં પણ જાણીતા છે. દેશમાં અત્યારે બે જ લોકો મોતની સજા પામેલાઓને ફાંસી આપવાની ફરજ બજાવે છે. આ પૈકીના એક મમ્મુ જલ્લાદ છે.

★

## સેમસંગના ફોન પર પ્રતિબંધની માંગ

સેમસંગ અને ઍપલ વચ્ચે પેટન્ટના જંગમાં જીત બાદ હવે ઍપલે અદાલતમાં આક્રમક રજૂઆત કરીને સેમસંગના ગેલેક્સી મોડલના સ્માર્ટ ફોન, એસ ૪જી, એસર એટીએન્ડટી, ઍસર, ઍસર ટી-મોબાઈલ, ઍસર ઈપીક ૪જી, ઍસ સોકેસ, ડ્રોઈડ ચાર્જ અને ગેલેક્સી પેવેલ ઉપર પ્રતિબંધ મૂકવાની માંગણી કરી છે. અમેરિકા ડિસ્ટ્રીક્ટ

*જ્ઞાનીને જો સહન કરવાનું હોય તો તે જ્ઞાની જ ન હોય, અજ્ઞાનીને જ સહન કરવાનું છે.*

જજ સમક્ષ ઍપલે આ પ્રકારની રજૂઆત કરી છે. અદાલતે અગાઉ સેમસંગને ૧.૦૫ અબજ ડોલર ચૂકવવાનો આદેશ કર્યો હતો. ટેકનોલોજી અને પેટન્ટની ચોરી કરવાનો બંને કંપનીઓએ એકબીજા ઉપર આક્ષેપ કર્યા છે. આ મામલામાં વધુ સુનાવણી સપ્ટેમ્બર માસના અંતમાં હાથ ધરવામાં આવશે.

★

## ઝડપી ઓનલાઈન રેલવે ટિકિટ બુકિંગ યોજના

ઈન્ડિયન રેલવે કેટરિંગ અને ટુરિઝમ કોર્પોરેશનની વેબસાઈટ દ્વારા રેલવે ટિકિટનું ઓનલાઈન બુકિંગ સરળ અને ઝડપી બનાવવાની યોજના રેલવે તંત્રે ઘડી છે.

આ 'રોલિંગ ડિપોઝીટ સ્કીમ' (આર.ડી.એસ.) નામની યોજના વિશે કોર્પોરેશનના જનરલ મેનેજરે કહ્યું છે કે આ યોજના હેઠળ ઉપયોગકર્તા આઈ.આર.સી.ટી.સી. પાસે આગોતરી રકમ જમા કરાવી શકે છે અને ટિકિટ બુકિંગ કરવા સમયે વેબસાઈટમાં અપાતી રકમની ચૂકવણીના વિકલ્પોમાંથી 'આર.ડી.એસ.'ની પસંદગી કરી શકે છે. આ યોજનામાં તંત્રને એકવારની રજિસ્ટ્રેશન ફી રૂા. ૨૦૦થી રૂા. ૨૫૦નું સૂચન કર્યું છે અને ઓછામાં ઓછી રૂા. ૧૫૦૦થી ૨૦૦૦ની રકમ જમા કરવાની રહેશે. ખાતાધારક દ્વારા આર.ડી.એસ.નું ઓનલાઈન સંચાલન થઈ શકશે.

★

## સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના રૂા. ૩૭,૦૦૦ કરોડ દાવ પર

કોલ બ્લોકની ફાળવણી રદ કરીને કોલગેટ કૌભાંડમાંથી છૂટવાનું સરકાર માટે સહેલું નહીં હોય. જો એ ફાળવણી રદ કરે તો કોલ બ્લોકમાંથી જેમને કોલસા પૂરા પાડવાના છે એ દેશની વીજ કંપનીઓને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા અપાયેલી રૂા. ૭૦૦ કરોડ સહિતની રૂા. ૩૭૦૦ કરોડની લોન ડૂબી જશે. જો કોલ બ્લોક ફાળવણી રદ કરાય તો વીજોત્પાદન માટેના પ્રોજેક્ટો બંધ પડવાનો ભય ઊભો થશે.

જો પૈસા વસુલી માટે બેંક વીજ કંપનીઓની મિલકતોની હરાજી કરવાનું નક્કી કરે તો બેંક અને વીજ કંપનીઓ વચ્ચે કાનૂની જંગ શરૂ થવાની શક્યતા રહેલી છે.

★

## સાબરમતી જેલ ખાતે કેદીઓ માટે પદવીદાન કાર્યક્રમ યોજાયો

બ્રહ્માકુમારી તથા અન્નામલાઈ યુનિ. દ્વારા ગુજરાતની વિવિધ જેલોમાં બંધ કેદીઓ માટે ચાલતા ટૂંકા ગાળાના સાયન્સ અને આધ્યાત્મિકતાના કોર્સ અંગે તાજેતરમાં સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે પદવીદાન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કુલ ૭૯ કેદીઓને પદવી આપવામાં આવી હતી. જેમાં ૩૦ કેદીઓને એમ.એસસી., ૧૧ કેદીઓને પી.જી. ડિપ્લોમા અને ૩૮ને ધોરણ-૧૨ પછીના ડિપ્લોમામાં ઉત્તીર્ણ થતા પદવી અપાઈ હતી.

આ કાર્યક્રમમાં ગૃહ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી, અન્નામલાઈ યુનિ.ના વાઈસ ચાન્સલર તથા જેલના આઈ.જી.પી. અને બ્રહ્માકુમારીના ડાયરેક્ટર હાજર રહ્યા હતા.

★

## ઇસરો અને ગુજરાત યુનિવર્સિટીનો બોટની વિભાગનો 'રિસર્ચ ગુજરાતના દરિયા કિનારે' અનોખો પ્રોજેક્ટ ગ્લોબલ વોર્મિંગને શોષતી લીલ

વિશ્વના બધા દેશો ગ્લોબલ વોર્મિંગના પ્રશ્નને લઈને ચિંતામાં છે. ગ્લોબલ વોર્મિંગના કારણે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધ્યું છે. પરિણામે માનવ અસ્તિત્વના પ્રશ્નો વધતા જાય છે. જો કે આ અંગે ઘણું સંશોધન ચાલી રહ્યું છે. ગુજરાત યુનિવર્સિટીના બોટની ડિપાર્ટમેન્ટ અને ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) દ્વારા દરિયામાં જોવા મળતી 'ફાઈટોપ્લેન્કટન' લીલ પર રિસર્ચ ચાલી રહ્યું છે. દરિયા કિનારાના અમુક કિ.મી. સુધીના વિસ્તારોમાં આ લીલ જોવા મળે છે. ફાઈટોપ્લેન્કટન ૨થી ૩ દિવસ જીવે છે, જે ખૂબ ઝડપથી ગ્રો થાય છે. ફાઈટોપ્લેન્કટન હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ શોષી લઈ હવામાં ઓક્સિજન મુક્ત કરે છે. આ ફાઈટોપ્લેન્કટનની મદદથી વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ઘટાડી શકાય છે. જે ભવિષ્યમાં ગ્લોબલ વોર્મિંગને કારણે થતાં પ્રદૂષણમાં ઘટાડો કરવામાં મદદરૂપ થશે.

★

## કૃષિ ક્ષેત્રે આઝાદીના ૬૦ વર્ષ પછી પણ ઘણું કરવાનું બાકી

૨૦૧૦-૧૧માં દેશના આર્થિક વિકાસ દરમાં કૃષિ તથા તેને સંલગ્ન પ્રવૃત્તિઓનો હિસ્સો ૧૪.૫૦ ટકા રહ્યો હતો જ્યારે ભારતની કુલ નિકાસમાં ૧૦.૫૦ ટકા નિકાસ કૃષિ તથા તેને સંલગ્ન ઉદ્યોગોના ઉત્પાદનોની હતી. દેશ આઝાદ થયા બાદ છેલ્લા છ દાયકામાં આર્થિક આયોજન છતાં દેશના પચાસ ટકા કરતા પણ વધુ લોકો આજે પણ પોતાના જીવન નિર્વાહ માટે કૃષિ ક્ષેત્ર પર આધાર રાખે છે. જો કે વેપારના સારા સંજોગો, શહેરીકરણમાં વધારો અને સરકારી મદદને પરિણામે ભારતનું કૃષિ ક્ષેત્ર ઔદ્યોગિક માલસામાન અને સેવાની માંગ માટેનું મુખ્ય સ્રોત બન્યું છે. એટલું જ નહીં ઉદ્યોગોએ પોતાના કાચા માલની જરૂરિયાતો માટે પણ કૃષિ ક્ષેત્ર તરફ નજર દોડાવવી પડે છે. દેશમાં નબળા ચોમાસાની સીધી અસર કૃષિ ક્ષેત્રના કામકાજ પર પડે

*ગેરસમજણ કાઢવાની જરૂર નથી, પણ સમજણને સમજવાની જરૂર છે.*

છે. કૃષિ ક્ષેત્રની નબળી કામગીરી એકંદર અર્થતંત્ર પર અસર કરે છે. અનાજનું ઉત્પાદન નીચું રહે તો અનાજ કઠોળના ભાવમાં ઉછાળો આવે છે. જેને પરિણામે ઔદ્યોગિક વેતનમાં વધારો થાય છે.

અર્થતંત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવતું હોવા છતાં ભારતનું કૃષિ ક્ષેત્ર તેની નીચી ઉપજ, પાકમાં નિષ્ફળતા, લણણી પછીના બગાડ અને ઓછા વળતરને કારણે સતત તંગ સ્થિતિમાં રહ્યા કરે છે. દેશની કૃષિ નીતિનો મુખ્ય હેતુ કઠોળ અનાજના ઉત્પાદન વધારવાને લગતો રહ્યો છે છતાં ૧૯૫૧-૫૨માં તેનું ઉત્પાદન જે ૫.૨૦ કરોડ ટન હતું તેના પરથી વધીને ૨૦૧૧-૧૨માં ૨૫ કરોડ ટનથી સહેજ ઉપર રહ્યું છે. ૧૯૬૦-૬૧થી ૨૦૧૦-૧૧ના સમયગાળામાં અનાજના વાર્ષિક ઉત્પાદનમાં સરેરાશ બે ટકાથી ઓછી વૃદ્ધિ રહી છે જ્યારે અનાજના ઉપભોગતા મનુષ્યની વસતિનો વિકાસ બે ટકાથી વધુ રહ્યો છે. આમ ઉત્પાદનની સરખામણીએ તેને વાપરનારાની સંખ્યા વધુ રહેતા અનાજનો માથાદીઠ વપરાશ ઘટ્યો છે.

અનાજ કઠોળ ઉપરાંત પ્રોટીનયુક્ત ખોરાક જેમ કે ઇંડા, દૂધનું ઉત્પાદન પણ માંગ પ્રમાણે વધ્યું નથી. શહેરીકરણ અને વપરાશકારોની પસંદગી બદલાતા આ પદાર્થોની માંગ વધી છે જેને કારણે ખાદ્યાખોરાકીના ફુગાવાની જાળવણી કરવાનું મુશ્કેલ બનતું જાય છે. ભારતનો કૃષિ પાછળનો જાહેર ખર્ચ એશિયન દેશોમાં સૌથી ઊંચો છે. કૃષિ પર ૭૫ ટકાથી વધુનો જાહેર ખર્ચ ઈનપુટની સબસિડી પર થાય છે અને ૨૫ ટકા ઈન્વેસ્ટમેન્ટ પાછળ. એક તરફ યુરિયા પર અંકુશ રખાયો છે જ્યારે બીજી તરફ નોન-યુરિયા ફર્ટિલાઈઝરને અંકુશમુક્ત કરાયા છે. તેને કારણે આ ખાતરના ભાવમાં ભારે અંતર જોવા મળે છે. ભાવમાં તફાવતને કારણે ખાતરના ઉપયોગમાં અસમતુલા ઊભી થઈ છે. નીચા ભાવને કારણે યુરિયાનો વધુ પડતો ઉપયોગ અને બગાડ થઈ રહ્યા છે. વધુ પડતા ઉપયોગને કારણે સબસિડીનો બોજ વધે છે જે છેવટે રાજકોષીય ખાધ વધારે છે.

કૃષિ પાછળ ખેડૂતોને થતા ઊંચા ખર્ચને પહોંચી વળવા લઘુત્તમ ટેકાના ઊંચા ભાવ સમજી શકાય એમ છે. પરંતુ ખેડૂતોને પોતાના માલના વધુ પડતા ભાવ મળી રહેતા હોવાથી તેઓ તેનું ઉત્પાદન વધુ કરે છે. ઉત્પાદનમાં વધારો થાય એટલે સરકાર દ્વારા ખરીદી પણ ઊંચી રહે છે. જેમ આ વર્ષે ઘઉંની રહી હતી. ઊંચી ખરીદીને કારણે સબસિડીનો બોજ વધે છે. સબસિડી વધવાને કારણે કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ માટે ઓછા સ્રોતો ઉપલબ્ધ રહે છે. એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટિંગ કમિટી (એ.પી.એમ.સી.) ધારા હેઠળ ખેત પેદાશો સરકારી નિયમનવાળી મંડીઓમાં જ વેચવાનું તથા ખરીદવાનું ફરજિયાત છે. આને કારણે ભાડાની આવક કરવાવાળા વચેટિયાઓની આવશ્યક્તા ઊભી થઈ છે અને ખેડૂતોને તેમની પેદાશોના નીચા ભાવ મળે છે. આ ધારાને કારણે ખેડૂતો પોતાના માલની આંતરરાજ્ય હેરફેર કરી શકતા નથી.

જો ખેડૂતોને ખરેખર ટેકો પૂરો પાડવો હોય તો ઊંચા પાક વીમા જેવી વ્યવસ્થા પૂરી પાડવી રહી અને લઘુત્તમ ટેકાના ભાવ પદ્ધતિ તબક્કાવાર નાબૂદ કરવી જોઈએ.

*(વૃત્તાંતપત્રો પર આધારિત)*

## દાદા અનંતનાથજી જય જયકાર.... (૧)

**(કચ્છીમાં)**

**(પ્રથમ પ્રતિષ્ઠા : તા. ૧૩-૮-૧૮૩૪, પુનઃ પ્રતિષ્ઠા : તા. ૧૮-૫-૨૦૦૨)**

**(૧૬૮મેં વરે પુનઃ પ્રતિષ્ઠા) (પુનઃ સ્મૃતિ)**

ભગવાનકે ભુલાજે ન, મસ્જીદ બંદરમેં ભનાયુ દેરો;
હી ધજ ગાલ સુણી, જભરો ધન થ્યો વો ભેરો. (૧)
નિર્માણજા કમ શરૂ થ્યા, ત માડુએંજો ભરાજે મેળો;
આખર નરશી નાથાજે સાથસેં, દેરેજે કમજો આયો છેડો. (૨)
સાલ ૧૮૯૦મેં શ્રાવણ સુદ નોમ ને બુધવાર;
અચલગચ્છાધિપતિ મૂક્તિસૂરીજી, નિશ્રાભારી પાવનકાર. (૩)
અનંતનાથ ભગવાન બિરાજીત થ્યાને, ભાવિ જોરધાર;
મુંભઈમેં દશા જ્ઞાતિજો, પેલો જિનાલયને જયજયકાર. (૪)
સંવત ૨૦૫૮મેં વૈશાખ સુદ, સાતમ ને શનિવાર;
અંચલગચ્છાધિપતિ ગુણોદયસૂરીજી, નિશ્રાને પ્રતિષ્ઠા શાનદાર. (૫)
'રશ્મિન્' ચેં નાત ઉમટઈ હિત, મુંભઈ ઉઠ્યો ધમધમી;
પૂર્ણાહૂતિ એડી પ્યારી, અખિયેંમેં અમીઝરણેજા અમી. (૬)

## શ્રી પાર્શ્વનાથને શરણે.... (૨)

**(ગુજરાતીમાં)**

પરમ કૃપાળુ પારસનાથ, વળી માગું તમારો સાથ,
પ્રભુ મારા ઝાલી લેજો હાથ... ટેક ૧
તું મને સાચો મારગ આપ, ને વળી કર્મના બંધન કાપ,
પ્રભુ મારા ઝાલી લેજો હાથ... ૨
આવ્યો છું તુજ શરણે આજ, કરવા છે કંઈ સુકાજ,
પ્રભુ મારા ઝાલી લેજો હાથ... ૩
જીવન કર્મમાં પડ્યો દિ-રાત, પ્રભુ મને કરજો માફ,
પ્રભુ મારા ઝાલી લેજો હાથ... ૪
પ્રભુ મારા સાંભળી લ્યો આ વાતને, વળી પૂરો આપી દ્યો સાથ,
પ્રભુ મારા ઝાલી લેજો હાથ... ૫

*આ બંને કવિતાઓ 'રશ્મિનનો રણકાર : ભાગ-૩'માંથી સાભાર*

## સૌને મિચ્છામિ-દુક્કડમ્....

ભૌતિક સુખ મેળવવા માટે રેસના ઘોડાની જેમ દોડતો માનવી અનેક પાપો કરી બેસે છે અને પોતાનું ભાન પણ ભૂલી જાય છે. ત્યારે વરસમાં આવતા પર્યુષણ પર્વમાં તેને જાગૃત કરવા અને પરમાત્માની વાણી આત્મસાત્ કરવા મુનિ ભગવંતો વ્યાખ્યાનથી સતત સમજાવીને આત્મશુદ્ધિનો માર્ગ બતાવે છે અને વર્ષભરમાં કરેલા અતિક્રમણોને - પ્રતિક્રમણ તરફ વાળવા પ્રેરે છે. જીવ માત્ર માટે અનુકંપા ભાવ રાખવાનું કહે છે. તો આ અનુકંપા ભાવથી સર્વ જીવોને ખમાવતાંની સાથે આપ સૌને પણ અંતઃકરણપૂર્વક ખમાવેલ છે.

*– રશ્મિન ખોના (મુંબઈ)*

**શ્રી ગોવિંદજી જીવરાજ લોડાયા - મુંબઈ**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ફલેટ મેં નટુકાકાજો છોરો ફાલ્ગુન હેડી ગરમીમેં પણ રોજ રોજ હકડો જ સ્વેટર જણકાયને સજોડીં કુલા ફરે તો... તપાસ ત કર કે અનજો કોઠો ઠંડી જો આય ક અનજો મગજ ચસકે વ્યો આય?

બચુડો : તપાસ કે ને ચેં... અધા, ફાલ્ગુન જો કોઠો ઠંડી જો ક શરદી જો નાય અને અનજો મગજ પણ ભરાભર આય. પણ અનજી કોલેજ જી હકડી છોરી અનકે ચેં આય ક તું હી સ્વેટર મેં બોરો સ્માર્ટ લગેતો તડુંણો ફાલ્ગુન બાર નકરે તેર સ્વેટર જણકાયને જ નકરે તો.

## ખિલજા મ ભલા

જતીન : મને એ ખબર નથી પડતી કે વિજ્ઞાને આટલી બધી પ્રગતિ કરી હોવા છતાં હજુ આપણે ભગવાનમાં શા માટે માનીએ છીએ?

યતીન : કારણકે હજુએ ઘણાં એવા પ્રશ્નો છે, જેના જવાબો ગૂગલ પાસે પણ નથી.

☺ ☺ ☺ ☺ ☺

સોહન : અરે કાકા, તમે કઈ બ્રાન્ડની સિગારેટ પીઓ છો?

કાકા : ટુ સ્ક્વેર.

સોહન : એવી તો કોઈ બ્રાન્ડ આવતી નથી. ફોર સ્ક્વેર વિશે સાંભળ્યું છે.

કાકા : આ એનું ઠુંઠું છે.

☺ ☺ ☺ ☺ ☺

નેતાજી : (ભાષણ દરમ્યાન) સ્ત્રીને અબળા કહેવી એ સ્ત્રીનું અપમાન છે.

શ્રોતામાંથી: તો તમે એને બલા કહી જુઓ એટલે ખબર પડશે.

☺ ☺ ☺ ☺ ☺

દર્દી : ડૉક્ટર સાહેબ, મને પેટમાં બહુ દુઃખે છે.

ડૉ.મુન્નાભાઈ હાથમાં ટોર્ચ લઈ આંખ, કાન, નાક, ગળું બધું તપાસે છે.

દર્દી : અરે ડૉક્ટર સાહેબ, આ બધું કેમ તપાસો છો? મેં તો તમને કહ્યું કે મને પેટમાં દુઃખે છે.

ડૉ.મુન્નાભાઈ : કહ્યું ને શાંતિ રાખ. હું તો મારી ટોર્ચ તપાસું છું.... પ્રકાશ બરાબર ફેંકે છે કે નહીં.

☺ ☺ ☺ ☺ ☺

ભિખારી : (મલ્લિકા શેરાવતને) બહેનજી, પાંચ રૂપિયા દે દો... ભગવાન આપકા ભલા કરેગા.

મલ્લિકા : લે આ પાંચસોની નોટ, જલસા કર.

મલ્લિકાની સેક્રેટરી : મેડમ, એણે તો પાંચ રૂપિયા માંગ્યા હતા અને તમે પાંચસોની નોટ આપી?

મલ્લિકા : એ તો કોઈએ મને પહેલીવાર બહેન કહ્યું એનું ઈનામ હતું.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : તમને મારામાં શું સારું લાગે છે... મારી સુંદરતા કે મારી સમજદારી?

પતિ : મને તો તારી મજાક કરવાની આદત જ સારી લાગે છે.

☺ ☺ ☺ ☺ ☺

સોહન : ઓફિસમાં તો તું મોટો વાઘ થઈને ફરતો હોય છે. પણ ઘરે શું થઈ જાય છે?

મોહન : ઘરે પણ હું તો વાઘ જ હોઉં છું પણ મારા પર દુર્ગા સવાર થઈ જાય છે.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : જો તું બતાવી શકે કે આ બોક્ષમાં શું છે તો આ બેગમાં રાખેલા બધા પેંડા તારા... અને જો તું કહી શકે કે એમાં કેટલા પેંડા છે, તો આઠે આઠ પેંડા તારા...

પત્ની : પણ કાંઈક હિન્ટ તો આપો....

☺ ☺ ☺ ☺ ☺




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

પ્રેમી: એક સમસ્યા ઊભી થઈ છે... હું તારી સાથે લગ્ન નહીં કરી શકું... ઘરવાળા મનાઈ કરે છે.

પ્રેમિકા : પણ તારા ઘરે કોણ કોણ છે મનાઈ કરવાવાળા?

પ્રેમી: મારી પત્ની અને ત્રણ બાળકો.

☺ ☺ ☺ ☺ ☺

નર્સ : મારે ડૉક્ટર સાથે પ્રેમ થયો, સગાઈ થઈ અને તૂટી પણ ગઈ.

સખી : પછી....?

નર્સ : ડૉક્ટરે આપેલી બધી ગિફ્ટ પાછી માંગી અને મને મળવા આવતા હતા તે ચાલીસ વિઝિટર્સનું બિલ પણ મોકલી આપ્યું.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*સહન કરવાની શક્તિ વિશેષ વધે, તેનું નામ ખાનદાની.*

## યુવા સંમેલન અને અન્ય પ્રવૃત્તિઓ અનુકરણીય


શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષના પાંચમા મુખ્ય કાર્યક્રમરૂપે **"ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવાઓનું સંમેલન" યોજાયેલ છે તેવા કાર્યક્રમ આવકારદાયક છે.** આ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ ધન્યવાદને પાત્ર છે. કાર્યક્રમની સફળતા ઈચ્છું છું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સેવાકીય, માનવલક્ષી, હેતુલક્ષી પ્રવૃત્તિઓ જેમ કે સામાજિક, શૈક્ષણિક, મેડિકલ સેન્ટર દ્વારા તબીબી તપાસ, માનસિક ચિકિત્સા, આર્થિક સહાય, બાળકો, યુવાવર્ગ, મહિલા ઉત્કર્ષ વગેરે સમાજોપયોગી કાર્યક્રમો કરતા રહ્યા છે જે ખરેખર અનુમોદનાને પાત્ર છે તેમજ અનુકરણીય છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ચિરકાળ સુધી આવી અનુકરણીય યોજનાઓ સાક્ષાત્ કરે, યશસ્વી રીતે સફળતાઓ સર કરે તેવી પરમ કૃપાળુ પરમાત્મા સર્વેને ખૂબ શક્તિ આપે, એ જ અભ્યર્થના.

*લક્ષ્મીચંદ કુંવરજી વેલજી દેઢિયા (બાંધાવાલા પરિવાર) - મેરાઉ / ગાંધીધામ*
*(પ્રમુખ : શ્રી અચલગચ્છ જૈન સંઘ - ગાંધીધામ)*

• • • • •




## રોલ મોડેલ - સમાજ

આપની સંસ્થા દ્વારા આયોજિત તા. ૮ અને ૯ સપ્ટેમ્બર, ૨૦૧૨ના ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવા વર્ગના કાર્યક્રમમાં અમારા મહાજન વતી સી.એ. હેમંત ધરમશી તથા ડૉ. સપના ધરમશી આવવાના હતા. ડૉ. સપના સુરત મહાનગર પાલિકાની હોસ્પિટલમાં જુનિયર મેડિકલ ઓફિસર તરીકે હોવાથી તે સમયે વરસાદ અને પૂરની પરિસ્થિતિમાં તેમને સુરત ન છોડવાની તાકીદ કરવામાં આવેલ. જેથી તેઓ બંને આવા સુંદર કાર્યક્રમમાં ન આવી શક્યા. જેનો અમને તથા આ યુગલને પણ ખેદ છે.

**હાલમાં મોટાભાગના સમાજો કે સોશિયલ ગ્રુપના કાર્યક્રમો ચીલાચાલુ હાઉઝી કે એવી રમતના જ હોય છે ત્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આવા સુંદર બૌદ્ધિક કાર્યક્રમો યોજે છે તે બદલ તેમને અમારા વતી હાર્દિક અભિનંદન.** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ખૂબજ સુંદર અને સમાજના દરેક વર્ગને ધ્યાનમાં લઈને કાર્યક્રમો કરે છે જેની 'મંગલ મંદિર' દ્વારા માહિતી મળે છે. આપણી અન્ય જૈન કે કચ્છી સંસ્થાઓ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ કદાચ રોલ મોડેલ બની શકે છે.

આપની સંસ્થાનો ઉપરોક્ત કાર્યક્રમ સફળ થયો જ હશે તેવા વિશ્વાસ સાથે વિરમું છું.

*પ્રવીણચંદ્ર એસ. શાહ (ધરમશી)*
*મંત્રી, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સુરત*

• • • • •

## યુવક-યુવતીઓનું સંમેલન – જ્ઞાનવર્ધક કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંસ્થાની કારકિર્દીના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે આપ સર્વેને ખૂબ ખૂબ અભિનંદન.

સુવર્ણ જયંતી વર્ષને વિવિધ સમાજોપયોગી કાર્યક્રમો દ્વારા ઉજવવાનું નક્કી કરેલ છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. આવા કાર્યક્રમો સમાજને રાહ ચીંધનારા દૃષ્ટાંતરૂપ બની રહેશે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આમ પણ ખૂબ સમાજ ઉપયોગી કાર્યો કરે જ છે તેમાં સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી આપના મુગટમાં એક વિશેષ કલગી ઉમેરી સમાજનું નામ જરૂર રોશન કરશે.

આ પ્રસંગને અનુરૂપ આપે આપણાં સમાજના ૨૧થી ૩૦ વર્ષનાં યુવક યુવતીઓ માટે ૮ અને ૯ સપ્ટેમ્બર, ૨૦૧૨ના જ્ઞાનવર્ધક કાર્યક્રમનું જે આયોજન કર્યું હતું તે માટે અભિનંદન. **તે કાર્યક્રમ દરેક યુવાનો માટે ખરેખર તેમની જિંદગીનું એક સંભારણું બની રહેશે.** યુવાનોના જીવનને રાહ ચીંધનારા બે દિવસના કાર્યક્રમો અને તેવી જ તેની સુંદર વ્યવસ્થા હતી. આ સમગ્ર આયોજન દાદ માંગી લે તેવું હતું. ખૂબ ખૂબ અભિનંદન.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ હંમેશાં સમાજોપયોગી કાર્યો કરે જ છે. તેનાથી પણ વિશેષ કાર્યનું આયોજન કરે તેવી શુભેચ્છા.

*રોહિત એમ. શાહ*
*પ્રમુખ, ક.વી.ઓ. જૈન મહાજન - ગાંધીધામ*

• • • • •

## "યુવા સંમેલન" વિષે પ્રતિભાવ

તા. ૮-૯-૨૦૧૨ના રોજ પ્રોગ્રામની શરૂઆત પરસ્પર પરિચય સાથે ખૂબ જ સારી રીતે થઈ હતી. ખૂબ જ મજા આવી. થોડા ઘણા કોન્ટેક્ટ્સ પણ વધ્યા...

તા. ૯-૯-૨૦૧૨નો દિવસ યાદગાર બની રહેશે... હું આભારી છું શ્રી નીરવ ઠક્કર, શ્રી નંદક પંડ્યા અને શ્રી મિતેશ દવેનો જેમણે પોતાનો કિંમતી સમય આપ્યો.

શ્રી નીરવ ઠક્કર દ્વારા College Career & Life Planning વિષે અપાયેલ માર્ગદર્શન તેમજ તેમણે આપેલ Scientific Tool ખૂબ જ ઉપયોગી નીવડશે.

શ્રી નંદક પંડ્યા દ્વારા પ્રોગ્રામને ખૂબજ રસપ્રદ બનાવવામાં આવ્યો. તેમણે આપેલ "સહજીવન" વિષેની સમજણ અદ્ભુત હતી. પહેલા હું સહજીવન વિશે કંઈક અલગ વિચારતો હતો પણ **પ્રોગ્રામમાં આવ્યા પછી મને એનો ખરેખરો અર્થ સમજાયો.** તેમની Songs & Games દ્વારા ટોપિક સમજાવવાની પદ્ધતિ ખૂબ જ સરસ હતી.

*'ડેવલપ' માણસો નિર્ભયતાથી સીધા રહે, ને 'અનડેવલપ' માણસો ભયના માર્યા સીધા રહે.*

જે લોકો બહારગામથી આવ્યા હતા એમાંના અમુક બહાર હતા. તેઓએ મને પૂછ્યું કે અંદર પાર્ટી ચાલતી હતી કે શું? મેં કહ્યું, તમે સરસ પ્રોગ્રામ ચૂકી ગયા છો...

શ્રી મિતેશ દવેનું વક્તવ્ય ખૂબ જ પ્રેરણાદાયક રહ્યું. વક્તવ્ય દરમ્યાન પ્રથમ વખત અમને ખબર પડી કે PASSION એટલે શું?

બીજી એક વાત કરવા માગું છું કે આ તો યુવા સંમેલન હતું. એમાં ઘણા લોકો એમ સમજીને નહોતા આવ્યા કે આ તો સગપણ સંમેલન છે અને ઘણા લોકો એમ સમજીને આવ્યા કે આ તો સગપણ સંમેલન છે!!

પણ હા, એક વાત જરૂરથી કહીશ કે જેમણે પ્રોગ્રામમાં હાજરી આપી છે, એમણે જરૂરથી પ્રોગ્રામ વખાણ્યો છે.

અને અમારામાંની એક નમ્રતા વીરા પર તો પ્રોગ્રામની એવી અસર થઈ કે એણે બીજા જ દિવસે **આખા પ્રોગ્રામની માહિતી દરેક સાથે Share કરવા માટે ફેસબુક પર યુવા વિકાસ સમિતિના ગ્રુપમાં Post કરી દીધી.** Thanks Namrata....

આવા પ્રોગ્રામો થતાં રહે અને સૌ ભેગા મળીને એકબીજાને ઓળખતા થાય એવા પ્રયત્નોની આશા સાથે.

*જયદીપ દિનેશ મૈશેરી - અમદાવાદ*

• • • • •

## "યુવા સંમેલન" વિશે પ્રતિભાવ

તમે જે રીતે કચ્છી દશા, વીસા, ગૂર્જર, વાગડ બધા સમાજનાં ભેગા મળીને કામ કરી રહ્યા છો, તે જોઈને આનંદ થયો. આપે તા. ૮-૯-૨૦૧૨ અને તા. ૯-૯-૨૦૧૨ના રોજ જે યુવા સંમેલન રાખેલ હતું તે ખૂબ જ સરસ હતો. **અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કેરિયર વિશેની ખૂબ જ સરસ જાણકારી મળી. જીવનમાં આગળ વધવા માટે પ્રોત્સાહન મળ્યું.** ગેમ અને ટી.વી. શો થી બધાને ખરેખર મજા આવી અને જાણકારી પ્રાપ્ત થઈ. આપ આ રીતે પ્રોગ્રામો અને સંમેલનો યોજતા રહેશો તો મને ચોક્કસ ઉમ્મિદ છે કે દર વર્ષે ઉપસ્થિતિઓની સંખ્યામાં વધારો થતો જ રહેશે. યુવક - યુવતી માટે જ્ઞાનવર્ધક રમતોના આયોજનથી એકબીજાના સંપર્કમાં સૌ આવી શક્યા. બાકી તો આપ સૌ પોતાનો કિંમતી સમય કાઢીને અનેક પ્રોગ્રામ અને સંમેલનો દર વર્ષે ગોઠવો છો એ ખૂબ જ અભિનંદનને પાત્ર છે. આપ સર્વેને અમારા વલસાડ સમાજ વતી જય જિનેન્દ્ર.

*નયન નેમજીભાઈ છેડા - વલસાડ*

• • • • •

### Reg. : YUVA SAMMELAN

It gives me immense pleasure today when I am expressing my thoughts after attending the Gujarat based Kutchi Jain Youth Meet that was organised as a part of the yearlong Golden Jubilee celebration of the organisation. No words are enough to thank the committee members of the Samaj who put forth the idea of this thought-provoking workshop and the members who made sure this workshop benefits the maximum Kutchi Jain Youths of Gujarat and has a smooth sailing right from the beginning to the end.

A confluence of young minds, novel ideas and sources, newer energies and above all the mentorship of guide par excellence, Shri Nandak Pandya was the best thing that the weekend of 8th and 9th September, 2012 could offer, not only to me but to all those from every part of Gujarat who attended this. At a time when young generation is drifting away from the parents, relations becoming fragile and tolerance level diminishing, this workshop with the central theme of "Understanding co-existence" and "Generation Gap", for people of my age has been a blessing, a guide and a confrontation session making us realise where shall the attitude and the intolerance lead to. Heartfelt thanks to the trainer Mr. Nandak Pandya for making the entire session very enjoyable **and at the same time, making us understand the graveness of the topic.** Special thanks to Mr. Nirav Thakkar and Mr. Mitesh Dave, who inspite of a brief session left important lessons behind to inculcate and imbibe in life.

Apart from the workshop, I would sincerely like to thank the entire team of the Samaj for the warm hospitality, the comfort and love all have shown during the 2 days program for everyone coming from outside Ahmedabad and attending the function. The arrangements for the stay, the catering and the refreshments were very cordial and helpful. We could not have asked for more.

**I earnestly wish, more such workshops, seminars or interactive sessions are conducted** on Pan-Gujarat basis at the Kutchi Bhavan, so that lacking the opportunity too can gain from learned and experienced mentors and also interact with the people of same age living across the cities.

Thanking once again everyone who was directly or indirectly associated with this "Youth Meet" to make it reach its grand destination.

***Namrata Ajit Shah - Bhavnagar***

• • • • •

### "YUVA MEET"

I attended the seminar held for the Kutchi Jain Youth of Gujarat on 8th & 9th September. It was really a golden chance to meet the great personalities

*જેનું ખરું છે તેને આગ્રહ કરવાની જરૂર જ નથી. જેનું ખોટું છે તેને આગ્રહ કરવાની જરૂર છે.*

like Nandak Sir, Mitesh Sir & of course, each and everyone who helped in making the seminar so successful.

I would like to express my gratitude to all the members **they made my life so different.** I informed my friends too. They also appreciated the seminar. **My perception towards co-existence has now changed.** I enjoyed every moment on that day.

Hoping you will conduct such seminars again and again for us to make our lives worth living on this earth.

***Dhairya Mehta***

● ● ● ● ●

**મોદી સાહેબ કહે છે : શાકાહારથી કુપોષણ થાય!**

શાકાહાર અંગે જૈનો ચોંકી ઊઠે એવી વાત મા.મુ.મંત્રીશ્રીએ અમેરિકન અખબાર (વૉલ સ્ટ્રીટ જર્નલ)ને કરી છે. આ શાકાહારી - માંસાહારી વિશે બે વાતો લખવા ઈચ્છું છું. એક તો મોદી સાહેબની વાહિયાત વાત અને ગયા અંકમાં **ભાઈ મયૂર દેઢિયાનો હિમ્બા આદિવાસીઓ અંગેનો ગમી જાય તેવો લેખ.** આપણે ત્યાં એક એવો સંપ્રદાય છે, જે જૈન નથી, પણ છતાં વર્તન-વાણીમાં સવાયો જૈન છે, તે બિસનોઈ (૨૦ + ૯) સમાજ. તે પહેલાં મોદી સાહેબના ઈન્ટરવ્યૂ (ઓગસ્ટ ૨૮/૨૯) અંગે.

ઈન્ટરવ્યૂ આપતાં તેમણે ગુજરાતની પ્રગતિ અને જબ્બર વિકાસની બડી બડી વાતો કર્યા પછી, હળવેકથી છાપાવાળાએ પૂછ્યું : પણ સાહેબ, ભારતના રાજ્યોમાં બાળકોનો મૃત્યુ આંક અને બાળકોના કુપોષણમાં તમારા રાજ્યની સ્થિતિ સાવ કથળેલી છે, તેનું કારણ કહેશો? (વિનંતી : સપ્ટેમ્બરના 'સાર સમાચાર'માં વાંચો આઈટમ નં.-૨૦, વધુ સ્પષ્ટતા થઈ જશે.)

મુ.મંત્રીશ્રીએ ગુજરાતના કુપોષણ માટે માની ન શકાય તેવા બે કારણો ગણાવ્યા : (૧) ગુજરાતની મોટાભાગની પ્રજા શાકાહારી છે અને (૨) મધ્યમ અને ગરીબ વર્ગની મહિલાઓ સ્વાસ્થ્યલક્ષી નથી, સૌંદર્યલક્ષી છે. શારીરિક BODY IMAGE (સુઘડ દેખાવ) માટે ખર્ચ વધુ કરે છે, તંદુરસ્તી માટે બેદરકાર છે. આ બંને વાતો વાહિયાત છે. કુપોષણ અને બાળ મૃત્યુનું સૌથી વધુ પ્રમાણ ગ્રામીણ અને આદિવાસી પ્રજામાં દેખાયું છે. **આ વર્ગને દૂધ તો ઠીક, ચોખ્ખું પાણી પર સરકાર પૂરું પાડી શકતી નથી. તેમને બે ટંક ખાવાના વાંધા છે. શું આ સ્ત્રીઓ લાલી લિપસ્ટીકને પફ પાવડર લગાડે છે? ફિગર જાળવવા જીમમાં જાય છે?** સરકારની ભયંકર નબળાઈ ઢાંકવા માટે મુ.મંત્રીએ હાસ્યાસ્પદ ટિપ્પણી કરીને પોતાનો જૂઠ્ઠો - લૂલો બચાવ કર્યો છે. આ મુદ્દે તો સજાગ મહિલા સંગઠનો મેદાનમાં આવી ગયા! દેખાવો ને વિરોધસભાઓ કરી, પણ પહેલો મુદ્દો માંસાહારનો ઢંકાઈ જ ગયો!

**આ મુદ્દો તો કરોડો હિંદુઓએ અને ચુસ્ત શાકાહારી જૈનોએ ઉઠાવવો જોઈએ. જોરદાર ઝુંબેશ ઉપાડવી જોઈએ.** કે પછી પર્યુષણની તૈયારી કરવામાં પડેલાં જૈનોએ આ વાત વાંચી જ નથી? દરેક ગુજરાતી - અંગ્રેજી અખબારોએ આ વાતની નોંધ લીધી જ છે, કેટલાક તો પહેલાં પાનાની ખબર ગણી છે. અચરજ તો એ વાતનું છે કે ત્રણ - ચાર વર્ષ પહેલાં આપણા લશ્કરે આપણી પહેલી એટમિક સબમરીનને જ્યારે 'અરિહંત' નામ આપેલું ત્યારે આપણે ઘણો ઉહાપોહ કરેલો. (જૂની ખરીદેલી એ પનડૂબ્બીને અદ્યતન ફેરફારો સાથે, ગયે મહિને જ લશ્કરે બેડામાં સામેલ કરી.) 'અરિહંત'નામના ગેર ઉપયોગ માટે ઉગ્ર વિરોધ કરનાર આપણે અને ચુસ્ત શાકાહારી કરોડો હિંદુઓએ આ વખતે કેમ વિરોધ ન કર્યો? મોદી સાહેબે તો શાકાહારને ઉતારી જ પાડ્યો છે ને? કુપોષણ અટકાવવા માંસાહાર જરૂરી છે, તેવું સ્પષ્ટ કહ્યું છે.

પશ્ચિમી પ્રજા હવે શાકાહાર તરફ વળવા લાગી છે. માંસાહારથી થતા રોગો અંગે સર્વેક્ષણો ઉપરાંત બીજી અનેક રીતે હવે ત્યાં સતત પ્રયત્નો શરૂ થયા છે. અનેક સંસ્થાઓની મુખ્ય પ્રવૃત્તિ જ શાકાહારના પ્રચારની છે! **મૂળ માંસાહારી એવા પંજાબી મેનકા ગાંધી આજે ચુસ્ત જૈન બની ગયા છે, તેઓ પણ માંસાહાર વિરોધી ચળવળ સતત ચલાવે છે. તેઓ બંગલાની લોનનું ઘાસ પણ કાપતા નથી!**

માનનીય મોદી સાહેબને કહો કે કેટલાયે હોર્સ પાવરનું કામ કર્યા પછી પણ જે થાકતો નથી તે હાથી શાકાહારી છે. અને બીજી વાત યાદ અપાવો : વિશ્વને વર્ષો સુધી - પોતાના અંત સુધી ધ્રુજાવનાર હિટલર શાકાહારી હતો!

ધર્મે જૈન નથી પણ તેમ છતાં સવાયા જૈન છે એ બિસનોઈ (૨૦ + ૯) સંપ્રદાયની, પર્યાવરણ અને જીવદયાને આવરી લેતા તેમના ૨૯ નિયમોની વાત ફરી કોઈવાર.

ઑલિમ્પિક અંગેની રજૂઆત સુંદર અને સમયસરની છે. એ શ્રેણી રસપ્રદ અને જાણકારીથી પ્રચૂર છે, તેની પ્રતીતિ પહેલા જ લેખથી થઈ ગઈ! **લેખકશ્રી રજનીકાંતભાઈને સલામ.**

મુ. શાંતિલાલભાઈના શબ્દોમાં, છાંયડે બેસીને ધરમ કરનારાં અને ઝપાટાબંધ ધરમ કરીને યાત્રાએથી પાછા ફરતાં ધર્મપ્રેમીઓને આ પત્ર અર્પણ કરાય? આભાર.

***શાંતિલાલ વ. શાહ - અમદાવાદ***

● ● ● ● ●

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

'મંગલ મંદિર'ના ઓગસ્ટ મહિનાના અંકમાં **શ્રી મયૂર દેઢિયાનો 'માંસાહારી જૈનોનો દેશ' માહિતીસભર લેખ વાંચવા મળ્યો. નામ્બિયા દેશ વિશે અને ત્યાં વસતી આદિવાસી પ્રજાતિ વિશે વિગતવાર માહિતી આપી છે.** ભાઈશ્રી મયૂરે આપણી પાસે પ્રશ્ન રજૂ કરેલ છે કે આ આદિવાસી માંસાહારી પ્રજાને જૈન કહેવાય?

મારી સમક્ષ સિઝારે પાવેશના શબ્દો ગુંજ્યા કરે છે : 'જે માણસ પ્રશ્ન પૂછે છે તે એક વખત મૂર્ખ બને છે. જે પ્રશ્ન પૂછતો નથી તે કાયમનો મૂર્ખ બને છે.' ભાઈશ્રી મયૂરે જે લેખ લખેલ છે, તેને હું ધન્યવાદ આપું છું. સાથે સાથે આ લેખ મંગલ મંદિરમાં પ્રકાશિત કરીને દરેકને આના પર વિચાર કરવાની એક તક આપી છે, તે માટે તંત્રી મંડળને પણ ધન્યવાદ.

મારી નજરે નામ્બિયાની આદિવાસી પ્રજાની આ જીવન પ્રણાલિકા છે. આ એમની સભ્યતા છે. **કોઈ પણ જીવન પ્રણાલિકાને ધર્મ સાથે જોડી ન દેવી જોઈએ એમ મારું માનવું છે.** જગતના જે યુગપુરુષો થઈ ગયા – મહાવીર, બુદ્ધ, જીસસ, જરથોસ્ત, યહૂદી પંથના મોઝસ અને મહમદ એ બધા માંસાહારી હતા. તેમણે જગતના લોકો સમક્ષ માનવતાનો સંદેશ આપ્યો હતો. સાથે સાથે માનવ મૂલ્યોની ગરિમાનો ઉપદેશ આપેલ.

ભારતમાં વસતી આદિવાસી પ્રજાના સામાજિક નિયમો આધુનિક સભ્યતામાં માનનારી વ્યક્તિઓ કરતાં પણ વધુ સ્વતંત્ર જીવન જીવવાની પ્રેરણા આપનારા છે. બસ્તરની આદિવાસી પ્રજાની ગોટલુ સંસ્કૃતિ, નોર્થ ઈસ્ટમાં મેઘાલયની ખાસી અને જયતીયા આદિવાસી પ્રજા. **આ બધી આદિવાસી પ્રજા અપરિગ્રહમાં માને છે. પર્યાવરણનું જતન કરે છે.** પોતાની આજીવિકા પૂરતું રળી રહે તો તેથી વિશેષ સંગ્રહ કરતી નથી. સમાજમાં બધાને પોતાનાં જીવન માટે પૂરતું મળી રહે તેવા સહભાગી જીવન પ્રણાલિકામાં માને છે. આ પ્રજાએ મહાવીરના જૈન ધર્મના અપરિગ્રહના સિદ્ધાંતને જીવનમાં ઉતારેલ છે અને તે પ્રમાણે જીવન જીવે છે. આ આદિવાસી પ્રજાની જીવન પ્રણાલિકા છે.

**બીજી બાજુએ, આપણે જેને જૈન કહીએ છીએ તેઓ જૈન ધર્મના પાયાના મૂલ્યોને પણ સ્વીકારતા નથી છતાં તે મહાવીરના અને જૈન ધર્મના અનુયાયીઓ કહેવાય છે.** હિંદુસ્તાનમાં જૈનોની વસતિ અડધા ટકાથી પણ ઓછી છે અને દેશની ૩૨ ટકા સંપત્તિ પર તેમનો અધિકાર છે. સંપૂર્ણ અપરિગ્રહમાં માનનાર અને તે પ્રમાણે તેમની જીવનશૈલી છે. આ દેશમાં બુદ્ધ સાથે શોષિત પ્રજા સંકળાયેલી છે જ્યારે મહાવીર સાથે શોષણખોર પ્રજા સંકળાયેલી છે. એક અનુમાન કરીએ. કમાટીપુરાની વેશ્યાને વ્યાજે ધીરધાર કરનાર જૈન મારવાડીઓ હોય, દેશના મોટા કતલખાનામાં જૈનો પૈસાનું રોકાણ કરે, સમાજે ન સ્વીકારેલી નીતિઓ મટકા, સટ્ટાબજાર, વિદેશી હૂંડિયામણ, દાણચોરી, ડ્રગ્સ આવી બધી પ્રવૃત્તિઓમાં મોટાભાગનું રોકાણ જૈનોનું હોય તો પણ તેઓ જૈન કહેવાય છે. માણસની જીવન પ્રણાલિકાને ધર્મ સાથે કોઈ સંબંધ હોતો નથી તેમ મારું માનવું છે. ભાઈશ્રી મયૂર દેઢિયાનો આભાર. ધન્યવાદ.

*દામજી માણેક ગડા - મુંબઈ*
*મો. ૦૯૮૨૧૧ ૮૫૨૯૩*

• • • • •

## પ્રતિભાવોના પ્રતિસાદ

સપ્ટેમ્બર-૨૦૧૨ના અંકમાં મારા આગલા બે લેખો પર પ્રતિભાવ આવ્યા છે. એમની સમીક્ષા કરવી જરૂરી છે.

'રાજવંશ અને રાજઅંશ' લેખ પર શ્રી શાંતિલાલભાઈ સંઘવીએ હળવી રમૂજમાં કહ્યું છે કે પ્રાચીન કથાઓ પ્રમાણે ચક્રવર્તી રાજાઓને એક લાખ વીસ હજાર રાણીઓ હતી.

આ રમૂજને બાજુએ રાખી, પ્રાચીન કથાઓમાં અપાતા બેહૂદા દૃષ્ટાંત પાછળ લખવારની ટૂંકી દૃષ્ટિને જાણીએ.

પ્રાચીન સમયમાં ભારતની વસતિ કરોડોમાં નહીં, માત્ર લાખોમાં હતી. ચક્રવર્તી રાજાઓનું રાજ્ય કેટલું મોટું હશે એ ખબર નથી. શક્ય છે કે એમના રાજ્યમાં તેમજ આસપાસના રાજ્યોમાં ૧,૨૦,૦૦૦ યુવાન સ્ત્રીઓ ન પણ હોય. કદાચ હોય તોયે બીજી વાસ્તવિક્તાઓ તપાસીએ. ૧,૨૦,૦૦૦ રાત્રીઓ મેળવવા ૩૩૩ વરસ પણ ઓછા પડે. કોઈનું આયુષ્ય આટલા વરસનું ક્યારે પણ નહોતું. આ વિષયમાં કુખ્યાત પ્રાચીન રાજા યયાતિનું પણ નહીં. આનાથી વધારે લખવાની જરૂર નથી.

બીજી વધુ અગત્યની અને ગંભીર પણ ઓછી જાણીતી વાત જાણીએ. અકળ કારણસર કુદરત સ્ત્રી પુરુષનું જન્મ પ્રમાણ લગભગ સરખું જાળવી રાખે છે. રાજા જેટલી સ્ત્રીઓને પોતા માટે રાખે એટલા યુવાનો અપરિણીત રહી જાય. એ બધાની માનસિક, કૌટુંબિક, સામાજિક હાલતનો કોઈ વિચાર કરતું નથી. ક્યાંય ન ચર્ચાતી એક વાસ્તવિક્તા એ છે કે આવા અપરિણીત યુવાનોના 'નિકાલ' કરવા માટે રાજાઓ એકબીજા સાથે ઉપજાવી કાઢેલા કારણોસર યુદ્ધો કરતા હતા. જેથી રાજાઓ અને અમલદારો લાખો નહીં પણ ડઝનના હિસાબે સ્ત્રીઓને ભોગવી શકે. રાજાશાહીના હિમાયતીઓ આ બાબત થોડો વિચાર કરે.

ભોળા લોકોને પ્રભાવિત કરવા આવા મોટા આંકડા વાપરવામાં આવે છે ત્યારે એના અન્ય પરિણામોનો વિચાર કરવામાં આવતો નથી. ચોરાશી લાખ જીવયોનિમાંથી ફરતા આત્માની વાતો પણ એટલી જ પાયા વગરની છે. જેણે આટલી જીવયોનિઓની વાત કરી છે એણે એમની યાદી પણ બનાવી હશે. આવી યાદી કોઈએ ક્યારે પણ જોઈ છે?

બીજો પ્રતિભાવ "અહિંસાની આગેકૂચ" લેખ વિશે શ્રી રવિ પેથાણીનો છે. લેખનો મુખ્ય મુદ્દો અહિંસા કેવી રીતે તબક્કાવાર વિકસી છે તે બતાવવાનો છે. લેખની શરૂઆતમાં જ લખેલું છે કે આ લેખને

*જેને કંઈ જ જોઈતું ના હોય, તે 'જ્ઞાની' કહેવાય.*

અહિંસાના દૃષ્ટિકોણથી મૂલવવાનો છે. ટી.વી. પર આવેલ મહા ગાથાઓને પ્રમાણપાત્ર નથી ગણ્યું. એ લોકમાનસમાં તાજી છે એટલે એનો ઉપયોગ કર્યો છે. પ્રમાણપત્ર શું છે એની સર્વસંમતિ શક્ય નથી. બીજા કોઈના પણ લખેલા ગ્રંથોમાં આટલા પ્રસંગ તો વર્ણવાયા છે જ.

મારો જૈન શાસ્ત્રોનો અભ્યાસ નહિવત છે. છતાં જાણકારો પાસેથી જાણવા મળે છે કે જૈન વિચારધારા પ્રમાણે રામ અને કૃષ્ણ બંને, એમણે કરેલ હિંસાને કારણે હાલ નરકમાં છે. જોકે દુભાયેલ લોક લાગણીની મલમપટ્ટી કરવા એમણે કરેલા સત્કર્મોને કારણે આવતી ચોવીસીમાં તીર્થંકર તરીકે એમનું સ્થાન નિશ્ચિત કરેલ છે. જો જૈન શાસ્ત્રોમાં સાચે જ આવું લખેલ હોય તો મારું લખાણ આની પાસે કંઈ નથી. મેં અહિંસાના દરેક તબક્કાનું મહત્ત્વ સ્વીકાર્યું છે અને બધાને વંદનીય ગણ્યા છે.

વાંચ્યું છે કે વેદિક સાહિત્યમાં ક્યાંય પણ અહિંસાનો ઉલ્લેખ સુદ્ધાં નથી. એટલે કે વેદિક સાહિત્યના પાત્રો માટે હિંસા સ્વાભાવિક હતી. **જ્યારે જૈન વિચારધારા કોઈપણ સંજોગોમાં હિંસાની અનુમતિ નથી આપતી.** જૈન વિચારધારાને લીધે અહિંસા શબ્દ પ્રચલિત થયો હોય એ પણ શક્ય છે. આપણે હિંસા કરનારને અનુમોદન આપતા નથી.

મૂળ હેતુ એ છે કે પુરાણોમાં લખેલું બધું જ આંખો મીંચીને સ્વીકારતા રહીએ કે પછી આપણી આજની સમજ પ્રમાણે એની ફેર મૂલવણી કરીએ? જો પ્રશ્નો જ ન કરીએ તો શાસ્ત્રોના નામે કરાતા અન્યાયો કેવી રીતે અટકશે? અહીં બે દાખલા પ્રસ્તુત છે.

"અગ્નિ પરીક્ષા તો સીતા માતાને પણ આપવી પડી હતી." આ બહાનું આગળ ધરી કંઈ કેટલીયે સ્ત્રીઓને ખોટી રીતે દોષિત ઠરાવી દંડવામાં આવી છે. ક્યારેક તો જીવ પણ ખોવો પડ્યો છે. આ બંધ કરવાની જરૂર છે.

દારૂણ ગરીબી એક અમાનવીય સ્થિતિ છે. **આર્થિક અસમાનતા આપણી (રાજકીય અને આર્થિક) સમાજ વ્યવસ્થાની નિષ્ફળતાનું પરિણામ છે.** ધર્મ એને "કર્મફળ"નું બહાનું આગળ ધરીને ગરીબીને વાજબી ગણાવે છે, જસ્ટીફાય કરે છે. ગરીબો માટે આ પડ્યા પર પાટું છે. તેમજ અપંગોની ક્રૂર મજાક છે. શ્રીમંતો પણ સાચી-ખોટી રીતે મેળવેલ પોતાની સંપત્તિને "કર્મફળ"ના નામે વાજબી ગણે છે. એટલું જ નહીં, ધર્મગુરુઓ એમનું અનુમોદન કરે છે. જો ધર્મને નૈતિકતા સાથે કોઈ નાતો હોય તો આ ધર્મ નહીં, અધર્મ છે.

પરંપરાગત માન્યતાઓની ફેરમૂલવણી ખૂબ જરૂરી છે.

*મૂરજી ગડા - વડોદરા*

• • • • •

## "કચ્છી ભાષા.... મીઠડી ભાષા" — પ્રતિભાવ

સપ્ટેમ્બર-૨૦૧૨ના 'મંગલ મંદિર'ના અંકમાં ભોલાભાઈ ગોલીબારનો 'કચ્છી ભાષા - પાંજીભાષા - મીઠડી ભાષા' લેખ વાંચીને આ પત્ર લખવા પ્રેરાયો છું.

કચ્છી ભાષા દુનિયાભરમાં ખૂણે ખૂણે પથરાયેલી અને બોલાતી ભાષા છે. ભોલાભાઈ ગોલીબારના આ શબ્દો યથાર્થ છે.

પીટર ભેદા નામના જૈન ભાઈ ડૉક્ટરનો વ્યવસાય કરે છે. ૮ વર્ષોથી અમેરિકામાં વસે છે. મૂળ કચ્છના પીટર ભેદા અમેરિકામાં આજે તેમના કુટુંબમાં કચ્છી ભાષા બોલે છે.

કર્ણાટકના મેંગ્લોર શહેરમાં આવેલ કુંદાપુર નામના ગામમાં મારા બહેન-બનેવી કુટુંબ સાથે વ્યવસાય કરતા હતા. મારા બનેવીનું એકાએક દુઃખદ અવસાન થવાથી મને અને મારા મોટા બહેનને તાત્કાલિક કુંદાપુર જવાનું થયું. મારે પ્રથમવાર જવાનું બન્યું ત્યારે મારી મુશ્કેલીઓનો પાર ન રહ્યો કારણકે કર્ણાટકમાં કન્નડ ભાષામાં વ્યવહાર ચાલે. હું અને મારા મોટા બહેન કર્ણાટકની બસ સર્વિસમાં કુંદાપુર ગયા હતા. આખાય રૂટમાં ક્યાંય પણ કન્નડ ભાષા સિવાય અન્ય ભાષામાં વ્યવહાર કરનાર કોઈ ના મળે. બસનાં મુસાફરો, ડ્રાઈવર કન્ડક્ટર પણ કન્નડ ભાષામાં વાતચીત કરતા હતા. અમે મૂંઝાયા. કારણકે કુંદાપુર ગામ આવશે તો ખબર કેમ પડશે? દરેક બોર્ડ પણ કન્નડ ભાષામાં હતા. બે દિવસની મુસાફરી પછી એક ગામમાં બસ થંભી. પ્રવાસીઓ, ડ્રાઈવર - કંડક્ટર ગામમાં ગયા. અમે બે ભાઈ-બહેન એક દુકાનની પાસે ઊભા રહીને કચ્છી ભાષામાં વાત કરતા હતા કે હવે આપણે શું કરશું? અમારી કચ્છી ભાષામાં વાતચીત સાંભળી એ દુકાનદાર ભાઈ અમારી પાસે આવ્યા અને કચ્છીમાં વાતચીત કરીને અમને મારા બનેવીના ઘરે પહોંચાડવાની તથા બસમાંથી સરસામાન ઉતારવામાં મદદ કરી. એ ભાઈ કચ્છમાં નેત્રા ગામના વતની હતા. કુંદાપુર ગામમાં દુકાન ચલાવતા હતા. કચ્છી ભાષામાં અમારી વાત સાંભળી તેમણે ખૂબ જ રાજીપો અનુભવેલ. અમારી સાથે પણ તેમણે કચ્છી ભાષામાં વાતચીત કરી હતી. એટલે જ કહેવત છે કે,

*'કચ્છડો ખેલે ખલક મેં, જીં મહાસાગરમેં મચ્છ,*
*જિત જિત હકડો કચ્છી વસે, ઉતે ઉતે ડી યાં ડી કચ્છ.'*

કચ્છી ભાષા બોલનારની વાત કરીએ તો ૧૯૫૧ની વસતિમાં ૨૩,૬૦૪ લોકો કચ્છી ભાષા બોલનાર હતા. ૧૯૬૧માં ૩,૪૧,૬૪૦ લોકો એટલે કે ૪૨.૩૬ ટકા લોકો કચ્છી ભાષા બોલનાર હતા. ૧૯૯૧માં ૧૨,૬૨,૫૦૭ની સંખ્યા હતી.

આ ઉપરાંત કચ્છ સિવાય દેશ-વિદેશમાં વસતા કચ્છીઓની સંખ્યા લગભગ ૧૮ લાખની અંદાજવામાં આવી છે. આમ વિશ્વભરમાં વસતા કચ્છીઓમાંથી બારથી પંદર લાખ જેટલા કચ્છીઓ કચ્છી ભાષાનો ઉપયોગ કરે છે.

MILAN® MASALA
K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883
MILAN® MASALA

કચ્છી ભાષાનાં પ્રકાશનો વિશે વિદેશમાંથી માહિતી મંગાવવામાં આવે છે. કચ્છી ભાષા વિશે સંશોધન કરી રહેલા એક ગુજરાતી મુસ્લિમ મેમણ સાહિત્યકાર તો ઠેઠ ફ્રાન્સનાં પાટનગર પેરિસમાંથી કચ્છી સાહિત્યનાં સર્જન વિશે થયેલી પ્રગતિની માહિતી મંગાવતા મુંબઈથી ડૉ. નાગડાએ પેલા મેમણ સંશોધનકારને 'કુંજલજી કુણકાર'ના ત્યાર સુધી પ્રગટ થયેલા સઘળા અંકો અભ્યાસ માટે મોકલી આપ્યા હતા. આમ, કચ્છી ભાષાના સાહિત્યે વિદેશમાં પણ આકર્ષણ જન્માવ્યું છે.

એક મહત્ત્વના કદમ તરીકે જોઈએ તો ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીએ એમ.એ.ના વિદ્યાર્થીઓ માટે કચ્છી ભાષાના કોર્સનો સમાવેશ કર્યો છે. **વધુમાં કચ્છી ભાષા સાહિત્ય, કળા અને સંસ્કૃતિના વિકાસના સંવર્ધન માટે "કચ્છી ચેર"ની સ્થાપના પણ કચ્છ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી છે. આમ, કચ્છી મીઠડી બોલી ભાષા છે. એટલું જ નહીં, કચ્છી ભાષા ખૂબ ચોટદાર અને મર્મશાળી ભાષા છે.**

*બાબુલાલ ગોર, ડાયરેક્ટર : કચ્છી ચેર - ભુજ*

• • • • •

## 'મંગલ મંદિર' માસ સપ્ટેમ્બર-૨૦૧૨ના અંકનો પ્રતિભાવ

**છેલ્લા ત્રણેક વરસથી 'મંગલ મંદિર' વાંચવાનો એવો નશો ચડે છે કે દર મહિને તેનો આખેઆખો અંક વાંચી જાઉં છું.** માસ સપ્ટેમ્બર-૨૦૧૨નો અંક મળતાં એકી બેઠકે તે વાંચી ગયો. આખા અંકમાં કચ્છ અને કચ્છીયતના દર્શન થયા. 'કચ્છી ભાષા - પાંજી ભાષા - મીઠડી ભાષા' લેખ મારા મનને પ્રસન્ન કરી ગયો. ભાઈશ્રી ભોલાભાઈ ગોલીબાર કચ્છી છે એ પહેલવહેલું જાણ્યું. આમ તો નાનો હતો ત્યારે 'ચક્રમ' ચાર આનાનો નિયમિત વાંચતો. પણ સ્વ. એન.જે. ગોલીબાર કચ્છી હતા એ જાણી શક્યો ન હતો. હું પોતે કચ્છીનો લેખક છું અને કચ્છીમાં જ ત્રણ વાર્તા સંગ્રહો પ્રસિદ્ધ થયા છે અને તેમાં બે પુસ્તકોને કચ્છી સાહિત્ય અકાદમીએ પહેલું - બીજું એમ બબ્બે પુરસ્કારો આપ્યા છે. વાત રહી લિપિની.... તો અંગ્રેજીને ક્યાં પોતાની લિપિ છે? અરે, આપણી રાષ્ટ્રભાષા હિંદીને પણ ક્યાં પોતાની લિપિ છે? એવું જ મરાઠી, કાશ્મીરી ભાષાનું પણ છે. આમ છતાં આ ભાષાઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ હવે બોલાય છે. એટલે લિપિ વગર જ ગુજરાતી લિપિમાં કચ્છીનું ખેડાણ કરવું જોઈએ. ભાઈશ્રી ભોલાભાઈને મારા હાર્દિક અભિનંદન.

'ભૂખરા રણમાં મેઘધનુષ અને સંગીતનો સમન્વય' વાળો લેખ ભાઈશ્રી હરેશભાઈ ધોળકિયાએ સરસ લખ્યો છે તેમજ 'સામૈયાનું શ્રીફળ' કથા પણ રોચક છે. ભુજપુરના કોરશી પટેલ વિશે મેં એક વાર્તા પણ લખી છે.

**ટૂંકમાં, આ આખો અંક ઘણો જ રોચક છે અને જ્ઞાનવર્ધીવાળો છે. ફરીથી બધાને અભિનંદન.**

*ધનજી ભાનુશાલી 'કડક બંગાલી', એડવોકેટ - ભુજ (કચ્છ)*

• • • • •

## 'ઈન્ડિયા'ને 'ભારત' બનાવવું જોઈએ

કોઈ પણ વ્યક્તિ, પશુ-પક્ષી, ગામ, નગર, ક્ષેત્ર, નદી, સાગર, પર્વત... આ બધું જ અલગ અલગ ભાષામાં અલગ અલગ નામથી ઓળખાય - બોલાય - લખાય - વંચાય છે. ઉચ્ચાર, અક્ષર, શબ્દ, લિપિ બદલાઈ જાય પરંતુ અર્થ એનો એ જ રહે.

જેમકે ગુજરાતીમાં દરિયો તો અંગ્રેજીમાં SEA. ગુજરાતીમાં નગર કે શહેર તો અંગ્રેજીમાં CITY. ગુજરાતીમાં નદી તો અંગ્રેજીમાં RIVER. બરાબર?

હવે મૂળ નામ ગુજરાતનું ગુજરાતીમાં ગુજરાત થાય. તો અંગ્રેજીમાં પણ GUJARAT જ થાય. ગુજરાતીમાં અમેરિકા, તો અંગ્રેજીમાં પણ AMERICA જ થાય. ગુજરાતીમાં ગંગા નદી તો અંગ્રેજીમાં પણ GANGA RIVER જ થાય. આમાં મૂળ નામ ક્યાંય પણ બદલાતું જ નથી.

તો પછી ગુજરાતીમાં 'ભારત' તો અંગ્રેજીમાં INDIA કેમ? મૂળ નામ ભારતનું અંગ્રેજીમાં પણ BHARAT જ થાય તો પછી INDIA શા માટે??? અક્ષર, ઉચ્ચાર, શબ્દ બધું જ બદલાઈ જાય છે. આવું શા માટે??

ભારતમાં જેટલી પણ ભાષાઓ બોલાય છે તેમાં ભારતને ભારત જ લખાય, બોલાય કે વંચાય છે. હા, લિપિ બદલાઈ જાય. જેમકે ગુજરાતી, પંજાબી, મલયાલમ, સંસ્કૃત, મરાઠી, કન્નડા, તમિલ વગેરે.

ભારત બહારનાં જેટલા પણ દેશો છે તેમનાં નામ તેમની મૂળ ભાષામાં અને બાકી બધી જ ભાષાઓમાં જેમનાં તેમજ (મૂળ નામ) લખાય, બોલાય કે વંચાય છે. જેમકે અમેરિકા, દુબઈ, યુરોપ, જાપાન, લંડન વગેરે...

મુંબઈનું BOMBAY થયું હતું. મહાનુભાવોની મહેનત રંગ લાવી અને પાછું MUMBAI જ થઈ ગયું. **તો શું આપણે બધા ભારતવાસીઓ મહેનત કરીએ અને ભારતનું અંગ્રેજીમાં પણ BHARAT ન કરી શકીએ? જરૂર કરી શકીએ.** આપણી મહેનત પણ રંગ લાવશે જ. "જાગો ભારત જાગો."

*જ્યોતિકા અશોક મહેતા - કલીકટ (કેરળ)*

• • • • •

## 'મંગલ મંદિર' માસ સપ્ટેમ્બર-૨૦૧૨ પ્રતિભાવ

માહે સપ્ટેમ્બર-૨૦૧૨નો અંક સમયસર મળી ગયો. **મંગલ મંદિરે લેખોનું, માહિતીઓનું અને ખાસ કરીને સ્વચ્છ અને સુઘડ છપાઈકામનું ધોરણ જાળવી રાખેલ છે તેને માટે સંપાદક ટીમ અભિનંદનને પાત્ર છે.** મુખ્યતંત્રી શ્રી અશોક મહેતાના જનહિતને સ્પર્શતા લેખો દાદ માંગી લે તે પ્રકારનાં હોય છે.

માહે સપ્ટેમ્બરનાં ખાસ લેખો વિશે જણાવું તો : (૧) શ્રી સૂર્યકાંત ભટ્ટનો લેખ "દોષ વિશોધનની નિસરણી", (૨) શ્રી અશોક મહેતાનો "જનરિક દવા વિશે અગ્રલેખ", (૩) શ્રી સુપાર્શ્વ મહેતાનો

*જ્યાં આગ્રહ છે ત્યાં ભડકાટ છે.*

''સાઈકો થેરાપી'', (૪) શ્રી હરેશભાી ધોળકિયાનો ''ભૂખરા રણમાં મેઘધનુષ્ય, (૫) શ્રી ભાનુશાહનો ''કડવા ફળ ક્રોધના'', (૬) શ્રીમતી કમલબેનનો લેખ ''અલાસ્કાનો આસ્વાદ'' — વગેરે લેખો ખાસ ઉલ્લેખનીય અને માહિતીપ્રદ લાગ્યા.

કાવ્ય વિભાગ બંધ હોવા છતાં જાહેરાત સ્વરૂપે આવતા કચ્છી કાવ્યોનો આસ્વાદ માણવા મળે છે.

ટૂંકમાં 'મંગલ મંદિર'ની પચાસ વર્ષની મંઝિલ - પ્રગતિનાં સોપાન સમ બિરદાવી શકાય, જે ઉત્તરોત્તર પ્રગતિના ઉન્નત શિખરો સર કરતી રહે એવી અભ્યર્થના.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*

• • • • •

## એક આધાર સ્તંભ તૂટી પડ્યો....

## અજોડ અને આદર્શ કાર્યકર્તા : સ્વ. પોપટલાલભાઈ ધરોડ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માત્ર પાયો નાખનાર નહીં પરંતુ તેની ઉપર વ્યવસ્થિત રીતે બાંધકામ કરીને પ્રગતિના પંથે લઈ જઈને સમાજને મજબૂત સ્થિતિમાં મૂકનાર સ્વ. પોપટલાલ નેણશી ધરોડનું તા. ૮-૯-૨૦૧૨ના રોજ અમદાવાદ ખાતે દુઃખદ નિધન થયું છે જ્યારે એ સમાચાર મળ્યા ત્યારે દરેકે ખૂબજ આઘાત અનુભવ્યો.

તેઓશ્રી અસાધારણ અને સર્જનાત્મક કાર્યકર્તા હતા. સમાજની વિકાસયાત્રામાં તેમનો મહત્ત્વપૂર્ણ ફાળો રહેલો છે. **સહકાર અને ધગશ દ્વારા સિદ્ધિના મીઠા ફળ સમાજ પરિવારજનો સુધી પહોંચાડનાર એક અદના સેવાભાવી વ્યક્તિને સમાજે ગુમાવ્યો છે, તેનો અફસોસ છે.** અનંત સમય સુધી સમાજની અવિરત સેવાઓ બદલ આ સમાજ તેમનો ઋણી રહેશે.

'શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ'ના તેઓ મંત્રીપદે હતા. તે સમયે બંધારણ સમિતિમાં તેમનું મહાન યોગદાન હતું. ત્યારબાદ તેઓશ્રીએ વિવિધ હોદ્દા પર રહીને સક્રિય કામગીરી બજાવેલ હતી. તેવી રીતે 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ'ની સ્થાપના બાદ પણ બંધારણ સમિતિ, બાળ કલ્યાણ, શૈક્ષણિક સહાય, સભ્યપદ, મેડિકલ કાર્ડ, વસતિપત્રક જેવી સમિતિઓમાં અથવા તે સંબંધી કામગીરીમાં તેઓશ્રીનું મહત્ત્વનું પ્રદાન હતું. સમાજના મુખપત્ર 'મંગલ મંદિર'માં 'વલોવતન' વિભાગ ઝળહળતા ઓજસની જેમ લાંબા સમય સુધી ચાલુ રાખ્યો હતો. આમ છતાં, ટ્રસ્ટ મંડળ કે કારોબારી સમિતિમાં તેમણે ક્યારેય પણ કોઈ હોદ્દાની અપેક્ષા સેવી ન હતી. **જેમાં તેમની મહાનતા અને ઉદાર દિલના એક પ્રામાણિક અને નેક આદર્શવાદી વ્યક્તિત્વનું પ્રતિબિંબ પડે છે.** ખરેખર! અદ્‌ભુત કહી શકાય તેવી તેમની વિચારસરણી હતી. જેનાથી સૌ કોઈ પ્રભાવિત થતા હતા.

તેઓશ્રી આજે આપણી વચ્ચે નથી પરંતુ તેમના વિચારો અને જીવનયાત્રા અવિસ્મરણીય બની રહેશે. અન્ય વ્યક્તિ માટે તેમની કાર્યપદ્ધતિ પ્રેરણાબળ સમાન હતા.

વ્યક્તિગત રીતે મેં એક નિકટના મિત્ર અને માર્ગદર્શક ગુમાવ્યો છે. આ સમાજમાં હું જ્યારથી કાર્યરત થયો ત્યારથી અનેક પ્રકારની કામગીરી અમે સંયુક્ત રીતે નિભાવેલ હતી. આવી ઉચ્ચ વ્યક્તિ સાથે નિકટતાપૂર્વક અને વર્ષો સુધી કામ કરવાની જે તક મને પ્રાપ્ત થઈ તે મારા માટે ખાસ વિશેષાધિકાર સમાન છે. પ્રત્યેક સમયે તેમના સૂચન અને માર્ગદર્શન ઉપયોગી થતા હતા. આ રીતે તેમની કાર્યપ્રણાલીનો હું સાક્ષી છું.

તેમની કામગીરી સૌ માટે ખાસ કરીને નવી પેઢી માટે સદાય ઝળહળતો પ્રેરણાદીપ બની રહેશે.

પરમ કૃપાળુ પરમાત્મા તેમના કુટુંબીજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે અને સદ્‌ગતના આત્માને ચિર શાંતિ બક્ષે એવી અંતરની આરઝુ.

*પ્રાર્થી : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

• • • • •

## સ્વ. પોપટલાલભાઈ ધરોડ

સૂરજલાલભાઈને અપાયેલ શ્રદ્ધાંજલિની શાહી સૂકાઈ ન હતી ત્યાં પોપટલાલભાઈએ પણ વિદાય લઈ લીધી.

છેલ્લા થોડા મહિનાથી તેઓ નિવૃત્ત હતા. તે અગાઉ સમાજને તેમની સેવા ચાર દાયકાથી પણ વધારે સમયથી મળતી રહી હતી એ બાબતની નોંધ લેવી જોઈએ.

હવે પછી આવા સમર્પિત કાર્યકરો સમાજને મળવા અશક્ય નહિ તો બહુ મુશ્કેલ છે.

આશા રાખીએ કે તેઓનું કાર્ય ઉપાડી શકે એવા કાર્યકરો આગળ આવશે.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

**કોઈપણ ગામે તમે વાંચકો વિનાની, સાફસફાઈ વિનાની અને ગ્રંથપાલ વિનાની સૂનીસૂની ઉપેક્ષિત લાઈબ્રેરી જુઓ તો માનજો કે એ ગામનો સરપંચ નિરક્ષર ન હોય તોય અજ્ઞાની છે.**

Sathwara Construction
Engineers & Contractors
C/174, Ambica Krupa Society,
Nr. Someshwar Tenament, Ranip,
Ahmedabad.
Ph. : (079) 27525366
Mobile : 98985 76892

# અન્ય સંસ્થાઓના સમાચાર

## આશાપુરા ફાઉન્ડેશન
## મેડિસર ગામની પાણીની સમસ્યા હલ થઈ

નખત્રાણા તાલુકાના પાવરપટ્ટીના નિરોણા ગામ પાસે આવેલા ટચુકડા મેડિસર ગામની વસતિ ૧૨૨ની છે. જેમાં બધા જ ક્ષત્રિય જાડેજાની વસ્તી છે. આ ગામનો છ દાયકા જૂનો પાણી પ્રશ્ન આશાપુરા ફાઉન્ડેશન, વાસ્મો, પાણી પુરવઠા બોર્ડ અને ગુજરાત ઈલેક્ટ્રિક બોર્ડના સહારે ફક્ત અઢી લાખના ખર્ચે ઉકેલી ઘરે-ઘરે નળ દ્વારા પાણી પહોંચતું કરવામાં આવ્યું છે. તેથી આજે પણ ગામલોકો સહભાગી સંસ્થાઓને યાદ કરી ઋણ અદા કરી રહ્યા છે.

ગામના વતની શ્રી પથુભા કુંભાજી જાડેજા જે હાલમાં ખોંભડી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવે છે, તેમણે આશાપુરા ફાઉન્ડેશનને મેડિસર ગામની પાણીની સમસ્યા જણાવેલ, જેના ઉકેલમાં ગામમાં પાણી સમિતિ બનાવી, વાસ્મો સાથે જોડી પ્રોજેક્ટને આગળ વધારવામાં આવ્યું. સંસ્થાના કર્મચારીઓ દ્વારા સર્વે કરાયું અને પાણી પુરવઠા બોર્ડની મદદથી ગામલોકોના સહારે ૭૦ ફૂટ ઊંડી ભેખડવાળી નદીના તળમાં બોર બનાવવામાં આવ્યો. તે પણ દેશી પદ્ધતિથી. અને વાસ્મો પ્રોજેક્ટ હેઠળ પાણીનો ટાંકો, પંપરૂમ, ઘરે-ઘરે નળ માટે પાઈપલાઈન નંખાણી. ગુજરાત ઈલેક્ટ્રિક બોર્ડે આ દુર્ગમ ડુંગરના કિનારે મહામુસીબતે વીજ થાંભલા ઊભા કરી વીજ જોડાણ બોર સુધી કરી આપ્યું.

આમ, આશાપુરા ફાઉન્ડેશનના શ્રી તુષારભાઈ દેઢિયાના માર્ગદર્શન હેઠળ અને ગામલોકોની કોઠાસૂઝથી અઢી લાખ રૂપિયાના નજીવા ખર્ચે ટેન્કર આધારિત આ ગામમાં ઘરે ઘરે નળ યોજના દ્વારા પાણી પહોંચતું કરાયું.

પથુભા જાડેજાએ જણાવ્યું કે પોતાના પિતા સ્વ. કુંભાજી જાડેજા જિંદગીનો મોટો ભાગ નખત્રાણા પાણીના ટેન્કર માટે ધક્કાઓ ખાવામાં વિતાવતા હતા, ત્યારે ૪૦ કિ.મી. દૂરથી પાણીનું ટેન્કર એકાંતરે, તો ક્યારેક ચાર દિવસે આવતું. હવે સ્વતંત્ર યોજના થતાં પાણીનો પ્રશ્ન હલ થઈ ગયો છે.

નિષ્ઠા સાચી હોય તો નજીવા ખર્ચે મોટા પ્રશ્નો ઉકેલી શકાય છે. કારણકે હજારો ગાઉના પંથની શરૂઆત માત્ર એક જ પગલાથી થાય છે. તે ઉક્તિ ગામલોકો અને સંસ્થાના સહયોગથી સાર્થક બની છે, એમ સેન્ટર ઈન્ચાર્જની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

*મનોજપુરી એચ. ગુંસાઈ*
*ફોન : (૦૨૮૩૫) ૨૨૩૬૦૫*

## ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ

### શ્રી બચુભાઈ રાંભિયાની
### સેવાકીય કામગીરી બદલ પ્રોત્સાહન ઈનામ

ગૌરક્ષક બચુભાઈ પી. રાંભિયાને વધુને વધુ ગૌવંશને કતલખાને જતાં બચાવવાની કામગીરીને ગુજરાત રાજ્ય સરકારે બિરદાવતા રાજ્ય સરકારના ગુજરાત ગૌસેવા આયોગ - ગાંધીનગર દ્વારા રૂા. ૨૫,૦૦૦/-નું પ્રોત્સાહન ઈનામ આપી તેમને સન્માનિત કરવામાં આવેલ છે, એમ તેમના ટ્રસ્ટની એક નોંધમાં જણાવવામાં આવ્યું છે.

★

## સાહિત્ય કલા પુરસ્કાર

મુંબઈ, કચ્છ અને દેશાવરમાં વસતા કચ્છનાં મૂળ વતની એવા સાહિત્યકારોને તેમની સાહિત્ય સર્જનની પ્રવૃત્તિમાં ઉત્તેજન આપવાનાં ઉદ્દેશથી શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય કલા પુરસ્કાર - ૨૦૧૨નાં પારિતોષિક સંદર્ભે કચ્છી ભાષામાં પ્રગટ થયેલાં પુસ્તકને પુરસ્કૃત કરવા માટે જાન્યુઆરી-૨૦૧૧થી ડિસેમ્બર-૨૦૧૧ વચ્ચે પ્રગટ થયેલા કચ્છી પુસ્તકો (ગદ્ય - પદ્ય)નાં સર્જકોને એમની કૃતિની બે પ્રત અરજી સાથે નીચે જણાવેલ સરનામે મોકલવા વિનંતી. અરજી કરવાની છેલ્લી તારીખ સોમવાર, તા. ૧૫-૧૦-૨૦૧૨ રાખવામાં આવેલ છે.

*સરનામું :* કોસ્મો હાઉસ, ટી.પી.એસ.-૫, કલીકુંડ જૈન મંદિરની પાસે, રોડ નં.-૨, સાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૫.

*વધુ વિગત માટે સંપર્ક :* (૦૨૨) ૨૬૬૭૩૦૫૫

*ડૉ. વિશન નાગડા*

**કોઈ મારી પ્રશંસા કરે છે ત્યારે મારા અંતઃકરણમાં સુખ પેદા થતું નથી તો પછી કોઈ મારી નિંદાં કરે તો એથી મને દુઃખ શું કામ થવું જોઈએ? જુઓ, આ રહ્યું ગુલાબ! એમાં કાંટા છે, ગુલાબ પણ છે. કોણ કોની પ્રશંસા કરે અને કોણ કોની નિંદા કરે? કાંટાની નિંદા થાય તો ગુલાબનું મહત્ત્વ વધે, ગુલાબની નિંદા થાય તો કાંટાનું મહત્ત્વ વધે. પણ છેવટે તો બંને એકબીજાની જ શોભા છે. આ સંસારમાં આપણા સૌના સંબંધ આવા જ છે. તે મારી નિંદા કરે છે એટલે મારું મહત્ત્વ વધે છે અને મારે લીધે એનું મહત્ત્વ વધે છે.**

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**સપ્ટેમ્બર – ૨૦૧૨ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

### રિન્યૂ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- સુરેશ ગુલાલચંદ શાહ — ભુજ, કચ્છ
- જયચંદ માણેકજી લોડાયા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- મહારાવશ્રી વિજયરાજજી પુસ્તકાલય — ભુજ, કચ્છ

#### ૫ વર્ષનું લવાજમ

- દીપક પદમશી સાયલા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- પ્રફુલ્લચંદ્ર સી. શાહ — ભુજ, કચ્છ
- જયા મહેન્દ્રભાઈ શાહ — ભુજ, કચ્છ
- દિલીપ મનુભાઈ ફડિયા — સરખેજ, અમદાવાદ
- પૂનમચંદ છગનલાલ શાહ — કારેલીબાગ, વડોદરા
- સમીર ખુશાલભાઈ દેઢિયા — વલસાડ
- રમેશભાઈ પી. મહેતા — સુરત

#### ૫ વર્ષનું લવાજમ

- વી. ડી. વોરા — ચેન્નાઈ
- પ્રવીણ વેલજી શાહ — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- ભોગીલાલ મોરારજી રાંભિયા — શાહીબાગ, અમદાવાદ

#### આજીવન

- કુલીન એમ. શાહ — વલ્લભવિદ્યાનગર
- રોહિત એચ. શાહ — ગોવંડી, મુંબઈ

## હે પ્રભુ, મને શીખવ

- હે પ્રભુ, સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ.
- બધી બાબતો અવળી પડતી હોય ત્યારે, હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવા તે મને શીખવ.
- પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે શાંતિ કેમ રાખવી તે મને શીખવ.
- કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે ખંતથી તેમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ.
- કઠોર ટીકા ને નિંદાનો વરસાદ વરસે ત્યારે, તેમાંથી મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું તે મને શીખવ.
- ચારેબાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે, શ્રદ્ધા ડગુમગુ થઈ જાય, નિરાશાની ગર્તામાં મન ડૂબી જાય, ત્યારે ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની પ્રતીક્ષા કેમ કરવી તે મને શીખવ.

*સાભાર : 'પરિત્રાણ'*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

## 'મંગલ મંદિર'ના પૂરા થતાં લવાજમની વિગત

**ઓક્ટોબર-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી**

- પુનિત વી. શાહ — માંડવી, કચ્છ
- મનોજ દયારામ ઠક્કર — દુર્ગાપુર, માંડવી, કચ્છ
- લલિત એમ. શાહ — બોરીઆ, આણંદ
- મુરજી ગણશી ગડા — વડોદરા
- ચંદ્રકાંત આર. મહેતા — વડોદરા
- રમેશ ડી. છેડા — પરેલ, મુંબઈ
- આણંદજી વીરજી વોરા — ભાયખલા, મુંબઈ
- જતીન એમ. નાગડા — ગોરેગામ (વેસ્ટ), મુંબઈ
- રાજેશ જયંતિલાલ મગવાણી — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- મધુરીબેન ભવાનજી લોડાયા — વિદ્યાવિહાર (વેસ્ટ), મુંબઈ
- દિલીપ મૂલચંદ શાહ — દહાણું રોડ, મહારાષ્ટ્ર
- શેખર એન. શાહ — રતલામ (એમ.પી.)
- હીરાવતી એચ. કુરૂવા — કાંગેયામ (તામિલનાડુ)

## "ઊંધાં ચશ્માં"

*દરેક સમાજમાં સામાજિક સંસ્થાઓના કાર્યકરોને નકારાત્મક વલણ ધરાવતી અન્ય વ્યક્તિઓનો સામનો કરવો પડતો હોય છે. નકારાત્મક વલણ દર્શાવવાના પણ અનેક પ્રકાર છે. ચૂંટણી લડીને, અવારનવાર વિરોધ દર્શાવતા પત્ર લખીને, જવાબ માગીને, અન્ય કાર્યકરોની ખોટી ચડામણી કરીને, મિટિંગ વખતે ખોટા-સાચા વાંધા લઈ કાર્યવાહીને ખોરંભે ચડાવી, ચાલુ પ્રોગ્રામ વખતે વચ્ચે દખલગીરી કરી અને ચેરિટી કમિશનરની ઓફિસમાં કે કાર્ય- કચેરીમાં ફરિયાદ કરી, આવી અનેક રીતે પોતાનું વિરોધી વલણ પ્રદર્શિત કરતા રહે છે.*

*ઘણીવાર તેઓ ખોટા પણ નથી હોતા પણ તેમનું વલણ ભૂલભરેલું હોય છે. હકારાત્મક વલણ રાખી પોતાના વિચારો યોગ્ય સમયે રજૂ કરવા તેઓ ટેવાયેલા નથી. ઉપરાંત બહુમતને આધીન થવા પણ તૈયાર નથી હોતા. તેમના આવા વલણને કારણે તેઓ બીજાઓનો તિરસ્કાર વહોરી લેતા હોય છે. અધિકારી વર્ગની ભૂલો શોધતા થાકતા નથી. નાણાંકીય બાબતોમાં સમજ વગરની ચંચુપાત પણ કરતા હોય છે. ચૂંટણીઓ નિવારી શકાય તેમ હોવા છતાં અને પોતે હારી જશે એ નિશ્ચિત હોવા છતાં ચૂંટણી કરાવી સંસ્થાને ખર્ચમાં ઉતારે છે અને સમયની બરબાદી કરાવે છે. આ બધામાં સફળ ન થાય ત્યારે નકારાત્મક વલણ ધરાવનાર એ વ્યક્તિઓ નનામા પત્રનો આશરો લે છે. વિકૃત માનસના દર્શન ત્યારે આવી વ્યક્તિઓમાં થાય છે. તેઓ માનસિક બીમારીઓનો ભોગ બનેલા હોય છે.*

*"પગદંડી" જૂન-૨૦૦૮ના અંકમાંથી સાભાર*

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના જણાવ્યા મુજબ દર ૧૭ સેકંડે કોઈને કોઈ મહિલા દહેજ વગેરે ઉત્પીડનનો શિકાર બની રહી છે. દર કલાકે કોઈને કોઈ મહિલાને જીવતી સળગાવી મૂકવામાં આવે છે. દર ૨૭ મિનિટે કોઈને કોઈ મહિલા બળાત્કારનો ભોગ બને છે. આ સત્તાવાર આંકડા છે. બિનસત્તાવાર આંકડામાં આ સંખ્યા ઘણી વધારે થશે. *(સાધના, તા. ૨૮-૭-૧૨)*

(૨) તાજેતરમાં અમેરિકામાં આવેલા વિનાશક વાવાઝોડાને લીધે વીજળીનો પુરવઠો ખોરવાઈ જતાં, વીજળીના આધારે રહેતા ઘરોમાં એ.સી. બંધ થતાં ગૂંગળાઈને ૪૨ લોકોનાં મૃત્યુ થયા. *(સાધના, તા. ૨૮-૭-૧૨)*

(૩) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં પોલીસ કસ્ટડીમાં રહેલા ૧૫૭૪ નાગરિકોની હત્યા થઈ હતી. *(સંદેશ, તા. ૨૯-૭-૧૨)*

(૪) નવી દવાઓની ટ્રાયલ માટે દવા કંપનીઓ માનવ ઉપર અખતરા કરે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના રિપોર્ટ અનુસાર ૨૦૦૮થી ૨૦૧૧ દરમ્યાન ભારતમાં આવા ક્લિનિકલ ટ્રાયલમાં કુલ ૨૦૩૧ લોકોનાં મૃત્યુ થયા છે. એટલે કે દર અઠવાડિયે દસ લોકોનાં. મતલબ રોજના એક કરતાં પણ વધુના. સરેરાશ મૃત્યુ થાય છે. *(સંદેશ, તા. ૧-૮-૧૨)*

(૫) નિવૃત્ત થતાં રાષ્ટ્રપ્રમુખ પ્રતિભા પાટીલનો સાંગલીમાં એક મોટો બંગલો છે. એમના માટે કરોડોના ખર્ચે સાંગલીમાં એક એરપોર્ટ ઊભું કરવામાં આવ્યું છે. અને પૂનામાં બ્રિટીશ જમાનાના બે બંગલા તોડીને તેમના માટે વિશાળ બંગલો બંધાઈ રહ્યો છે. દુનિયાના કોઈપણ દેશના રાષ્ટ્રપતિને આવી સગવડ આપવામાં આવતી નથી. *(વિવેકપંથી, જુલાઈ-૨૦૧૨)*

(૬) મહારાષ્ટ્રના પીપરખેડા ગામના જીવાભાઈ રાભાડે નામના ખેડૂતે બળદગાડાની રેસમાં ભાગ લેવાવાળા પોતાના બળદો માટે એરકંડિશન્ડ ગમાણ અને મચ્છર વગરની વ્યવસ્થા ગોઠવવા અને બળદોને માલીશ કરવા પાછળ રૂા. ૫૦ લાખ ખર્ચી નાખ્યા છે. *(વિવેકપંથી, જુલાઈ-૨૦૧૨)*

(૭) મુંબઈમાં વડાલાની કુષ્ટ રોગની હોસ્પિટલમાં ૫૦૦ ખાટલાની વ્યવસ્થા છે. પણ દર્દીઓને લેવાનું બંધ કરવામાં આવેલ છે. તેથી હાલમાં ત્યાં માત્ર ૯૫ દર્દીઓ છે અને સ્ટાફ ૯૦૦ માણસોનો છે! *(વિવેકપંથી, જુલાઈ-૨૦૧૨)*

(૮) વર્ષ ૧૯૭૨માં મ્યુનિકમાં રમાયેલી ઓલિમ્પિક રમતોત્સવમાં ૬૮૭ મિલિયન ડોલરનું નુકસાન થયેલું અને ૧૯૭૬માં મોન્ટ્રિયલની ઓલિમ્પિકમાં કેનેડાએ ૧૨૨૮ મિલિયન ડોલરનું નુકસાન વેઠેલું. *(નિરીક્ષક, તા. ૧-૮-૧૨)*

(૯) હાલમાં જી-૨૦ દેશોની એક કોન્ફરન્સમાં યુરોપના દેશોને ઉગારવા મદદરૂપે આપણા વડાપ્રધાન રૂા. ૫૬,૦૦૦ કરોડની ખેરાત કરી આવ્યા છે. *(લોક સ્વરાજ, ઓગસ્ટ-૨૦૧૨)*

(૧૦) છેલ્લા સાત વર્ષમાં નર્મદા કેનાલ નેટવર્કમાં કુલ્લે ૩૧૨ ગાબડા પડ્યા છે. *(લોક સ્વરાજ, ઓગસ્ટ-૨૦૧૨)*

(૧૧) કર્ણાટક સરકારે વરસાદ આવે તેવી પૂજા કરવા માટે રાજ્યના ૩૪,૦૦૦ મંદિરોને દરેકને રૂા. ૫,૦૦૦/- આપવા માટે રૂા. ૧૭ કરોડની રકમ મંજૂર કરી છે. *(સંદેશ, તા. ૮-૮-૧૨)*

(૧૨) બ્રાઝિલ સરકારે ત્યાંની જેલમાં જો કેદી એક પુસ્તક વાંચે તો તેની સજામાં ચાર દિવસ ઓછા કરવાનો નિયમ કર્યો છે. આ રીતે વધારેમાં વધારે ૧ વર્ષમાં ૪૮ દિવસ ઘટી શકે છે. *(સંદેશ, તા. ૮-૮-૧૨)*

(૧૩) વર્ષ ૧૯૮૦ના મોસ્કો ઓલિમ્પિક રમતોમાં ઝિમ્બાબ્વેની હોકીની ટીમ મેડલ જીતીને સ્વદેશ પાછી ફરી ત્યારે ત્યાંની સરકાર તરફથી દરેક ખેલાડીને ઈનામમાં એક એક બળદ આપવામાં આવ્યો હતો કારણકે એથી વધારે કશું આપવા માટે ઝિમ્બાબ્વેની સરકાર પાસે પૈસા ન હતા. *(સાધના, તા. ૪-૮-૧૨)*

(૧૪) છેલ્લા ૨૦ વર્ષોમાં મુકેશ અંબાણીની મિલકતમાં ૧૦૧ ગણો વધારો થયો છે. ટાટાની સંપત્તિમાં ૩૮ ગણો, આનંદ મહિન્દ્રાની સંપત્તિમાં ૨૭૦ ગણો, ઈન્ફોસીસની સંપત્તિમાં ૫૧૦૦ ગણો, કુમાર મંગલમ બિરલાની સંપત્તિમાં ૩૯ ગણો, વેદાંતવાળા અનિલ અગ્રવાલની સંપત્તિમાં ૧૦૨ ગણો વધારો થયો છે. *(સામયિક વાર્તા, મે-૨૦૧૨)*

(૧૫) ચાલુ વર્ષે આપણે વીસ લાખ ટન અનાજની નિકાસ કરવાના છીએ - આ અનાજ સડી ન જાય એટલા માટે!! કદાચ આ જ અનાજ વધારે કિંમત ચૂકવીને આપણે આયાત કરીશું!! *(નયા માર્ગ, તા. ૧-૮-૧૨)*

(૧૬) માજી રાષ્ટ્રપ્રમુખ પ્રતિભા પાટીલ જ્યારે રાષ્ટ્રપ્રમુખ તરીકે રાષ્ટ્રપતિ ભવનમાં પ્રવેશ કરવા ગયા ત્યારે તેમની સાથે બે ટ્રક ભરાય એટલો સામાન હતો. જ્યારે તેઓ નિવૃત્ત થઈને ગયા ત્યારે તેમની સાથે ત્રીસ ટ્રક ભરીને સામાન હતો. *(દિવ્ય ભાસ્કર, તા. ૧૨-૮-૧૨)*

(૧૭) માજી રાષ્ટ્રપ્રમુખ પ્રતિભા પાટીલ એક જમાનામાં સ્વ. ઇંદિરા ગાંધીને ત્યાં રાંધવાનું કામ કરતા હતા. ઇંદિરા ગાંધીને તેમના હાથની બનાવેલી રસોઈ ખૂબ ભાવતી. *(દિવ્ય ભાસ્કર, તા. ૧૨-૮-૧૨)*

(૧૮) હિંદના સંરક્ષણ મંત્રી એ.કે. એન્ટનીએ સંસદમાં જાહેર કરેલા આંકડા મુજબ વર્ષ ૨૦૦૩થી ૨૦૧૧ સુધીમાં ઇન્ડિયન આર્મીના ૧૦૨૮ જવાનોએ આત્મહત્યા કરી જીવનનો અંત આણેલ છે. *(સાધના, તા. ૧૮-૮-૧૨)*

*પૈસાની ભીડમાં માણસ ડાહ્યો દેખાય ને ડાહ્યો થઈ જાય.*

(૧૯) કેરળના મુખ્યમંત્રી ઓમાન ચાંડીએ તા. ૨૬-૬-૨૦૧૨ના વિધાનસભામાં જાહેર કર્યું છે કે વર્ષ ૨૦૦૬થી અત્યાર સુધીમાં ૭૭૧૩ લોકોએ ઈસ્લામ ધર્મમાં પરિવર્તન કર્યું છે. જેમાં ૨૬૮૮ સ્ત્રીઓ છે. આ મહિલાઓમાં ૨૧૯૬ હિંદુ અને ૪૯૨ ઈસાઈ છે. *(સાધના, તા. ૧૮-૮-૧૨)*

(૨૦) હરિયાણાના માનેસર ખાતે મારૂતિ - સુઝુકી કારનો એક ઉત્પાદન એકમ છે. જેમાં કામદારોને સાડા સાત મિનિટ અને ફરી સાડા સાત મિનિટની એમ બે રિસેસ મળે છે. આટલા ઓછા સમયમાં જ કામદારોએ ચા તથા પેશાબ વગેરે પતાવી દેવાના હોય છે. આથી કામદારો એક હાથમાં ચા-બિસ્કીટ સાથે પેશાબખાના પાસે લાઈનમાં ઊભા રહે છે. *(દલિત અધિકાર, તા. ૨૦-૮-૧૨)*

(૨૧) અમેરિકાના વિસ્કોન્સીન પ્રાંતના ઝિલવોકી શહેરમાં એક વેડ માઈકલ પેજ નામના માણસે ગુરુદ્વારામાં કરેલા ગોળીબારમાં ૬ શીખ મૃત્યુ પામ્યા. એમાં ૪ ભારતીય નાગરિક હતા. અમેરિકી પ્રમુખ ઓબામાએ આ ઘટનાને સામાન્ય ગણી બેસી રહેવાના બદલે તીવ્ર સંવેદના પ્રગટ કરી રાષ્ટ્રીય શોક જાહેર કરીને અમેરિકામાં તેમજ સમગ્ર વિશ્વમાં અમેરિકી રાષ્ટ્રધ્વજને ત્રણ દિવસ સુધી અરધી કાઠીએ રાખવા હુકમ કર્યો હતો. *(દલિત અધિકાર, તા. ૨૦-૮-૧૨)*

(૨૨) વડોદરામાં રહેતા સાગરભાઈ નામના એક વિદ્યાર્થીએ ૧૯૮૧ પછી સતત પરીક્ષા આપતા રહીને ૨૦૧૨માં ૨૫મી ટ્રાયલે દસમું ધોરણ પાસ કર્યું છે. *(સંદેશ, તા. ૨૯-૮-૧૨)*

(૨૩) ઝારખંડ રાજ્યના દેવઘર જિલ્લાના મર્સલીમ અન્સારી નામના વિદ્યાર્થીને મદ્રેસાની ડિગ્રીને આધારે ભારતીય સૈન્યમાં પ્રવેશ આપવામાં આવેલ છે. હવેથી મદ્રેસાની ડિગ્રી ધરાવનારને સૈન્યમાં પ્રવેશ આપી શકાય એવો નિર્ણય ભારત સરકારે કરેલ છે. *(સાધના, તા. ૨૫-૮-૧૨)*

(૨૪) સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ આફતાબ આલયે દેશમાંથી ગુમ થયેલા ૫૫,૦૦૦ બાળકોને શોધી કાઢવા માટે કેન્દ્ર સરકાર પર નોટિસ આપેલ છે. *(સાધના, તા. ૨૫-૮-૧૨)*

(૨૫) ઓલિમ્પિકમાં રજત અને કાંસ્ય ચંદ્રક વિજેતા પહેલવાન સુશીલકુમાર તથા યોગેશ્વર દત્તનું દિલ્હી ચાંદની ચોકમાં સન્માન કરવામાં આવ્યું ત્યારે બંનેને એક એક ભેંસની ભેટ આપવામાં આવેલ. *(સાધના, તા. ૧-૯-૧૨)*

(૨૬) બંગાળના કોલકોતાથી ૧૨ કિ.મી. દૂર બરાકપુર જેલના સુપ્રિન્ટેન્ડન્ટ આનંદકુમાર રોય અને જેલના કેદી જીનિયા નાન્દી બંનેનો બેંકમાં જોઈન્ટ એકાઉન્ટ ચાલે છે. આ જોઈન્ટ એકાઉન્ટ નંબર ૯૧૦૦૧૦૦૨૭૯૬૦૪૧૮ છે અને આ ખાતામાં રૂા. દસ લાખ બેલેન્સ છે. *(સાધના, તા. ૧-૯-૧૨)*

(૨૭) માહિતી અધિકાર હેઠળ રમેશ વર્મા દ્વારા કરાયેલ અરજીના જવાબમાં જણાવાયું છે કે, કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા ૧૪ મહિનાના ૪૨૬ દિવસ દરમ્યાન ચા-નાસ્તા પાછળ રૂા. ૮૮,૮૩,૧૭૨/-નો ખર્ચ કરેલ છે. *(સાધના, તા. ૧-૯-૧૨)*

**આ જગમાં થોડા મલે!**
**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**
*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
An ISO 9001-2000 COMPANY
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

**કચ્છજો માડુ...**
**કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;**
**માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.**
*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**
**CLEARING, FORWARDING SHIPPING & TRANSPORT AGENT**
277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : 2266 3096 / 97, 3254 7879**
**Fax : 4347 0219**
**E-mail : mayurpeermumbai@yahoo.in**
**Website : www.burleighintl.com**

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

## ઓલિમ્પિક સ્પેશિયલ – ૨

- **અગિયારમો ઓલિમ્પિક (અમેરિકન જલપરી - સૌથી નાની વયે ચેમ્પિયન)** : અગિયારમો ઐતિહાસિક રમતોત્સવ બર્લિન ખાતે યોજાયો હતો. આ રમતોત્સવનું ઉદ્‌ઘાટન જર્મનીના ચાન્સેલર ઍડોલ્ફ હિટલરે કર્યું હતું. ઓલિમ્પિક જ્યોત ફિવઝ સ્કીલગને પ્રગટાવી હતી.

  મહિલાઓમાં અમેરિકાની ૧૩ વર્ષની જલપરી માર્જોરીગે સ્ટ્રોંગ સ્પ્રિંગ બોર્ડ ડાઈવિંગમાં પ્રથમ આવી સૌથી નાની ઉંમરે ચેમ્પિયન બનવાનું બહુમાન મેળવ્યું હતું.

  ભારતે હોકીમાં સતત ત્રીજી વખત સુવર્ણ ચંદ્રક મેળવીને હેટ્રિક સર્જી હતી. ભારતે કુલ ૩૮ ગોલ નોંધાવ્યા હતા. જેમાંથી ૧૧ ગોલ કેપ્ટન ધ્યાનચંદ્રે જ નોંધાવ્યા હતા.
- **બારમો - તેરમો ઓલિમ્પિક (વિશ્વયુદ્ધના કારણે બંધ)** : બારમો અને તેરમો ઓલિમ્પિક રમતોત્સવ ૧૯૪૦ અને ૧૯૪૪માં વિશ્વયુદ્ધના કારણે બંધ રહ્યો હતો. જે ઓલિમ્પિક રમતોત્સવના ઈતિહાસમાં બીજી અને ત્રીજી બંધ રહેવાની ઘટના બની હતી.
- **ચૌદમો ઓલિમ્પિક (ભારતને હોકીમાં સુવર્ણ ચંદ્રક)** : આ રમતોત્સવ ૧૯૪૮માં લંડન ખાતે યોજાયો હતો. આ રમતોત્સવની હીરોઈન નેધરલેન્ડની ફેની બ્લેન્ક્સે કોયન હતી. જેણે કુલ ચાર સુવર્ણ ચંદ્રકો મેળવ્યા હતા. ૩૦ વર્ષની ચાર મહિલાઓ જે બબ્બે બાળકોની માતા પણ હતી, જેણે હાઈજંપ અને લોંગ જમ્પ સહિત સાત જેટલા વિશ્વવિક્રમ નોંધાવ્યા હતા. ભારતે હોકીમાં કેપ્ટન કિશનલાલની આગેવાની હેઠળ સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો.
- **પંદરમો ઓલિમ્પિક (રશિયાના ખેલાડીઓનો પ્રવેશ અને ભારતને હોકીમાં સુવર્ણ ચંદ્રક)** : ૧૯૫૨માં પંદરમો રમતોત્સવ હેલસિન્કી ખાતે યોજાયો હતો. રશિયાએ આ રમતોત્સવથી ભાગ લેવાનું શરૂ કર્યું હતું. એમિલ ઝેટોપેક તથા દાના ઝેટોપેકે ત્રણ સુવર્ણ ચંદ્રકો પતિ-પત્ની તરીકે મેળવ્યા હતા. હોકીમાં બાલુના સુકાનીપદે ભારતે સુવર્ણચંદ્રક મેળવ્યો હતો.
- **સોળમો ઓલિમ્પિક (હોકીમાં ભારતને ફરીથી સુવર્ણ ચંદ્રક અને ભારતની ફુટબોલ ટીમ સૌપ્રથમ સેમિ ફાઈનલમાં)** : સોળમો ઓલિમ્પિક રમતોત્સવ ૧૯૫૬માં મૅલબોર્ન ખાતે યોજાવાના બદલે સ્ટોકહોમમાં યોજાયો હતો. ભારતે હોકીમાં સતત છઠ્ઠી વખત સુવર્ણ ચંદ્રક મેળવી ‘ડબલ હેટ્રિક’ સર્જી હતી. ફુટબોલમાં ભારત શ્રેષ્ઠ દેખાવ કરીને સૌપ્રથમ વાર સેમિ ફાઈનલમાં પહોંચ્યું હતું.
- **સત્તરમો ઓલિમ્પિક (સૌપ્રથમ વખત રમતોત્સવનું ટી.વી. પર પ્રસારણ અમેરિકાની એક વિકલાંગ મહિલાને ત્રણ સુવર્ણ ચંદ્રક અને ડેન્માર્કના સાઈકલિસ્ટનું સ્પર્ધા દરમ્યાન મૃત્યુ)** : ૧૯૬૦માં રોમમાં આ રમતોત્સવ યોજાયો હતો. સૌપ્રથમવાર વિશ્વ કક્ષાએ આ રમતોત્સવને ટી.વી. ઉપર દર્શાવવામાં આવ્યો હતો. અમેરિકાની વિકલાંગ મહિલા વિલ્મા રૂડોલ્ફ એ ત્રણ સુવર્ણ ચંદ્રકો મેળવી વિશ્વને અચંબામાં નાખી દીધું હતું. ડેન્માર્કનો સાઈકલિસ્ટ નટ જેમ્સન હીટ સ્પર્ધા દરમ્યાન મૃત્યુ પામ્યો હતો. હોકીમાં ભારતે પ્રથમવાર દ્વિતીય ક્રમ મેળવ્યો હતો.
- **અઢારમો ઓલિમ્પિક (હિરોશીમામાં પડેલ એટમ બોમ્બના દિવસે જન્મેલ યુવા દોડવીરે જ્યોત પ્રગટાવી હતી)** : આ રમતોત્સવ ૧૯૬૪માં ટોકિયો ખાતે યોજાયો હતો. ૧૯૪૫માં હિરોશીમામાં પડેલ એટમબોમ્બના દિવસે જન્મેલ અને યુવા દોડવીર યોશીનોરી સાકાઈએ જ્યોત પ્રગટાવી હતી.
- **ઓગણીસમો ઓલિમ્પિક (ભારત હોકીમાં ત્રીજા સ્થાને લપસી પડ્યું)** : ૧૯૬૮માં મેક્સિકોમાં આ રમતોત્સવ મેક્સિકો સિટી ખાતે યોજવામાં આવેલ. ભારત પ્રથમવાર હોકીમાં ત્રીજા સ્થાને લપસી પડ્યું હતું અને કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો.
- **વીસમો ઓલિમ્પિક (અમેરિકાના તરણવીરને સાત સુવર્ણ ચંદ્રકો અને ઓલિમ્પિકના ઇતિહાસમાં ત્રાસવાદીઓ દ્વારા હુમલો)** : ૧૯૭૨માં મ્યુનીચ શહેરમાં આ ઓલિમ્પિક રમતોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ રમતોત્સવનો હીરો અમેરિકાનો તરણવીર માર્ક સ્પિટ્ઝ રહ્યો હતો. તેણે કુલ સાત સુવર્ણ ચંદ્રકો મેળવ્યા હતા જે આજ દિન સુધી વિક્રમ સમાન છે. ઓલિમ્પિકના ઈતિહાસમાં પહેલીવાર ત્રાસવાદી હુમલા દ્વારા ઈઝરાયેલના ખેલાડીઓને મારી નાખવામાં આવ્યા હતા અને રમતોત્સવ ૩૪ કલાક માટે બંધ રહ્યો હતો.
- **એકવીસમો ઓલિમ્પિક્સ (રૂમાનિયાની ૧૪ વર્ષની ખેલાડીનું આકર્ષણ)** : ૧૯૭૬માં મોન્ટ્રિયલ શહેરમાં આ રમતોત્સવ યોજાયો હતો. રૂમાનિયાની માત્ર ૧૪ વર્ષની ઢીંગલી નાદિયા કોમેન્સી આકર્ષણનું કેન્દ્ર હતી કારણકે તેણે જિમ્નાસ્ટીકમાં ૧૦૦ ટકા ગુણ મેળવ્યા હતા.
- **બાવીસમો ઓલિમ્પિક (એક જ જિમ્નાસ્ટીકને આઠ ચંદ્રકો)** : મોસ્કોમાં ૧૯૮૦માં યોજાયેલ આ રમતોત્સવનું ઉદ્‌ઘાટન રશિયાના પ્રમુખ લિયોનિદ બ્રેઝનેવે કર્યું હતું. જિમ્નાસ્ટીકના ખેલાડી એલેકઝાંડરે આઠ સ્પર્ધામાં ભાગ લઈને આઠ ચંદ્રકો મેળવ્યા હતા, જે આજેય વિક્રમ છે.
- **ત્રેવીસમો ઓલિમ્પિક (ભારતની પી.ટી. ઉષાને ચોથું સ્થાન)** : લોસ એન્જેલ્સ ખાતે ૧૯૮૪માં આ રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. આનું ઉદ્‌ઘાટન અમેરિકન પ્રમુખ રોનાલ્ડ રેગને કર્યું હતું. ભારતની પી.ટી. ઉષાએ ટ્રેક એન્ડ ફિલ્ડમાં ચોથું

*કળિયુગ એટલે કુસંગીઓનું સામ્રાજ્ય.*

સ્થાન મેળવ્યું હતું. ત્રીજા સ્થાન માટે તે સેકન્ડના ૧૦૦મા ભાગ માટે પરાજિત થઈ હતી.

- **ચોવીસમો ઓલિમ્પિક (રમતોત્સવમાં ડ્રગ્સનું કૌભાંડ અને સુવર્ણચંદ્રક પરત લેવામાં આવેલ) :** ૧૯૮૮માં દક્ષિણ કોરિયાના પાટનગર સૉલ ખાતે આ રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. આ ઓલિમ્પિક્સમાં ડ્રગ્સ કૌભાંડ મોટાપાયે બહાર આવ્યું હતું. બેન જોન્સનો ૧૦૦ મીટર દોડનો સુવર્ણ ચંદ્રક ડ્રગના કારણે પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.
- **પચ્ચીસમો ઓલિમ્પિક (પ્રથમ વખત ૩ હજારથી વધુ મહિલા ખેલાડી) :** બાર્સેલોના ખાતે યોજાયેલ આ રમતોત્સવમાં સૌપ્રથમવાર ત્રણ હજારથી વધુ મહિલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ રમતોત્સવની સુવર્ણ પરી તરીકેનું બહુમાન હંગેરીની ક્રિસ્ટીનાએ તરણ કુંડમાં મેળવ્યું હતું.
- **છવ્વીસમો ઓલિમ્પિક (શતાબ્દિ રમતોત્સવ, ભારતના ટેનિસ ખેલાડીને કાંસ્ય ચંદ્રક) :** છવ્વીસમો યાને શતાબ્દિ ઓલિમ્પિક રમતોત્સવ ઉત્તર અમેરિકાના જ્યોર્જિયા રાજ્યના પાટનગર એટલાન્ટા ખાતે ૧૭ જુલાઈથી ૨જી ઓગસ્ટ સુધી યોજાયો હતો. ભારતના ટેનિસવીર લિએન્ડર પેસે મેન્સ સિંગલ્સમાં છેક ૧૬ વર્ષ બાદ સ્થાન મેળવ્યું હતું. તેમણે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.
- **સત્તાવીસમો ઓલિમ્પિક (ભારતની મહિલા ખેલાડીએ સૌપ્રથમ વખત ચંદ્રક મેળવ્યો) :** આ રમતોત્સવ સિડની ખાતે ૨૦૦૦માં વીસમી સદીના અંતે યોજાયો હતો. ભારતની મહિલા વેઈટ લીફ્ટર કરન્નામ માલ્લેશ્વરીએ શ્રેષ્ઠ દેખાવ કરીને કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. ભારતની સૌપ્રથમ ઓલિમ્પિક ચંદ્રક વિજેતા મહિલા ખેલાડી બની હતી.
- **અઠ્યાવીસમો ઓલિમ્પિક (ભારત દ્વારા પ્રથમ વખત વ્યક્તિગત સ્પર્ધામાં સિલ્વર મેડલ) :** અઠ્યાવીસમો ઓલિમ્પિક રમતોત્સવ ગ્રીસના પાટનગર અને ઓલિમ્પિક રમતોત્સવની જન્મધાત્રી એવા એથેન્સ ખાતે યોજવામાં આવ્યો હતો. ભારતના શૂટર અને ભારતીય સેનાના મેજર ગ્રેનેડિયર્સ ઓફિસર રાજ્યવર્ધન રાઠોરે શૂટિંગની ડબલ ટ્રેપ સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. ભારતે સૌપ્રથમ વખત વ્યક્તિગત સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.
- **ઓગણત્રીસમો ઓલિમ્પિક (ભારતના શૂટર ખેલાડીએ સૌપ્રથમ વખત ગોલ્ડ મેડલ મેળવ્યો અને ભારત તરફથી પ્રથમ વખત શ્રેષ્ઠ દેખાવ) :** ચીનના પાટનગર બૈજિંગ ખાતે ૨૦૦૮માં યોજાયો હતો. આ રમતોત્સવનું શાહી ઉદ્ઘાટન ચીનના પ્રેસિડેન્ટ હુ જિન્તાોએ કર્યું હતું. ભારતે ઓલિમ્પિકના ઈતિહાસમાં સૌપ્રથમ વખત ગોલ્ડ મેડલ શૂટર અભિનવ બિન્દ્રાના સુવર્ણમય દેખાવથી મેળવ્યો હતો. ૨૬ વર્ષના શૂટર અભિનવ બિન્દ્રાએ ૧૦ મીટર એર રાઈફલમાં ગોલ્ડ મેડલ મેળવીને ઈતિહાસ સર્જ્યો હતો. આ પછી કુસ્તીમાં સુશીલકુમારે ફ્રી સ્ટાઈલમાં અને મુક્કેબાજીમાં વિજેન્દર કુમારે બ્રોન્ઝ મેડલ મેળવીને ઐતિહાસિક પ્રદર્શન કર્યું હતું. ઓલિમ્પિકના ઈતિહાસમાં ભારતનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું હતું.
- **ત્રીસમો ઓલિમ્પિક (ભારત દ્વારા પ્રથમ વખત ૮૧ ખેલાડીઓ અને વિવિધ સ્પર્ધાઓમાં ભારતના ખેલાડીઓએ ચંદ્રકો મેળવ્યા) :** આ રમતોત્સવ ચાલુ વર્ષે ૨૭ જુલાઈ, ૨૦૧૨થી ૧૨ ઓગસ્ટ, ૨૦૧૨ દરમ્યાન લંડન ખાતે યોજાઈ ગયો. આ ઓલિમ્પિકમાં ભારતના ઈતિહાસમાં સૌથી મોટું ૮૧ ખેલાડીઓનું દળ ભાગ લઈ રહ્યું હતું. તેમાં સર્વાધિક ૧૬ ખેલાડીઓ પુરુષ હોકી ટીમમાં હતા. આ રમતોત્સવમાં ૩૦મી જુલાઈએ ગગન નારંગે શૂટિંગમાં બ્રોન્ઝ મેડલ મેળવીને શરૂઆત કરી હતી અને ૧૨મી ઓગસ્ટે સુશીલકુમારે રેસલિંગમાં સિલ્વર સાથે અલવિદા કરી. સુશીલ દેશનો પ્રથમ એવો રમતવીર બન્યો છે જેણે સતત બે ઓલિમ્પિક મેડલો જીત્યા છે. આ ઉપરાંત ભારતના સાઈના નહેવાલે બેડમિન્ટનમાં, યોગેશ્વર દત્તે રેસલિંગમાં, એમ.સી. મેરિકોમે બોક્સિંગમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. જ્યારે સુશીલકુમાર ઉપરાંત વિજયકુમારે શૂટિંગમાં સિલ્વર મેડલ અપાવ્યો હતો.

## આંકડાના આટાપાટા

- ★ લંડન ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રકોની સંખ્યા : ૩૦૨
- ★ ઉદ્‌ઘાટન સમારોહમાં પરફોર્મ કરનાર કલાકારો : ૧૦,૦૦૦
- ★ ૨૦ દેશના ૧૦,૪૯૦ એથલીટો.
- ★ ૩૨ સ્થળો પર ૨૬ રમત.
- ★ વેચાણ માટે ૮૦ લાખ ટિકિટ.
- ★ ઉદ્‌ઘાટન સમારોહમાં પ્રવેશ ટિકિટ ૨૦૧૨ પાઉન્ડ જ્યારે ઘણી અન્ય સ્પર્ધા માટે ૨૦ પાઉન્ડ.
- ★ જાહેર બજેટ ૯.૨૯૮ અબજ પાઉન્ડ. એટલે કે ૧૫ અબજ ડોલર અને ૭૯૮ અબજ રૂપિયાનો ખર્ચ.
- ★ ઓલિમ્પિક પાર્ક ૨૫ ચોરસ કિ.મી.
- ★ ૨૩૫ કરોડનો ઉદ્‌ઘાટન સમારોહ પાછળ ખર્ચ.
- ★ ભારતના ૮૧ ખેલાડીઓ પાછળ ૨ અબજ ૩૦ કરોડનો ખર્ચ.
- ★ ૨૦,૦૦૦ પ્રસારણકર્તા અને પ્રિન્ટ મીડિયા.
- ★ સ્ટેડિયમમાં ૮૦,૦૦૦ પ્રેક્ષકોની ક્ષમતા.
- ★ અત્યાર સુધી સૌથી વધારે મેડલ જીતનાર પાંચ રાષ્ટ્ર : (૧) અમેરિકા : ૨૪૦૧, (૨) સોવિયેત સંઘ : ૧૦૯૨, (૩) જર્મની : ૮૯૫, (૪) બ્રિટન : ૭૭૯, (૫) ફ્રાન્સ : ૬૭૨ અને (૬) ભારત : ૨૬. ■

*અધર્મને કાયદો - બાયદો નહિ, ધર્મને બધાં કાયદા.*

## શબ્દ રમત-૭૪નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | જા | ન | ન | | ક | પા | સ | | સો | સ | |
| લ | | ત | ર | ક | સ | | રો | જ | | જી | પ |
| | હો | | ક | ર | | અ | વ | ર | જ | વ | ર |
| રા | જ | ન | | મ | ત | | ર | | ગ્યા | | વા |
| ક્ષ | | શો | ક | | પા | ર્થ | | કા | | સે | ના |
| સ | મ | | સ | ર | સ | | ગ | ર | કા | વ | |
| | ન | વા | ર | સ | | જ | પ | ત | | ક | મ |
| મ | ન | | ત | | જ | રી | | ક | દ | | ગ |
| ક | | ખ | | સ | | કે | ફ | | શ | બ | રી |
| સ | હી | સ | લા | મ | ત | | કી | ટ | | ર્મા | |
| દ | ર | | ત | ર | | આ | ર | પા | ર | | સા |
| | ક | પિ | | સ | વા | ર | | લ | દ | બ | દ |

*ઓગસ્ટ-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૩ના*
*સમય મર્યાદા બાદ મળેલ ઉકેલ મોકલાવનારના નામ*

૭. નવીન શામજી લાલકા - ગદગ બધા સાચા
૮. રશ્મિકાંત એસ. સાવલા - ભુજ બધા સાચા
૯. સરોજ અનુપ ચંદુરા - સુરત ૨ ભૂલ

*સપ્ટેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૪ના*
*ઉકેલ મોકલાવનારના નામ*

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ બધા સાચા
૨. ભાવેશ હીરજી ગડા - અમદાવાદ બધા સાચા
૩. ચંદ્રાબેન મહેન્દ્ર શાહ - ભઠ્ઠા, અમદાવાદ બધા સાચા
૪. ચંદ્રાબેન મહેન્દ્ર શાહ - સેટેલાઈટ, અ'વાદ બધા સાચા
૫. શાંતિલાલ વ. શાહ - અમદાવાદ બધા સાચા
૬. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ બધા સાચા
૭. જ્યોતિ લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ બધા સાચા
૮. મધુરીબેન રમણિકલાલ ગોસર - અમદાવાદ બધા સાચા
૯. રમણિકલાલ કુંવરજી ગોસર - અમદાવાદ બધા સાચા
૧૦. ગીતા વિનોદચંદ્ર મહેતા - અમદાવાદ બધા સાચા
૧૧. ધ્વનિ પાર્શ્વદ શાહ - અમદાવાદ બધા સાચા
૧૨. સરોજ અનુપ ચંદુરા - સુરત બધા સાચા
૧૩. પંકજ ધરમશી પારેખ - સુરત બધા સાચા
૧૪. રશ્મિ એસ. સાવલા - ભુજ બધા સાચા
૧૫. કિશોર જે. શાહ - ભુજ બધા સાચા
૧૬. હસમુખ દામજી દેઢિયા - અડાલજ બધા સાચા
૧૭. જયંતિલાલ વાલજી રાજગોર - ભુજપુર બધા સાચા
૧૮. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ બધા સાચા
૧૯. મુકુંદ કે. મહેતા - આદિપુર ૨ ભૂલ
૨૦. ચંદન સુરેશ સોની - અમદાવાદ ૨ ભૂલ
૨૧. હેતા કિરણ શાહ - અમદાવાદ ૩ ભૂલ

## તપસ્યા મટાડે સમસ્યા

ઝિંદાદિલ જિંદગીનો તપ એ સર્વશ્રેષ્ઠ આભૂષણ છે. જીવનશાસ્ત્રીઓએ માનવ જીવન જીવવા માટે સરસ મજાની અપટુડેટ દિનચર્યાનું નિયોજન કરેલ છે. કિન્તુ સ્વાર્થની શહેનાઈના સૂરોથી આકર્ષાતો માણસનો મનડો એ દિનચર્યાને અસ્ત-વ્યસ્ત, આઘી-પાછી કે ઓછી - વધુ કરી વિખેરી નાખે છે. તેથી જ સંસારની સમસ્યાઓમાં સપડાઈ ઘેરાતો જીવે છે. આવી જીવનયાત્રાને વિશુદ્ધ કરવા સંસાર એનો ઉપાય ન આપી શકે પરંતુ સર્વજ્ઞોએ નિર્દેશેલી વાત જ કામિયાબી તરફ પ્રયાણ કરાવી શકે. આવી અસ્ત-વ્યસ્ત દિનચર્યામાં જો ભળે પરમ કૃપાળુ પરમાત્માએ કહેલી **તપશ્ચર્યા,** એટલે "દિનચર્યામાં તપશ્ચર્યા" તો શેષ આયુના દહાળા બને ભર્યા ભર્યા. તો આવા સુંદર સંકલ્પ સાથે આપે ઉત્તમલક્ષી "તપ સાથે સંપ" કરી ખરેખર જિંદગીનો અણમોલ અનુષ્ઠાન કર્યો છે. એ બદલ વંદના અને સમતાપૂર્વક પરિપૂર્ણ થતા આપના તપ કેરા તોરણના એક લીલાછમ પાંદડા આપને એની સ્મૃતિ કરાવી આપને હંમેશા હર્ષ પલ્લવિત કરતા રહે એજ અમારી અંતરભીની શુભેચ્છાઓ.... તપ યાત્રા બનાવે સફળ જીવનયાત્રા.

*- રશ્મિન ખોના (ઘાટકોપર)*

**છપાવનાર : એક શુભેચ્છક તરફથી**

## જય જય મહાવીર નિર્વાણ

**પચ્ચીસ સદીઓ વીતી ગઈ તોયે મહેકે તપને ધ્યાન**
**જય જય મહાવીર નિર્વાણ**
**કુછંદીઓના છંદ છોડાવ્યા, કર્યું માનવતાનું ભાન**
**સત્ય અહિંસાના સ્થંભો ઉપર, જિન શાસન કરે કલ્યાણ... જય**
**ત્યાગ ભાવના અજોડ તારી, મંગળ કારી જ્ઞાન,**
**બંધુ જેમ સૌ હેતે ભેટે, એકતામાં ગુલતાન... જય**
**દહેરે દહેરે ધજાઓ ફરકે, ઘંટારવ કરે ગાન**
**નરનારી સૌ સાથે મળીને, ઉચ્ચરે જય ભગવાન... જય**
**અઢી સહસ્ત્રાબ્દી ઉજવો જૈનો, કરો જગતને જાણ**
**વીર સિદ્ધાંતો હૃદય ઉતારો, તો થાશે કેવળ જ્ઞાન... જય**
**દ્વેષ ભરેલા માનવ માટે, જિન ધર્મ છે અમૃતપાન**
**પીઓને પીવરાવો 'રશ્મિન' કહે છે, થાશે આત્મકલ્યાણ... જય**

*'રશ્મિનનો રણકાર : ભાગ-૧'માંથી સાભાર*

Pramesh Dand
M. 98203 27022

LAXMI

Mahesh Dand
M. 93239 00739

Electric & Training Corporation
GOVERNMENT LICENCED ELECTRICAL CONTRACTORS
All types of Electrical Works & Electrical Consultants &
We undertake B.E.S.T., B.S.E.S. & M.S.E.B. Work
Shree Niwas, Block No.-2, Opp. Nalanda, R.H.B. Road,
Mulund (W), Mumbai-400 080.

## શબ્દ રમત-૭૫

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ | | ૭ | |
| | ૮ | | | ૯ | | | ૧૦ | | | | |
| ૧૧ | | | | ૧૨ | | ૧૩ | | ૧૪ | ૧૫ | | ૧૬ |
| | | ૧૭ | | | | ૧૮ | | | | | |
| | ૧૯ | | | ૨૦ | ૨૧ | | | ૨૨ | | ૨૩ | |
| ૨૪ | | | ૨૫ | | | | | | | | |
| | ૨૬ | | | | ૨૭ | ૨૮ | | | | | |
| ૨૯ | | | ૩૦ | ૩૧ | | ૩૨ | ૩૩ | | | | |
| | | ૩૪ | | ૩૫ | ૩૬ | | ૩૭ | ૩૮ | | | ૩૯ |
| ૪૦ | ૪૧ | | ૪૨ | | ૪૩ | ૪૪ | | | | ૪૫ | |
| | | | ૪૬ | | | ૪૭ | ૪૮ | | ૪૯ | | |
| ૫૦ | | | ૫૧ | | | | ૫૨ | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૧૦-૨૦૧૨*

### આડી ચાવીઓ

૧. પ્રજાનું શાસન કરનારી સત્તા (૪)
૨. શકુન (૩)
૭. કછોટો, લંગોટ, કાચબો (૨)
૮. વસવાટ, મુકામ (૨)
૯. પહેલવાન, મેલ (૨)
૧૦. અણુ, થોડુંક, જરાક (૨)
૧૧. પરાજય (૨)
૧૨. કાંતવાનું એક સાધન (૩)
૧૪. મેલું ઉપાડનાર, ભંગી (૪)
૧૭. પાર્વતી (૨)
૧૮. અભિમાન (૨)
૧૯. મીણબત્તી (૨)
૨૦. એક જાતની કેરી, આંબો (૩)
૨૨. શૂરવીર, ખમે તેવું (૨)
૨૪. ખેતર (૨)
૨૬. વાંદરો, રાતો મણિ (૩)
૨૭. હાથ પગના આંગળાના ટેરવા પરનું હાડકું, નહોર (૨)
૨૯. આન, બાન ઔર --------- (૨)
૩૦. પરવાનગી (૨)
૩૨. પગ, દરજ્જો (૨)
૩૫. માઘ મહિનો, મોટું (૨)
૩૭. અવરજવર માટે વપરાતું સાધન (૩)
૪૦. ઝઘડો, કંકાસ (૪)
૪૩. વાર્તા, કહાણી (૨)
૪૫. નસીબ, સદ્‌ભાગ્ય (૨)
૪૬. ઓછું (૨)
૪૭. રકાબી સાથે વપરાય (૨)
૪૯. મક્કાની જાત્રા (૨)
૫૦. કવિતા (૨)
૫૧. માખણ (૩)
૫૨. ડોકી, બોચી (૪)

### ઊભી ચાવીઓ

૧. પ્રભાત (૩)
૨. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૩. ખેલ, ક્રીડા (૩)
૫. હાથ, વેરો, લાગો (૨)
૬. દૃષ્ટિ (૩)
૭. બી સાથેનું રૂ (૩)
૧૧. ---ના કર્યા હૈયે વાગ્યા (૨)
૧૩. લીંબોળીઓ ધરાવતું વૃક્ષ (૩)
૧૫. ખેલ કરે, રમત રમે, નટ (૩)
૧૬. કૃપાળુ (૩)
૧૯. સેંકડો ટકાવારી (૪)
૨૧. આકાશ, આભલું (૩)
૨૨. અન્નાદ્ય, ધાન્ય (૩)
૨૩. ખરલ, શઠ, ધૂર્ત (૨)
૨૫. ઠેસ, પગનું વસ્તુ સાથે અથડાવું (૩)
૨૮. વપરાશ, ખપત (૨)
૨૯. નિયત, સનાતન (૩)
૩૧. પ્યાલો, ફળોનો મુરબ્બો (૨)
૩૩. ઔષધ (૨)
૩૪. પૃથ્વી, ભૂમિ, ધરતી (૨)
૩૬. બૂમ, હોકારો (૨)
૩૮. જમીન ખેડવાનું ઓજાર (૨)
૩૯. દીવાની જ્યોત, શિખા (૨)
૪૧. કરવા યોગ્ય, ફરજ (૩)
૪૨. ચીજ, સંખ્યા (ગણિતમાં) (૩)
૪૪. થાકવું તે (૨)
૪૫. ભક્તિનુ ગીત (૩)
૪૬. ઓછું (૨)
૪૮. ચાલવાનો અવયવ (૨)
૪૯. મર્યાદા, સીમા (૨)

તીર્થ પટ

**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# અબડાસા ગૌશાળા ટ્રસ્ટ

ગામ : રાપરગઢવાળી, અબડાસા (કચ્છ)

## એક આદર્શ ગૌસંવર્ધન શાળા



ગીર ગાય



દેશી ગાય



થરપારકર ગાય



કાંકરેજ ગાય

**વિપુલ લોડાયા : મો. ૦૯૯૭૯૫ ૨૩૯૯૭**

**● ટ્રસ્ટીશ્રીઓ ●**

**મોહનભાઈ રાંભિયા (વિંઝાણ)**

**વસંતભાઈ શાહ (લાયજા)**

**હિતેશભાઈ મોતા (રાપરગઢ)**

### ઓગસ્ટ-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૯નો સાચો ઉકેલ મોકલનારની પાછળથી મળેલ નામાવલિ

૨૧. શીતલ ચંદ્રકાંત દેઢિયા - સતારા
૨૨. કિરણ હરખચંદ ગાલા - ઉમરગામ
૨૩. એમ. એમ. ગોર - મુંબઈ
૨૪. હસમુખ દામજી દેઢિયા - અડાલજ
૨૫. સરોજ અનુપ ચંદુરા - સુરત
૨૬. નયના નવીન રાંભિયા - મુંબઈ
૨૭. લતા દિનેશ શાહ (મોમાયા) - પૂના
૨૮. જયંતિલાલ વાલજી રાજગોર - ભુજપુર
૨૯. નવીન શામજી લાલકા - ગદગ
૩૦. ચેતના હાર્દિક મહેશ્વરી - આદિપુર

### સપ્ટેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૦નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. ઝરણા હેમાંગ પારેખ - અમદાવાદ
૩. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૪. સુરેન્દ્રકુમાર જૈની - અમદાવાદ
૫. જલ્પા દિલીપ મોમાયા - અમદાવાદ
૬. અમી નીતિન શાહ - અમદાવાદ
૭. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૮. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૯. જ્યોતિ લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ
૧૦. દેવલ ચંદ્રકાંત મૈશેરી - અમદાવાદ
૧૧. નીના અશોક ગોરજી - અમદાવાદ
૧૨. ગીતા વિનોદચંદ્ર મહેતા - અમદાવાદ
૧૩. ધ્વનિ પાર્થદ શાહ - અમદાવાદ
૧૪. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૧૫. સરોજ અનુપ ચંદુરા - સુરત
૧૬. હસમુખ દામજી દેઢિયા - અડાલજ
૧૭. જયંતિલાલ વાલજી રાજગોર - ભુજપુર

# સુડોકુ

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૩૧ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૧૦-૨૦૧૨ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ નવેમ્બર-૨૦૧૨ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**<u>શરતો</u> :** ૧. **૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.**
૨. **૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.**

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

## ક્રમાંક - ૧૦૩૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | ૬ | ૯ | | | ૨ | ૧ |
| | | ૬ | | ૮ | | ૫ | ૩ | |
| | ૨ | | | | | ૬ | | |
| ૯ | ૭ | | | | ૩ | | ૫ | |
| ૮ | | | ૫ | ૬ | ૯ | | | ૨ |
| | ૩ | | ૮ | | | | ૧ | ૪ |
| | | ૧ | | | | | ૯ | |
| | ૫ | ૭ | | ૧ | | ૪ | | |
| ૩ | ૯ | | | ૨ | ૭ | | | ૫ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | | | ૯ | ૫ | |
| ૫ | | | ૬ | ૭ | ૪ | | | ૮ |
| ૧ | | ૪ | ૩ | | | | | |
| | | ૭ | ૫ | | ૩ | | | ૧ |
| ૯ | ૩ | | | ૧ | | | ૪ | ૨ |
| ૮ | | | ૭ | | ૯ | ૫ | | |
| | | | | | ૮ | ૨ | | ૫ |
| ૬ | | | ૨ | ૩ | ૧ | | | ૯ |
| | ૧ | ૯ | | | | ૩ | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | | ૧ | | | | |
| | ૪ | ૫ | | | | | ૧ | ૬ |
| | ૬ | | ૩ | | ૫ | ૭ | | |
| | | ૩ | | | ૭ | ૪ | | ૯ |
| ૭ | | | ૫ | | ૪ | | | ૨ |
| ૫ | | ૪ | ૯ | | | ૮ | | |
| | | ૨ | ૬ | | ૯ | | ૮ | |
| ૪ | ૯ | | | | | ૬ | ૨ | |
| | | | | ૨ | | | ૩ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૫ | | ૯ | | ૮ | |
| ૫ | ૯ | ૨ | | ૬ | | | | |
| | | ૮ | | | | ૩ | ૫ | ૯ |
| ૨ | | ૫ | | | ૮ | | | ૩ |
| | ૮ | | ૬ | | ૨ | | ૯ | |
| ૯ | | | ૪ | | | ૮ | | ૨ |
| ૧ | ૫ | ૩ | | | | ૯ | | |
| | | | | ૨ | | ૧ | ૬ | ૭ |
| | ૨ | | ૧ | | ૪ | | | |

## ઉકેલ : ક્રમાંક - ૧૦૩૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | ૩ | ૮ | ૧ | ૫ | ૪ | ૬ | ૨ |
| ૮ | ૫ | ૨ | ૬ | ૪ | ૭ | ૩ | ૧ | ૯ |
| ૧ | ૬ | ૪ | ૨ | ૩ | ૯ | ૮ | ૭ | ૫ |
| ૯ | ૩ | ૧ | ૪ | ૮ | ૬ | ૨ | ૫ | ૭ |
| ૪ | ૮ | ૭ | ૧ | ૫ | ૨ | ૬ | ૯ | ૩ |
| ૬ | ૨ | ૫ | ૯ | ૭ | ૩ | ૧ | ૪ | ૮ |
| ૫ | ૧ | ૯ | ૩ | ૬ | ૮ | ૭ | ૨ | ૪ |
| ૩ | ૭ | ૬ | ૫ | ૨ | ૪ | ૯ | ૮ | ૧ |
| ૨ | ૪ | ૮ | ૭ | ૯ | ૧ | ૫ | ૩ | ૬ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૯ | ૮ | ૩ | ૨ | ૧ | ૫ | ૬ |
| ૩ | ૧ | ૬ | ૯ | ૫ | ૪ | ૨ | ૭ | ૮ |
| ૮ | ૫ | ૨ | ૧ | ૭ | ૬ | ૪ | ૯ | ૩ |
| ૯ | ૩ | ૭ | ૪ | ૮ | ૫ | ૬ | ૧ | ૨ |
| ૨ | ૬ | ૫ | ૭ | ૧ | ૩ | ૯ | ૮ | ૪ |
| ૧ | ૮ | ૪ | ૨ | ૬ | ૯ | ૭ | ૩ | ૫ |
| ૬ | ૯ | ૧ | ૫ | ૨ | ૮ | ૩ | ૪ | ૭ |
| ૫ | ૪ | ૩ | ૬ | ૯ | ૭ | ૮ | ૨ | ૧ |
| ૭ | ૨ | ૮ | ૩ | ૪ | ૧ | ૫ | ૬ | ૯ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૪ | ૧ | ૨ | ૫ | ૩ | ૭ | ૬ | ૮ |
| ૨ | ૮ | ૬ | ૭ | ૯ | ૧ | ૩ | ૪ | ૫ |
| ૫ | ૩ | ૭ | ૮ | ૪ | ૬ | ૯ | ૨ | ૧ |
| ૭ | ૨ | ૯ | ૩ | ૮ | ૫ | ૪ | ૧ | ૬ |
| ૮ | ૬ | ૫ | ૪ | ૧ | ૭ | ૨ | ૩ | ૯ |
| ૩ | ૧ | ૪ | ૯ | ૬ | ૨ | ૫ | ૮ | ૭ |
| ૪ | ૯ | ૨ | ૧ | ૭ | ૮ | ૬ | ૫ | ૩ |
| ૬ | ૭ | ૮ | ૫ | ૩ | ૪ | ૧ | ૯ | ૨ |
| ૧ | ૫ | ૩ | ૬ | ૨ | ૯ | ૮ | ૭ | ૪ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૨ | ૬ | ૧ | ૩ | ૫ | ૯ | ૪ |
| ૧ | ૫ | ૯ | ૭ | ૪ | ૮ | ૩ | ૬ | ૨ |
| ૪ | ૬ | ૩ | ૯ | ૨ | ૫ | ૮ | ૧ | ૭ |
| ૯ | ૩ | ૮ | ૨ | ૭ | ૬ | ૧ | ૪ | ૫ |
| ૨ | ૪ | ૭ | ૩ | ૫ | ૧ | ૯ | ૮ | ૬ |
| ૫ | ૧ | ૬ | ૪ | ૮ | ૯ | ૭ | ૨ | ૩ |
| ૬ | ૯ | ૪ | ૮ | ૩ | ૭ | ૨ | ૫ | ૧ |
| ૩ | ૮ | ૫ | ૧ | ૬ | ૨ | ૪ | ૭ | ૯ |
| ૭ | ૨ | ૧ | ૫ | ૯ | ૪ | ૬ | ૩ | ૮ |

*નબળાઈનો લાભ ઉઠાવે, તેને મનુષ્ય કેમ કહેવાય?*

## પર્વાધિરાજને પ્રેમે નમું! (૧)

શ્રાવણતણા પૃષ્ટ ભાગે, આવી ગયાં પર્વાધિરાજ
લોકો તણા કરી મન મોકળાં, ક્ષમા-પતાકા ફરકે આજ
શાસન અને સંઘનો પ્રમાણિત, દિવ્ય દર્શનની આંખ
લોલુંબ ક્ષેત્ર હર ફૂલ ધાન્યે, નાવિન્યની પ્રસરાવે પાંખ
વ્યાખ્યાનથી પાવન કરી, કર્મ જાળને હટાવતો
વિવિધ તપ ભાવ ભક્તિ, સાધનાના જુવાળ ભરતો
જાણે સદેહે મહાવીર આવ્યાં, શાસન ધર્મના દંડધારી
અધર્મ દુષ્કૃત ટાળતા, સાધકોને વિવેકે વારી
પ્રભાવનામાં સમતા જ અર્પો, દોષો ન કોના દિલે ધારો
આલિંગો સૌથી બંધુ ભાવે, ને વિશ્વપ્રેમની જ્યોતિ જગાવો
દિશાઓ ખીલી રહીને, દિવ્ય જ્યોત ચમકી રહ્યાં.
વ્યોમમાંથી સૂર્ય-ચંદ્રને તારકે સ્મિત વેર્યાં.
સુખ-દુઃખ ચક્રના ચકડોળે, ક્યાં દમુંકે ક્યાં શમું?
અણનમ ઊભો વિશ્વ ચોકે, પર્વાધિરાજ! પ્રેમે નમું!
વર્ષોવર્ષ પધારી પ્રેમે, વૃદ્ધિ ધર્મમાં કરજો
જિન શાસનની પ્રરૂપણાને, સૌના હૃદયે ધરજો.
મહેલોથી ઝૂંપડી સુધી, મહેકતી જેની સુવાસ
'રશ્મિન' પર્વ પર્યુષણની, રહેતી અમર યાદ.

## ક્ષમાપના.... (૨)

સમતા રાખી મનમાં, સૌને ગણો સમાન;
દ્વેષ કાઢી દિલના, ઘા રૂઝાવો તમામ. (૧)
પુરાણા વેર ભૂલીને, બનાવો વેરીને વહાલા;
બનાવી દિલને મોટું, વહાવો પ્રેમની ધારા. (૨)
ગ્રહી મહાવીર સિદ્ધાંતો, રખાવો લોકમાં સમતા,
ક્ષમા ભૂષણ હૃદય ધારી, ધરાવો સર્વમાં મમતા. (૩)

## કચ્છતેં મોડેથી વઠો - મિઠો મીં....! (૩)

(રાગ : કાફી) (કચ્છી સોનેટ)

મીંયણા વઠા શુભકાર;
ઈશાન મ્યાં થઈ વીજળી,
કામાય ફુંકે ફુંકાર .... મીંયણા ૧
ઉત્તરમ્યાંનું ચળ્યા લાડકા;
કારે વડરેંજી હાર .... મીંયણા ૨
ઊભમ્યાંનું ધારૂં છુટ્યું,
રેલા રોળ્યા અપાર .... મીંયણા ૩
નેવ ત્રેમ્યાં નાળાં વહ્યાં,
છેલા વહ્યાં ચોધાર .... મીંયણા ૪
તરા ભરાણા નીરસેં,
છેલ્યા નૈયેંજા કંઠાળ .... મીંયણા ૫
વસી વસી હલ્યા વ્યા,
ડઈ વ્યા અન્ન પન્ન ભંડાર .... મીંયણા ૬
સચ્ચી શાહ 'રશ્મિન' ચે,
માલિક દીન દયાળ .... મીંયણા ૭

(કામાય = પવનનું કચ્છી નામ છે.)

*આ ત્રણેય કવિતાઓ 'રશ્મિનજો રણકાર : ભાગ-૨' માંથી સાભાર*


*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| Ph. : 26434611 | Ph. : 27471378, 27475167 | Ph. : 23426818, 23448705, 23400597 |

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

E-mail : jdtcompany@gmail.com

★ **ભુજ અને નલિયાના શિક્ષકોને રાજ્ય એવોર્ડ :** કચ્છ ભુજ ઇન્દિરાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલના શિક્ષક અને નલિયાની વી.એલ. હાઈસ્કૂલના શિક્ષકને વર્ષ ૨૦૧૨ના રાજ્ય પારિતોષિક તાજેતરમાં જાહેર કરવામાં આવ્યા હતા. આ રાજ્ય એવોર્ડ રાજ્યપાલના હસ્તે આપવામાં આવશે.

★ **નખત્રાણાને નર્મદાનું પાણી :** નખત્રાણા તાલુકાના તમામ ૧૯૯ ગામોને આગામી ડિસેમ્બર સુધીમાં નર્મદા મૈયાનું પીવાનું પાણી પહોંચતું કરવા યોજનાનું કામ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યું છે એમ કચ્છના પ્રભારી શ્રી પરબતભાઈ પટેલે તાલુકાના જુદા જુદા વિકાસકામોનું તાજેતરમાં ખાતમુહૂર્ત કર્યા પછી ગ્રામજનોને ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું.

★ **ગૌરક્ષકને શ્રદ્ધાંજલિ :** મૂળ કચ્છના ગૌરક્ષક ગીતાબેન રાંભિયાને શ્રદ્ધાંજલિ અર્પવાનો કાર્યક્રમ ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ તથા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ દ્વારા તા. ૨૭-૮-૨૦૧૨ના રોજ સવારે ગૌરક્ષક ગીતાબેન રાંભિયા સ્મૃતિ સ્મારક, સી.એન. વિદ્યાલય, આંબાવાડી ખાતે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના સમયે અનેક રાજકારણીય નેતાઓ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો તેમજ અન્ય સમાજોના આગેવાનો, મહાનુભાવો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ તેમજ મોટી સંખ્યામાં લોકોએ સદ્‌ગતના સ્મારકનું પુષ્પાંજલિ અર્પણ કરીને ગીતાબેનની શહીદીને યાદ કરી હતી.



સંકલન : દિનેશ આર. મહેતા

★ **એ.કે. હંગલના કચ્છ સંસ્મરણો :** હિંદી ફિલ્મ જગતના મશહૂર ચરિત્ર અભિનેતા, પદ્મભૂષણ એ.કે. હંગલના સંસ્મરણો કચ્છમાં જેનું શૂટિંગ થયેલું તે ફિલ્મ ‘લગાન’માં તેમના ‘શંભુ કાકા’ના પાત્ર દ્વારા જીવંત રહેશે. ‘લગાન’માં ચંપાનેર ગામના વડીલ તરીકેની ભૂમિકા તેમણે નિભાવી હતી. સતત છ માસ ચાલેલા શૂટિંગ દરમ્યાન એ.કે. હંગલ બાથરૂમમાં પડી જતાં તેમને કરોડરજ્જુમાં ઇજાઓ થયેલી. આ કારણે તેમને ૧૯ દિવસ સુધી ભુજમાં એક તબીબની હોસ્પિટલમાં રાખવામાં આવ્યા હતા.

હિંદી ફિલ્મ જગતના આ મશહૂર ચરિત્ર અભિનેતાનું ૯૬ વર્ષની જૈફ વયે તાજેતરમાં અવસાન થયું હતું. તેમણે લગભગ ૨૫૦ જેટલી ફિલ્મોમાં અલગ અલગ ભૂમિકા ભજવેલ હતી.

★ **સમસ્ત જૈન સમાજ દ્વારા શોભાયાત્રા :** કર્મ નિર્જરા કરી પરમ મુક્તિના પથ પર મક્કમ પગલાં પાડવા માટે સહાયક એવા જૈન ધર્મના કઠિન તપ ‘સિદ્ધિતપ’ના ૨૩૩ તપસ્વીઓની શાહી રથયાત્રા અને ઐતિહાસિક શાહી સન્માન સમારોહ તા. ૨૬-૮-૨૦૧૨ના રોજ ભુજ ખાતે સમસ્ત જૈન સમાજે અતૂટ એકતા અને તપશ્ચર્યાની ગરિમાને જાળવી આયોજિત કર્યો હતો.

★ **અન્યાય સહ્યાનું દુઃખ – પૂર્વ મુખ્યમંત્રી :** પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશભાઈ મહેતાએ તાજેતરમાં ભુજ ખાતે એક અધિવેશનમાં કહ્યું હતું કે, પાનધ્રોની ખાણ બંધ થઈ ત્યારે પોતે લડતની આગેવાની લેવા તૈયાર હતા પરંતુ કચ્છીઓએ તે અન્યાય ચૂપચાપ સહન કરી લીધો, તેનું પોતાને દુઃખ છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ગૌચર જમીનો, લીલી નાગોર વાડીઓનું ઉદ્યોગોની લ્હાયમાં સત્યાનાશ કાઢી નખાયું. ૧૪૧માંથી ૮૫ ઔદ્યોગિક એકમોમાં ટેક્સ બેનીફિટ મેળવ્યા પછી પણ સ્થાનિકે શૂન્ય ટકા રોજગારી છે. છતાં કોઈ હરફ ઉચ્ચારતું નથી. ગુજરાતમાં આટલો ‘સહનશીલ’ જિલ્લો કચ્છ સિવાય બીજો કોઈ નથી તેનો પણ પોતાને રંજ છે. ‘હવે તો થોડી ખુમારી બતાવો’ તેમ તેમણે જણાવ્યું હતું.

★ **કચ્છમાં અદાણીને ૩૨૨૬ એકર ગૌચર :** ગુજરાતમાં ગૌચર જમીનનો સૌથી મોટો હિસ્સો ધરાવતા કચ્છ જિલ્લામાં વિશાળ ગૌચર અદાણી જૂથને મુંદ્રા એસ.ઈ.ઝેડ. માટે પાણીના ભાવે ફાળવાયેલી ૩૨૨૫.૬૮ એકર જેટલી જંગી ગૌચર જમીન બીજાં ઔદ્યોગિક સાહસોને અદાણી જૂથ દ્વારા ઊંચા પ્રીમિયમથી વેચાતાં તથા સ્થાનિક પશુપાલકોને તેમનું પશુધન ચરાવવા માટે મુશ્કેલી સર્જાતા, કચ્છ મુંદ્રા તાલુકાના ગામોમાં ભારે અશાંતિ પ્રવર્તી રહી છે. આ અહેવાલ બીજા કોઈએ નહીં, બલકે ખુદ ગુજરાત સરકારની એજન્સી ગુજરાત ઈકોલોજી કમિશને ગુજરાત સરકારને તાજેતરમાં સોંપ્યો છે. ગામોમાં મુખ્યત્વે વસતા પશુપાલકો તથા માલધારીઓની આજીવિકા પશુધન અને ચરિયાણ સાથે સંકળાયેલી હતી. હવે મોટાભાગની ગૌચર જમીન અદાણી જૂથે સંપાદન કરી લેતાં આ લોકસમૂહનું જીવન મુશ્કેલીમાં મુકાઈ ગયું છે.

આ અહેવાલમાં એવું પણ જણાવાયું છે કે કચ્છ જિલ્લાના ભચાઉ, અંજાર, મુંદ્રા અને અબડાસા તાલુકાના દરિયાકાંઠાના વિસ્તારોમાં મેન્ગ્રુવ્સ યાને ચેરનું જંગલ ઘટતું હોવાનું અભ્યાસમાં બહાર આવ્યું છે. ગુજરાતમાં છેલ્લા છ વર્ષમાં દરિયાકાંઠે સ્થપાયેલા ઉદ્યોગોને કારણે જંગલની ૩ હજાર હેક્ટર જેટલી જમીન બિનજંગલમાં ફેરવાઈ ગઈ છે. દરિયાકાંઠે ઔદ્યોગિકીકરણને પગલે આ મોટું નુકસાન થઈ રહ્યું છે, એમ તે અહેવાલમાં

*પ્રામાણિકપણું એ તો બહુ મોટામાં મોટો ‘ત્યાગ’ છે.*

ટાંકવામાં આવ્યું હતું.

**અદાણીને મુંદ્રામાં અપાયેલા ગૌચરથી સર્જાયેલી પરિસ્થિતિ**

| *ગામ* | *ગૌચર હતું* | *અદાણીને સોંપાયું ગૌચર* | *પશુધન પ્રમાણે ગૌચરની ઘટ* |
|---|---|---|---|
| મોખા | ૩૪૫.૯૪ | ૧૦૩.૨૨ | ૧૨૨૮.૪૮ |
| નવીનાળ | ૩૩૫.૦૦ | ૨૩૧.૦૦ | ૨૩૭૯.૦૨ |
| ટુંડા | ૩૮૭.૦૦ | ૨૧૧.૦૦ | ૧૧૩૫.૦૨ |
| લૂણી | ૧૯૮.૧૮ | ૧૯૮.૧૮ | ૩૭૨૯.૦૬ |
| સિરાચા | ૯૫૪.૪૧ | ૧૦૦.૨૨ | ૫૮૯.૦૧ |
| ગુંદાલા | ૧૦૬૭.૪૮ | ૨૨.૦૬ | ૨૨૫૭.૪૬ |
| બારોઈ | ૩૪૫.૯૪ | ૭૫.૦૦ | ૨૨૨૧.૪૬ |
| ગોએરસમા | ૨૧૦.૦૬ | ૭૦.૦૦ | ૨૨૦.૦૦ |
| ઝરપરા | આંકડા ઉપલબ્ધ નથી | ૧૦૦૦.૦૦ | — |
| મુંદ્રા | " | ૧૨.૧૫.૦૦ | — |
| **કુલ** | | **૩૨૨૫.૬૮** | |

★ **અનુવાદ પારિતોષિક - દર્શના ધોળકિયાને :** ભુવનેશ્વર ખાતે દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા ઓગસ્ટ માસમાં આયોજિત ૨૪ ભાષાના અનુવાદ પુરસ્કાર સમારોહમાં કાર્મેલીન પુસ્તકનું વર્ષ ૨૦૧૧નું શ્રેષ્ઠ ગુજરાતી અનુવાદ પારિતોષિક ભુજના જાણીતા લેખિકા દર્શનાબેન ધોળકિયાને બંગાળના વિખ્યાત ભારતીય સર્જક અને કેન્દ્રીય સાહિત્ય અકાદમીના અધ્યક્ષ સુનીલ ગંગોપાધ્યાયના હસ્તે અપાયું હતું.

★ **કચ્છમાં અછતનું નિરીક્ષણ કરવા કેન્દ્રીય ટીમ :** કચ્છમાં અછતની પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા ભારત સરકારના સચિવ વિમલેન્દ્રજીની આગેવાની હેઠળ સાત ઉચ્ચ અધિકારીઓની એક ટીમે કચ્છમાં અછતની સ્થિતિ અંગે કચ્છના અધિકારીઓ સાથે બેઠક તેમજ ભુજ, નખત્રાણા વગેરે તાલુકાના ગામોમાં જાત તપાસ કરી હતી. તે ઉપરાંત કેટલાક ઘાસ ડેપો, ગૌશાળા અને પાંજરાપોળનું જાત નિરીક્ષણ કર્યું હતું.

★ **પશુ માટે ૩૫ લાખનું દાન :** મૂળ પત્રીના જીવદયાપ્રેમી દાતા ઝવેરબેન તથા શ્રી જગશીભાઈ ખીમજી શાહ (જી.કે. શાહ, વી ટ્રાન્સપોર્ટ ગ્રુપ) મુંબઈ તરફથી સંગઠન સાથે સંકળાયેલી ૮૧ પાંજરાપોળ - ગૌશાળાઓના ૭૦ હજાર પશુઓ માટે રૂા. ૩૫ લાખનું માતબર દાન આપવાની તાજેતરમાં જાહેરાત થઈ હતી. અહીં ઉલ્લેખનીય છે કે અગાઉ વર્ષ ૨૦૧૧માં પશુઓ માટે તથા પશુ પક્ષી દવાખાના માટે એક વર્ષના ખર્ચની રકમનું માતબર દાન તેઓશ્રીએ આપ્યું હતું.

★ **નર્મદા યોજનામાં ઝડપ થઈ છે — નર્મદા નિગમના કચ્છી ડાયરેક્ટર :** કચ્છમાં નર્મદા વિલંબે કૃષિ વિકાસ રૂંધાયો હોવાના થઈ રહેલા આક્ષેપોનો જવાબ આપતાં નર્મદા નિગમના કચ્છી ડાયરેક્ટર **શ્રી મૂકેશભાઈ ઝવેરી**એ દાવા સાથે જણાવ્યું હતું કે, ભૂમિપૂજન થયું ત્યારબાદ યોજનામાં કોઈ વિલંબ થયો નથી. બલ્કે નહેરના કામમાં કચ્છ આગળ છે અને વધારાના ચોમાસું પાણીની અંતિમ ફાળવણીનો તો હજુ કોઈ નિર્ણય જ લેવાયો નથી. શ્રી ઝવેરીએ તાજેતરમાં ભુજ ખાતે જણાવ્યું કે, ભૂમિપૂજન બાદ રૂપિયા ૨૨૦૦ કરોડના કામોના ટેન્ડર બહાર પાડી દેવાયા.

કચ્છ શાખા નહેરના ચાલુ તથા હવે પછી હાથ ધરાનારા કામોની કિ.મી. દીઠ સમગ્ર વિગતો તેઓશ્રીએ લેખિતમાં જણાવેલ હતી.

કચ્છને સ્પર્શતા પ્રોજેક્ટ-૧ માં જમીન સંપાદનની ૭૦ ટકા કામગીરી સંપન્ન થઈ ચૂકી છે અને ગાંધીધામનો આધાર ગણાતા ટપ્પર ડેમમાં જે અલગ લાઈન જવાની છે તેના પણ ટેન્ડર નીકળી ગયા છે.

વધારાના ચોમાસું પાણીમાંથી પશ્ચિમ કચ્છને બાકાત રખાયું હોવાના પ્રશ્ન બાબત ભુજ વિસ્તારના પૂર્વ ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે, વાસ્તવમાં હજુ મેન્ટેક કંપનીએ ચોમાસામાં આવનારા વધારાના પાણી અંગેનો અહેવાલ આપ્યો છે તેના પર અભ્યાસ થશે અને ત્યારબાદ તેનો અમલ કરાશે. તે સમયે માંડવી, અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાઓને આવરી લેવાશે.

★ **માંડવી મહેરામણે પાંચ જીવ રૂંધ્યા :** માંડવી શહેરના રમણીય સાગરની સહેલ માણવા આવેલા ઉત્તર ગુજરાતની બે કોલેજોના લગભગ એકસો છાત્રો - પ્રોફેસરો પૈકી નહાવા પડેલાઓ, વિસનગર અને ખેડબ્રહ્માની ઈજનેરી કોલેજના પાંચ છાત્રોએ તાજેતરમાં પોતાના જાન ગુમાવ્યા હતા. જ્યારે અન્ય એક છાત્રની શોધખોળ થઈ રહી છે. આ ઉપરાંત અન્ય ૧૧ જણને ઉગારી લેવામાં આવ્યા હતા.

★ **કચ્છના ચાર તાલુકા જ હવે અછત હેઠળ :** અછત માટે નક્કી થયેલા ૧૫૦ મિલિમીટરથી ઓછા વરસાદના માપદંડ હેઠળ કચ્છના ચાર તાલુકા — ભુજ, અંજાર, માંડવી અને મુંદ્રા રહ્યા છે. બાકી બધા તાલુકાઓમાં ૧૫૦ મિલિમીટરથી વધુ વરસાદ પડી ચૂક્યો છે. આ રીતે, કચ્છમાં સરેરાશ ૪૬ ટકા જેટલો વરસાદ થયો છે. ચોમાસાની મોસમ દરમ્યાન કચ્છ જિલ્લામાં વરસાદની ૭૦થી ૯૦ ટકા સુધી ઘટ પ્રવર્તતી હતી. હજુ વ્યાપક પ્રમાણમાં વરસાદ પડવાની સંભાવનાઓ છે. આમ છતાં અન્ય પાક થવાની શક્યતા ઓછી રહેતા, અંતે ખેડૂતો પશુઓને લીલો ઘાસચારો મળી રહે તે માટે જુવાર, રજકો, મકાઈ જેવા લીલા ચારાનું વાવેતર કરવા તરફ પ્રેરાયા છે.

*ઈન્સાનિયત કોને કહેવાય? જે સામાની નબળાઈનો લાભ ના ઉઠાવે તેને.*

★ **સંગીતકાર શ્રી આણંદજી શાહને લતા મંગેશકર પુરસ્કાર :** બોલીવુડના ફિલ્મોમાં અનેક યાદગાર અને અમર ધૂનો આપી ફિલ્મ સંગીતની તવારીખમાં અનેરું સ્થાન મેલવનારા કચ્છી સંગીતકાર બંધુ બેલડી કલ્યાણજી - આણંદજીના **શ્રી આણંદજીભાઈ શાહ**ને મહારાષ્ટ્ર સરકાર તરફથી પ્રતિષ્ઠિત **લતા મંગેશકર એવોર્ડ** તાજેતરમાં જાહેર કરવામાં આવ્યો છે. સંગીત ક્ષેત્રે યોગદાન બદલ આપવામાં આવતા આ ઍવોર્ડમાં પાંચ લાખ રૂપિયા અને પ્રશસ્તિપત્રનો સમાવેશ થાય છે.



કચ્છના કુંદરોડી ગામના વતની કલ્યાણજી - આણંદજીએ ફિલ્મ સંગીત ક્ષેત્રે લાંબી કારકિર્દી દરમ્યાન જબ જબ ફૂલ ખિલે, છલિયા, ઉપકાર, સરસ્વતીચંદ્ર, પૂરબ ઔર પશ્ચિમ, હિમાલય કી ગોદમેં, ડોન, જોની મેરા નામ, સફર, સચ્ચાજૂઠા, કોરા કાગઝ, મુકદ્દર કા સિકંદર જેવી યાદગાર ફિલ્મોમાં સંગીત આપ્યું હતું.

મહારાષ્ટ્ર સરકારે વર્ષ ૧૯૯૨માં લતા મંગેશકરના નામે પુરસ્કારની શરૂઆત કરી હતી. અત્યાર સુધીમાં સંગીતકાર ખૈયામ, પાર્શ્વગાયિકા સુમન કલ્યાણપુર અને સુલોચના ચવ્હાણ વગેરેને આ પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે.

## અહંકાર

એક નકારાત્મક મન હંમેશાં અહંકારી હોય છે. તે આંતરિક અસ્તિત્વની અશુધ અવસ્થા છે. તમે, હું નો અનુભવ કરો છો, પરંતુ તમો હું નો અનુભવ - ખોટા કારણસર કરો છો. જરા ધ્યાન આપો. અહંકાર ના નાં આધારે પોષાય છે. જ્યારે પણ તમે હા કહો છો ત્યારે અહંકાર ઊભો થઈ શકતો નથી. કારણકે અહંકાર સંઘર્ષ માંગે છે. અહંકાર આહ્વાન માંગે છે, અહંકાર પોતાને કોઈકની વિરૂધ્ધ, કોઈ ચીજની વિરૂધ્ધ મૂકી દેવા માંગે છે. તે એકલો રહી શકતો નથી. તેને દૈવત જોઈએ છીએ. એક અહંકારી હંમેશાં કોઈની સાથે, કોઈ ચીજની સાથે ના કહેવા, જીતવા, વિજેતા બનવા માટે શોધતો રહે છે.

અહંકાર હિંસક હોય છે અને નકાર એક સૂક્ષ્મતમ હિંસા છે જ્યારે તમે સાધારણ ચીજો તરફ પણ ના કહો છો ત્યારે પણ અહંકાર ઊભો થઈ જાય છે.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*


शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकाः ॥

WORK IS WORSHIP

# MA OM PARIVAHAN (P) LTD.

WORK IS WORSHIP

**Chandresh Lodaya : 98502 37317 / 98671 70789**
**Somchand Lodaya : 98671 70794 / 93222 75440**

**SPECIALIST IN HANDLING OF**

- 20' / 40' / 45' EX-IM Containers
- ODC, Heavy Machinery Packages – Shifting - Storage.
- General / Project Cargo Handling – Transportation Loading - Unloading - Warehousing.

**HEAD OFFICE**

A-104, "Sai Classic", Near Palm Acres, Mahatma Phule Road, Mulund (East), Mumbai-400 081. Tel. : 2163 6403 / 05, 21636399 Telefax : 21636394
E-mail : maom@vsnl.net • somchand@maom.net

**Open & Closed Warehousing Facilities at Dahisar - Mori (Near Sheel Phata)**

Dahisar - Mori Warehouse & Workshop
Ramchandra / Sunil Kadam • Cell : 9867170780 / 81 / 84

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| | |  |  | |
| (૧) ઉમેદવારનું નામ | : | **સિધ્ધાર્થ** | **અંકિત** | **વિશાલ** |
| (૨) પિતાશ્રીનું નામ | : | કિશોરભાઈ | નીતિનભાઈ | લલિત |
| (3) માતાશ્રીનું નામ | : | ચાંદની | મધુબેન | લીના |
| (૪) અટક | : | વોરા | ગાલા | છેડા |
| (૫) જ્ઞાતિ | : | વીસા ગૂર્જર જૈન | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ |
| (૬) સંપ્રદાય | : | | દેરાવાસી | દેરાવાસી |
| (૭) મૂળ વતન | : | અંજાર | ડોણ (માંડવી) | હાલાપર |
| (૮) જન્મ તારીખ | : | ૦૯-૦૧-૧૯૮૬ | ૧૪-૦૫-૧૯૮૮ | ૧૧-૧૦-૧૯૮૭ |
| (૯) ઉંમર વર્ષ | : | ૨૬ | ૨૪ | ૨૫ |
| (૧૦) ઊંચાઈ | : | ૫'૮" | ૫'૬" | ૫'૪" |
| (૧૧) વજન | : | ૬૨ કિ.ગ્રા. | ૬૩ કિ.ગ્રા. | ૫૫ કિ.ગ્રા. |
| (૧૨) દેખાવ | : | ફેર | — | ઘઉંવર્ણ |
| (૧૩) અભ્યાસ | : | B.E. (Elec.)<br>Master in Geo Informatics | S.Y.B.Com. (ચાલુ) | B.E. (Electronics) |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) | : | નોકરી | નોકરી | પોતાનો વ્યવસાય |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક | : | રૂા. ૪.૫ લાખ | રૂા. ૯૫,૦૦૦/- | |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) | : | — | પ્રાઈવેટ કંપનીમાં નોકરી | પોતાનો વ્યવસાય |
| (૧૭) સરનામું | : | સિધ્ધ શ્રે, બી-૧૦૨<br>આર.ટી.ઓ. રીલોકેશન સાઈટ<br>ભુજ<br>કચ્છ. | ૨૯, નવનીત નગર,<br>ભુજ મુંદ્રા રોડ,<br>ભુજ,<br>કચ્છ. | પિતૃછાયા બંગલોઝ,<br>ડેડજી હાઈસ્કૂલની બાજુમાં,<br>નોર્થ શિવાજી નગર,<br>સાંગલી-૪૧૬ ૪૧૬. |
| (૧૮) ફોન નંબર | : | ૦૨૮૩૨-૨૫૭૭૯૯ | | ૦૨૩૩-૨૩૨૬૫૫૮ |
| (૧૯) મોબાઈલ નંબર | : | ૯૪૨૮૮ ૯૫૪૯૯ | ૯૫૧૦૬ ૮૦૩૯૩ | ૯૯૬૦૯ ૩૩૨૬૮ |
| (૨૦) ભાઈ – બહેન | : | ૧ – ૦ | ૦ – ૧ | – |
| (૨૧) કુંડળીમાં માનો છો? | : | – | – | – |

Upendrabhai (M) 098241 91393 (O) 02646-226292, 222399, 226044 (R) 226506 Amitbhai (M) 098331 92294

PRIYANKA ROADLINES PRAVIN ROADLINES

15, Matangi Estate,
N.H. No.-8, G.I.D.C., Ankleshwar-393 002.

109, Vardhman Chamber, Kalyan St.
Dana Bunder, Mumbai-400 009.

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| |  | | |  |
| (૧) | **પ્રિયંક** | **હિતેશ** | **રૂચિતા** | **વિપુલ** |
| (૨) | હરીશભાઈ | ખેતશી | કીર્તિકુમાર | પંકજકુમાર |
| (૩) | રેણુંકાબેન | લીલાવતી | માયાબેન | વિનોદબાળા |
| (૪) | શાહ | ગડા | શાહ | મહેતા |
| (૫) | દરિયાપુર સ્થાનકવાસી જૈન | કચ્છી વીસા ઓસવાળ | દેરાવાસી | |
| (૬) | સ્થાનકવાસી | — | શ્વેતાંબર | |
| (૭) | — | સણોસરા | નવા સંગપુર (મહેસાણા જિલ્લો) | પલાંસવા |
| (૮) | ૧૪-૧૦-૧૯૮૫ | ૨૫-૧૦-૧૯૭૮ | ૦૯-૦૨-૧૯૮૯ | ૨૨-૦૮-૧૯૭૯ |
| (૯) | ૨૭ | ૩૪ | ૨૪ | ૩૩ |
| (૧૦) | ૫'૫'' | ૫'૯'' | ૫'૩'' | ૫'૪'' |
| (૧૧) | ૫૮ કિ.ગ્રા. | ૬૫ કિ.ગ્રા. | ૪૬ કિ.ગ્રા. | ૫૦ કિ.ગ્રા. |
| (૧૨) | ઘઉંવર્ણ | | સ્માર્ટ | સાંવલો |
| (૧૩) | B.Com., M.C.A. | B.Com. | B.Com. | S.S.C. |
| (૧૪) | સર્વિસ | ફુટવેર | – | પ્લાસ્ટિક બટન મેન્યુફેક્ચરર |
| (૧૫) | | | | |
| (૧૬) | – | | કાપડના વેપારી | વેપારી |
| (૧૭) | કે-૪, કલ્પતરુ એપાર્ટમેન્ટ-૨, મિરામ્બિકા રોડ, ભાવિન શાળા નજીક, નારાણપુરા, અમદાવાદ. | એસ.વી. ટ્રેડિંગ કાું. ૧૦૧, શક્તિ ચેમ્બર, મસ્જીદ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૦૯. | એ/૧, ગુંજન એપાર્ટમેન્ટ, વસ્ત્રાપુર રેલવે ક્રોસિંગ પાસે, વેજલપુર, અમદાવાદ. | વિ.૧.૩૦૧, વિનય નગર, ઝંકાર ફેક્ટરી પાસે, મીરા ભાયંદર રોડ, મીરા રોડ (ઈસ્ટ), જી. થાણા. |
| (૧૮) | ૦૭૯-૨૭૪૫૮૭૧૭ | ૦૨૨-૨૩૪૫૪૮૪૬ | | |
| (૧૯) | ૯૬૮૭૦ ૮૫૦૩૨ | ૯૮૧૯૯ ૬૪૭૯૯ | ૯૪૨૬૩ ૯૪૫૮૧ | ૮૦૯૭૨ ૨૬૮૧૫ |
| (૨૦) | ૦ – ૩ | ૧ – ૧ | ૦ – ૨ | — |
| (૨૧) | — | — | — | હા |

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ ★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental

ફાર ઈસ્ટ
All Inclusive Rs. 69,999/-
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAN MAN® TOURS & TRAVELS
મુલુંડ • દાદર • પાર્લા
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

# દીપોત્સવી મહોત્સવ

## મીઠાઈ - ડ્રાય ફ્રુટ — કેડબરી ચોકલેટ

દરેક પરિવાર ઉમંગભેર દીપોત્સવી ઉજવી શકે તે માટે શુદ્ધ અને સાત્ત્વિક વાનગીઓ અને તે પણ ખૂબ જ કિફાયતી દરે – નહીં નફો, નહીં નુકસાનના ધોરણે – અમે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારના નીચે મુજબના સભ્યો, માત્ર સેવાકીય ભાવનાથી વિતરણ કરવા માંગીએ છીએ. દરેક પરિવારને આ ઉજ્જવળ તકનો લાભ લેવા અમે અપીલ કરીએ છીએ.

## મીઠાઈ (બ્રાન્ડેડ કંપની)

- કાજુ કતરી ૫૦૦ ગ્રામ પેકિંગ રૂા. ૨૨૫/- પેકેટ
- કેસર કાજુ કતરી ૫૦૦ ગ્રામ પેકિંગ રૂા. ૨૩૫/- પેકેટ
- કાજુ રોલ/બદામ રોલ ૫૦૦ ગ્રામ પેકિંગ રૂા. ૨૨૫/- પેકેટ
- પીસ્તા રોલ/અંજીર રોલ ૫૦૦ ગ્રામ પેકિંગ રૂા. ૨૨૫/- પેકેટ
- સોન પાપડી ૪૦૦ ગ્રામ પેકિંગ રૂા. ૧૧૫/- પેકેટ
- મોતીચુર લાડુ ૫૦૦ ગ્રામ પેકિંગ રૂા. ૧૪૫/- પેકેટ
- મોહન થાળ ૫૦૦ ગ્રામ પેકિંગ રૂા. ૧૪૫/- પેકેટ
- ડ્રાયફ્રુટ ડીલાઈટ ૫૦૦ ગ્રામ પેકિંગ રૂા. ૩૧૫/- પેકેટ

★ મોતીચુર લાડુ ડિલીવરી તારીખથી ચાર દિવસ સુધી વાપરી શકાશે. ★ સોનપાપડી ડિલીવરી તારીખથી પંદર દિવસ સુધી વાપરી શકાશે. ★ બાકીની મીઠાઈઓ ડિલીવરી તારીખથી આઠ દિવસ સુધી વાપરી શકાશે.

## ડ્રાય ફ્રુટ

- કાજુ – ૩૨૦ ક્વોલિટી ૨૫૦ ગ્રામ પેકિંગ રૂા. ૧૬૦/-
- કાજુ – ૨૪૦ ક્વોલિટી ૨૫૦ ગ્રામ પેકિંગ રૂા. ૧૮૦/-
- બદામ (સ્પેશિયલ) ૨૫૦ ગ્રામ પેકિંગ રૂા. ૧૩૦/-
- બદામ (જમ્બો) ૨૫૦ ગ્રામ પેકિંગ રૂા. ૧૪૫/-
- કિસમીસ દ્રાક્ષ (નંબર-૨) ૨૫૦ ગ્રામ પેકિંગ રૂા. ૫૫/-
- કિસમીસ દ્રાક્ષ (નંબર-૩) ૨૫૦ ગ્રામ પેકિંગ રૂા. ૭૦/-
- ખારા પીસ્તા (CPC) ૨૫૦ ગ્રામ પેકિંગ રૂા. ૧૬૫/-
- ખારા પીસ્તા (TUISE) ૨૫૦ ગ્રામ પેકિંગ રૂા. ૨૦૦/-
- અંજીર (મીડિયમ) ૨૫૦ ગ્રામ પેકિંગ રૂા. ૧૨૫/-
- અંજીર (જમ્બો) ૨૫૦ ગ્રામ પેકિંગ રૂા. ૧૫૦/-
- જરદાલુ ૨૫૦ ગ્રામ પેકિંગ રૂા. ૧૩૦/-

## કેડબરી ટાઈપ ચોકલેટ (ચોકો ડેમ)

| પેકિંગનો પ્રકાર | અંદાજિત વજન | ક્ન્ચી | કાજુ-બદામ |
|---|---|---|---|
| સાદું | ૨૫૦ ગ્રામ | રૂા. ૧૦૦/- | રૂા. ૧૫૦/- |
| હાર્ટ બાસ્કેટ | ૧૦૦ ગ્રામ | રૂા. ૧૦૦/- | રૂા. ૧૪૦/- |
| ટ્રાન્સપેરન્ટ ટ્રે (લંબગોળ) | ૧૦૦ ગ્રામ | રૂા. ૧૧૦/- | રૂા. ૧૫૦/- |
| સ્મોલ ગોલ્ડન બાસ્કેટ | ૨૫૦ ગ્રામ | રૂા. ૨૨૦/- | રૂા. ૨૫૦/- |

| પેકિંગનો પ્રકાર | અંદાજિત વજન | ક્ન્ચી | કાજુ-બદામ |
|---|---|---|---|
| પીન્ક બટવો | ૫૦૦ ગ્રામ | રૂા. ૪૧૦/- | રૂા. ૪૫૦/- |
| મીડિયમ બાસ્કેટ | ૫૦૦ ગ્રામ | રૂા. ૪૧૫/- | રૂા. ૪૭૦/- |
| મોટી બાસ્કેટ (લંબગોળ) | ૧.૦ કિ.ગ્રા. | રૂા. ૭૦૦/- | રૂા. ૮૫૦/- |

- જરૂરિયાત મુજબ દરેકે ફોર્મ ભરવા જરૂરી છે.
- ફોર્મ શ્રી કચ્છી જૈન ભવન પરથી શ્રી ભાવેશ ગડા (૭૬૦૦૮ ૩૨૨૮૧) તથા શ્રી હરેશ ગોગરી (૯૯૯૮૬ ૦૭૮૮૬) પાસેથી મળી શકશે.
- ભરેલ ફોર્મ અને રકમ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી ભાવેશ ગડા (૭૬૦૦૮ ૩૨૨૮૧) તથા શ્રી હરેશ ગોગરી (૯૯૯૮૬ ૦૭૮૮૬) પાસે જમા કરાવવાના રહેશે.
- મોડામાં મોડા તા. ૩૦-૧૦-૨૦૧૨ સુધી ફોર્મ સ્વીકારવામાં આવશે. તા. ૩૦-૧૦-૨૦૧૨ પછી ઓર્ડર બુક કરાવનારે ઉપરોક્ત ભાવમાં ૧૦ ટકા વધુ પેમેન્ટ કરવાનું રહેશે.
- મટીરિયલની ડિલીવરી શ્રી કચ્છી જૈન ભવન પરથી તા. ૧૦-૧૧-૨૦૧૨ અને તા. ૧૧-૧૧-૨૦૧૨ના રોજ મળી શકશે.
- વધુ વિગત માટે નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

**સંદીપ મહેતા : ૯૮૯૮૯ ૩૩૦૦૦** **પ્રદીપ મહેતા : ૯૮૨૫૦ ૬૧૧૬૦** **રોહિત સંઘવી : ૯૮૨૪૦ ૦૬૬૪૮**

**પીયૂષ પારેખ : ૯૮૨૫૦ ૨૯૬૯૮ / ૯૩૨૭૫ ૫૬૫૬૮** **ડૉ. કેતન શાહ : ૯૮૨૫૬ ૮૭૭૪૧**

*અફસોસથી અંતરાય તૂટે.*

## સરનામા ફેરફાર

- **રાકેશ હરખચંદ પોલડિયા**
  ડી-૪૦૨, ગાલા સ્વિંગ, ૪થો માળ, બસંત બહાર,
  જીમખાના રોડ, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.

## પુત્ર જન્મ

- **તા. ૨૯-૮-૨૦૧૨**
  **'જીત' દીપકકુમાર તારાચંદ માણેકજી દંડ (વરાડિયા - અમદાવાદ)**
  **માતુશ્રી : નીતાબેન**

## પુત્રી જન્મ

- **તા. ૩૦-૭-૨૦૧૨**
  **'ધ્યાની' પ્રશાંત અરવિંદભાઈ શેઠ (કાંડાગરા - અમદાવાદ)**
  **માતુશ્રી : રીનાબેન**
  *અભિનંદન!*

## અવસાન નોંધ

- **મગનલાલ ધનજી ગડા (નાના ભાડિયા - અમદાવાદ)** (ઉં.વ. ૯૧) મંગળવાર, તા. ૪-૯-૨૦૧૨ના રોજ અરિહંત શરણ થયેલ છે.
- **પોપટલાલ નેણશી ધરોડ (પત્રી - અમદાવાદ)** (ઉં.વ. ૬૪) શનિવાર, તા. ૮-૯-૨૦૧૨ના રોજ અરિહંત શરણ થયેલ છે.

સદ્ગતોના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.

*પ્રત્યેક ઓશિકા પાસે એક એવું પુસ્તક કાયમ હોવું જોઈએ, જે નિદ્રાને પ્રગાઢ બનાવે અને જાગૃતિને જીવવા લાયક બનાવે.*

## પ્રશસ્તિપત્ર એનાયત



**કેન્દ્રિય મંત્રી પાસેથી પ્રશસ્તિપત્ર સ્વીકારતા શ્રી રમેશભાઈ પૂજ**

કચ્છમાં ચિત્રોડ ગામ (તા. રાપર)ના અને હાલે અમદાવાદમાં આર.એમ. જ્વેલર્સ પ્રતિષ્ઠાન સાથે સંકળાયેલા શ્રી રમેશભાઈ મણિલાલ પૂજને ઓલ ઈન્ડિયા નેશનલ યુનિટી કોન્ફરન્સ - દિલ્હી દ્વારા ઉત્તમ સર્વિસ સંબંધી એક પ્રશસ્તિપત્ર ન્યુ દિલ્હી ખાતે ખેતી અને ફુડ પ્રોસેસિંગ મંત્રાલયના કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે ગત સ્વ. રાજીવ ગાંધીના જન્મદિને એનાયત કરવામાં આવ્યો હતો. વિવિધ ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનારને આ પ્રકારનું પ્રશસ્તિપત્ર આપવામાં આવતું હોય છે.

તેમની યાદીમાં જણાવ્યા અનુસાર, અગાઉ મધર ટેરેસા, રૂસી મોદી, એ.કે. શુક્લા અને પ્રો. કસ્તૂરી રંજન જેવી વ્યક્તિઓનું આ પ્રકારનું સન્માન થયેલું છે.

શ્રી રમેશભાઈ શ્રી કચ્છ વાગડ સાત ચોવિસી જૈન સમાજના છે અને હાલે તેઓશ્રી વાગડ જૈન શ્વે.મૂ.પી. વીસા શ્રીમાળી સાત ચોવિસી સંમેલન તેમજ અમદાવાદ મંડળમાં કારોબારી સભ્ય ઉપરાંત શ્રી પાલીતાણા ધર્મશાળામાં ટ્રસ્ટી છે.

તેઓશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય છે.

## અભિનંદન



**શ્રેયાંસ વોરા**

કચ્છ ભુજના શ્રી કિશોર શાંતિલાલ વોરા તથા શ્રીમતી ચાંદની વોરાના સુપુત્ર શ્રેયાંસ એ એલએલ.બી.ની ફાઈનલ પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરીને ભુજ ખાતે ટેક્ષ એડવોકેટ તરીકે પોતાના વ્યવસાયનો પ્રારંભ કરેલ છે.



**સિધ્ધાર્થ વોરા**

કચ્છ ભુજના શ્રી કિશોર શાંતિલાલ વોરા તથા શ્રીમતી ચાંદની વોરાના સુપુત્ર ચિ. સિધ્ધાર્થને S.N.L. ફાઈનાન્સિયલ પ્રા.લિ. - અમદાવાદમાં G.I.S. આસિસ્ટન્ટ મેનેજર તરીકે તાજેતરમાં બઢતી મળેલ છે.

*અવળી સમજણથી દુઃખ અને સવળી સમજણથી સુખ.*

## એક કિસ્સો

### અને તે પણ....

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉચ્ચ હોદ્દેદાર વ્યક્તિનો.....

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં લગભગ ૪૨ વિવિધ સમિતિઓ પોતાના કાર્યક્ષેત્રમાં કાર્યરત છે. સમિતિઓના સભ્યોની અવારનવાર બેઠકો થતી હોય છે.... તેમના દ્વારા વિવિધ પ્રકારના કાર્યક્રમો, સેમિનાર વગેરેનું આયોજન પણ થતું હોય છે અને જેના અહેવાલો આપણે 'મંગલ મંદિર'માં નિયમિત વાંચીએ છીએ.

આ વાત છે..... માસ સપ્ટેમ્બર-૨૦૧૨ની.

તે સમય દરમ્યાન અનેક સમિતિઓ પૈકી કોઈ એક સમિતિ દ્વારા સમાજ પરિવારજનો માટે એક કાર્યક્રમનું આયોજન થયું હતું.

સમિતિના કન્વીનરે સમાજના એક ઉચ્ચ હોદ્દેદારશ્રીને તેમની સમિતિના કાર્યક્રમમાં ઉપસ્થિત સભ્યોને પ્રોત્સાહન આપવાના શુભ ઈરાદાથી કાર્યક્રમના ચોક્કસ સમયે હાજર રહેવાનું ખાસ આમંત્રણ આપ્યું હતું.

પેલા હોદ્દેદારશ્રી ગમે તે કારણે તે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું ભૂલી ગયા!

આપને નવાઈ લાગશે.... શ્રી કચ્છી જૈન ભવન ખાતે તે કાર્યક્રમનું આયોજન હતું અને આપણી વાતવાળા હોદ્દેદાર પણ તે સમયે ત્યાં અન્ય સ્થળે હાજર જ હતા.

અદ્‌ભુત.... ખૂબ જ વિચિત્ર ઘટના કહી શકાયને?

આ વળી કેવું? સમાજના ઉચ્ચ કક્ષાના કહી શકાય તેવા હોદ્દેદારશ્રીની આ પ્રકારની ભૂલ.... કે વાત ભૂલાઈ ગઈ.... આવું ચાલે ખરું? આ પ્રકારની ભૂલને ક્ષમા કરી શકાય?

કહેવાય છે કે પ્રોફેસરો બધા ભૂલકણા હોય છે... પરંતુ ઉચ્ચ હોદ્દેદારશ્રીને પણ હવે એ જ વ્યાખ્યામાં મૂકવા પડશે!!

આપ સૌની જાણકારી અર્થે અત્રે કહેવું ઉચિત થશે કે... ઉપરોક્ત હોદ્દેદારશ્રી હંમેશાં પોતાની પાસે મોબાઈલ ફોન રાખતા હોય છે. શું તેઓશ્રી જે-તે સમયનું એલાર્મ તેમાં સેટ ના કરી શકે?

અહીં મુદ્દો એ છે કે, અગર ઉચ્ચ હોદ્દા પર રહેનાર હોદ્દેદારશ્રી કાર્યક્રમ અને તેના સમયને 'નજરઅંદાઝ' કરતા હોય તો... અન્ય સામાન્ય કાર્યકર્તા, સમિતિના કન્વીનર અથવા સમિતિના સભ્યો આ પ્રકારનું વલણ દાખવે... તો તેને જરાય અતિશયોક્તિ ગણશો નહીં!!

એક નજર.... આ બનાવને બીજા અર્થમાં લઈએ તો.... અનેક પ્રકારના કામના દબાણગ્રસ્ત વ્યક્તિને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ જ આપવું જોઈએ નહીં.... બોલો સહમત છો?

આ હકીકતને ત્રીજા સ્વરૂપે નિહાળીએ...

એક હોદ્દેદાર વ્યક્તિ, માની લો કે એ કાર્યક્રમમાં જવાનું તેનાથી વિસરાઈ ગયું, તો આ પ્રકારની માત્ર યાદદાસ્ત ધરાવતી વ્યક્તિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉચ્ચ કક્ષાના જે હોદ્દાઓ છે, તેમાંના એક પર બેસવાને લાયક ગણી શકાય? તેઓશ્રીની આવી અક્ષમતાથી સંસ્થાને ભવિષ્યમાં નુકસાન ના થઈ શકે? શું તે હોદ્દેદારે જ અન્ય વધુ કાર્યશીલ વ્યક્તિ માટે સ્વેચ્છાએ ખસી ના જવું જોઈએ?

***આપશ્રીના પ્રતિભાવો આવકારદાયક ગણાશે.***

## સાભાર સ્વીકાર

★ શ્રી પ્રવીણભાઈ જે. મટાણી - ભુજ તરફથી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગના કાયમી ફંડ (જનરલ ફંડ) ખાતે રૂા. ૧૨,૦૦૦/-નું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

★ શ્રી મૂલચંદભાઈ એન્ડ સન્સ - વીરમગામ તરફથી સંસ્થાની વૈયાવૃત્ય પ્રવૃત્તિ ખાતે રૂા. ૧૧,૦૦૦/-નું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

★ સ્વ. પોપટલાલ નેણશી ધરોડના અવસાન નિમિત્તે તેમના સુપુત્ર શ્રી અતુલ પોપટલાલ ધરોડ તરફથી સમાજને રૂા. ૫,૦૦૧/-નું અનુદાન મળેલ છે.

★ શ્રી પંકજભાઈ રસિકલાલ શાહ, શ્રીમતી કવિતાબેન પંકજભાઈ શાહ તથા તેજસ પંકજભાઈ શાહની અઠ્ઠાઈ તપની આરાધના પ્રસંગે માતુશ્રી સૂરજબહેન રસિકલાલ શાહ તરફથી સમાજને રૂા. ૫૦૧/-નું અનુદાન સાંપડેલ છે.

★ શ્રીમતી ખ્યાતિ પ્રતીક ભોગીલાલ ત્રેવાડિયા (કાનમેર - અમદાવાદ)ને ત્યાં જોડિયા પુત્ર જન્મ નિમિત્તે 'મંગલ મંદિર'ને રૂા. ૫૦૧/-ની ભેટ પ્રાપ્ત થયેલ છે.

★ ચાંદની કિશોર વોરા - ભુજ તરફથી 'મંગલ મંદિર'ને રૂા. ૫૦૧/-ની ભેટ પ્રાપ્ત થયેલ છે.

★ સમાજના નિયાણી બહેન શ્રીમતી લક્ષ્મીબેન મહેશભાઈ ખત્રી - અમદાવાદના પુત્ર ચિ. સંકેતના સગપણ નિમિત્તે 'મંગલ મંદિર'ને રૂા. ૫૦૦/-ની ભેટ પ્રાપ્ત થયેલ છે.

★ શ્રીમતી ભારતીબેન અરવિંદ શેઠ - અમદાવાદ તરફથી 'મંગલ મંદિર'ને રૂા. ૨૫૧/-ની ભેટ પ્રાપ્ત થયેલ છે.

★ શ્રીમતી ભારતીબહેન અરવિંદ કાંતિલાલ શેઠ તરફથી તેમની પૌત્રીના જન્મની ખુશાલીમાં 'મંગલ મંદિર'ને રૂા. ૨૫૦/-ની સપ્રેમ ભેટ મળેલ છે.

***ઉપરોક્ત સર્વે દાતાશ્રીઓનો સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સરસ્વતી સન્માન કાર્યક્રમ ઉલ્લાસભર્યા વાતાવરણમાં ઉજવાયો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતીના વર્ષ દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર તા. ૨૬-૮-૨૦૧૨ના રોજ ધોરણ-૮ અને તેનાથી ઉપર ભણતા વિદ્યાર્થીઓને સન્માનિત કરવા "સરસ્વતી સન્માન"નો કાર્યક્રમ યોજાયેલ હતો. પુરસ્કાર સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ઇતર અને શિક્ષણ ડેવલપમેન્ટ સમિતિ અને યુવા વિકાસ સમિતિનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે આસિસ્ટન્ટ કમિશનર ઑફ પોલીસ કુ. પન્ના મોમાયા પધાર્યા હતા. ધોરણ-૧૦, ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) તથા ઉચ્ચ શિક્ષણના શિલ્ડના દાતા શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહ અનિવાર્ય સંજોગોને લીધે હાજર રહી શક્યા નહોતા. ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)ના દાતાશ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા અને મહિલા પારિતોષિક (ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (બંને પ્રવાહ)) સમાજમાં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીઓના દાતા શ્રીમતી પ્રમીલાબેન ઉમરશી જેઠાભાઈ કુરૂવાના પરિવારમાંથી શ્રી ઉમરશીભાઈ કુરૂવા, ચૌલાબેન કુરૂવા અને શ્રીમતી હેમાબેન મહેન્દ્ર લાલકા હાજર રહ્યા હતા.




'સરસ્વતી સન્માન કાર્યક્રમ'માં સ્ટેજ પર બિરાજમાન મુખ્ય મહેમાન સુશ્રી પન્ના મોમાયા સાથે દાતાશ્રીઓ તેમજ સમિતિના સભ્યશ્રીઓ



મુખ્ય મહેમાન સુશ્રી પન્ના મોમાયા સાથે 'પુરસ્કાર સમિતિ'ના કન્વીનર શ્રી પંકજ ગોગરી

પુરસ્કાર સમિતિના કન્વીનર શ્રી પંકજ મેઘજી ગોગરી, ઇતર અને શિક્ષણ ડેવલપમેન્ટ સમિતિના સભ્ય શ્રી વિશાલ મહેન્દ્ર શાહ તથા યુવા વિકાસ સમિતિના સભ્ય શ્રી વિમેશ ગુલાબચંદ શાહે વિદ્યાર્થીઓનું બહુમાન કર્યું હતું.

સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન ઇતર અને શિક્ષણ ડેવલપમેન્ટ સમિતિના કન્વીનર શ્રી હીરેન કુંવરજી શાહે સંભાળ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કુ. કાજલ મણિલાલ ગાલાએ 'મા સરસ્વતી દેવી'ની સ્તુતિથી કરેલ હતી. સમારંભના કન્વીનર શ્રી પંકજ મેઘજી ગોગરીએ આવકાર પ્રવચન કર્યા બાદ સ્ટેજ પરના મહાનુભાવો અને સંસ્થાના અગ્રણીઓએ દીપ પ્રાગટ્ય કર્યું હતું.

Ph.D., C.A., CFA, LL.B. જેવું ઉચ્ચ શિક્ષણ મેળવનાર, ધોરણ-૧૦, ધોરણ-૧૨ (બંને પ્રવાહ)માં પ્રથમ ત્રણ આવનાર સમાજના વિદ્યાર્થીઓ અને ધોરણ-૧૦, ધોરણ-૧૨ (બંને પ્રવાહ)માં પ્રથમ આવનાર વિદ્યાર્થિઓને શિલ્ડથી સ્ટેજ પર દાતાશ્રીઓના હસ્તે નવાજવામાં આવ્યા હતા. તેજ રીતે ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગમાં ૮૦%થી ઉપર ગુણ મેળવનારને સન્માનપત્ર અને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. એ સિવાયના વિદ્યાર્થીઓ જેમણે ૬૦% ટકા મેળવેલ હોય તેઓને પણ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. (આ પ્રકારના વિદ્યાર્થીઓના નામની યાદી આ અંકમાં અન્યત્ર છાપવામાં આવેલ છે.) વિદ્યાર્થીઓને સન્માનિત કરવાની કાર્યવાહીનું સંચાલન શ્રી મનીષ વીરાએ કરેલ હતું.

શિક્ષણ માટેનું માર્ગદર્શન અને યોગ્ય તાલીમ મળી રહે તે વિષયે શ્રી દીપકભાઈ મકવાણા અને શ્રી જયરાજભાઈ પંડ્યા દ્વારા અપાયેલ વક્તવ્યની અદ્‌ભુત અસર શ્રોતાગણ પર થઈ હતી.

વેબસાઈટ સમિતિના કન્વીનર શ્રી વિમેશ ગુલાબચંદ શાહ અને સમિતિના સભ્યો દ્વારા તૈયાર કરાયેલ આપણા સમાજની વેબસાઈટને વધારે માહિતીસભર કરીને આજના કાર્યક્રમમાં રી-લોન્ચિંગ કરવામાં આવી હતી.

અંતમાં શ્રી વિમેશભાઈએ કાર્યક્રમની આભારવિધિ કરી હતી.

આ કાર્યક્રમમાં અલ્પાહારની સમગ્ર જવાબદારી જમણવાર સમિતિના કન્વીનર શ્રી સંદીપ મહેતા અને સમિતિના અન્ય સભ્યોએ અદા કરી હતી. કાર્યક્રમમાં તેઓનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમની સમાપ્તિ બાદ અલ્પાહારનો સ્વાદ માણી સૌ છૂટા પડ્યા હતા.

*કન્વીનર : પંકજ મેઘજી ગોગરી, પુરસ્કાર સમિતિ*

*સ્પર્ધાનો સદુપયોગ તે પ્રગતિ અને સ્પર્ધાનો દુરુપયોગ તે નિંદા.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## વિવિધ યોજનાઓ હેઠળના તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી

**૧. માતુશ્રી વિમળાબહેન શાંતિલાલ કેશવજી શાહ ઉચ્ચ શિક્ષણ પ્રતિભા પારિતોષિક યોજના**

| | | |
|---|---|---|
| ૧. | ચૈતાલી હાર્દિક વોરા | C.A. |
| ૨. | કીર્તિ સોની | LL.B. |
| ૩. | શૈલેષકુમાર ઈશ્વરલાલ મહેતા | LL.B. |
| ૪. | નિરાલી દિનેશચંદ્ર મૈશેરી | B.Sc. |
| ૫. | ખુશ્બૂ એન. સંઘવી | C.F.A. |
| ૬. | ધવલ શાહ (સંઘવી) | C.A. |
| ૭. | પિનાંક શાહ (છેડા) | C.A. |
| ૮. | તપન રવીન્દ્ર શાહ | Ph.D. |

**૨. માતુશ્રી વિમળાબેન શાંતિલાલ કેશવજી શાહ શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૦)**

પ્રથમ : આયુષી સંઘવી ........ ૯૪.૦૦
દ્વિતીય : સિદ્ધાર્થ વિજયકુમાર કોરડિયા ........ ૯૧.૨૦
તૃતીય : રોનક મણિકાંત મૈશેરી ........ ૯૦.૪૦

**૩. માતુશ્રી વિમળાબેન શાંતિલાલ કેશવજી શાહ શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ)**

પ્રથમ : સિધ્ધાર્થ અજય શાહ ........ ૮૯.૫૩
દ્વિતીય : દ્રવ્યા ખુશાલભાઈ શાહ ........ ૮૯.૧૦
તૃતીય : પ્રતીક્ષા રાજેશભાઈ શાહ ........ ૮૦.૫૭

**૪. શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ)**

પ્રથમ : મૈત્રી અનીશભાઈ દોશી ........ ૮૬.૦૦
દ્વિતીય : દેશના રાજેશકુમાર જૈન ........ ૮૫.૩૩
તૃતીય : કૃપા મનીષ છાડવા ........ ૮૫.૦૦

**૫. શ્રીમતી પ્રમીલાબેન ઉમરશીભાઈ કુરુવા શૈક્ષણિક મહિલા પારિતોષિક યોજના (ધોરણ-૧૦ તથા ૧૨)**

ધોરણ-૧૦ — આયુષી સંઘવી ........ ૯૪.૦૦
ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) — દ્રવ્યા ખુશાલભાઈ શાહ ........ ૮૯.૧૦
ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) — મૈત્રી અનીશભાઈ દોશી ........ ૮૬.૦૦

## ૬૦ ટકા અથવા તો તેનાથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ (વર્ષ ૨૦૧૨)

### ધોરણ-૮

૧. અદિતિ દેવાંગ બાબુલાલ ગાંધી
૨. દેવાંશી કેતન ઈન્દુભાઈ શાહ
૩. ધારા વિજય કલ્યાણજી છેડા
૪. દિવ્ય હેમંત હીરાલાલ કુબડિયા
૫. દિવ્ય વસંત જીવરાજ સાવલા
૬. હર્ષિલ નિખિલ નવીનચંદ્ર શાહ
૭. હીના સુરેશ રતનશી સાયા
૮. જય મનીષ રવિલાલ વોરા
૯. ખુશી દિનેશ મોહનલાલ વોરા
૧૦. મૈત્રી મનીષ રમેશચંદ્ર સાવલા

*જીવને જ્ઞાન કે પ્રાપ્ત થતું નથી? અજ્ઞાન બહુ પ્રિય છે તેથી.*

૧૧. માનસી જિજ્ઞેશભાઈ વસંતલાલ મહેતા
૧૨. મયંક પંકજભાઈ શાંતિલાલ મહેતા
૧૩. મિહિર મનીષ લક્ષ્મીચંદ શાહ
૧૪. મિત રાહુલ પ્રતાપ દંડ
૧૫. નેહલ સનતભાઈ તલકશી મહેતા
૧૬. પરમિતિ અનિકેત સંઘવી
૧૭. પરીન નીતિનકુમાર ભોગીલાલ શાહ
૧૮. પૂજા ભરત ઉગરચંદ ગઢેચા
૧૯. પ્રાશ્વી પરેશકુમાર હસમુખલાલ ગાંધી
૨૦. પ્રિયલ વીરેન વાડીલાલ મહેતા
૨૧. પૃથ્વી હીરેનકુમાર ભોગીલાલ કોરડિયા
૨૨. પૂજન અતુલ પોપટલાલ ધરોડ
૨૩. રાજ મૂકેશ ઝવેરીલાલ શાહ
૨૪. સંયમ જિતેન્દ્રકુમાર વાડીલાલ મહેતા
૨૫. વિકી હરેશ લાલજી ગંગર
૨૬. વિપાંશી દેવેન મેઘજી છેડા
૨૭. વિરાલી સંજય ભાઈચંદ શાહ
૨૮. યશ રાજેશ મયાચંદ સંઘવી

## ધોરણ-૯

૧. ભાગ્યેશ રજનીકાંત ત્રેવાડિયા
૨. ભવ્ય નીરવ રમણિકલાલ શેઠ
૩. દેવાંગ ગિરીશભાઈ વર્ધમાન છેડા
૪. દિવ્યકુમાર દીપક ચુનીલાલ મહેતા
૫. હિમાની અમિત નટવરલાલ સંઘવી
૬. જીત દેવાંગ શાહ
૭. કાજલ જયસુખભાઈ નાનચંદ સંઘવી
૮. કશિશ પરેશકુમાર પારેખ
૯. કિંજલ તિલકચંદ ભાણજી મૈશેરી
૧૦. કૃતિન અનીશ સંઘવી
૧૧. માનસી નિમેષ ધીરજલાલ સંઘવી
૧૨. મરિચા દક્ષેસકુમાર સંઘવી
૧૩. મયૂર ધીરજલાલ ભાઈચંદ શાહ
૧૪. મેઘ હેમેન્દ્ર ભોગીલાલ કોરડિયા
૧૫. મોનીલ રાકેશ દામજી નીસર
૧૬. પરિતા અશ્વિન ભવાનજી સોની
૧૭. પાર્થ સંદીપ તારાચંદ મોતા
૧૮. પ્રિયલ રાજુભાઈ રમણિક દોશી
૧૯. પ્રિયંકા હીરેનભાઈ વાડીલાલ વોરા
૨૦. રિદ્ધિ વિજય ભવાનજી દેઢિયા
૨૧. રૂષભ વિજયકુમાર શાંતિલાલ મહેતા
૨૨. રૂતુલ ધીરજલાલ મણિલાલ શાહ
૨૩. સાહીલ શૈલેન વિજયસેન શાહ
૨૪. સૌરભ કુમારપાળ કુંવરજી લોડાયા
૨૫. શ્રીજા સંદીપ પ્રભુલાલ વોરા
૨૬. તન્વી છેડા
૨૭. તેજસ પંકજ રસિકલાલ શાહ

## ધોરણ-૧૦

| | | |
|---|---|---|
| ૧. | સિધ્ધાંત વિજયકુમાર સ્વરૂપચંદ કોરડિયા | ૯૧.૨ |
| ૨. | રોનક મણિકાંત ભાણજી મૈશેરી | ૯૦.૪ |
| ૩. | નીકિતા કમલેશ શામજી લાલન | ૯૦.૨ |
| ૪. | યશ જિજ્ઞેશ વીરેન્દ્ર શાહ | ૯૦.૨ |
| ૫. | પ્રિયંકા સુકેતુ ચિત્રસેન શાહ | ૯૦.૦ |
| ૬. | સુપન સેવંતીલાલ રવજી વોરા | ૮૮.૦ |
| ૭. | મિત પંકજકુમાર વેલજીભાઈ ગાલા | ૮૭.૨ |
| ૮. | સલોની જિતેશ શામજી વીરા | ૮૫.૦ |
| ૯. | રાજ હેમંત હીરાલાલ કુબડિયા | ૮૩.૬ |
| ૧૦. | શૈલી ખુશાલ ખેરાજ ગાલા | ૮૨.૦ |
| ૧૧. | હીરલ અશોક ભોગીલાલ શાહ | ૮૨.૦ |
| ૧૨. | ક્રિષ્ના ચેતન દામજી ધરોડ | ૮૧.૮ |
| ૧૩. | યશ્વી વિજય ઉમરશી ભારાણી | ૮૦.૬ |
| ૧૪. | નીલ રાજેશ ગોગરી | ૭૮.૦ |
| ૧૫. | ફોરમ પ્રદીપ કાંતિલાલ સંઘવી | ૭૮.૦ |
| ૧૬. | વિધિ અજય હરસુખલાલ ગાંધી | ૭૭.૨ |
| ૧૭. | ચાર્મિ ધીરેન નાનજી દેઢિયા | ૭૭.૧ |
| ૧૮. | શેરીન દિલીપ શામજી ગાલા | ૭૭.૦ |
| ૧૯. | રાજુલ જગદીશ શાંતિલાલ ત્રેવાડિયા | ૭૪.૬ |
| ૨૦. | પારસ સંજય શાંતિલાલ મહેતા | ૭૨.૦ |
| ૨૧. | સમર્થ પીયૂષ ભોગીલાલ શાહ | ૭૨.૦ |
| ૨૨. | ઝીલ ભરત આણંદજી રાંભિયા | ૬૫.૬ |
| ૨૩. | ગૌતમ ગુલાબચંદ ભવાનજી મૈશેરી | ૬૨.૬ |
| ૨૪. | ખુશ્બૂ પીયૂષ રવિલાલ પારેખ | ૬૨.૦ |
| ૨૫. | ધ્રુવ હરેશ શાંતિલાલ છેડા | ૬૧.૯ |
| ૨૬. | સુરભિ યોગેશ દેવચંદ દેઢિયા | ૬૧.૨ |
| ૨૭. | આયુષી અજયકુમાર શાંતિલાલ સંઘવી | ૯.૪ CGP |

## ધોરણ-૧૧

૧. ભૂમિ જયેશ ઠાકરશી શાહ
૨. ફેનીલ મનીષ આણંદજી વીરા
૩. ફોરમ જિતેન્દ્ર તલકશી મહેતા

*છોકરાંને સુધારવાની જરૂર નથી, પોતે સુધરવાની જરૂર છે.*

૪. હાર્દિક સનતભાઈ તલકશી મહેતા
૫. હિત વીરેન શાંતિલાલ શેઠ
૬. મોક્ષા નવીન જેઠાભાઈ લાલકા
૭. નિધિ પંકજ શાંતિલાલ મહેતા
૮. નિસર્ગ કમલેશ મનુભાઈ શાહ
૯. રચિત રાજેશ લક્ષ્મીચંદ મોતા
૧૦. સલોની ચંદ્રેશ પ્રભુલાલ શાહ
૧૧. વિધિ ભરત ઉગરચંદ ગઢેચા
૧૨. વિધિ રમેશભાઈ મણિલાલ પૂજ

## ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)

| | | |
|---|---|---|
| ૧. | ધરતી હેમેન્દ્ર ભોગીલાલ કોરડિયા | ૭૦.૪ |
| ૨. | મિહિર સોમચંદભાઈ ભાણજી મૈશેરી | ૬૪.૦ |
| ૩. | મૈત્રી અનિસ અરવિંદભાઈ દોશી | ૮૬.૦ |
| ૪. | શાલિન કમલેશભાઈ બાબુભાઈ શાહ (ગોગરી) | ૭૩.૭ |
| ૫. | કરણ મનીષ રવિલાલ વોરા | ૭૬.૨ |
| ૬. | રીંકલ મહેન્દ્ર ભાણજીભાઈ મહેતા | ૬૦.૧ |
| ૭. | અક્ષય રાજેશ હીરાલાલ શાહ | ૭૫.૦ |
| ૮. | કૃપા મનીષ વિજય છાડવા | ૮૫.૦ |
| ૯. | ફોરમ જયસુખલાલ નાનચંદભાઈ સંઘવી | ૬૩.૦ |
| ૧૦. | સ્વરા વસંતભાઈ ચુનીલાલ શાહ | ૮૩.૦ |
| ૧૧. | કુંજન બિમલેશ નથુભાઈ શાહ | ૮૨.૨ |
| ૧૨. | સ્મિતા કાંતિલાલ દલીચંદ લોદરિયા | ૬૧.૩ |
| ૧૩. | વૈશાખી જગદીશ શાંતિલાલ ત્રેવાડિયા | ૭૮.૦ |
| ૧૪. | પ્રિયાંક સુરેશકુમાર જગજીવન મહેતા | ૮૨.૮ |
| ૧૫. | કિંજલ ધીરજલાલ ભાઈચંદ શાહ | ૬૮.૧ |
| ૧૬. | કવિના દીપક પ્રવીણચંદ્ર સંઘવી | ૬૮.૦ |
| ૧૭. | બીજલ હસમુખલાલ અમૃતલાલ કોરડિયા | ૭૦.૦ |
| ૧૮. | નિરાલી રતિલાલ અમુલખભાઈ મહેતા | ૬૭.૮ |
| ૧૯. | ધ્રુવીશ ઈલેશ શાહ | ૬૭.૯ |
| ૨૦. | દેશના રાજેશ કાનજીભાઈ વોરા | ૮૫.૩ |
| ૨૧. | વિનિત પ્રવીણભાઈ રતિલાલ દોશી | ૭૨.૮ |

## ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)

| | | |
|---|---|---|
| ૧. | પ્રતીક્ષા રાજેશ બાબુભાઈ શાહ (ગોગરી) | ૮૦.૫ |
| ૨. | દ્રવ્યા ખુશાલ મગનલાલ ગડા | ૮૯.૧ |
| ૩. | સિધ્ધાર્થ અજય કાંતિલાલ શાહ (છેડા) | ૮૯.૫ |
| ૪. | સ્મિત રાજેન્દ્ર ભાઈલાલ દોશી | ૬૯.૮ |
| ૫. | દીપ જગદીશ અજિતકુમાર મહેતા | ૭૩.૧ |
| ૬. | હેમ વિજય ભવાનજી દેઢિયા | ૬૯.૩ |
| ૭. | જીગર સુધીર ચીમનલાલ શાહ | ૬૮.૪ |
| ૮. | ખુશ્બૂ ભરત લક્ષ્મીચંદ શાહ | ૭૯.૦ |
| ૯. | ઉર્વેશ ચેતન મેઘજી છેડા | ૮૧.૦ |
| ૧૦. | શ્વેતા કીર્તિભાઈ ભારમલ નાગડા | ૭૭.૦ |

## F.Y. B.Com. (૬૦ ટકાથી વધારે)

૧. આરતી લક્ષ્મીચંદ ભાણજી મૈશેરી
૨. કેવલ તિલકચંદ ભાણજી મૈશેરી
૩. શ્રુતિ ચંદ્રેશ ગુલાબચંદ લોડાયા
૪. વિશાલ હિતેશ મણિલાલ દેઢિયા
૫. ચાંદની પંકજ રસિકલાલ શાહ
૬. પૂજા રમેશ કેશવજી મોતા
૭. ભાવિક જિતેન્દ્ર તલકશી મહેતા
૮. વત્સલ સુનીલ ગોવિંદજી શાહ

## F.Y. B.B.A. (૬૦ ટકાથી વધારે)

૧. ફેનલ મણિકાંત ભવાનજી મૈશેરી
૨. ઝંકૃતિ આસુતોષ ધારશી સંઘવી

## F.Y. B.Sc. (૬૦ ટકાથી વધારે)

૧. કેવલ સંદીપ તારાચંદ મોતા

## F.Y. Engi. (૬૦ ટકાથી વધારે)

૧. હર્ષ સંદીપ શાંતિલાલ સંઘવી
૨. જૈસીલ અનીશ અરવિંદ દોશી
૩. મિહિર જિતેન્દ્ર બાબુભાઈ રાંભિયા
૪. પાર્થ ચેતન ગોવિંદજી શાહ
૫. ધ્રુતિ જયંતિલાલ રતનશી વીરા

## S.Y. B.Com. (૬૦ ટકાથી વધારે)

૧. જેકીન કિરીટ નંદુ
૨. જીલ સંજય મનુભાઈ શાહ
૩. મિત કાંતિલાલ રતિલાલ દોશી
૪. ટ્વિંકલ કિશોર કુંવરજી છેડા
૫. પાયલ ધીરેન નાનજી દેઢિયા

## S.Y. Engi. (૬૦ ટકાથી વધારે)

૧. લીશીતા સુનીલકુમાર શાહ
૨. કિંજલ હરેશ ધનજી કોરડિયા
૩. જીગર કમલેશ શામજી લોડાયા
૪. દર્પણ પરેશ હસમુખ ગાંધી
૫. મિલન યતીન ધારશી સંઘવી
૬. રચના દીપક ચુનીલાલ મહેતા
૭. રીંકી લહેરચંદ પુનશી મૈશેરી
૮. સ્નેહા રાજેશ છેડા

*જ્યાં સ્પર્ધા છે ત્યાં નિંદા છે. સ્પર્ધાને લઈને જ નિંદા થાય છે.*

## Fourth Year Eng. (Final) (૫૦ ટકાથી વધારે)

૧. મિત જગદીશ અજિતકુમાર મહેતા
૨. ચિન્મય રવીન્દ્ર ભાઈલાલ શાહ
૩. જિજ્ઞેશ કાંતિલાલ દલીચંદ લોદરિયા
૪. વત્સલ ઉમેશ શાંતિલાલ શાહ
૫. જય ભરત વસનજી ભેદા
૬. અવની મૂકેશ મુલજી લાલકા

## T.Y. Eng. (૫૦ ટકાથી વધારે)

૧. શ્લેષા સંદીપ શાંતિલાલ સંઘવી
૨. સૌમિલ પંકજ મેઘજી ગોગરી
૩. મલય અતુલ પોપટલાલ ધરોડ
૪. દર્શિ ચેતન અજિતકુમાર મહેતા
૫. રીશી સતીષ હેમચંદ વોરા

## T.Y. B.Com. (૫૦ ટકાથી વધારે)

૧. શ્રેયા દીપક કાંતિલાલ મહેતા
૨. પ્રતીક હસમુખ ખીમજી મહેતા
૩. નીવીતા ભરત ખેતશી ગાંધી
૪. શિવાની અરુણ નાનાલાલ પટવા
૫. હાર્દિક નીતિન હરિલાલ સંઘવી
૬. મિત કાંતિલાલ રતિલાલ દોશી
૭. નિરાલી જગદીશ ત્રેવાડિયા
૮. સલોની નવીન લાલકા

## T.Y.B.B.A. (૫૦ ટકાથી વધારે)

૧. મયૂરી પ્રકાશ શાંતિલાલ મહેતા
૨. ચિત્રાંગના મૂકેશ લક્ષ્મીચંદ શાહ
૩. નીકિતા મૂકેશ લક્ષ્મીચંદ શાહ

## T.Y.B.Sc. (૫૦ ટકાથી વધારે)

૧. નિરાલી દિનેશ શાહ

## B.C.A. (૫૦ ટકાથી વધારે)

૧. ગુંજલ ગુલાબચંદ ભવાનજી મૈશેરી

## F.Y. M.B.A. (સમગ્ર)

૧. નેહા અનીશ અરવિંદ દોશી
૨. જય સતીષ હેમચંદ વોરા
૩. પૂજા મહેન્દ્ર ગડા

## F.Y. M.Com. (સમગ્ર)

૧. કૃતિકા મણિકાંત ભાણજી મૈશેરી

## F.Y. M.Sc. (સમગ્ર)

૧. હિત કાંતિલાલ રતિલાલ દોશી
૨. જાનકી અશોક ગજેન્દ્ર ગોરજી

## M.B.A. (Final) (સમગ્ર)

૧. કરણ લક્ષ્મીચંદ ભાણજી મૈશેરી
૨. મૈત્રી કાંતિલાલ રતિલાલ દોશી
૩. સોનલ પ્રબોધ પ્રેમજી ગોગરી

## M.Com. (Final) (સમગ્ર)

૧. માનસી સુધીર ચીમનલાલ શાહ
૨. મિતેશ જયંતીલાલ કાનજી દેઢિયા

## M.C.A. (Final) (સમગ્ર)

૧. રૂષભ લલિત સોમચંદ છેડા

## C.A. (સમગ્ર)

૧. પીનાંક કિશોર કુંવરજી છેડા
૨. ધવલ શૈલેષ ધારશી
૩. ચૈતાલી હાર્દિક વોરા

## અન્ય (સમગ્ર)

| | | |
|---|---|---|
| ૧. | હેમાંગી પરેશ મગનલાલ સંઘવી | B.M.M. |
| ૨. | ઉષ્મા વિશાલ મહેન્દ્ર શાહ | B.Sc. (Fashion Design) |
| ૩. | ખુશાલી શૈલેષ ધારશી સંઘવી | B.Sc. (I.T.) |
| ૪. | જય ચેતન દામજી ધરોડ | B.Pharm. |
| ૫. | ચિંતક ઝવેરચંદ લાલજી ખોના | C.A. Final |
| ૬. | વિવેક રસિકલાલ ખીમજી મહેતા | M.B.B.S. |
| ૭. | મનીષ નવીન કેશવજી મોતા | P.G.D.B.M. |
| ૮. | નીલય પ્રફુલ્લ કલ્યાણજી છેડા | LL.B.-II |
| ૯. | ધવલ નરેશ વાડીલાલ શાહ | PGDJMC |
| ૧૦. | તપન રવીન્દ્ર ભાઈલાલ શાહ | Ph.D. |
| ૧૧. | ખુશ્બૂ આલીન જયંતિલાલ મહેતા | C.F.A. |
| ૧૨. | શૈલેષ ઈશ્વરલાલ મહેતા | LL.B. |
| ૧૩. | સંદીપ નવીન કેશવજી મોતા | LL.B. |

**સરસ્વતી સન્માન પ્રાપ્ત કરેલ તેજસ્વી વિદ્યાર્થીઓના કલર ફોટોગ્રાફ્સ માટે જુઓ : પાના નંબર : ૧૦૬-૧૦૭**

*ચિઢાય તે નબળો થાય ને ચિઢાય નહિ, તે જબરો થાય.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી વર્ષનો પાંચમો મુખ્ય કાર્યક્રમ

## ઇતિહાસમાં પ્રથમ વખત

## શૈક્ષણિક ક્ષેત્રે પોતાની પ્રતિભા વધારવા અને કારકિર્દી ઘડતર અર્થે નવલું નજરાણું.... એટલે "ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવક-યુવતીઓના સંમેલન"નું સફળતાપૂર્વક આયોજન થયું.

કારકિર્દીને સફળ બનાવવા માટે યુવાવર્ગે જીવનનું આયોજન કરતાં શીખવું જોઈએ. જેથી સફળતાનો આંક જળવાઈ રહે. **તે સાથે જિંદગીનો આનંદ જાળવી રાખવા તેમજ પોતાની કારકિર્દી ઝળહળતી કરવા માટે યુવાવર્ગે પોતાના વ્યવસાયને અને કૌટુંબિક જીવનને સમતોલ કરતાં શીખવું જોઈએ.**

યુવાવર્ગ વધુમાં વધુ સફળતા પ્રાપ્ત કરવા ઈચ્છતો હોય છે અને આવી આશા રાખવી તે ખૂબ વ્યાજબી પણ છે. સફળતા હાંસલ કરવાની હોડમાં ઘણી વખત જીવનમાં કોઈ વિષયે બલિદાન પણ આપવું પડતું હોય છે.

આજે શિક્ષણ ક્ષેત્રમાં ગુણવત્તાને બદલે પરિણામ અને ટકાવારી મુખ્ય બન્યા છે. તેનાથી એવી વિચિત્ર સ્થિતિ સર્જાય છે કે એક તરફ જથ્થાબંધના હિસાબે ઉચ્ચ ડિગ્રીધારીઓ દર વર્ષે ખડકાય છે પરંતુ ઘણાને સરખી નોકરી મળતી નથી. બીજી તરફ, નોકરીના બજારમાં આટલા બધા ડિગ્રીધારીઓ હોવા છતાં **ઘણી કંપનીઓ બૂમ પાડે છે કે તેમને વ્યવસાયિક સજ્જતા ધરાવતા લાયક યુવાવર્ગ મળતો નથી. આ વિરોધાભાસ હોવા છતાં વાસ્તવિક્તા છે. ઉચ્ચ શિક્ષણની સાથે તેની ગુણવત્તા હોવી જરૂરી છે.** દેશની કુલ વસ્તીનો અડધો અડધ હિસ્સો યુવાનો ધરાવતા ભારત દેશમાંથી એક ટકાથી પણ ઓછા યુવાનો આઈ.ટી. અથવા આઈ.આઈ.એમ.નો લાભ લઈ શકતા હોય છે. આવું કેમ?

તેનાં જવાબ રૂપે તા. ૮-૯-૨૦૧૨ અને તા. ૯-૯-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે વર્ષભર ઉજવણી મહોત્સવનો પાંચમો મુખ્ય કાર્યક્રમ એટલે.... "ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવાઓના સંમેલન"નું આયોજન.

તે કાર્યક્રમે છેલ્લા એકાદ માસથી ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવક-યુવતીઓમાં ઉત્કંઠા જગાવી હતી... કારણકે ઇતિહાસમાં સૌપ્રથમ વખત આ પ્રકારનું આયોજન હતું...

કારણકે વિષય સાંપ્રત હતો અને વિષય દરેક યુવક-યુવતીઓને સ્પર્શતો હતો...

પોતાની અંદર છૂપાયેલા કલા-કસબ-કૌશલ્ય....

પોતાના અભ્યાસક્રમની યોગ્ય પસંદગી... તેના માટે તૈયારી...

પોતાના કામકાજ - જોબ માટે યોગ્ય પસંદગી...

તેને મેળવવા માટે તૈયારી - કઈ બાબત ધ્યાનમાં લેવી....

પોતાના ક્ષેત્રમાં આગળ પ્રગતિ કરવા શું કરવું....?

પારિવારિક વાતાવરણનું સમતોલપણું જાળવવું...

પોતાની કારકિર્દીનું ઘડતર કેવી રીતે કરવું?...

આવા બીજા અનેક મુદ્દાઓને તે સંમેલનમાં આવરી લેવામાં આવ્યા હતા.

વિષય અને તેનાં મુદ્દાઓને જોતાં, યુવક-યુવતીઓએ એકાદ માસ અગાઉથી સંમેલન અંગે પૂછપરછ ચાલુ રાખી હતી...

કારણ? ઉપરના મુદ્દાઓ સાથે આજના હરીફાઈ અને તાણના સમયમાં દરેક યુવક-યુવતીઓને પોતાનો હેપ્પીનેસ ઈન્ડેક્સ કઈ રીતે બરકરાર રાખવો એ વિશે પણ માર્ગદર્શન મેળવવાની વાતો થવાની હતી.

*યુવાવર્ગને ટાર્ગેટ કરવામાં આવેલા વિષયો હતા :*

☞ "હસતા-રમતા જીવીએ જિંદગી"

☞ "કેરીયર ગાઈડન્સ" (કારકિર્દી માર્ગદર્શન)

☞ "જનરેશન ગેપ"

☞ "સહજીવનની સાર્થકતા"

☞ "પેશન"

— આ દરેક વિષયો યુવાવર્ગ માટે ખૂબ જ ઉપયોગી... આકર્ષક... અદ્‌ભુત અને જીવનને સાર્થક કરનારા હતા.

પ્રથમ દિવસે કાર્યક્રમની શરૂઆત યુવા વર્ગના પરસ્પર પરિચયથી થયેલ. કાર્યક્રમમાં Wonder of Gujarat E-T.V. અને DDK - Open Gujarat Competitionના વિજેતા નિર્વિશ દવેના રસસભર ગીતોએ દરેકના દિલ-દિમાગને મસ્તીથી ઝુમતા કરી દીધા હતા. તેણે ગાયેલા ગીતો આધુનિક ફિલ્મનાં, કર્ણપ્રિય હોવા ઉપરાંત સંમેલનના વિષય વસ્તુને આવરી લીધેલા હતા.

ત્યારબાદ પોતાના વક્તવ્ય અને વિષય વસ્તુની નિપુણતાપૂર્વક રજૂઆતકર્તા અને આઈ.આઈ.ટી. - દિલ્હી દ્વારા આયોજિત લગભગ ૨૭ દેશોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં આજની કેળવણી - અભ્યાસ

*સામાના દોષ દેખાય તો કર્મ બંધાય ને પોતાના દોષ દેખાય તો કર્મ છૂટે!*

૫૨ ટૂંક સમયમાં રજૂઆત કરવાના છે તેવા તજજ્ઞ શ્રી નંદક પંડ્યાએ 'હસતા રમતા જીવીએ જિંદગી' પરત્વે પોતાની અનોખી અદાથી જીવંત રજૂઆત કરીને શ્રોતાઓને રસ તરબોળ કરી દીધેલ. તેમણે આપેલ 'સહજીવન' વિશેની સમજણ ખરેખર અદ્‌ભુત હતી. ગીત અને રમત દ્વારા દરેક મુદ્દાઓ સમજાવવાનો તેમનો પ્રયાસ યુવાવર્ગને ખૂબ આકર્ષી ગયો હતો. તેમણે વધુમાં કહ્યું કે, **સહજીવન એટલે માત્ર પતિ-પત્નીનો સંબંધ નહીં પરંતુ બે વ્યક્તિનું સાથે જીવવું અને તે પણ ખૂબ સારી રીતે સમજપૂર્વક સાથે જીવવું.** પોતાની રજૂઆતમાં તેમણે જણાવ્યું કે, **આદર - સાંભળવું - કાંઈક પ્રદાન કરવું - યુક્તિ - સંપૂર્ણ એકાગ્રતા જેવા મુદ્દાઓ એટલે 'સહજીવન'ની આવશ્યક્તા.** પોતાની રજૂઆતને મજબૂત કરવા તેમણે Synchronized Swimming અને Lecturer ના ઉદાહરણો ટાંક્યા હતા. પ્રથમ વસ્તુમાં સાહસિકતા અને બીજા મુદ્દામાં કાંઈ અસ્તિત્વને ગ્રહણ કરવું પડે... **મૂલ્યાંકનનો આધાર બીજા પર છે માત્ર પોતે જ નહીં...** તેવી રીતે સમાજનો પહેલો નિયમ 'સન્માન - આદર' અને તે સાથે અહેસાસ - આત્મવિશ્વાસ જરૂરી છે. તે ઉપરાંત 'ગુન-ગુન-ગુના રે...' ગીતના સહારે જીવન ઉપયોગી અને કારકિર્દીના મુદ્દાઓ ખૂબ જ સરળતાથી સમજાવ્યા હતા. જેના વડે યુવાવર્ગને ઘણું જાણવા મળ્યું હતું.



કાર્યક્રમના દ્વિતીય ચરણમાં એ.જી. ટીચર્સ ઈન્સ્ટિટ્યૂટના પ્રિન્સિપલ ડૉ. નીરવ ઠક્કરે 'કારકિર્દીના ઘડતર' માટે રસપ્રદ માહિતી રજૂ કરી હતી. તે વિષયને સંલગ્ન અલગ અલગ મુદ્દાઓ જણાવ્યા. જે આજના માહોલમાં ખૂબ જ જરૂરી હતા.


**તેમણે કહ્યું કે માત્ર શોખ આધારિત વિષયે કારકિર્દીના ઘડતરની આવશ્યક્તા નથી.** તે રીતે જીવનમાં સફળતા આંશિક પ્રાપ્ત થાય છે, તેને કારકિર્દીનું આખરી સ્વરૂપ ગણી શકાય નહીં. કારણકે દરેક વ્યક્તિના શોખમાં પ્રતિ બે-ત્રણ વર્ષે પરિવર્તન આવે છે. આ વિષયે જોરદાર રજૂઆત કરવા તેમણે **અમેરિકન કંપની Apple ના સ્થાપક Steve Jobs** એ ત્યાંની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં આપેલ પ્રવચનનો આધાર લીધો હતો. જેમાં Steve Jobs એ પોતાના જીવનના સંદર્ભમાં ત્રણ પ્રકારની વિગતો જણાવેલ હતી. **જીવનના તબક્કા પ્રમાણે ઉદ્‌ભવતા અનેક પ્રશ્નો... તેનો ઉકેલ... અને તેનાં પર આધારિત કારકિર્દીનું મજબૂત ઘડતર. જેમાં શૈક્ષણિક અભ્યાસનો હિસ્સો ખૂબ જ મહત્ત્વનો બની રહે છે.** તે માટે કોઈ સીમા મર્યાદા નથી... જેટલું આગળ વધી શકાય તેટલું આગળ જવાનું લક્ષ્ય હોવું જોઈએ. અલબત્ત, તે માટે પૂરતી શક્તિ અને આકર્ષણ હોવા જરૂરી છે... અને જેનો વિચાર કરતા હોઈએ તેમાં પૂરતો રસ હોવો જરૂરી છે. વ્યક્તિ માટે પોતાની જિંદગી ખૂબ ઉપયોગી અને અગત્યની છે. આમ છતાં આપણે સારા મકાનનો વધારે વિચાર કરતા હોઈએ છીએ. બિલ્ડિંગના આયોજન પાછળ આપણે ૧૮ માસ કે તેથી વધુ સમય પસાર કરીએ છીએ પરંતુ પોતાના જીવન માટે ૧૮ મિનિટનો સમય પણ આપતા નથી. તેમણે વધુમાં જણાવ્યું કે, વ્યક્તિની કારકિર્દી ઘડતર માટે કોઈ ખાસ રેસિપિ હોતી નથી... **દરેકે પોતાની કારકિર્દી પોતાની રીતે આયોજનથી ઘડવાની હોય છે. વ્યક્તિએ પોતાની કારકિર્દીના ઘડતર માટે શક્ય તેટલો સમય ફાળવવો જોઈએ.** પોતાના માટે પોતાની જિંદગીનું મહત્ત્વ કેટલું અને કેવું છે? તેનાં ઉપર ઉપસ્થિત શ્રોતાઓ પાસેથી તેમણે જવાબ માંગ્યા હતા. તે ઉપરાંત, કારકિર્દીના ઘડતર માટે વ્યક્તિ જે રસ દાખવે... તે શું છે? ભૂતકાળને સંલગ્ન એક પ્રક્રિયા છે. માત્ર રસના આધારે પોતાની જિંદગીનું ઘડતર સિમિત બની જાય છે. વળી રસ-મહેચ્છા શું છે? તે ભૂતકાળના બનાવોના આધારે હોય છે.



એક ખૂબ જ રસપ્રદ ઉદાહરણ આપ્યું હતું... એક વખત ખૂબ જ મોટા શીપ-બોટનું એન્જિન ખરાબ થઈ ગયું હતું. તેને ઠીક કરવા અનેક મોટા મોટા એન્જિનિયર્સને બોલાવ્યા પરંતુ તેમના દ્વારા કંઈ જ કામ થયું નહીં. ત્યારબાદ સાધારણ રિપેરિંગ કામ કરનાર એક ફોરમેન, ઓજારોની નાની બેગ લઈને આવ્યો... જગ્યા તપાસી... પોતાની બેગમાંથી એક હથોડી કાઢીને ખૂબજ ચોક્સાઈપૂર્વક તપાસીને યોગ્ય સ્થાને હથોડીનો એક ઘા માર્યો... એન્જિન તરત શરૂ થઈ ગયું. તે માટે પોતાની મજૂરીનું બીલ દસ હજાર ડોલરનું આપ્યું... હથોડીના એક ઘા મારવાની આટલી ઊંચી કિંમત? તેનો જવાબ.... **પ્રથમ તો તેને પોતાના કામકાજમાં**

*અહંકાર હંમેશાં પોતાનું ખોટું ના દેખાય એવો ધંધો કરે.*

**રસ છે... કામ માટેનું જરૂરી કૌશલ્ય છે...** કેમકે હથોડીનો ઘા ક્યાં - કઈ રીતે અને કેટલી વખત મારવો **તેનું જ્ઞાન - આવડત - ટ્રેનિંગ જોઈએ. ટૂંકમાં, તે માટે ખાસ પ્રકારની આવડત જોઈએ. કામગીરી નક્કી કરેલ સમય મર્યાદામાં જ થાય તે જરૂરી છે.** વ્યક્તિની કારકિર્દીના ઘડતરમાં આ બધી પાયાની આવશ્યક્તા હોય છે. બીજી અગત્યની વાત એ છે કે, કોઈપણ કામ, આવતીકાલે નહીં... **આજે અને અત્યારે જ કરવાનું ખાસ ધ્યાનમાં રાખવાનું હોય છે...** અગર તેને કાલ પર મુલત્વી રાખવામાં આવે તો.... તે વિષયનું રિસર્ચ કરવા માટે તે વ્યક્તિ લાયક નથી. તેમજ તેના પરિણામે વ્યક્તિની કારકિર્દીનું ઘડતર અટકે છે અથવા ત્યાં સીમિત થઈ જાય છે. આ રીતે પોતાની કારકિર્દીના ઘડતર અર્થે અનેક મુદ્દા પરત્વે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી બને છે.



કાર્યક્રમના ત્રીજા ચરણમાં શ્રી પંડ્યાએ માત્ર ૨૦થી ૩૦ વર્ષની વયના જ યુવક - યુવતીઓ સભાગૃહમાં ઉપસ્થિત રહે અને અન્ય શ્રોતાજનો ત્યાં ગેરહાજર રહે તેવો આગ્રહ કર્યો હતો. આ કારણે **'જનરેશન ગેપ'** વિષયે મુક્ત ચર્ચા ભયરહિત વાતાવરણમાં કરવાનું શક્ય બન્યું હતું.

પ્રાપ્ત થયેલ માહિતી મુજબ 'જનરેશન ગેપ' વિષયની ચર્ચા દરમ્યાન ઘણાં યુવા મિત્રો ખૂબ જ લાગણીમય બની ગયા હતા.

કાર્યક્રમના ચતુર્થ ચરણમાં સ્માર્ટ સ્ટેશન કંપનીના ડાયરેક્ટર અને જેમણે થિન ક્લાયન્ટ સોલ્યુશનનું જબરદસ્ત સંશોધન કર્યું છે એવા શ્રી મિતેશ દવે દ્વારા 'પેશન' (Passion) શું છે અને કોઈપણ વ્યક્તિ જ્યારે કંઈક બનવાનું મક્કમતાપૂર્વક નક્કી કરે છે ત્યારે અશક્ય જણાતા પદ અથવા ક્ષેત્રને કેવી રીતે સફળતાપૂર્વક હાંસલ કરે છે તેનું તાદશ્ય ઉદાહરણો સહિત રસપ્રદ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



ઉપરોક્ત જે તે વિષયના તજજ્ઞોના વ્યાખ્યાન... રજૂઆતને યુવાવર્ગે ખૂબ જ એકાગ્રતાપૂર્વક.... ધ્યાનથી સાંભળેલ... ઓડિયો - વીડિયો દ્વારા રજૂઆતનું રસપ્રદ રીતે નિરીક્ષણ કરીને સમગ્ર રજૂઆત... માર્ગદર્શનથી ઉપસ્થિત યુવક-યુવતીઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

**અત્યાર સુધીના સમયમાં આવું ઉચ્ચ કક્ષાનું શૈક્ષણિક અને કારકિર્દીના ઘડતરનું યુવાવર્ગ માટેનું સંમેલન કોઈ સ્થળે થયેલ નથી...** આ પ્રકારના સર્વાંગી જ્ઞાનવર્ધક સંમેલનમાં સૌપ્રથમ વખત ઉપસ્થિત રહ્યા તેનું ગૌરવ લઈને સૌ યુવાવર્ગે પોતાના ઉત્તમ પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમમાં યુવાવર્ગને સ્પર્શતી મૂંઝવણભરી સમસ્યાઓની સવિસ્તારપૂર્વક વાતો થઈ.... નિષ્ણાતોની રજૂઆતના માધ્યમથી ઉપસ્થિત યુવા વર્ગે જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

દરેક સમસ્યાઓનું વ્યવહારિક અને વૈજ્ઞાનિક રીતે પૃથક્કરણ થયું હતું. દરેક પ્રસંગે રસપ્રદ પ્રશ્નોત્તરી થઈ જેમાં દરેકને અલૌકિક અનુભૂતિ થઈ.

- પોતાનામાં વિવેકશક્તિ જાગૃત કરો. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ... અભિગમ કેળવો... વિકસાવો.
- સમસ્યાઓ, પરિસ્થિતિ અને સંજોગોનું ઈવેલ્યુએશન કરો.
- મન... વિચારને શક્તિશાળી બનાવો.
- કોઈપણ જડતા, ધારણા અને પૂર્વગ્રહથી મુક્ત રહો.
- એકાગ્રતા કેળવો.
- પ્રગતિ સાધવા અને જીવનમાં કારકિર્દીના ઘડતર માટે વિશ્વાસપૂર્વક આગળ વધો.
- હંમેશાં ઉચ્ચ અને વધારેમાં વધારે પ્રગતિને લક્ષ્ય બનાવો.
- પોતાનામાં રહેલ શક્તિનો પ્રગતિના પંથે ઉપયોગ કરો... તેને વિકસાવો.

આ હતી સંમેલનની ફળશ્રુતિ.

### યુવાવર્ગના પ્રતિભાવો

*સંમેલનમાં ઉપસ્થિત યુવાવર્ગના કેટલાંક પ્રતિભાવો અન્યત્ર પ્રકાશિત કરેલ છે.*

*તેઓનું કહેવું હતું કે....*

★ આ પ્રકારના સંમેલનો અવારનવાર થવા જોઈએ.

★ **જે યુવાવર્ગ આ વર્કશોપ... સેમિનાર... સંમેલનમાં ઉપસ્થિત ન હતા તેઓએ ઘણું ગુમાવ્યું છે.**

★ **અહીં પ્રાપ્ત થયેલ માર્ગદર્શન યુવાવર્ગને પોતાની કારકિર્દીના ઘડતર માટે એક સંભારણું બની રહેશે.**

★ સંમેલનમાં ઉપસ્થિત રહીને ખૂબ જ આનંદ થયો... ઘણાં સંપર્ક વધ્યા...

★ સમગ્ર રજૂઆત કારકિર્દીના ઘડતર અર્થે ખૂબ જ ઉપયોગી નીવડશે.

★ **'સહજીવન'નો અર્થ આ સંમેલનમાં સૌપ્રથમ સમજમાં આવ્યો. તે વિષયનું માર્ગદર્શન અદ્‌ભુત હતું.**

★ જે યુવાવર્ગ આ સંમેલનમાં ઉપસ્થિત નહોતા... તેમને તેમનાં મિત્રો દ્વારા સંમેલન દરમ્યાન 'મેસેજ' પ્રસારિત કરીને જણાવવામાં આવ્યું કે... **તમે લોકો ગાડી ચૂકી ગયા છો... ઘણું ગુમાવ્યું છે...**

★ **એવી રીતે 'પેશન' (Passion) શું છે અને તેની અગત્યતા શું છે...** તે વિશે પ્રથમ વખત અહીં જાણવા મળ્યું.



★ યુવાવર્ગને આ સંમેલનથી કેવી ઉપયોગી અસર થઈ... તેની વિગત અન્ય મિત્રવર્ગને જણાવવા સમગ્ર માહિતી **'ફેસબુક'** પર કેટલાક ઉપસ્થિત યુવાવર્ગે મૂકી દીધી.

★ તજજ્ઞ શ્રી નંદક પંડ્યા, ડૉ. નીરવ ઠક્કર અને શ્રી મિતેશ દવેની રજૂઆતથી સૌ પ્રભાવિત થયા હતા અને તેઓનો ખાસ આભાર માન્યો હતો.

આ રીતે, ઈતિહાસમાં પ્રથમ વખત આ પ્રકારના 'યુવા સંમેલન'નું આયોજન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેનાં સુવર્ણ જયંતી વર્ષની ઉજવણીના એક ભાગરૂપે તેનાં મધ્યસ્થ કાર્યાલય દ્વારા કાર્યક્રમોની શૃંખલાના પાંચમાં મુખ્ય કાર્યક્રમ તરીકે સંસ્થાની 'શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિ'ના ઉપક્રમે થયું હતું.



બે દિવસના આ સેમિનારમાં ભુજ, ગાંધીધામ, જામનગર, ભાવનગર, સુરત, વલસાડ જેવા દૂરના સ્થળોએથી કચ્છી જૈન યુવક - યુવતીઓ ઉપસ્થિત હતા. જેમાં શ્રી કચ્છી વાગડ બે ચોવીસીના યુવક અને યુવતીઓ હોસ્ટેલમાંથી તેમજ શ્રી કચ્છી વાગડ સાત ચોવિસી ઘટકમાંથી પણ ઘણાં યુવક - યુવતીઓ સામેલ થયા હતા.

બે દિવસના સંમેલનમાં લગભગ ૨૦૦ જણની ઉપસ્થિતિથી હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો.

બંને દિવસ દરમ્યાન સંમેલનના હોલની વ્યવસ્થા, બહારગામથી ઉપસ્થિત રહેનાર યુવક-યુવતીઓની ઉતારાની વ્યવસ્થા, ચા-નાસ્તાની તેમજ જમણની વ્યવસ્થા કાબિલેદાદ હતી..... તેવો પ્રતિભાવ યુવાવર્ગનો હતો. તે માટે તેમજ સંમેલનના આયોજન માટે તેઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને તેના ટ્રસ્ટમંડળ, કારોબારી સમિતિના સર્વે સભ્યો તેમજ શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિના કન્વીનર શ્રી હીરેન શાહ અને સમિતિના અન્ય સભ્યો સર્વશ્રી વિમેશ શાહ, વિશાલ શાહ, પ્રદીપ મહેતા, નવીન લાલકા, પંકજ ગોગરી, રોહિત સંઘવી વગેરે તેમજ જમણવાર સમિતિ અને તેનાં કન્વીનર શ્રી સંદીપ મહેતા સહિત દરેક કાર્યકર્તાઓનો હૃદયપૂર્વક ખાસ આભાર માન્યો હતો.

બે દિવસના કાર્યક્રમની શરૂઆતમાં શ્રી હીરેન શાહે સંમેલનના આયોજનનો ઉદ્દેશ સમજાવતા કહ્યું કે, સામાજિક - ઉપયોગી પ્રવૃત્તિઓ થાય, યુવાવર્ગની કારકિર્દીનું સાચી દિશામાં ઘડતર થાય અને તે માટે સૌ ભેળા થઈને કામગીરી કરીએ તેવો આ એક નમ્ર પ્રયાસ છે. નિષ્ણાત વક્તાઓ તેમજ ઉપસ્થિત સર્વે યુવક-યુવતીઓને હાર્દિક આવકાર આપીને કાર્યક્રમની શરૂઆત કરાવેલ હતી.

આ પ્રકારના અનોખા કાર્યક્રમના પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સભ્યો પૈકી પ્રમુખ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી દિનેશ મહેતા વગેરેએ હાજર રહીને સંમેલનની કાર્યવાહીને પ્રોત્સાહન આપ્યું હતું..

સંસ્થાના પ્રમુખ શ્રી અશોક મહેતાએ કચ્છના સંદર્ભમાં આ સમાજની પ્રવૃત્તિઓની વિગત સાથે કચ્છ ઈતિહાસ, કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ અને નર્મદા યોજના વિશે ઉપસ્થિત યુવાવર્ગની જાણકારી માટે ખાસ ઉલ્લેખ કર્યો હતો.

તે ઉપરાંત ઉપરોક્ત કાર્યક્રમમાં પોતાના પ્રતિનિધિઓને મોકલનાર દરેક સંસ્થા - સમાજનો અને ઉપસ્થિત રહેલા તમામ યુવક-યુવતીઓનો તેમજ બંને દિવસોએ પોતાના વક્તવ્યો રજૂ કરનાર દરેક નિષ્ણાત વક્તવ્ય કર્તાઓનો ખાસ આભાર.

સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિના કન્વીનર શ્રી હીરેન શાહ અને તે સમિતિના તમામ સભ્યશ્રીઓએ અથાગ મહેનત દ્વારા કર્યું હતું. તે બદલ દરેકનો ખૂબ ખૂબ આભાર.

***સંમેલન કાર્યક્રમના કન્વીનર : ડૉ. ચંદ્રકાંત દેઢિયા***

***(વૃત્તાંત સહયોગ : દિનેશ આર. મહેતા)***

# સાંભળવું એક કળા

## ૬ થી ૧૮ વર્ષની વયના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી પરિસંવાદનું આયોજન

★

આપણું સમગ્ર શિક્ષણ લખવા અને બોલવાની કળાને પ્રાધાન્ય આપે છે. જેમાં આપણું સમગ્ર ધ્યાન માત્ર પોતાના ઉપર જ કેન્દ્રિત હોય છે. પણ, જીવન કૌશલ્ય એ આપણી સાથે રહેતા લોકો સાથે સ્વસ્થ સંબંધો પર આધારિત છે અને તેની ચાવી છે સાંભળવાની કળા.

*બે કાન અને એક મોં શરીર રચનામાં છે,*
*એ જ ઘણું બધું કહી જાય છે ને?*

*સમગ્ર ચર્ચા દરમ્યાન આપણે જાણીશું કે –*

- ❖ 'સાંભળવું' એટલે શું?
- ❖ સક્રિય રીતે સાંભળવાના ફાયદા.
- ❖ 'સાંભળવા'ના પ્રકારો.
- ❖ આપણી કેટલીક ટેવો જેનાથી 'સાંભળવાની' કળા અસરકારક રહેતી નથી.
- ❖ 'સાંભળવા' અંગેની કેટલીક બાબતો જેનાથી તે કળા આત્મસાત્ કરી શકાય.

શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા તા. ૪-૧૧-૨૦૧૨ના સવારે ૯ થી બપોરના ૧ વાગ્યા દરમ્યાન સમાજના સભ્ય પરિવારજનોના ૬ થી ૧૮ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓ માટે ખાસ વર્કશોપનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવ્યું છે. જેમાં રજિસ્ટ્રેશન ફી રૂા. ૨૦/- છે અને સમાજ બહારના સભ્યો માટે રૂા. ૫૦/- રાખવામાં આવી છે. વર્કશોપમાં ભાગ લેવા માટે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે નિધિ પટેલ (ફોન : ૨૬૫૮૧૫૦૧)નો સંપર્ક કરવો.

*હીરેન કે. શાહ*
*કન્વીનર - શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ*

## સમાજની વિવિધ સમિતિઓની વિગત બાબત

'મંગલ મંદિર'ના સપ્ટેમ્બર-૨૦૧૨ના અંકમાં સમાજની વિવિધ સમિતિઓના નામ તેમના કન્વીનર તથા સભ્યોના નામ સાથે પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

- ★ ક્રમ નં.-૧૩ – યુવા વિકાસ સમિતિમાં અન્ય સભ્યોના નામની યાદીમાં શ્રી પીયૂષ હીરજી સાવલાનું નામ સામેલ કરીને વાંચવું.
- ★ ક્રમ નં.-૨૦ દર્દી સહાય સમિતિમાં શ્રી બચુભાઈ હીરજી રાંભિયાનું નામ તે સમિતિના કન્વીનરશ્રી તરીકે વાંચવું.
- ★ ક્રમ નં.-૨૦ દર્દી સહાય સમિતિમાં શ્રી અશ્વિન ભવાનજી સોનીનાં ફોન નંબરો નીચે મુજબ વાંચવા.
  (ઘર) ૨૫૬૨૬૬૫૪, (ઓ) ૨૫૬૨૧૮૮૪
  મો. ૯૨૭૪૫ ૩૦૨૪૮

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ મધ્યસ્થ કાર્યાલય દ્વારા બે દિવસના "ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવક - યુવતીઓનું સંમેલન" કાર્યક્રમમાં ઉપસ્થિત યુવક-યુવતીઓના પ્રતિભાવો

- ★ Thanks for such a wonderful program. *– Bhumika*
- ★ નંદક પંડ્યાએ આપેલ "સહજીવન"ની સમજ ઉત્કૃષ્ટ હતી. મને આનંદ છે કે મેં તેમાં ભાગ લીધો. *– નીલય*
- ★ અમને હોસ્ટેલના વિદ્યાર્થીઓને આ "ગ્રેટ" પ્રોગ્રામમાં બોલાવ્યા તેના અમો આભારી છીએ. ઘણું જ જ્ઞાન મેળવ્યું. *નેન્સી સંઘવી (મહાવીર જૈન ગર્લ્સ વિદ્યાલય)*
- ★ અમને નવી દિશા બતાવવા બદલ આભારી છીએ. *હેતલ પ્રદીપ શાહ - ભુજ*
- ★ આજના જમાનાને અનુરૂપ જ્ઞાનવર્ધક કાર્યક્રમ. *- અંકિતા સંઘવી*
- ★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અમને આવા કાર્યક્રમોમાં જરૂરથી બોલાવે તો ગમશે. હવે પછી છોકરીઓની Career Guidance અને Frustrationમાં કેમ Sp. Child અને ફેમિલી સાથે Cope up કરવું તે વિશે કાર્યક્રમ રાખવા વિનંતી.
- ★ શ્રી મિતેશ દવે – આપનું જ્ઞાન ઘણું જ છે. નેટવર્કિંગ સર્વર સેટ-અપનાં પ્રેક્ટિકલ્સ માટે વધુ ગાઈડન્સ આપશોજી. *– કાર્તિક કમલેશ લાલન*
- ★ આ પ્રકારના 'પોઝિટિવ થિન્કિંગ'ના કાર્યક્રમનું વધુ આયોજન કરશો.
- ★ હું T.Y.B.Com. માં ભણું છું. આ કાર્યક્રમમાં ભાગ લીધા પછી હવે હું મારો સ્વતંત્ર ધંધો કરવા કરતાં કોર્પોરેટ વર્લ્ડમાં પ્રવેશ કરવાનું વધુ પસંદ કરીશ.
- ★ શહેરોમાં આવું આયોજન થતું જ હોય છે. નાના શહેર / ગામમાં પણ કરવા વિનંતી છે, જેથી તેમને - આજના કોર્પોરેટ જગતમાં - આજની મોડર્ન જિંદગીમાં આગળ આવવાનો અવકાશ મળે. ખૂબ આભાર. *– અક્ષય ગટેચા*
- ★ હું નસીબદાર છું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સભ્ય છું! ખૂબ મજા આવી. વિડિયો ક્લિપના ઉપયોગથી ખૂબ જ સરસ રીતે સમજાયું. હૃદયથી આભાર. *- પ્રતીક દોશી*
- ★ ખૂબ જ ઈનોવેટિવ અને થૉટફુલ સૅશન અને Well organisation. Thanks.
- ★ કચ્છીઓને ગ્લોબલ બનાવે તેવા પ્રયત્નરૂપ આ વર્કશોપ હતો. KJSS ની યશ કલગીમાં નવું પીછું ઉમેરાયું. *- જય રોહિત શાહ*
- ★ Excellent Programme! Please arrange many like this in future which can change our lives!! *– પ્રતીક ત્રેવડિયા*

*જેને કોઈને ય દુઃખ આપવું નથી, તેને કુદરત દુઃખ આપે જ નહિ.*

# સ્ટાફ તાલીમ કાર્યક્રમનું – સૌપ્રથમ વખત રસપ્રદ આયોજન થયું

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટર તેમજ ભવન કાર્યાલયના સ્ટાફ સભ્યોના લાભાર્થે સૌપ્રથમ વખત તા. ૧૬-૯-૨૦૧૨ના રોજ બપોરે ૧ થી ૫ દરમ્યાન સાઈકોથેરાપિસ્ટ સુશ્રી પૂર્ણિમા ગુપ્તાની એક વર્કશોપનું આયોજન મેડિકલ સેન્ટર દ્વારા શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે ખૂબ સફળતાપૂર્વક થયું હતું. **વ્યક્તિએ પોતાના કાર્યક્ષેત્રની તમામ કામગીરીનું ધોરણ ઉચ્ચ કક્ષાએ જાળવવું જોઈએ તે આ વર્કશોપના આયોજનનો મુખ્ય ઉદ્દેશ હતો.**

ઉપરોક્ત વર્કશોપ ખૂબ જ રસપ્રદ રહ્યો હતો. સ્ટાફે કેટલીક પાયાની બાબતો ખાસ ધ્યાનમાં લેવી જોઈએ. એટલું જ નહીં પરંતુ વ્યક્તિને પોતાના કાર્યક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા માટે તે અતિ ઉપયોગી છે. આ વિષય-વસ્તુ અન્વયે વર્કશોપમાં નીચેના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા.

વહીવટી અને ટેકનિકલ રીતે કૌશલ્ય દાખવવું, પોતાનું વ્યક્તિત્વ, રીતભાત, વર્તણૂક, કાર્યક્ષમતા, કામગીરી બાબત સજાગતા - નિયમિતતા, સાહસિકતા, ધગશ, વર્તમાન વહેણથી માહિતગાર જેવા વિવિધ મુદ્દાઓ પરત્વે પ્રકાશ ફેંકીને તેને કઈ રીતે અપનાવવા અને વ્યવહારમાં કેવી રીતે અમલ કરી શકાય તેમની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

તે માટે નીચે મુજબ કેટલાક ઉદાહરણ આપવામાં આવ્યા હતા.

★ મેડિકલ સેન્ટરમાં આવનાર દર્દીઓ તેમજ તેમની સાથે રહેનાર વ્યક્તિઓ સંગ વાતચીત કરવામાં શું ધ્યાન રાખવું જોઈએ.

★ તેમની સાથે વાતચીત કરવામાં ક્યાં અને કેવી તકલીફ થાય અને તે સમયે સ્થિતિને કેવી રીતે હલ કરવી.

★ દર્દી હંમેશાં શારીરિક તકલીફ અનુભવતા હોય છે એટલે તેમની સાથે ખૂબજ શાંતિપૂર્વક વાતચીત કરીને મીઠાશપૂર્વક વાણીનો ઉપયોગ કરીને સ્નેહભર્યું વર્તન કેળવવું.

★ આ પ્રકારનો દર્દી સાથે માહોલ ઊભો કરીને તેમની તકલીફમાં રાહતરૂપ બની શકાય.

★ કાર્યક્ષેત્રમાં કામગીરી બાબતની માહિતી અન્ય સ્ટાફ સભ્યો સાથે પરસ્પર આપ-લે કરવી જરૂરી છે.

★ જેમ ઘરની રોજિંદી બાબતોમાં ક્યારેક ઊભી થતી મુશ્કેલીઓને જે રીતે સુલઝાવીએ છીએ તે રીતે પોતાની કામગીરીના સ્થળે પણ મુશ્કેલીઓનો રસ્તો કાઢવા કૌશલ્ય બતાવવું પડે.

★ મેડિકલ યુનિટમાં સંજોગોવશાત્ ગેરહાજર રહેનાર ડૉક્ટર - સ્ટાફની નોંધ બોર્ડ ઉપર વ્યવસ્થિત રીતે મુકાવી જોઈએ.

★ મેડિકલ યુનિટ અથવા ભવનની કામગીરી બાબત જરૂરી માર્ગદર્શન આપવા યોગ્ય પ્રબંધ કરવો જોઈએ.

★ કોઈપણ વિભાગના અને ખાસ કરીને ટેકનિકલ કામગીરી સંભાળતા સ્ટાફને કોર્પોરેટ સંસ્થામાં જરૂરી ટ્રેનિંગ અર્થે મોકલવાનું જરૂરી હોય છે. જેથી ખાસ કૌશલ્યની જરૂરવાળી કલા-કારીગરીનું જ્ઞાન મેળવી શકે.

★ અવારનવાર અને શક્ય હોય તો પ્રત્યેક માસે મિટિંગનું આયોજન કરવું હિતાવહ છે.

★ કોર્પોરેટ મેડિકલ યુનિટ કરતાં ટ્રસ્ટ સંચાલિત મેડિકલ યુનિટમાં વિકાસની શક્યતાઓ હંમેશાં વધુ હોય છે.

★ પૂરતી ચીવટ, ખંત, ધગશથી અને પ્રામાણિકતાથી કામગીરી કરવામાં આવે તો સ્ટાફ અને કાર્યક્ષેત્રના યુનિટની પ્રગતિ થાય. આ પ્રકારના અનેક મુદ્દાઓ પ્રસ્તુત વર્કશોપમાં આવરી લેવામાં આવ્યા હતા.

### આ વર્કશોપમાં ઉપસ્થિત સ્ટાફ સભ્યોના કેટલાક પ્રતિભાવ નીચે મુજબ હતા

- આ પ્રકારની મિટિંગ ફરી વખત રાખવી જોઈએ...
- ખૂબજ સારી સમજણ અને જાણકારી મળી... તેને ધ્યાનમાં રાખીને અમે ખૂબ આગળ વધી શકીશું.
- આ પ્રોગ્રામમાં અમને સારું માર્ગદર્શન મળેલ છે....
- આ પ્રોગ્રામ મને બહુ ગમ્યો... આ રીતનો પ્રોગ્રામ ફરી રાખવો જોઈએ... આ પ્રોગ્રામથી જાણવા મળ્યું કે આપણા મનમાં કોઈ સમસ્યા હોય તો તેની વાત બીજાને કહીને તેનો ઉકેલ આવી શકે...
- પ્રોગ્રામ બહુ જ સારો અને ઉપયોગી હતો... આવા ઘણાં પ્રોગ્રામ થાય તેવી આશા રાખું છું...
- આજનો પ્રોગ્રામ બહુ જ સારો હતો... અમને ઘણું બધું જાણવા મળ્યું તે માટે ટ્રસ્ટીઓનો આભારી છું... આવા પ્રોગ્રામ ભવિષ્યમાં થતા રહે એવી આશા રાખું છું...
- દર્દીઓ સાથે કેવી રીતે સવાલ-જવાબ કરવા, તે અમને શીખવા મળ્યું...
- અમને જે કાંઈ સમજાવ્યું છે તેને શિક્ષા સમજીને ધ્યાનમાં રાખીશું....
- આવા કાર્યક્રમમાં બધા જ સ્ટાફ સભ્યો હાજર રહે તે તરફ પ્રયત્ન કરવો જોઈએ...
- આ કાર્યક્રમથી ઘણા બધા પ્રશ્નોના જવાબ મળ્યા... તેનો અમલ થાય તેમ ઈચ્છીએ છીએ....

ઉપરોક્ત વર્કશોપમાં મેડિકલ સેન્ટરના વીસ અને સમાજ કાર્યાલયના પાંચ એમ મળીને કુલ પચ્ચીસ સ્ટાફ સભ્યોની હાજરી હતી. ટ્રસ્ટ મંડળ અને તબીબી સેવા સમિતિના શ્રી કાંતિલાલભાઈ સાવલા તેમજ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા અને કારોબારી સમિતિના શ્રી હીરેન શાહ વર્કશોપના કાર્યક્રમ દરમ્યાન ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે મેડિકલ સેન્ટરના શ્રીમતી હાસ્યલતાબેન મહેતાએ પૂર્ણિમાબેન તેમજ ઉપસ્થિત સર્વે વ્યક્તિઓનો આભાર માન્યો હતો.

*કાંતિલાલ સાવલા - કન્વીનર, તબીબી સેવા સમિતિ*

*ક્રોધી માણસ પોતે સળગી જાય છે અને સામાને સળગાવી મૂકે છે.*

# યુવા વિકાસ સમિતિ

## દ્વારા વિવિધ સ્પર્ધાઓ અને અન્ય કાર્યક્રમોની જાહેરાત

★

## સમિતિ યોજે છે... શરદોત્સવ...
## શ્રી ગૂર્જર પરિવાર દાંડિયા રાસ હરીફાઈ – ૨૦૧૨

તા. ૨૯-૧૦-૨૦૧૨ – શરદ પૂનમના દિવસે શ્રી ગૂર્જર પરિવાર દાંડિયા રાસ હરીફાઈનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાત્રે ૮ થી ૧૧ દરમ્યાન કરવામાં આવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સર્વે સભ્ય પરિવારના સભ્યોને પધારવા અને સ્પર્ધામાં ભાગ લેવાનું આમંત્રણ છે. અલગ અલગ વય ગ્રુપના વિજેતાઓને ઈનામોથી સન્માનિત કરવામાં આવશે. ભાગ લેનાર સ્પર્ધકોએ ટ્રેડિશનલ ડ્રેસ પહેરવો ફરજિયાત છે.

- *સોમવાર, તા. ૨૯-૧૦-૨૦૧૨*
- *સમય : રાત્રે ૮.૦૦ કલાકથી*
- *સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

★

## શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ હરીફાઈ

સમિતિ દ્વારા રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૨ના રોજ નિબંધ હરીફાઈનું આયોજન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારોના સભ્યો માટે કરવામાં આવેલ છે. આ સ્પર્ધા માટે બે વય ગ્રુપ રાખવામાં આવેલ છે.

(અ) ૧૫ થી ૨૨ વર્ષ

(બ) ૨૩થી ૫૦ વર્ષ

સ્પર્ધકોએ નીચે આપેલ કોઈપણ એક વિષય ઉપર પોતાના વિચારો વધુમાં વધુ ૪૦૦ શબ્દોમાં સ્પર્ધાના દિવસે લેખિતમાં રજૂ કરવાના રહેશે. તૈયારી માટે વિષયોની માહિતી અત્રે આપવામાં આવેલ છે. સ્પર્ધાના દિવસે કોઈપણ પ્રકારના સાહિત્યની મદદ વગર નિબંધ લખવાનો રહેશે.

**વિષયો :**

- વૉલ માર્ટ – કોને મારશે?... કોને તારશે?...
- શું ભારતનો નાગરિક ભારતમાં કોઈપણ સ્થળે રહેવા માટે ખરેખર સ્વતંત્ર છે?....
- ભ્રષ્ટાચાર / કાળું નાણું નાથવા અન્ના હઝારે - બાબા રામદેવ કે અન્ય કોઈ વિકલ્પ.
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીમાંથી આપની મનપસંદ બુક વાંચી તેની સમીક્ષા લખવાની
- અમદાવાદ ટ્રાફિકની સમસ્યા અને તેનું સમાધાન – આપની નજરે....
- આપણું ધ્યેય – ઈન્ડિયન આઈડોલ કે ઓલિમ્પિક મેડલ?
- લગ્ન : ૨૫ વર્ષની ઉંમર પહેલા કે પછી....
- વૃદ્ધાશ્રમોની વધતી જરૂરિયાત - આપણા સમાજની પ્રગતિ કે અધોગતિ...?
- શિક્ષણ ક્ષેત્રે સંશોધનોને અવકાશ...
  *અથવા*
  શિક્ષણ ક્ષેત્રે કયા અને કેવા ફેરફાર થવા જોઈએ?....

ઉપરોક્ત ૯ (નવ) પૈકી કોઈપણ એક વિષય ઉપર આપના વિચારો રજૂ કરવાની તક રખે ચૂકતા... તો શરૂ કરી દો તૈયારી આજથી... અત્યારથી જ.... નામ લખાવવાની અંતિમ તારીખ ૨૦-૧૧-૨૦૧૨.

***કાર્યક્રમ*** : તા. ૨૫-૧૧-૨૦૧૨

***સમય*** : બપોરે ૧ વાગ્યાથી

***સ્થળ*** : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.

★

## 'સુજાકો' સંગીત હરીફાઈ (નૃત્ય) (વર્ષ ૨૦૧૨-૧૩)

રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૨ના બપોરે ૨.૩૦થી ૬.૦૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે સંગીત હરીફાઈ (નૃત્ય)નું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના ૧૩ થી ૫૦ વર્ષના સભ્યો માટે છે.

આ સ્પર્ધામાં સૉલો ડાન્સ અથવા ડ્યુએટ ડાન્સ રજૂ કરી શકાશે. ગ્રુપ ડાન્સની એન્ટ્રી સ્વીકારાશે નહીં.

સ્પર્ધકોને પોતાની રજૂઆત કરવા માટે ૪ (ચાર) મિનિટનો સમય આપવામાં આવશે. સ્પર્ધક જે ગીત ઉપર ડાન્સ રજૂ કરવાના હોય તે માત્ર એક ગીત વાળી સી.ડી. લાવવાની રહેશે.

નામ લખાવવાની અંતિમ તારીખ ૧૭-૧૧-૨૦૧૨ રહેશે.

★

## શ્રી ગૂર્જર પરિવાર સંગીત હરીફાઈ (વાદ્ય) (વર્ષ ૨૦૧૨-૧૩)

રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૨ના બપોરે ૨.૩૦થી ૬.૦૦ કલાક દરમ્યાન શ્રી ગૂર્જર પરિવાર સંગીત હરીફાઈ (વાદ્ય)નું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના ૧૩થી ૫૦ વર્ષના સભ્યો માટે જ છે.

સ્પર્ધકોને પોતાની રજૂઆત માટે ૩ (ત્રણ) મિનિટનો સમય આપવામાં આવશે.

નામ નોંધાવવાની અંતિમ તારીખ ૧૭-૧૧-૨૦૧૨.

★

*જ્યાં કંઈ પણ કલેશ છે ત્યાં ભગવાને ય નથી ને ધર્મે ય નથી.*

## શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ છગનલાલ શાહ સંગીત હરીફાઈ (કંઠ્ય) (વર્ષ : ૨૦૧૨-૧૩)

રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૨ના બપોરે ૨.૩૦થી ૬.૦૦ કલાક દરમ્યાન શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ છગનલાલ શાહ સંગીત હરીફાઈ (કંઠ્ય)નું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના ૧૩થી ૫૦ વર્ષના સભ્યો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

સ્પર્ધકોએ પોતાના ગીતનો પ્રકાર જણાવવાનો રહેશે. દા.ત. ગુજરાતી, હિંદી, ફિલ્મી, નોન ફિલ્મી વગેરે. સ્તવન માટેની એન્ટ્રી સ્વીકારાશે નહીં. સ્પર્ધકોની પોતાની રજૂઆત માટે ૪ (ચાર) મિનિટનો સમય આપવામાં આવશે.

નામ નોંધાવવાની અંતિમ તારીખ ૧૭-૧૧-૨૦૧૨ રહેશે.

- **ઉપરોક્ત દરેક સ્પર્ધા માટેના સર્વ સામાન્ય નિયમો :**

૧. કોઈ પણ સ્પર્ધામાં ભાગ લેવા માટે પોતાના નામ, ફોન નંબર, ઉંમર વગેરે માહિતી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી (ફોન : ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧) ઉપર નિધિ પટેલને દરેક સ્પર્ધામાં જણાવેલ તારીખ પહેલા લખાવવાના રહેશે.

૨. દરેક સ્પર્ધાનું સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.

૩. સ્પર્ધકોએ દરેક સ્પર્ધા પ્રમાણે અલગથી નોંધ કરાવવાની રહેશે.

૪. પ્રત્યેક સ્પર્ધાના અન્ય નિયમો સ્પર્ધાના સમયે જણાવવામાં આવશે.

૫. સ્પર્ધાઓના નિર્ણાયકોના નિર્ણય આખરી ગણાશે.

૬. ઉપરોક્ત કોઈપણ સ્પર્ધાના સમય, તારીખ વગેરેમાં જરૂરી ફેરફાર યુવા વિકાસ સમિતિ કરી શકશે.

૭. સ્પર્ધામાં જરૂરિયાત મુજબ ગીતની સી.ડી. જાતે લાવવાની રહેશે. તેમાં માત્ર સ્પર્ધાનું એક જ ગીત હોવું જોઈએ. તેજ રીતે નૃત્ય માટેના જરૂરી પોષાક વગેરે સામગ્રીની વ્યવસ્થા સ્પર્ધકોએ જાતે કરવાની રહેશે. વાદ્ય હરીફાઈમાં વાદ્ય સામાનની વ્યવસ્થા પણ સ્પર્ધકોએ જાતે કરવાની રહેશે.

૮. સ્પર્ધામાં રજૂઆત નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે. વધારે સમય લેનાર સ્પર્ધકને માઈનસ માર્કસ આપવામાં આવશે.

*ઉપરોક્ત કોઈપણ સ્પર્ધા અંગેની વધુ માહિતી માટે સંપર્ક કરો:*
નવીન લાલકા : મો. ૯૩૭૭૭ ૪૨૪૨૧
(રાત્રિના ૮ થી સવારના ૯ દરમ્યાન)

***કન્વીનર, યુવા વિકાસ સમિતિ : નવીન જે. લાલકા***

*જેઓ વાંચતા નથી, તેઓ એવા લોકોથી જરાય ચડિયાતા નથી કે જેઓ વાંચી શકતા નથી.*

## બિદડા (તા. માંડવી - કચ્છ) ખાતે સિનિયર સિટીઝન અને નાના અનાથ બાળકો માટે નૂતન સંકુલ

## “માતૃ વંદના”

કચ્છના માંડવી તાલુકાના બિદડા ગામે માતૃવંદના નામના એક ટ્રસ્ટનો ઉદય થયેલ છે. આ ટ્રસ્ટનો ઉદ્દેશ સમાજની જરૂરિયાતવાળા બાંધવોની દરેક પ્રકારે સેવા કરવાનો રહેલ છે.

આ ટ્રસ્ટે બિદડા ખાતે હાલે એક પ્રોજેક્ટના શ્રીગણેશ આદરેલ છે. આ પ્રોજેક્ટ અનુસાર અહીં ૧૦૦ જેટલા સિનિયર સિટીઝનને રાખવામાં આવશે અને તેઓની સંપૂર્ણ માવજત કરવામાં આવશે. તેઓની જિંદગીના પાછળના દિવસોમાં તેમને આનંદસહ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રાખવા કોશિશ કરવામાં આવશે.

એક રૂમમાં બે વ્યક્તિ રહી શકે તેવા ૫૦ રૂમની વ્યવસ્થાવાળું ગ્રાઉન્ડ + એક માળનું મકાન લગભગ તૈયાર થઈ જવા આવ્યું છે. હાલે તેનું ફિનિશિંગ કામ ચાલે છે. સાથે સાથે આ ૧૦૦ વ્યક્તિઓ માટે ડાઈનિંગ - કિચનના અલગ મકાનનું કામ પણ પૂર્ણતાના આરે આવીને ઊભું છે. કદાચ જાન્યુઆરી-૨૦૧૩માં તેનું લોકાર્પણ કરવામાં આવે તેવી આ ટ્રસ્ટના ચેરમેન શ્રી કોમલભાઈ સાવલાની મહેચ્છા રહેલ છે અને તે મુજબ તેઓએ પૂરબહારમાં કાર્યવાહી આરંભી પણ દીધેલ છે.

લગભગ રૂા. ૩.૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ પ્રથમ ફેઝ્ના કાર્ય બાદ પ્રોજેક્ટના દ્વિતીય ફેઝ્નું કાર્ય હાથ પર લેવામાં આવશે કે જેમાં ૫૦ અનાથ નાના બાળકોને રાખવા માટે એક અલાયદું મકાન બનાવવામાં આવનાર છે. સાથે સાથે સંકુલમાં જૈન દેરાસર, ઉપાશ્રય, ઍમ્ફી થિયેટર વગેરેના આયોજનો પણ વિચારાયેલ છે.

જ્યારે આ પ્રોજેક્ટ પૂર્ણપણે કાર્યરત થઈ જશે ત્યારે તેમાં ૧૦૦ વડીલોની સાથે સાથે ૫૦ બાળકો પણ રહેતા હશે. અહીં રહી બંને ગ્રુપને એકબીજાનું સાનિધ્ય મળી રહે તે આ પ્રોજેક્ટનો એક ઉમદા ઉદ્દેશ રહેલ છે.

આ પ્રકારના અતિ ઉમદા કાર્યને વરેલ માતૃવંદના ટ્રસ્ટના ચેરમેન શ્રી કોમલભાઈ સાવલા તરફથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને તેના વહીવટમાં સહકાર આપવા એક અપીલ કરવામાં આવી કે જેના પ્રતિસાદ સ્વરૂપે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તે ભાવનાનો પડઘો પાડી, પોતાના ટ્રસ્ટ મંડળમાંથી ત્રણ ટ્રસ્ટીશ્રીઓને માતૃવંદના ટ્રસ્ટમાં મોકલી આપવાનો નિર્ણય કરેલ છે.

માતૃવંદના ટ્રસ્ટમાં સમાજના અન્ય ધૂરંધર ટ્રસ્ટીશ્રીઓ શરૂથી જ કાર્યરત રહ્યા છે અને તેઓ યોગ્ય રીતે પોતાની ફરજ બજાવી જ રહેલ છે. પરંતુ હવે આ ટ્રસ્ટના સભ્યશ્રીઓની સંખ્યામાં વધારો થયેલ હોવાથી તેની કાર્યશક્તિ વધુ ખીલી ઊઠે તેવી અપેક્ષા કોઈ પણ કચ્છી રાખી શકે છે.

માતૃવંદના ટ્રસ્ટ ભવિષ્યમાં વધુને વધુ સેવાકીય કાર્યો કરતો રહે તેવી અપેક્ષા તેની પાસેથી રાખવામાં આવે છે. ■

*પૈસો ભલે ના હોય, પણ વિવેક-વિનય કદી જ ખૂટવા ના દેશો.*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

સમિતિએ સપ્ટેમ્બર મહિનામાં પાલડી ભવન ખાતે ઘણીબધી હરીફાઈઓનું આયોજન કરેલ હતું. જેમાં બહેનોએ ઉત્સાહભેર બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. ૨૩ વર્ષથી ૬૫ વર્ષની ઉંમરના બહેનોએ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. સંસ્થાના પ્રમુખ શ્રી અશોક મહેતા અને પૂર્વપ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા પૂર્વટ્રસ્ટી શ્રી મૂળજી નરશી શાહે હાજરી આપીને કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો હતો. એમનાં હસ્તે નિર્ણાયકોનું બહુમાન કરાયું હતું. દરેક સ્પર્ધામાં ઉંમર પ્રમાણે ગ્રુપ પાડીને વિજેતા જાહેર કરાયા હતા અને ખાસ વિશેષતા એ હતી કે દરેક સ્પર્ધકને આશ્વાસન ઈનામો પણ અપાયા હતા.

## તા. ૪-૯-૨૦૧૨

- **બ્યુટી હરીફાઈ (સૌજન્ય : ગૂર્જર પરિવાર)**

સ્પર્ધક બહેનો ઘરેથી તૈયાર થઈને આવ્યા હતા અને સાથે મેઈક-અપ કીટ / દાગીના લાવ્યા હતા. ફક્ત ૨૦ મિનિટમાં બહેનોએ ખૂબ સુંદર શણગાર સજ્યો હતો. ત્યારબાદ રેમ્પ વૉક લીધી હતી અને એ દરમ્યાન નિર્ણાયકે નિર્ણય લીધા બાદ તે સ્પર્ધાના વિજેતા જાહેર કરાયા હતા.

- **ગાવાની હરીફાઈ**
  **(સૌજન્ય : શ્રીમતી દમયંતી ખીમચંદ વેલજી ધરમશી)**

અંતાક્ષરી બહેનોને ખૂબ જ પ્રિય હોય છે અને એટલા માટે જ ૬૫ વર્ષ સુધીના બહેનોએ ભાગ લીધો હતો. 'બરસાત'ના વિષય પર બહેનોએ હિંદી / ગુજરાતી / કચ્છી ગીતો ગાયા હતા.

કાર્યક્રમમાં કુલ ૪૯ બહેનોએ હાજરી આપી હતી.

## તા. ૬-૯-૨૦૧૨

- **મિષ્ટાન્ન સ્પર્ધા (સૌજન્ય : શ્રી રામજી વેલજી સાવલા)**
- **ફરસાણ સ્પર્ધા**
  **(સૌજન્ય : શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા)**
- **ડ્રોઈંગ સ્પર્ધા**
  **(સૌજન્ય : શ્રીમતી વિમળાબેન શિરીષ કોરડિયા)**

અપાયેલ વિષય પર વાનગી ઘરેથી બનાવીને દરેક સ્પર્ધક લાવ્યા હતા અને ડેકોરેશન, સજાવટ સ્થળ ઉપર કર્યું હતું. મિષ્ટાન્ન - ૨૨, ફરસાણ - ૨૭ એમ કુલ ૪૯ પ્લેટ્સ ટેબલ પર ગોઠવવામાં આવી હતી.

નિર્ણાયકોએ વાનગી પસંદ કર્યા પછી સ્પર્ધકોના ઈન્ટરવ્યૂ લીધા હતા અને ત્યારબાદ વિજેતા જાહેર કરાયા હતા. હાજર રહેલ સૌ બહેનોએ બધી જ વાનગીઓનો સ્વાદ માણ્યો હતો.

વાનગી સ્પર્ધાના નિર્ણાયકોએ પોતાની કામગીરી શરૂ કરી ત્યારબાદ ડ્રોઈંગ સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી. સ્પર્ધા માટે પેપર / કલર / પેન્સિલ વગેરે બધું જ આપવામાં આવ્યું હતું. સ્પર્ધકોએ ૪૫ મિનિટમાં અપાયેલ વિષય પર ડ્રોઈંગના માધ્યમથી પોતાના વિચારો રજૂ કર્યા હતા અને બચપનની યાદ તાજી કરી હતી.

કાર્યક્રમમાં ૭૭ બહેનોની નોંધનીય ઉપસ્થિતિ હતી. કાર્યક્રમ દરમ્યાન સમિતિના સભ્યો – શ્રીમતી વીણા ગાલા, શ્રીમતી નીપા શાહ, શ્રીમતી નયના ગોગરી, શ્રીમતી રીંકુ મોતા – એ દરેકની મહેનત દ્વારા કાર્યક્રમ રંગારંગ બન્યો હતો.

*કન્વીનર : સુલુ જલદીપ શાહ*

## મહિલા ઉત્કર્ષ સમિતિ – સ્પર્ધાઓની તસવીરી ઝલક



ગાવાની હરીફાઈમાં ભાગ લેનાર બહેનો



ગાવાની હરીફાઈના નિર્ણાયક શ્રીમતી અનુરાધા રાણા સાથે વિજેતા બહેનો

*"બધાનું કલ્યાણ થાઓ" એ ભાવના, પહેલાં પોતાનું જ કલ્યાણ કરે.*

## મહિલા ઉત્કર્ષ સમિતિ — સ્પર્ધાઓની એક ઝલક

| સ્પર્ધા / તારીખ | સૌજન્ય | વિષય | સ્પર્ધકોની સંખ્યા | વિજેતા (ઉંમર પ્રમાણે ગ્રુપ) | નિર્ણાયક |
|---|---|---|---|---|---|
| બ્યુટી સ્પર્ધા<br>તા. ૪-૯-૨૦૧૨ | ગુર્જર પરિવાર | મેઈક-અપ કરવાનો અને દાગીના પહેરવાના (૨૦ મિનિટ) | ૮ | (અ) કુ. પૂજા અર્પિત કોરડિયા<br>(બ) શ્રીમતી અમી નીતિન શાહ | શ્રીમતી રૂપલબેન શુક્લ 'બ્યુટી લાઈટ' બ્યુટી પાર્લરના સંચાલક. |
| મહિલાઓની ગીતો ગાવાની સ્પર્ધા<br>તા. ૪-૯-૨૦૧૨ | શ્રીમતી દમયંતી ખીમચંદ વેલજી ધરમશી | 'બરસાત' વિશે હિંદી / ગુજ./કચ્છી ગીતો (૩ મિનિટ) | ૨૦ | (અ) પ્રથમ : શ્રીમતી ભાવના પ્રફુલ્લ છેડા<br>દ્વિતીય : શ્રીમતી પ્રફુલ્લા પંકજ ગોગરી<br>(બ) પ્રથમ : શ્રીમતી હાસ્યલતા દિનેશ મહેતા<br>દ્વિતીય : શ્રીમતી પ્રીતિદા અજિત દોશી. | શ્રીમતી કાશ્મીરાબેન રાણા 'સિંગ-સોંગ' મ્યુઝીકલ ગ્રુપના સંચાલક. |
| મિષ્ટાન્ન<br>તા. ૬-૯-૨૦૧૨ | શ્રી રામજી વેલજી સાવલા | દૂધ અને દૂધની બનાવટોનો મહત્તમ ઉપયોગ કરીને મિષ્ટાન્ન | ૨૨ | (૧) શ્રીમતી હસ્મિતા હસમુખ સાવલા (મિષ્ટાન્ન : બાયા ડોય)<br>(૨) શ્રીમતી રેવંતી મણિલાલ ગોસર (મિષ્ટાન્ન : હલવો)<br>(૩) શ્રીમતી અલ્કાબેન દિનેશ વોરા (મિષ્ટાન્ન : દૂધની મલાઈ) | શ્રીમતી પૂર્વાબેન મહેતા ઈ-ટી.વી. ચેનલ નિષ્ણાત કુકિંગ / કેટરિંગ એકેડેમીના સંચાલક |
